# ભારતનાં પ્રસિદ્ધ જૈનતીર્થો




: લેખક :

પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવર

# ભારતનાં પ્રસિદ્ધ જૈન તીર્થો

: લેખક :

પૂ૦ પં૦ મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર

: પ્રકાશક :

શ્રી જૈન સાહિત્ય પ્રચારિણી સભા

: પ્રાપ્તિસ્થાન :
રાજેભાઈ એમ. પી.
ઠે૦ નવાગઢ
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

દ્વિતીયાવૃત્તિ : વિ. સં. ૨૦૧૪
વી. સં. ૨૪૮૪

: મુદ્રક :
કાંતિલાલ ડી. શાહ
કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ
પા લી તા ણા

## પ્રાસંગિક

ભારતનાં પ્રસિદ્ધ જૈનતીર્થોનું પ્રસ્તુત પ્રકાશન પ્રસિદ્ધ કરતાં આજે અમને અતીવ આનંદ થાય છે. ભવસાગરથી આત્માને જે તારે તે તીર્થ કહેવાય છે. જંગમ તીર્થોનો જેમ મહિમા અપાર છે, તેમ સ્થાવર તીર્થનો મહિમા ખરેખર અપરંપાર છે. એક રીતે જંગમતીર્થરૂપ પૂ૦ શ્રી સાધુ તથા પૂ૦ શ્રી સાધ્વી સમુદાયને પણ તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજી આદિ તીર્થો આલંબનરૂપ છે. તેના સાન્નિધ્યમાં તપ, જપ, ધ્યાન આદિ આરાધનાદ્વારા તેઓ પોતાના આત્મકલ્યાણને સાધવા ઉજમાળ બને છે. જ્યાં અનંત આત્માઓ સિદ્ધિપદને પામેલ છે, એવા શ્રી સિદ્ધગિરિજી જેવા શાશ્વતાતીર્થના વર્ણનથી માંડી જ્યાં એકાંત સ્થળના કારણે કે પ્રભાવક પ્રતિમાજીના યોગે જેની તીર્થ તરિકેની પ્રસિદ્ધિ થયેલ હોય, તે બધાં તીર્થસ્થાનોનું વર્ણન આ પ્રકાશનમાં આપેલ છે.

પ્રસ્તુત પ્રકાશન વિ. સં. ૨૦૧૦ માં પ્રસિદ્ધ થયેલ, પુસ્તકની દ્વિતીયાવૃત્તિ છે. પૂર્વની આવૃત્તિ કરતાં અનેક સુધારા-વધારા આ પ્રકાશનમાં કરવામાં આવેલ છે. સર્વ કોઇ આ પ્રકાશનના વાંચન-મનનદ્વારા તીર્થયાત્રાના લાભને પ્રાપ્ત કરો, એ શુભાભિલાષા....

—પ્રકાશક:

વિ૦ સં૦ ૨૦૧૪ : ભાદ્રપદ શુક્લા ૭ : તા. ૧૯–૯–૫૮

卐

### અગત્યનો સુધારો

ગુજરાતના તીર્થવિભાગમાં પેજ ૧૩૨ પર ૨૫ નંબરમાં ભોરોલ તીર્થનું જે વર્ણન છે તે દૃષ્ટિદોષથી છપાયું છે, તેને ૨૬ ગણવું. ૧૨૮ પેજ પર ૨૦ મા નંબરમાં તે આવી ગયેલ છે. ગુજરાતના તીર્થવિભાગમાં ૧૩૨ પછી નંબરો દૃષ્ટિદોષથી ખોટા આવેલ છે. કુલ ૪૭ ના સ્થાને ૪૮ તીર્થો સમજવાં.

# અંજલિ

પૂ૦પાદ પરમોપકારી પ્રાતઃસ્મરણીય વૈરા-
ગ્યાદિ ગુણાલંકૃત વિદ્વદ્વર્ય પંન્યાસજી
મહારાજ શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવરશ્રીના
સ્વર્ગીય આત્માને

સબહુમાનભાવે



# ૧ : સૌરાષ્ટ્ર

**સ**મગ્ર ભારતવર્ષમાં **સૌ**રાષ્ટ્રદેશ મહાપવિત્ર ભૂમિ છે. રૂડી અને રળીયામણી આ ભૂમિમાં અનેકાનેક તીર્થો આવેલાં છે. તે સર્વમાં મહામહિમાવંતુ તીર્થ શ્રી **સિદ્ધગિરિજી** સૌરાષ્ટ્ર દેશની શોભારૂપ છે, ત્રણલોકમાં આના જેવું પાવનકારી એકેય તીર્થ નથી. એટલા જ માટે આ તીર્થ, તીર્થાધિરાજ કહેવાય છે. હિંદના પશ્ચિમ સમુદ્ર કિનારાપર સેંકડો માઇલોના વિસ્તારમાં સૌરાષ્ટ્ર દેશ ફેલાયેલો છે. ચોમેર નદી, નાળા, ગિરિશૃંગો તથા વિશાલ વનરાજીથી લીલો હરીયાળો આ પ્રદેશ, **હિંદનું નંદનવન** ગણાય છે. સૌરાષ્ટ્રમાં બે પર્વતો મુખ્ય ગણાય છે, તેમાં **શ્રી ગિરનારજી** તથા **શત્રુંજયગિરિ** બન્ને જૈનસમાજના યાત્રાધામ ગણાતા મહાતીર્થો છે.

## (૧) તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થ

**સૌ**રાષ્ટ્રના કોઇપણ ભાગમાંથી ટ્રેનરસ્તે શત્રુંજય તીર્થની યાત્રાએ જવા માટે નાકા પર **શિહોર** જંકશન આવે છે. આ બાજુ હાલાર, સોરઠ, મધ્ય સૌરાષ્ટ્ર કે ઝાલાવાડ વિભાગોમાંથી ટ્રેનરસ્તે આવનારને માટે ધોળા જંકશન પણ નાકું ગણાય છે. આ ધોળા સ્ટેશનથી ૬ ગાઉ દૂર પ્રાચીન ઇતિહાસ પ્રસિદ્ધ વલ્લભીપુર શહેર આવેલ છે, વિ૦ સં૦ ૯૮૦ લગભગમાં પૂ૦ આ૦ મ૦ શ્રી

દેવર્ધિગણિક્ષમાશ્રમણે જૈન આગમોને પુસ્તકારૂઢ અહિં કર્યા હતાં. સમસ્ત ભારતવર્ષના જૈનસંઘની શ્રુતભૂમિ કે પ્રવચન-તીર્થભૂમિ તરીકે આ પ્રદેશને ઓળખાવી શકાય. અનેક જિનમંદિરો પૂર્વ-કાળમાં અહિં હતાં. શ્રી ધનેશ્વરસૂરિએ વિ૦ ના પાંચમા સૈકામાં અહિંના રાજા શિલાદિત્યને પ્રતિબોધ આપીને જૈનધર્મી બનાવ્યો હતો. 'શત્રુંજય-મહાત્મ્ય' ગ્રંથની તેઓએ અહિં રચના કરી હતી. બાદ વલ્લભીનો ભંગ થયો. અહિં બિરાજમાન શ્રી ચંદ્રપ્રભ સ્વામીના પ્રતિમાજી પ્રભાસપાટણમાં આકાશમાર્ગે દેવસાન્નિધ્યથી ગયાં. અને શ્રી વીર ભગવાનના પ્રતિમાજી મારવાડમાં ભિન્નમાલ-શ્રીમાલમાં ગયાં. શત્રુંજય ગિરિરાજની પ્રાચીન તલાટી અહિં હતી. બજારવચ્ચે સુંદર જિનમંદિર તેમજ ગુરૂમંદિર છે. સ્હામે ઉપાશ્રય છે. ગામ બ્હાર પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ૦ ના ઉપદેશથી તૈયાર થએલ ત્રણ મજલાનું દેરાસર, ગુરૂમંદિર તથા ધર્મશાળાઓ છે. અહિં ગામ બ્હાર ઐતિહાસિક અવશેષો, ખંડિયેરો જ્યાં ત્યાં નજરે પડે છે.

વલ્લભીપુરથી શિહોર આવે છે. અહિં શિહોરમાં ભ૦ શ્રી સુપાર્શ્વનાથજીનું તથા ભ૦ શ્રી અજિતનાથજીનું એમ બે સુંદર દેરાસરો તથા ઉપાશ્રય, આયંબિલખાતું, ભોજનશાળા આદિ છે. સ્ટેશન પર ધર્મશાળા છે. ધર્મશાળામાં ભ૦ શ્રી કુંથુનાથજીનું ઘર દેરાસર છે. અહિંથી ટ્રેન પાલીતાણા સ્ટેશન પર આવે છે. પાલીતાણા સ્ટેશનપર પગ મૂકતાં જ સ્હામે ભવ્ય ઉત્તુંગ ઐરાવણહાથીનાં જેવા વિશાળ ગિરિરાજનાં દર્શન થાય છે. આત્મા અનંત સુખ સાગરમાં જાણે નિમગ્ન બને છે. જોતાં જોતાં ન ધરાઇએ એવો પ્રભાવવંતો આ ગિરિરાજ છે. સ્ટેશનથી ૦॥ માઇલ

પર નદીનો પૂલ ઉલંઘ્યો એટલે ગામ આવ્યું ત્યાંથી ૦ાા માઇલે ધર્મશાળાઓ એક પછી એક આવતી રહે છે. એક જોઇએ ને એક ભૂલીએ. બાદ ગિરિરાજની બાજુએ ગામની દક્ષિણે લગભગ ૧ માઈલ ઉપર તલાટી આવે છે. વાવ, આગમ-મંદિર વગેરે પછી તલાટીનાં પગલાં આગળ આપણે આવી પહોંચીએ છીએ.

## તીર્થાધિરાજની યાત્રાએઃ

તલાટીપરનાં પગલાઓ સન્મુખ શ્રી ગિરિરાજનું ચૈત્યવંદન કરી, બાજુનાં દેરાસરજીમાં જવાનું રહે છે. આ દેરાસર અજીમ-ગંજના રાયબહાદુર બાબુ સાહેબ ધનપતસિંહજી અને લખપત-સિંહજીએ પોતાના માતુશ્રીનાં સ્મરણાર્થે લાખો રૂા. ખર્ચીને બંધાવ્યું છે. મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાન છે. ચોમેર બાવન જિના-લયની દેરીઓ છે. રાયણવૃક્ષ તથા ભગવાનના પગલાં પાછળના ભાગમાં છે. વિ૦ સં૦ ૧૯૫૦ ના મહા શુદ ૧૦ ના અહિં પ્રતિષ્ઠા થઈ છે. બાજુમાં પાવાપુરી-જલમંદિર પણ ભવ્ય છે. મૂલનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાન છે. અહિંથી ઉપર ચઢતા બીજા વિસામાની સામે જમણી બાજુ ભરત ચક્રવર્તીનાં પગલાં છે. આગળ વધતાં ત્રીજા વિસામે ચઢતાં જમણી બાજુની દેરીમાં શ્રી નેમિનાથ ભ૦ અને તેમના ગણધર શ્રી વરદત્તસ્વામી તથા ભ૦ શ્રી ઋષભદેવસ્વામીનાં પગલાં છે, ત્યાંથી ચોથા પછી પાંચમા વિસામાની સામે ઋષભદેવ સ્વામીનાં પગલાં છે. અહિં કુમારપાલ રાજાનો કુંડ છે. ત્યાંથી આગળ હિંગલાજના હડા આગળ જૂના-નવા રસ્તાના સંગમ પર શ્રી કલિકુંડ પાર્શ્વનાથજીનાં પગલાં છે. ઉપર જતાં છાલા કુંડના નાકે દેરીમાં ચાર શાશ્વતા પ્રભુનાં પગલાં

છે. અહિંથી નવા રસ્તે શ્રીપૂજ્યનાં પગલાંઓ તથા શ્રી પાર્શ્વનાથ ભ૦ તથા પદ્માવતીદેવીનું મંદિર આવે છે. નવા રસ્તે આગળ વધતાં બે રસ્તાના સંગમ પર દ્રાવિડ–વારિખિલ્લની દેરી બાંધેલા ચોતરાપર છે. આમાં શ્યમપાષાણના ચાર ઉભાં પ્રતિમાજી છે. તેમાં દ્રાવિડ, વારિખિલ્લ, અતિમુત્તા, (કંસના નાનાભાઇ) તથા નારદજી છે. અહિંથી આગળ વધતાં એક વિસામો તથા કુંડ ઓળંગ્યા પછી બીજા કુંડની સામે ચોતરા પર દેરીમાં પાંચ કાઉસગ્ગીયાની મૂર્તિ છે જેમાં રામ, ભરત, થાવચ્ચા પુત્ર, શુક પરિવ્રાજક તથા શેલકાચાર્ય છે. તેની સામે કીર્તિધર રાજર્ષિ તથા સુકોશલ મુનિનાં પગલાં છે. તેની આગળ તે લાઇનમાં નમિ–વિનમિનાં પગલાં છે, આગળ હનુમાનધારા પર વડ નીચે શ્રી આદીશ્વર ભગવાનનાં પગલાં છે. બાદ ડાબી બાજુએ રામપોળ ભણી જવાનું છે. અહિં થોડું ચાલ્યા બાદ રામપોળનું નાકું આવતાં જમણી બાજુ ધાર પર જાલી, મયાલી અને ઉવયાલીની મૂર્તિઓ આવે છે. બાદ રામપોળના નાકે આપણે આવીએ છીએ.

ગિરિરાજના રસ્તા પર નવાં પગથીયાઓ લાખોના ખર્ચે તૈયાર થવાથી યાત્રિકોને ચઢાણ ઓછું લાગે છે. ગિરિરાજ પર તથા તલાટી પર બધીયે વ્યવસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા થાય છે. જેની મુખ્ય શાખા અમદાવાદમાં છે. અને બીજી શાખા તેમજ પેઢીની ઓફીસ વગેરે પાલીતાણા ગામમાં છે. રામપોળમાં પ્રવેશ કરતાં જ સ્હામે પાંચ શિખરનું ભવ્ય દેરાસર છે. જે આખાયે ગિરિરાજ પર એક જ છે. આ દેરાસર ઔરંગાબાદવાળા શેઠ મોહનલાલ વલ્લભદાસે બંધાવેલું છે. મૂલનાયક શ્રી વિમલનાથ ભગવાન છે. બાજુમાં સુમતિનાથ

ભ૦ નું દેરાસર છે. અહિંથી ચોક લંઘીને પગથીયા ચઢી 'વિમલવસહી'માં દાદાના દરબાર ભણી જવાય છે. નાકા પર શેઠ મોતીશાની ટુંક આવે છે.

## ૧ વિમલવસહીની ટુંકઃ

સગાળપોળ, દોલાખાડી વાવ, તેમ જ વાઘણપોળનો દરવાજો લંઘીને ડાબી બાજુએ શ્રી શાંતિનાથ ભગવાનનાં દેરાસરમાં જવાય છે. આ દેરાસર દમણવાળા શ્રીમાળી શેઠ હીરા રાયકરણે બંધાવ્યું છે. આગળ વધતાં ચક્રેશ્વરી દેવીનું જુનું તથા નવું દેરાસર આવેલ છે. એની પછી એ લાઈનમાં વાગીશ્વરી દેવીનું મંદિર છે. સામે કવડજક્ષનું નાનું મંદિર. ત્યારબાદ ડાબી બાજુએ ચોરીવાળું દેરાસર, પુણ્ય–પાપની બારી, આદિ બન્ને બાજુએ સુંદર સખ્યાબંધ જિનમંદિરો આવેલાં છે. જેમાં ઉંચા ભાગમાં જમણી બાજુએ અમીઝરા પાર્શ્વનાથ, સમવસરણનું દેરાસર, કપડવણજના માણેકબાઈનું દેરાસર આદિનો સમાવેશ થાય છે. વચ્ચે 'શત્રુંજય માહાત્મ્ય'ના રચયિતા પૂ૦ આ૦ શ્રી ધનેશ્વરસૂરિજીની દેરી છે. ચોકમાં હાથીપોળના નાકે પરમાર્હતરાજા કુમારપાળ મહારાજાનું દેરાસર છે. બાદ સુરજકુંડ બાજુ જવાનો રસ્તો આવે છે, અને હાથીપોળમાં દાદાનાં દર્શન માટે આપણે અંદર પ્રવેશ કરવાનો રહે છે. અહિં ચોકિયાતો તથા ફુલ વેચનારા બેસે છે. એક બાજુયે ન્હાવાના ધાબા તરફ જવાય છે. સન્મુખ જતાં પગથીયા ચઢતાં મ્હોટો ચોક લંઘી, દાદાના દેરાસરમાં દાખલ થવાય છે.

## મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર :

આદીશ્વર ભગવાનનું આ દેરાસર ભવ્ય, વિશાળ તથા રમ-

ણીય છે. મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનના પ્રતિમાજી ખૂબજ સુપ્રસન્ન, આલ્હાદક, અને મહિમાવંત છે. અહિં સંખ્યાબંધ ઉદ્ધારો થઇ ગયા છે. આમ અનાદિ કાલપ્રવાહની અપેક્ષાયે અસંખ્યાતા છતાં વર્તમાન અવસર્પિણી કાળમાં મ્હોટા ઉદ્ધારો ૧૬ થયા છે. વર્તમાન પંચમકાલમાં વિ૦ સં૦ ૧૦૮ ની સાલમાં જાવડશાએ ૧૩ મો ઉદ્ધાર આ ગિરિરાજ પર કરાવ્યો, બાદ વિ૦ સં૦ ૧૨૧૧-માં મહાગુજરાતના મંત્રીશ્વર શ્રી વાગ્ભટ્ટ મંત્રીએ મહારાજા કુમારપાળના સમયમાં કલિકાલ સર્વજ્ઞ પૂ૦ આ૦ મ૦ શ્રી હેમ-ચંદ્રસૂરિજીનાં શુભહસ્તે આ જિનમંદિરનો ૧૪ મો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. તે સમયે જાવડશાના સમયનાં પ્રતિમાજી અહિં બિરાજમાન કર્યા હતાં, પણ ત્યારબાદ મુસલમાન કાળમાં તેઓના અત્યાચારથી દેરાસરનો ભંગ થતાં, તથા પ્રતિમાજી ખંડિત થતાં સમરાશાએ વિ૦ સં૦ ૧૩૭૧ માં નવું દેરાસર કરાવ્યું અને પ્રતિમાજી નવાં પધરાવ્યાં અને છેલ્લે વિ૦ સં૦ ૧૫૮૭ ના વૈશાખ વદિ ૬ (એકમત પ્રમાણે ચૈત્ર વદિ ૬) ના પુણ્ય દિવસે શુભ મુહૂર્તે ચિતોડ નિવાસી શ્રેષ્ઠી કરમાશાએ આ ગિરિરાજપર નવું ભવ્ય દેરાસર બંધાવી પ્રભુજીને પધરાવ્યા. જે આજે બિરાજમાન છે. આ પાંચમા આરામાં ૧૩મો, ૧૪મો, ૧૫મો તથા ૧૬મો ઉદ્ધાર એમ ચાર ઉધ્ધારો થયા છે. અને છેલ્લો ઉધ્ધાર યુગ-પ્રધાન આ૦ મ૦ શ્રી દુપ્પસહસૂરિના ઉપદેશથી પરમાર્હત શ્રી વિમલવાહન રાજા કરાવશે.

મૂલ દેરાસરના ગભારાનો દરવાજો વિશાળ છે આજુબાજુ સુંદર પ્રતિમાજી અનેક સંખ્યામાં બિરાજમાન છે. ઉપર પણ ચૌમુખજી બિરાજમાન છે. અત્યારે આ દેરાસરને તથા પ્રભુજીની

પ્રતિષ્ઠાને થયે ૪૦૦ ઉપર વર્ષો થયાં. આ દેરાસરની ઉપર ચૌમુખજીનું મંદિર છે. મૂલનાયકની સ્હામે શ્રી પુંડરીકસ્વામીજીના પ્રતિમાજી પણ કરમાશાહે ૧૫૮૭ની સાલમાં પ્રતિષ્ઠિત કરાવીને અહિં બિરાજમાન કરાવ્યા છે. આ કરમાશાહ શેઠ મેવાડમાં ચિતોડગઢના નિવાસી રાજમાન્ય શ્રેષ્ઠી હતા. આ મોટી ટુંકમાં અન્યાન્ય સંખ્યાબંધ દેરાસરો આવેલાં છે, જેમાં મૂલનાયકજીનાં દેરાસરજીની ડાબી બાજુનું દેરાસર જે સીમંધર સ્વામીનાં દેરાસર તરીકે લોકોમાં પ્રચલિત છે; પણ વાસ્તવિક રીતે મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર છે. અહિંના મૂલનાયક આદીશ્વર પ્રભુજીની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૬૬૭માં જગદ્ગુરૂ પૂ૦ આ૦ શ્રી હીરસૂરિજીના પ્રશિષ્ય હસ્તક થયેલી છે. આ દેરાસર સામે નવા આદીશ્વરજીનું દેરાસર છે. જે વસ્તુપાલનું બંધાવેલું છે. જેમાં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનના પ્રતિમાજીને વિ૦ ના ૧૯ મા સૈકાના પ્રારંભમાં થઈ ગયેલા સુરતના તારાચંદ સંઘવીએ પ્રતિષ્ઠિત કરાવ્યાં છે. ગયા સૈકામાં તીર્થાધિરાજ આદીશ્વરદાદાની પ્રતિમાજીની નાસિકા પર વિજળી પડતાં સ્હેજ નાસિકા ઉપર ખંડિત થયેલાં, તેમનાં સ્થાને આ પ્રભુજીને અહિં બિરાજમાન કરવાના હતા, પણ અધિષ્ઠાયક દેવનો નિષેધ થતાં આ પ્રભુજીને અહિં બિરાજમાન કર્યા છે. મૂલટુંકમાં અન્યાન્ય દેરાસરોમાં પાંચ ભાઈઓનું દેરાસર, ગંધારીયાનું, સહસ્રકૂટનું, અષ્ટાપદજીનું સમવસરણનું, ગણધરના પગલાનું, બાજરીયાનું, ચૌદ રતનનું, ૨૪–૨૦ સંપ્રતિજિનનું, સમેતશીખરજીનું ઇત્યાદિ સંખ્યાબંધ દેરાસરો, દેરીઓ, આવેલાં છે. મૂલનાયકજીના પાછલા ભાગમાં રાયણપગલાનું દેરાસર રાયણનાં વૃક્ષ નીચે આવેલું છે. આ

પગલાની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૫૮૭માં શેઠ કરમાશાહના હસ્તક થયેલ છે.

આ રીતે શ્રી ગિરિરાજ પેર દાદાની ટુંક, મોટામાં મોટી અને સંખ્યાબંધ જિનમંદિરો, પ્રભુ–પ્રતિમાજીઓથી ભવ્ય દર્શનીય તથા પાપ પૂંજનો નાશ કરનારી છે. પરમ પુનિત વિમલવસહીના નામથી ઓળખાતી આ ટુંકમાં એકંદરે ૭૦ દેરાસરો, ૩૨૫ લગભગ દેરીઓ તેમજ કુલ પ્રતિમાજી ૫૦૦૦ આશરે ગણાય છે. આનો વહિવટ તથા દેખરેખ શેઠ આ૦ ક૦ ની પેઢી કરે છે.

## ૧ : નરશી કેશવજીની ટુંકઃ

વાઘણપોળમાં શાંતિનાથજીના મંદિરની સામે શ્રી નરસી કેશવજીની ટુંક છે. ઉપરના મજલે દેરીઓની વચ્ચે પંચતીર્થી પ્રભુજી બિરાજમાન છે. નીચે પણ દેરીઓમાં પ્રભુજી છે. આ મંદિરની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૯૨૧ માં થઈ છે. આ ટુંકમાં મુખ્ય દેરાસરો બે છે. દેરીઓ કુલ ૭૫ લગભગ અને પ્રતિમાજી ૭૨૫ આશરે કહેવાય છે. આ ટુંકનો વહિવટ શેઠ નરસી કેશવજી હસ્તક તેઓના ટ્રસ્ટીઓ કરે છે.

## ૨ : મોતીશાહ શેઠની ટુંક :

વિક્રમના ૧૯ મા સૈકામાં જૈન સમાજમાં જે જે દાનવીરો, ઉદારચરિત પુણ્યપ્રભાવક સુશ્રાવકો થઇ ગયા છે, તેમાં સુરત નિવાસી મોતીશાહ શેઠનું નામ સૌથી મોખરે આવે છે. શ્રી આદીશ્વરદાદાની મોટી ટુંક, અને હેમાભાઈ શેઠની હેમવસહી ટુંકની વચ્ચે કુંતાસરની મોટી ખીણ હતી. તે ખીણને લાખોના ખર્ચે પૂરાવીને એ સ્થાને દેવવિમાન જેવી સુંદર ટુંક દાનવીર મોતીશા શેઠે બંધાવી છે.

આ ટુંકની વચ્ચે ત્રણ મજલાનું રમણીય તથા ગગનચુંબી જિન-મંદિર આવેલું છે. નલિની ગુલ્મવિમાનની સ્પષ્ટ ઝાંખી કરાવનારૂં આ ભવ્ય મંદિર લાખોના ખર્ચે તૈયાર થયેલું છે. આ મંદિરની આજુબાજુ અન્ય ૧૬ મંદિરો અન્યાન્ય ધર્મપ્રભાવક શ્રેષ્ઠીવર્યોએ બંધાવ્યાં છે. જેમાં મોતીશા શેઠના દીવાન તથા બીજાઓનાં છે. મૂલમંદિરનું ખાતમુહૂર્ત વિ૦ સ૦ ૧૮૮૬ ના માગશર મહિનામાં થયું. અને કામ જોરશોરથી ચાલ્યું. શેઠની ભાવના પોતાના હાથે પ્રભુજીની પ્રતિષ્ઠા કરવાની હતી, પણ ભવિતવ્યતા બળવાન છે. એટલે એમ ન બન્યું. તેઓ વિ૦ સ૦ ૧૮૯૨ ના ભાદરવા સુદી ૧ ના સ્વર્ગવાસ પામ્યા. ત્યારબાદ તેઓના સુપુત્ર શેઠ ખેમચંદભાઇ મુંબઇથી સંઘ લઇને અહીં આવ્યા. અને ૧૮૯૩ ના મહા વદિ બીજના મંગલ દિવસે તેઓએ શ્રી ઋષભદેવ પ્રભુ આદિ ભગવંતોની અહીં અંજનશલાકા–પ્રતિષ્ઠા કરાવી. તે પ્રસંગે માહ સુદિ ૧ થી સંઘજમણો થતાં હતાં જેમાં દરરોજનું રૂા. ૪૦ હજારનું ખર્ચ આવતું હતું. પ્રભુજીના પ્રતિમાજી ખુબજ પ્રસન્ન, તેજસ્વી અને કમનીય કાંતિમાન છે. આખીયે ટુંકને ફરતો મોટો કોટ છે. કોટને બે દરવાજા પૂર્વ–પશ્ચિમ છે અને વિમલવસહિની સામે બારી છે. આ ટુંકમાં એકંદરે ૧૯ દેરાસરો અને ૧૮૭ લગભગ દેરીઓ છે. અને પ્રતિમાજી બધા મળીને ૧૮૭૭ છે. જેમાં મૂલ મંદિરની સામે શ્રી પુંડરીકસ્વામીનું, સહસ્રકૂટનું, ૧૪૫૨ ગણધર પગલાંનું, તેમજ ટુંકમાં પાંચ જગ્યાએ ઉપર દેરાસર છે. મૂલદેરાસરના ત્રણેય માલ પર પ્રભુજી બિરાજમાન છે. આ ટુંકનો વહીવટ શેઠ મોતીશા ચેરીટી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ હસ્તક છે.

## ૩ : શેઠ બાલાભાઇની ટુંક :

ભાવનગરની પાસે ઘોઘા બંદર છે. ત્યાંના નિવાસી શેઠ દીપચંદ કલ્યાણજી જેમનું હુલામણાંનું નામ બાલાભાઇ હતું, તેમણે બાલાભાઈની ટુંક બંધાવી છે. જેઓ મોતીશાશેઠના ખાસ સલાહકારક અને વિશ્વાસુ હતા. મૂલનાયક શ્રી આદીશ્વરભગવાન છે. વિ૦ સ૦ ૧૮૯૩ માં આ મંદિરમાં પ્રતિષ્ઠા થઇ છે. સ્હામે પુંડરીકસ્વામીનું દેરાસર છે. આસપાસ ચાર દેરાસરો અહિં છે. શેઠ બાલાભાઇની ટુંકથી, ઉપર પગથીયા ચઢીએ એટલે અદબદજીનું દેરાસર આવે છે.

## અદ્ભૂત શ્રી આદિનાથજીનું ( અદબદજીનું ) મંદિર :

આખાયે ગિરિરાજપર અદબદજીની આ મૂર્તિ અદ્ભૂત છે. આ પ્રતિમાજી ૧૮ ફુટ ઉંચા છે બેઠા ઘાટમાં એક ઢીંચણુથી, બીજા ઢીંચણુ સુધી ૧૪ાા ફુટ પહોળા છે. આ મૂર્તિ પહાડના પત્થરમાંથી કોતરીનેજ અહિં અંજનશલાકા-પ્રતિષ્ઠા કરીને બિરાજમાન કર્યા છે. વિ૦ સં૦ ૧૬૮૬ માં ધરમદાસ શેઠે આ પ્રતિમાજીને અંજનશલાકા કરાવેલ છે. આ સ્થાનપરથી વિમલવસહીની ટુંકના બધા મંદિરોનું નૈસર્ગિક દર્શન થાય છે. આ બાજુથી અહિંનાં જિનમંદિરોને જોતાં ક્ષણુભર થઇ જાય છે કે, ખરેખર ભક્તિ તથા શ્રધ્ધા એ માનવને પણ દૈવીબળ સમર્પે છે કે જેના યોગે આવાં સુંદર જિનમંદિરો પહાડની ટોચ પર ઉભાં કરી શકાય છે.

## ૪ : પ્રેમચંદ મોદીની ટુંક :

અમદાવાદ નિવાસી શેઠ પ્રેમચંદ લવજી મોદીએ અહિં

મંદિરો બંધાવ્યાં છે. મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાન બિરાજમાન છે. તેઓએ અમદાવાદથી સંઘ સાથે અહિં આવી વિ૦ સં૦ ૧૮૪૩માં મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી છે. આ ટુંકમાં ૭ મંદિરો છે. અને લગભગ ૫૦–૫૨ દેરીઓ છે. આ ટુંકમાં પેસતાં જમણી બાજુ પર સહસ્રફણા પાર્શ્વનાથજીનાં પ્રતિમાજી અદ્ભુત છે, આ દેરાસર સુરતના શીરચંદ શેઠે વિ૦ સં૦ ૧૮૬૦માં બંધાવ્યું છે. સ્હામે દેરાણી–જેઠાણીના ગોખલા સુંદર કોતરણીવાળા છે. આ ટુંકની બહાર કુંડ છે. અંદર ખોડીયાર દેવીનું સ્થાનક છે.

## ૫ : હેમાભાઇશેઠની ટુંક :

અમદાવાદના નગરશેઠ કુટુંબના પુણ્યશાલી શ્રેષ્ઠીવર્ય હેમાભાઇશેઠે આ ટુંક બંધાવી છે. મૂલનાયક શ્રી અજિતનાથ ભગવાન છે. તપાગચ્છાધિપતિ શ્રી હીરસૂરીશ્વરજીના સમયમાં શત્રુંજય પહાડનો કબજો અમદાવાદના નગરશેઠ શાંતિદાસને સોંપાયેલો. બાદ એનો વહિવટ અમદાવાદના નગરશેઠનું કુટુંબ કરતું હતું. તે શેઠ શાંતિદાસ ઝવેરીના પૌત્રના પૌત્ર શેઠ હેમાભાઇ થાય. તેઓએ આ દેરાસરો વિ૦ સં૦ ૧૮૮૧માં બંધાવ્યાં. મૂલનાયકની પ્રતિષ્ઠા તેઓએ કરાવી હતી. નગરશેઠ હેમાભાઇ બહુજ ઉદારચરિત તથા ધર્મશીલ શ્રેષ્ઠીવર્ય્ય હતા. ગિરિરાજની નીચે તલાટી ઉપરનું મકાન તેમજ ગામમાં વંડો એમનાં બંધાવેલાં છે. અમદાવાદ શહેરમાં પણ એમની સખાવતો સારા પ્રમાણમાં છે. આ ટુંકમાં પુંડરીકજીનું અને બે ચૌમુખજીનાં દેરાસરો છે.

## ૬ : શેઠાણી ઉજમબાઇની નંદીશ્વરદ્વીપની ટુંક :

અમદાવાદના નગરશેઠ વખતચંદ ખુશાલચંદનાં ભાગ્યશાલી

પુત્રી, અને શેઠ હેમાભાઇના બ્હેન ઉજમબ્હેન કે જેઓ હેમાભાઇના સુપુત્ર પ્રેમાભાઈ શેઠનાં ફૈઇ થતાં હોવાથી ઉજમફૈઈ તરીકે સુપ્રસિદ્ધ છે. તેમણે આ ટુંક બંધાવી છે. અહિં ૫૭ ચૌમુખની દેરીઓ નકશીદાર પત્થરની જાળીવાળી બંધાવી છે. નંદીશ્વરદ્વીપની રચના આમાં કરેલી છે. વિ૦ સં૦ ૧૮૯૩માં આ મંદિર તૈયાર કરેલું છે, બીજાં બે દેરાસરો પણ આ ટુંકમાં છે. અમદાવાદમાં ઝવેરીવાડ–વાઘણ પોળમાં ઉજમફૈઈની ધર્મશાળા નામનો ઉપાશ્રય પણ આ શેઠાણીનો બંધાવેલો છે. આ ટુંકમાં આવેલા ગોખ પરથી ગિરિરાજ પરના મંદિરોનું વિહંગમ તથા ભવ્ય દર્શન થાય છે.

## ૭ : શેઠ સાકરચંદ પ્રેમચંદ મોદીની ટુંક :

અમદાવાદવાળા શેઠ વખતચંદ પ્રેમચંદ તથા સાકરચંદ પ્રેમચંદ બન્ને ભાઈઓ વિ૦ સં૦ ૧૮૮૮માં સંઘ લઇને અહિં આવેલા, ત્યારે આ ટુંક બંધાવીને તેમાં પંચધાતુના **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ** પ્રભુજી તેઓએ બિરાજમાન કર્યા છે. આ પ્રભુજીની પ્રતિષ્ઠા પં૦ રૂપવિજયજી મહારાજે કરાવેલી છે. અહિં બીજા બે દેરાસરો અને ૨૧ દેરીઓ છે.

## ૮ : છીપાવસહિ :

આ ટુંક છીપા–ભાવસાર જૈનોએ બંધાવી છે. વિ૦ સં૦ ૧૭૯૧માં આ ટુંકનું દેરાસર બધાવ્યું છે. દેરાસરમાં શ્રી ઋષભદેવ ભગવાન બિરાજમાન છે. બહારના ચોકમાં ચાર દેરાસરો છે, આ દેરાસરોમાં મૂલનાયક શ્રી નેમિનાથ ભ૦ નું, શ્રી શાંતિનાથ ભ૦ નું, શ્રી અજિતનાથ ભ૦ નું આદિ છે. અહિં રાયણનું વૃક્ષ તથા પગલાંઓ છે.

## ૯ : ચૌમુખજીની ટુંક :

શ્રી શત્રુંજય ગિરિરાજ પર ઉંચામાં ઉંચા ગિરિશૃંગ પર આ ટુંક આવેલી છે. દરિયાની સપાટીથી ૧૯૭૭ ફુટની ઉંચાઇએ આ ટુંક આવેલી છે. દૂર દૂરથી ચૌમુખજીની ટુંકના મુખ્ય દેરાસરનું ભવ્ય શિખર સહુ કોઇની નજરે ચઢે છે. અમદાવાદના શ્રેષ્ઠીવર્ય્ય સવચંદશેઠના સુપુત્રોએ વિ૦ સં૦ ૧૬૭૫માં આ ટુંક બંધાવીને ચૌમુખજી આદીશ્વર ભગવાનનાં બિંબ પ્રતિષ્ઠિત કર્યાં છે. શ્રી ઋષભદેવ સ્વામીનાં ભવ્ય ચાર પ્રતિમાજી અહિં મૂલનાયક તરીકે બિરાજમાન છે. વિમલવસહિની ટુંક સિવાયની બધીયે ટુંકોના કરતાં, આ ટુંક પ્રાચીન છે. આ ટુકમાં સ્હામે પુંડરીકસ્વામીજીનું તથા અન્યાન્ય દેરાસરો મલી કુલ ૧૧ દેરાસરો છે. આ ટુંકની પાછળ પાંડવના દેરાસરમાં પાંચ પાંડવો, માતા કુંતી, સતી દ્રૌપદી, આદિની મૂર્તિંઓ છે. તેમજ સહસ્રકૂટ, ચૌદ રાજલોક, તથા સિદ્ધચક્રજીની આરસપર રચના છે. સમવસરણની પણ અહિં રચના છે. આ ટુંકની બહાર પણ અનેક દેરાસરો છે. જેમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું શેઠ નરશી નાથાનું બંધાવેલું દેરાસર, તદુપરાંત દેવશી પુનશીનું તથા શ્રી મરૂદેવીમાતાનું ઇત્યાદિ દેરાસરો છે. બધી ટુંકોનો વહીવટ શેઠ આ. ક. પેઢી હસ્તક છે. ફકત નરશી નાથાનું દેરાસર તેમજ શેઠ દેવશી પુનશીના દેરાસસરોની વ્યવસ્થા શેઠ નરશી નાથા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ હસ્તક છે.

## ૯ : શેઠ કેશવજી નાયકની ટુંક :

કચ્છ નિવાસી શેઠ કેશવજી નાયકે આ મંદિર તેમજ દેરીઓ બંધાવી છે. પાછળ કેટલુંક કામ અધુરૂં છે. આ મંદિરમાં મૂલનાયક શ્રી અભિનંદનસ્વામીજી છે. ઉપર પણ દેરાસર છે. આ

મંદિરમાં વિ૦ સ૦ ૧૯૨૧ માં પ્રતિષ્ઠા થઈ છે. આ નવ ટુંકના દરવાજા બહાર જે કુંડ છે તે વલ્લભ કુંડ કહેવાય છે. અને શેઠ નરશી કેશવજીના મુનિમ વલ્લભ વસ્તાએ બંધાવ્યો છે.

## ધન્ય ધર્મભાવના:

આ રીતે શત્રુંજય ગિરિરાજપર સંખ્યાબંધ જિનમંદિરો પથરાયેલાં છે, એટલે આ ગિરિરાજને મંદિરોનું નગર કહીએ તો વાસ્તવિક છે. જે કાળમાં એક ન્હાનું સરખું મંદિર બંધાવવામાં કે જૂના મંદિરનાં જીર્ણોધ્ધાર કાર્યમાં આજે ધર્મભાવના કે ભક્તિ-હીન માનવોની શ્રધ્ધા ઓસરતી જાય છે, તે સમયે આવા હજારો ફીટ ઉંચાઈ પર ગગનચુંબી ભવ્ય પ્રભુમંદિરો બંધાવનાર પુણ્યવાનોનાં પવિત્ર હૃદયોમાં કેટ–કેટલી પ્રભુભક્તિ, શ્રધ્ધા તથા ઉદારતાનાં ભવ્ય તથા વિશુદ્ધ ઝરણાંઓ વહેતાં હશે? ખરેખર આ મહા ભાગ્યશાળી આત્માઓ જીવન જીવી, સંપત્તિઓનો સદુપયોગ કરી સંસારમાં અમર બની ગયા. ધન્ય શ્રધ્ધા, ધન્ય ભક્તિ તથા ધન્ય છે તે પુન્યશાળીઓની ધર્મભાવનાને!

## શ્રી શત્રુંજયમહાતીર્થનું પ્રમાણ તથા સિદ્ધિપદ પ્રાપ્ત થયેલા મહર્ષિઓ:

શ્રી શત્રુંજય મહાતીર્થ, પ્રાયઃ શાશ્વતો છે. આ ગિરિરાજ પહેલા આરામાં ૮૦ યોજન પ્રમાણનો, બીજા આરામાં ૭૦, ત્રીજામાં ૬૦, ચોથામાં ૫૦, પાંચમા આરામાં ૧૨ યોજન પ્રમાણનો છે. છેવટે છઠ્ઠા આરામાં અંતે ૭ હાથ પ્રમાણ રહેશે. અનંત આત્માઓ અહિં સિધ્ધિપદ પામ્યા છે. જેઓનાં નામો ગણાય તેમ નથી છતાં વર્તમાનમાં જે પ્રસિધ્ધ મહાત્માઓ

અહિં મોક્ષે ગયા છે, તેની ટુંક નોંધ આ પ્રમાણે છે;–શ્રી ઋષભદેવ ભગવાનના પ્રથમ ગણધર વજસેન જેમનું બીજું નામ પુંડરીકસ્વામીજી છે, તેઓ ૫ ક્રોડની સાથે એક મહિનાનું અનસન કરીને ચૈત્ર સુદિ ૧૫ના દિવસે અહિં મોક્ષે ગયા છે. કાર્તિક પૂર્ણિમાના દિવસે દ્રાવિડ અને વારિખિલ્લ ૧૦ ક્રોડની સાથે મોક્ષે ગયા છે. તદુપરાંત નમિ–વિનમિ ક્રોડ, સાગરમુનિ ૨ ક્રોડ, રામ ભરત ૩ ક્રોડ, શાંબ-પ્રદ્યુમ્ન સાડાઆઠ ક્રોડ, શ્રી સારમુનિ ૧ ક્રોડ, સોમયશા ૧૩ ક્રોડ, નારદજી ૯૧ લાખ, વસુદેવની સ્ત્રી ૩૫ હજાર, શ્રી શાંતિનાથ પ્રભુના શિષ્યો દમિતારિ ૧૪ હજાર, પદ્યુમ્નની સ્ત્રી ૪૪૦૦, થાવચ્ચા પુત્ર ૧ હજાર, શુકપરિવ્રાજક ૧ હજાર, શેલકસૂરિ ૫૦૦, સુભદ્રમુનિ ૭૦૦, જાલિ–મયાલિ અને ઉવયાલિ, દેવકીના ૬ પુત્રો, પાંચ પાંડવો ૨૦ ક્રોડ મહાત્માઓ સાથે ઈત્યાદિ મહાત્માઓ અનશન કરી આ ગિરિરાજ પર કર્મોને ખપાવી મોક્ષે સિધાવ્યા છે.

## યાત્રિક ભવ્યાત્માઓનેઃ

પ્રત્યેક વર્ષમાં કાર્તિક શુદિ પૂર્ણિમા, ફાગણ શુદિ ૮, ફાગણ શુદિ ૧૩, ચૈત્ર શુદિ પૂર્ણિમા, આ બધા દિવસો વિશેષ મહત્ત્વના છે. આ પવિત્ર દિવસોમાં ગિરિરાજની યાત્રાનો મહિમા વિશેષ ગણાય છે. આ પુનિત ગિરિરાજની યાત્રા કરવા આવનાર ભવ્યજીવોએ અહિં આવીને વિવેકપૂર્વક વિધિના પાલન સાથે આશાતનાનો ત્યાગ કરવો જોઈએ. ગિરિરાજ પર થૂંકવું, બળખો નાંખવો, નાક ખંખેરવું, ઈત્યાદિ ન જ કરવું. પાસે કપડું રાખીને એવું હોય તો એમાં ઉપયોગ રાખવો. ચામડાના જોડા, ચંપલ, વગેરે પહેરીને ચઢવાથી તીર્થની આશાતના થાય છે. તેમજ આ ગિરિરાજ ઉપર દૂધ, દહિં

કે કોઈપણ ચીજ ખાવી નહિં જોઈએ. આવા મહા પવિત્ર તીર્થની આશાતના કરવાથી આત્મા, નિકાચિત કર્મોથી બંધાય છે. પરિણામે દુર્ગતિમાં પરિભ્રમણ કરવું પડે છે એ ભૂલવું જોઈતું નથી.

## શ્રી શત્રુંજય તીર્થના ઉદ્ધારો:

શ્રી શત્રુંજય તીર્થ પ્રાયઃ શાશ્વત છે. અસંખ્ય ઉદ્ધારો આ તીર્થ ઉપર થયા છે. પણ આ અવસર્પિણી કાળમાં મોટા ૧૬ ઉધ્ધારો થયા છે. (૧) ભ૦ શ્રી ઋષભદેવસ્વામીના પુત્ર ભરત ચક્રવર્તીએ પહેલો ઉધ્ધાર કરાવ્યો. (૨) તેમની આઠમી પાટે થયેલા રાજા દંડવીર્યે બીજો ઉધ્ધાર કરાવ્યો. (૩) પહેલા–બીજા તીર્થંકરના વચલા કાળમાં ઇશાનેંદ્રે ત્રીજો ઉધ્ધાર કરાવ્યો (૪) ત્યારબાદ નવક્રોડ સાગરોપમ પછી માહેન્દ્ર ઈંદ્રે ચોથો ઉધ્ધાર કરાવ્યો. (૫) ૧૦ ક્રોડ સાગરોપમ પછી પાંચમા દેવલોકના ઈંદ્રે પાંચમો ઉધ્ધાર કરાવ્યો. (૬) બાદ ૧ લાખ ક્રોડ વર્ષ પછી ભવનપતિનિકાયના ઈંદ્ર ચમરેન્દ્રે છઠ્ઠો ઉધ્ધાર કરાવ્યો. (૭) શ્રી અજિતનાથ ભ૦ ના કાળમાં સગરચક્રવર્તીએ સાતમો ઉધ્ધાર કરાવ્યો (૮) શ્રી અભિનંદનસ્વામીના કાળમાં વ્યંતરેન્દ્રે આઠમો ઉધ્ધાર કરાવ્યો. (૯) શ્રી ચંદ્રપ્રભસ્વામીના શાસનમાં ચંદ્રયશા રાજાએ નવમો ઉધ્ધાર કરાવ્યો (૧૦) શ્રી શાંતિનાથ ભ૦ ના પુત્ર ચક્રાયુધ રાજાએ દસમો ઉદ્ધાર કરાવ્યો. (૧૧) શ્રી મુનિસુવ્રતસ્વામીનાં શાસનમાં શ્રી રામચંદ્રજીએ અગીયારમો ઉદ્ધાર કરાવ્યો. (૧૨) શ્રી નેમિનાથ સ્વામીના શાસનમાં પાંચ પાંડવોએ બારમો ઉદ્ધાર કરાવ્યો. (૧૩) ત્યારબાદ ભગવાનશ્રી મહાવીરદેવનાં શાસનમાં પાંચમા આરામાં વિ૦ સં૦ ૧૦૮ની સાલમાં શ્રી વજ્રસ્વામીના સદુપદેશથી જાવડશાએ

૧૩મો ઉધ્ધાર કરાવ્યો. (૧૪) પરમાર્હત કુમારપાળ મહારાજાના સમયમાં વાગ્ભટ્ટ મંત્રીએ વિ૦ સં૦ ૧૨૧૩માં ૧૪મો ઉદ્ધાર કરાવ્યો. (૧૫) વિ૦ સં૦ ૧૪૪૧માં પાટણનિવાસી શ્રેષ્ઠીવર્ય્ય શ્રી સમરાશાહ શેઠે ૧૫મો ઉદ્ધાર કરાવ્યો. (૧૬) છેલ્લો હાલ ચાલુ છે, તે ૧૬ મો ઉદ્ધાર વિ૦ સં૦ ૧૫૮૭ના વૈશાખ વદિ ૬ ના ચિત્તોડના શ્રેષ્ઠીવર્ય્ય શ્રી કરમાશાહે કરાવ્યો. (૧૭) છેલ્લો ૧૭મો પાંચમા આરાના અંતે યુગપ્રધાન આ૦ મ૦ શ્રી દુપ્પહસૂરિના ઉપદેશથી પરમાર્હત શ્રી વિમલવાહન રાજા કરાવશે.

## ત્રણ ગાઉ, છ ગાઉ તથા બાર ગાઉની પ્રદક્ષિણા :

(૧) શ્રી શત્રુંજય ગિરિરાજના બન્ને શિખરોની આજુબાજુની પ્રદક્ષિણા કરી હનુમાનદ્વારે અવાય છે, આ દોઢ ગાઉની પ્રદક્ષિણા કહેવાય છે, (૨) ત્રણ ગાઉમાં રામપોળથી નીકળી રોહિશાળાના રસ્તે ઉતરવાનું રહે છે. રોહિશાળાનો રસ્તો કંઇક થોડો ઢાળવાળો છે. નીચે શ્રી ઋષભદેવસ્વામીનાં પગલાં છે, ગામના નાકે સુંદર દહેરાસર તથા ધર્મશાળા છે. પૂ૦ પાદ આ૦ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી આ સ્થાન થયું છે; તેની વ્યવસ્થા શેઠ જિનદાસ ધરમદાસની પેઢી કરે છે.

(૩) છ ગાઉનીપ્રદક્ષિણામાં રામપોળથી દેવકી ષટનંદનની દહેરીનાં દર્શન કરી પશ્ચિમ બાજુ જવાય છે, વચ્ચે ઉલખા કૂંડ આગળ શ્રી ઋષભદેવભગવાનનાં પગલાંની દહેરીઓ આવે છે, આગળ ચિલ્લણ તલાવડી નજીક શ્રી અજિતનાથ ભ૦ તથા શ્રી શાંતિનાથ ભ૦ નાં પગલાં છે, ત્યાંથી ભાડવાના પર્વત પર શ્રી શાંબ–

પ્રદ્યુમ્નનાં પગલાં છે. શ્રી કૃષ્ણ વાસુદેવના આ બન્ને પુત્રો સાડા આઠ ક્રોડમુનિઓ સાથે ફાગણ શુદિ ૧૩ના અહિં મોક્ષે ગયા છે, અહિંથી નીચે સિદ્ધવડ ઉતરવાનું છે. આ રીતે શ્રી ગિરિરાજની પશ્ચિમ બાજુની બારીએથી ઘેટીની પાગે શ્રી ઋષભદેવસ્વામીનાં પગલાં છે. નીચે આદપર ગામ છે, વચ્ચે કુંડ આગળ ચોવીસ તીર્થંકરોનાં પગલાં છે.

(૫) શ્રી સિદ્ધગિરિજીની બાર ગાઉની સ્પર્શનાએ જવાને પાલીતાણાથી રોહિશાળા થઇ ભંડારીઆ જવાનું. અહિં એક દહેરાસર શિખરબંધી છે. ઉપર માળ પર પ્રભુજી છે, ત્યાંથી શ્રી કદંબગિરિ જવાય છે, કદંબગિરિ તીર્થ મહિમાવંતુ છે. ગઇ ચોવીશીના બીજા તીર્થંકર શ્રી નિર્વાણી ભગવંતના કદંબ નામના ગણધર અહિં ક્રોડોના પરિવારની સાથે મોક્ષે ગયા છે. અહિં નીચે ભ૦ શ્રી મહાવીરસ્વામીજીનું બાવન જિનાલયનું સુંદર મંદિર, ધર્મશાળા, ભોજનશાળા તથા જ્ઞાનમંદિર ઈત્યાદિ છે, તેમજ ગિરિરાજ પર શ્રી આદીશ્વર ભ૦ તથા શ્રી નેમિનાથ ભ૦ નાં સુંદર મંદિરો છે, સમવસરણની આરસની રચના છે. તેમજ શત્રુંજયની રચના છે. પૂ૦ પાદ આચાર્યદેવ શ્રી વિજય-નેમિસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી આ બધું થયું છે. અહિંથી ઉપર ચઢાવ ચઢીને જતાં કદંબ ગણધરનાં તથા નિર્વાણી તીર્થંકરનાં પગલાં છે. શ્રી કદંબગિરિજીની યાત્રા કરવા આવનારે આ મૂલ સ્થાનની સ્પર્શના તથા પગલાનાં દર્શન-વંદન તો અવશ્ય કરવાં જોઇએ. પાલીતાણાથી સીધા ભંડારીયા ૪ ગાઉ થાય છે, અને ત્યાંથી કદંબગિરિ ૧॥ ગાઉ થાય છે, અને કદંબગિરિથી બે ગાઉ ચોક છે. ચોકમાં ભ૦ શ્રી આદીશ્વરજીનું ન્હાનુ મંદિર છે.

અને ધર્મશાળા છે. અહિંથી નદી ઉતરીને હસ્તગિરિ પર્વત પર જવાય છે. ઉપર જવાના રસ્તાનું ચઢાણ કઠીણ છે. ભરત ચક્રવર્તીની હાથી આદિ સેના આ સ્થાને અનશન કરી સ્વર્ગે ગયેલ છે. શ્રી શત્રુંજયની અનેક પાગો ગણાય છે; તેમાં ઘેટીની પાગ તથા શત્રુંજય નદીની પાગ મુખ્ય ગણાય છે. રામપોળથી નીકળતાં ડાબી બાજુનો રસ્તો સીધો જે પૂર્વ બાજુ જાય છે, તે જીવાપર ગામ થઈ શત્રુંજયી નદી તરફ જાય છે. નદીના કિનારે પ્રભુજીના પગલાં છે. દેરીને ફરતો કોટ છે.

## જૈન ધર્મશાળાઓ :

હિંદભરના જૈનોનું એક અને અનુપમ યાત્રાધામ અહિં હોવાથી, પાલીતાણામાં જૈન ધર્મશાળાઓ સંખ્યાબંધ છે. શહેરમાં પણ શેઠ હેમાભાઈની, મોતીશાશેઠની, વોરા અમરચંદ જસરાજની, તથા શેઠ સુરજમલની તેમજ સાત ઓરડાની ઈત્યાદિ સંખ્યાબંધ ધર્મશાળાઓ છે. તદુપરાંત રણશી દેવરાજની, મહાજનનો વંડો, નરશી નાથા, કેશવજી નાયક, વીરબાઈ, મોતી સુખીયા, શ્રી નગીનદાસ કપુરચંદની, ઘોઘાવાળી, ચાંદ ભુવન, ચંપા નિવાસ, કલ્યાણ ભુવન, કંકુબાઈ, ખુશાલ ભુવન, પુરબાઈની, શ્રી દેવસી પુનસીની, મગન મોદીની, જીવન નિવાસ, બ્રહ્મચર્યાશ્રમ, જશકોરની, પન્નાલાલબાબુની, શત્રુંજય વિહાર, કોટાવાળી, પંજાબી ભુવન, માધવલાલની, પાટણવાળાની, તથા અરિસા ભુવન, નહાર બિલ્ડીંગ ઈત્યાદિ સંખ્યાબંધ અહિં ગિરિરાજની યાત્રાએ આવનારા યાત્રિકોની અનુકૂળતા માટે ધર્મશાળાઓ આવેલી છે; ધર્મશાળા બંધાવનારાઓ ઉદારતાપૂર્વક

વહિવટ કરે, અને મુનિમ તથા માણુસોને ઉદારતાથી નભાવે તો તીર્થની યાત્રાયે આવનાર યાત્રિકગણુને સવિશેષ અનુકૂળતા રહે.

## જૈન મંદિરો :

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની છાયામાં જૈન દેરાસરો પણુ આ ભૂમિમાં સંખ્યાબંધ છે. તલાટી પર શ્રી વર્ધમાન જૈન આગમમંદિર ભવ્ય તથા રમણીય છે. ૨૦ વિહરમાન, ૨૪ તીર્થંકરો, આ રીતે ૪૪ ચોમુખજીની દેરીઓ ચોમેર અને વચ્ચે ચાર શાશ્વતા પ્રભુજીનું મુખ્ય દહેરાસર, અને સાથે ૪૫ આગમોને આરસના પત્થરો પર સુંદર સ્વચ્છ અક્ષરોમાં ચારે બાજુની દીવાલોમાં અંકિત કરવામાં આવ્યાં છે. તેના ઉપર સુંદર ફ્રેમથી કાચ મઢવામાં આવ્યા છે. દેરાસર વિશાળ છે. વિ૦ સં૦ ૧૯૯૯ ની સાલમાં મહાવદિ ૬ ના શુભ દિવસે અહિં પૂ૦ પાદ આગમોધ્ધારક આચાર્યદેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ૦ ના શુભ હસ્તે પ્રતિષ્ઠા થઈ છે. બાજુમાં શ્રી સિધ્ધચક્ર ભગવાનનું મંદિર છે. આ મંદિરમાં ચારે બાજુ દીવાલોમાં ચોવીશ ભગવંતની સાથે તેમના દરેક ગણુધરોની મૂર્તિઓ બિરાજમાન છે. નીચે ભોયરૂં છે, ઉપર પણુ દેરાસર છે. તલાટીમાં જૈન સોસાયટીના બંગલાઓની વચ્ચે મનોહર દેવવિમાન જેવું મંદિર છે. મૂલનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીજી છે; જેમાં કાચનું મીનાકારી કામ કલામય અને દર્શનીય છે. આ સિવાય ધર્મશાળાઓમાં દેરાસર છે. બાબુ માધવલાલની ધર્મશાળામાં શ્રી સુમતિનાથ ભગવાનનું દેરાસર છે. જસકોરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર છે. નરસી નાથાની ધર્મશાળામાં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું દેરાસર છે. વીરબાઇની પાઠશાળામાં શ્રી મહાવીરસ્વામીનું દેરાસર છે. કેશવજી નાયકની ધર્મ-

શાળામાં શાશ્વતા ચૌમુખજીનું દેરાસર છે. અરિસાભુવનની ધર્મશાળામાં તથા પંજાબી ભુવનની ધર્મશાળામાં પણ ઘર મંદિરમાં બિરાજમાન શ્રી શાંતિનાથ ભગવાન તથા શ્રી વાસુપૂજ્ય સ્વામીજી ભ૦ છે. મોતીસુખીયાની ધર્મશાળામાં શ્રી ઋષભદેવપ્રભુનું દેરાસર છે; તેમજ કંકુબાઈની ધર્મશાળામાં શ્રી આદીશ્વરપ્રભુજી તથા શ્રાવિકાશ્રમમાં શ્રી શાંતિનાથજી ભગવાન ઘર દેરાસરમાં મૂલનાયક છે. ગામમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની જોડે શ્રી આદીશ્વર ભગવાનનું સુંદર દહેરાસર છે. આ દેરાસર દીવબંદરના શેઠ રૂપચંદ ભીમશીએ વિ૦ સં૦ ૧૮૭૧ માં બંધાવીને પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવી છે. બીજું દેરાસર બજારમાં શ્રી ગોડી પાર્શ્વનાથજીનું છે. જેનો જીર્ણોધ્ધાર વિ૦ સં૦ ૧૯૯૦ની સાલમાં થયો છે. આ મંદિર જમીનથી ઉંચે છે. બે મજલાનું વિશાળ છે. પ્રથમ સુરત નિવાસી ભણશાલી હીરાચંદનાં ધર્મપત્નીએ વિ૦ સં૦ ૧૯૫૦ ની સાલમાં પોતાનાં મકાનમાં પ્રભુજીને પધરાવેલા, ત્યારબાદ ક્રમશઃ આ દેરાસર વધતું ગયું. ગોરજીનાંડેલામાં દેરાસર છે, જેમાં મૂલ-નાયક શાંતિનાથજી ભગવાન છે. સ્ટેશનપર શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળમાં શ્રી સુમતિનાથ ભગવાનનું દેરાસર છે. તલાટીયે જતાં બાલાશ્રમમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર છે. તેમજ તેની સામે રસ્તા પર પાર્શ્વવલ્લભવિહારમાં પાર્શ્વનાથ પ્રભુ મૂલનાયક છે.

## જૈન-સંસ્થાઓ :

તીર્થની યાત્રા માટે હિંદભરનાં જૈનો અહિં આવતા હોવાથી અનેકવિધ જૈનસંસ્થાઓ તીર્થાધિરાજની પવિત્ર છાયામાં વિકાસ પામે એ સહજ છે. શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ સંસ્થાનાં વિશાલ મકાનો સ્ટેશનપર છે. તલાટીના

રસ્તાપર જૈન બાલાશ્રમ છે. આ બન્ને સંસ્થાઓમાં જૈન વિદ્યાર્થીઓને ભોજન તથા રહેવાનો પ્રબંધ છે, તેમજ જૈન બ્રહ્મચર્યાશ્રમ પણ જીવનનિવાસની બાજુમાં છે. તેમાં પણ વિદ્યાર્થીઓને રહેવાનું હોય છે. આ સિવાય શ્રાવિકાશ્રમમાં પણ શ્રાવિકા બ્હેનોને શિક્ષણ ઉપરાંત આશ્રય મળે છે. સમગ્ર જૈનસમાજમાં આ એકજ સંસ્થા છે; જેમાં શ્રાવિકા બ્હેનો ધર્મપ્રવૃત્તિઓ, સંસ્કાર, શિક્ષણ, અને સ્વાશ્રયદ્વારા સંસ્થાના આશ્રયે પોતાના જીવનને આનંદપૂર્વક વ્યતીત કરી રહેલ છે. જ્ઞાનભંડારો તથા પાઠશાળાઓ અહિં સંખ્યાબંધ છે. શેઠ આ૦ ક૦ ની પેઢી તરફથી ચાલતી શ્રી હેમચંદ્રાચાર્ય પાઠશાળા છે. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ જ્ઞાનભંડાર છે. ગામમાં પણ બાબુની પાઠશાળા છે. મોતી કડીયાની મેડી ઉપર પણ પાઠશાળા છે; તેમજ પેઢી તરફથી ઔષધાલય ચાલે છે. ગામમાં સેવા સમાજનું દવાખાનું છે. ગામમાં પણ ઉપાશ્રયો તથા ધાર્મિક સંસ્થાઓ છે. જૈન સમાજમાં સાહિત્ય પ્રચાર દ્વારા સુપ્રસિદ્ધ 'કલ્યાણ' માસિકનું કાર્યાલય અહિં છે. તેમજ મ્હેસાણા જૈન શ્રેયસ્કર મંડળ તરફથી દવાખાનું છે. જેમાં ચતુર્વિધ સંઘની ભક્તિ થાય છે. તથા પાઠશાળામાં સાધુ-સાધ્વીને જૈનતત્ત્વજ્ઞાનનું અધ્યયન-અધ્યાપન કરવા માટેની વ્યવસ્થા છે. સંસ્થા તરફથી ભક્તિ, વૈયાવચ્ચ આદિ થાય છે. સંસ્થાની એ પ્રવૃત્તિ ખૂબજ ઉપયોગી છે.

એકંદરે પવિત્ર ગિરિરાજની છત્રછાયામાં આત્મકલ્યાણના આરાધક શ્રી ચતુર્વિધ સંઘને દરેક પ્રકારની સુવિધા મલી રહે છે. જો સુવિવેકપૂર્વક એનો સદુપયોગ થાય તો આત્માનું હિત, આવા કાળમાં પણ અતિ સહેલાઈથી સાધી શકાય છે.

આવા પવિત્ર તીર્થાધિરાજની યાત્રાએ આવનાર શ્રાવક-શ્રાવિ-

કાવર્ગે વિવેકપૂર્વક ઉચિતરીતે - પોતાની શક્તિ-સંપત્તિનો શુભ વ્યય કરી, તીર્થાધિરાજની નિશ્રાયે ચાલી રહેલી શુભ ધર્મપ્રવૃત્તિઓમાં યથાશક્તિ સહાય કરી, અવશ્ય લાભ લેવો જોઇએ.

યાત્રિકો માટે ગિરિરાજની તલાટીએ દરરોજ ભાથું અપાય છે; તેમજ યાત્રિકોની સગવડ માટે ધર્મશાળાઓની નજીકમાં ભોજનશાળા છે. જે સંઘની ભક્તિ માટે સંઘ દ્વારા ચાલે છે. શ્રી વર્ધમાન તપ આયંબિલખાતું પણ તપસ્વીઓની ભક્તિ કરે છે. ઉકાળેલા પાણીની પણ અહિં વ્યવસ્થા રહે છે.

## ૨ : ભાવનગર :

પાલીતાણાથી શિહોર થઈ ભાવનગર જવાય છે. વચ્ચે વરતેજ ગામમાં ભ૦ શ્રી સંભવનાથજીનું સુંદર દેરાસર તથા ઉપાશ્રય છે. વિ૦ સં૦ ૧૭૭૯ ના અક્ષય તૃતીયાના દિવસે શ્રી ભાવસિંહજીએ ભાવનગર શહેર વસાવ્યું છે. શિહોરથી ૧૪ માઈલ ભાવનગર થાય. આ પહેલાં અહિં જુનું ગામ વડવા હતું. ભાવનગર શહેર જૈનોની દસ હજારની વસતિવાળું સૌરાષ્ટ્ર દેશમાં જૈનોનું મુખ્ય શહેર ગણાય છે. ગોહિલવાડ જિલ્લાનું મુખ્ય શહેર ગણાય છે. શહેરના મધ્ય ભાગમાં વિશાલ ચોકમાં શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર છે. આજુબાજુ પણ ન્હાના ન્હાનાં દેરાસરો છે. દેરાસરોનો વહિવટ શ્રી સંઘની પેઢી શેઠ ડોસાભાઈ અભેચંદનાં નામે કરે છે. શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સામાયિકશાળા પણ અહિં છે. બાજુમાં વોરા બજારમાં શ્રી ગોડીપાર્શ્વનાથજીનું સુંદર દેરાસર છે. અહિં પણ દેરાસરો ભેગા છે. વચ્ચે ચોકમાં શ્રી ગૌતમસ્વામીજીનું મંદિર છે. કરચલીયા પરામાં ભ૦ શ્રી પાર્શ્વનાથજીનું દેરાસર છે. તથા વડવામાં શ્રી ચંદ્રપ્રભસ્વામીજીનું

દેરાસર છે. શહેર બહાર તખ્તેશ્વર પ્લોટમાં શ્રી દાદા સાહેબ તરીકે ઓળખાતા સ્થાનમાં વિશાલ ચોકમાં ભવ્ય જિનમંદિર છે. મૂલનાયક શ્રી મહાવીર ભગવાનનાં પ્રતિમાજી અદ્‌ભુત તેમજ મહાપ્રભાવિક છે. દેરાસર તીર્થભૂમિ જેવું રમણીય છે. કૃષ્ણનગરમાં શ્રી મહાવીરસ્વામીનું સુંદર દેરાસર છે. શ્રી જૈનધર્મ પ્રસારક સભા તથા શ્રી જૈન આત્માનંદ સભાના કાર્યાલય અહિં છે. સાહિત્યના પ્રચાર માટે આ બન્ને સંસ્થાઓ સુપ્રસિદ્ધ છે. આ બન્ને સંસ્થાઓના મકાનોમાં વિશાલ જ્ઞાનમંદિર–લાઇબ્રેરી છે. 'જૈન' અઠવાડિકની ઓફિસ અહિં છે. આ સિવાય શ્રી વૃધ્ધિચંદ્રજી જૈન સંગીત મંડળ, શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તથા જૈન વિદ્યાર્થીગૃહ આદિ સંસ્થાઓ અહિં છે. સ્ટેશન પર બે જૈન ધર્મશાળાઓ છે. તેમાં ગુલાબવાડી ધર્મશાળામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું દેરાસર છે. અહિં પણ જૈન ભોજનશાળા છે, તથા વર્ધમાન તપ આયંબિલ ખાતું છે.

## ૩ઃ ઘોઘા.

ભાવનગરથી લગભગ ૧૪ માઇલ પર ઘોઘા બંદર છે. અહિં નવખંડાપાર્શ્વનાથજીનું પ્રાચીન ઐતિહાસિક તીર્થધામ છે. વિ૦ સં૦ ૧૧૬૮ માં આ૦ મ૦ શ્રી મહેન્દ્રસૂરિજીએ આ પ્રભુજીની અંજનશલાકા કરાવી છે. આ મહોત્સવમાં પોતાની સંપત્તિનો સદ્વ્યય કરનાર નાણાવટી હીરાશેઠ હતા. બાદ મુસ્લીમોના હાથે આ પ્રતિમાજીનો ભંગ થયો, તેના નવ ટુકડાઓ થયા. બાદ અધિષ્ઠાયકદેવે રૂના પોલમાં અથવા લાપસીમાં ભરીને પ્રતિમાજીને રાખવાનું કહ્યું, ત્યાંના સંઘે અધીરાઇ કરી, પરિણામે પ્રતિમાજીને નવ સાંધા રહી ગયા. જે આજે પણ જણાય છે. અન્ય પણ

બે દેરાસરો છે, જેમાં ચંદ્રપ્રભસ્વામી તથા જીરાવલા પાર્શ્વનાથજી મૂલનાયક બિરાજમાન છે. શહેર બહુજ ઐતિહાસિક છે. જૂના સમયમાં આ બંદર મોટું વ્યાપારી મથક હતું. જૈનોની વસ્તી ઘણી હતી; પણ વ્યાપાર પડી ભાંગતાં શહેરનો પુરાણો વૈભવ આજે નામશેષ થતો જાય છે. 'લંકાની લાડી ને ઘોઘાનો વર' એ જૂની કહેવત પણ આ સ્થાનની પ્રાચીનતાની સાક્ષી પૂરે છે. ગામમાં ઉપાશ્રય તથા ધર્મશાળા છે. યાત્રિકોને ભાથું અપાય છે. તીર્થની વ્યવસ્થા ઘોઘાનો સંઘ, શ્રી કાળા મીઠાની પેઢીના નામે કરે છે.

## ૪: તલાજા–તાલધ્વજગિરિ

ભાવનગરથી નાની રેલ્વે દ્વારા ૨૨ માઇલ પર તલાજા સ્ટેશન આવે છે; વળી પાલીતાણાથી મોટર રસ્તે ૨૦ માઈલ તલાજા થાય છે. સ્ટેશનથી નજીકમાં જ તલાજાનો પહાડ છે. જે 'તાલધ્વજ-ગિરિ' કહેવાય છે. પૂર્વકાળમાં શ્રી શત્રુંજય ગિરિરાજની આ ટુંક ગણાતી. પહાડનો ચઢાવ સામાન્ય છે. પગથીયાં બાંધેલાં છે. ગિરિરાજ ઉપર ત્રણ સુંદર જિનમંદિરો છે. પહેલું શ્રી પાર્શ્વના-થજીનું ભોંયરાવાળું વિશાળ દેરાસર છે. ઉપર મજલા પર પણ પ્રભુજી બિરાજમાન છે. થોડા વર્ષો પહેલાં તલાજા ગામના ખેત-રમાંથી પાર્શ્વનાથ પ્રભુ પ્રગટ થયા હતા. બાદ. પૂ૦ પા૦ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના શુભ ઉપદેશથી અમદાવાદના લક્ષ્મીબેન શેઠાણીએ અહિં દેરાસર બંધાવ્યું છે. આની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૯૮૦ની સાલમાં થઈ છે. આ દેરાસરના ચોકમાં ત્રણે બાજુએ દેરીઓ છે. ત્યાંથી ઉપર શ્રી સુમતિનાથ ભગ-વાનનું પ્રાચીન મંદિર છે. તલાજા તીર્થના અધિપતિ તેમજ સાચાદેવ તરીકે આ ભગવાન સુપ્રસિધ્ધ છે. મંદિર પ્રાચીન છે.

આ દેરાસરનો જીર્ણોદ્ધાર વિ૦ સં૦ ૧૯૭૨માં બાબુ ધનપતસિંહજીએ કરાવ્યો હતો. પ્રભુના ગભારામાં ઘીનો અખંડ દીવો બળે છે; પણ દીવાની જ્યોત ગોખલામાં જે ભાગને સ્પર્શે છે, તે જગ્યા પીળા રંગવાળી બને છે. મૂળ મંદિરની જમણી બાજુએ એક ભાગમાં દેરીઓ હતી. ત્યારબાદ ભાવનગરના સદ્ગૃહસ્થોની કમિટિ હસ્તક જ્યારે આ તીર્થનો વહિવટ આવ્યો ત્યારે અહિં બાવન જિનાલય કરવાનો નિર્ણય થયો, અને બાકીની દેરીઓનું કામ ચાલુ કર્યું. દેરાસરનો મુખ્ય દરવાજો કર્યો. તેમજ નવી દેરીઓમાં વિ૦ સં૦ ૨૦૧૦ના વૈશાખ મહિનામાં પ્રતિષ્ઠા કરાવી છે આ દેરાસરની ઉપર પગથીયાઓ ચઢીને ચૌમુખજીની ટુંકમાં જવાય છે. અહિં ચોમુખજી બિરાજમાન હતા. વિ૦ સં૦ ૨૦૦૧ ની સાલમાં આ પ્રતિમાજીઓનું ખંડન થયું હતું. બાદ વિ૦ સં૦ ૨૦૧૦માં પ્રતિષ્ઠા કરીને નવા પ્રતિમાજી બિરાજમાન કર્યા છે ઉપરનું આ મંદિર વિશાળ તથા ચારે બાજુ ચોક વગેરેથી ભવ્ય બન્યું છે. અહિં કીર્તિસ્થંભ છે. સ્હામે પશ્ચિમ દિશા બાજુ શ્રી શત્રુંજય ગિરિરાજનાં ગગનચુંબી વિશાલ જિનમંદિરો શોભે છે, જાણે ઇંદ્રનાં ઐરાવણ હાથી પર ઝુલતી અંબાડીઓની જેમ આ જિનમંદિરો દીપે છે. પૂર્વમાં દરિયો દેખાય છે. ગામમાં શ્રી શાંતિનાથ ભગવાનનું સુંદર દેરાસર છે. તેમજ હમણાં ખેતરમાંથી નીકળેલા સંપ્રતિ મહારાજના સમયનાં પ્રતિમાજી તથા અન્ય પ્રભુજી બાજુના હોલમાં બિરાજમાન છે તલાજી નદીના નાકે બાબુની ધર્મશાળા છે. ઉપાશ્રય છે. યાત્રિકો માટે જૈન ભોજનશાળાની સુંદર વ્યવસ્થા છે. પ્રત્યેક યાત્રિકને પહેલા દિવસે અહિં ફ્રી ભોજનની બે ટંક માટેની વ્યવસ્થા છે. આયંબિલખાતું પણ

ચાલે છે. જૈનવિદ્યાર્થી ગૃહ’ પણ છે. આ તીર્થમાં ભોજનશાળા તેમજ ધર્મશાળાનો વહિવટ શ્રી તળાજા તીર્થોધ્ધારક કમિટિ કરે છે. ગિરિપર ચઢતાં પહેલાં ભાવનગર નિવાસી શેઠ આણંદજી પુરૂષોત્તમની ધર્મશાળા છે.

## ૫ : મહુવા

પૂર્વકાલમાં ‘મધુમતી’ તરીકે ઓળખાતું આ શહેર મહુવા ઇતિહાસ પ્રસિધ્ધ છે. શ્રી શત્રુંજય મહાતીર્થનો ૧૩મો ઉધ્ધાર કરનાર સંઘપતિ જાવડશાશેઠ જેઓ પંચમ કાલના પહેલા ઉધ્ધારક છે. તેઓ અહિંના નિવાસી હતા. વિ૦ સં૦ ૧૦૮માં યુગપ્રધાન આ૦ મ૦ શ્રી વજ્રસ્વામીજીના સદુપદેશથી તેઓએ ઉધ્ધાર કરાવ્યો હતો. ગૂર્જરેશ્વર મહારાજા કુમારપાળના સંઘમાં શ્રી સિદ્ધગિરિજી પર સવા ક્રોડ સોનૈયા બોલી તીર્થમાળા પોતાના માતાજીને પહેરાવનાર શ્રી જગડુશા હંસરાજ મહુવાના નિવાસી હતા. અહિં ચરમ તીર્થપતિ ભ૦ શ્રી મહાવીરદેવનું સુંદર વિશાલ તથા દેવવિમાન જેવું અલૌકિક મંદિર છે. મૂલનાયક પ્રભુજીનું બિંબ સાક્ષાત્ ભગવાન મહાવીરદેવનાં લોકોત્તર સૌંદર્યની ઝાંખી કરાવનારૂં અનુપમ છે. ભગવાનના ભાઇ નંદિવર્ધને ભગવાનની વિદ્યમાનતામાં આ બિંબ ભરાવ્યું હોવાનો પ્રઘોષ છે. આ મંદિરની બાજુમાં ત્રણ માળનું ભવ્ય મંદિર પૂ૦ પાદ સ્વ૦ આ૦ મ૦ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ૦ ના સદુપદેશથી તૈયાર થયું છે. આમાં પાંચ મંદિરો છે. આની પ્રતિષ્ઠા પૂ૦ સ્વર્ગીય આચાર્યદેવશ્રીના પટ્ટાલંકાર આ૦ મ૦ શ્રી વિજયઉદયસૂરીશ્વરજીનાં શુભ હસ્તે વિ૦ સં૦ ૨૦૦૬ની સાલમાં થઇ છે. ગામ બહાર સ્ટેશન પર ધર્મશાળા છે; ગામમાં ભોજનશાળા છે. તથા આયંબિલખાતું

છે. જૈનોની વસતિ અહિં સારા પ્રમાણમાં છે. આજુબાજુનો પ્રદેશ બાગબગીચાથી લીલોછમ છે. આંબા, કેળા, નારીયેલી તથા સોપારીઓના બાગો અહિં ઘણા છે. હાથીદાંતનું કામ તથા લાકડાના રંગબેરંગી રમકડાઓનું કામ અહિં ઘણું થાય છે. શ્રી યશોવૃધ્ધિ જૈન બાલાશ્રમ સંસ્થામાં વિદ્યાર્થીઓને શિક્ષણ ઉપરાંત આશ્રય મળે છે. ત્યાં પણ જૈનમંદિર છે.

## ૬: શ્રી ગિરનારજી તીર્થ :

મહુવાથી રેલ્વે રસ્તે ઢસા થઇને, તથા પાલીતાણાથી શિહોર, ધોળા-ઢસા થઇને જેતલસરથી જુનાગઢ જવાય છે. મહુવાથી પગ-રસ્તે સાવરકુંડલા થઇ જુનાગઢ જવાય છે. સાવરકુંડલામાં શ્રી ધર્મનાથજીનું તથા ઉપર ભ૦ શ્રી શાંતિનાથજીનું આમ બે સુંદર મંદિરો છે. શ્રાવકોની વસતિ ૧૫૦ ઘરની છે. ૪ ઉપાશ્રયો, આયંબિલખાતું આદિ છે. ગામ બહાર ટેકરી પરથી સ્હવારના સૂર્યોદય વેળાયે શ્રી શત્રુંજય ગિરિરાજનાં દર્શન થાય છે. સાંજના સૂર્યાસ્ત પહેલાં પશ્ચિમ બાજુયેથી ગિરનારજીનાં પણ દર્શન અહિંથી થાય છે. શ્રી સિદ્ધગિરિજી અહિંથી ૪૫ માઇલ થાય અને ગિરનારજી ૬૦ માઇલ થાય.

### જુનાગઢ શહેર :

શ્રી ગિરનારજીની તલાટી પર જુનાગઢ શહેર આવેલું છે. જુનાગઢ શહેરે ભૂતકાળમાં ઘણી લીલી-સૂકી જોઇ છે. સિધ્ધરાજ જયસિંહના સમયે જુનાગઢ-જીર્ણદુર્ગનો રાજા રા'ખેંગાર હતો, અત્યારે તે સમયના અવશેષો મળી રહે છે. હિંદુ રાજાઓની પડતી થતાં આ શહેરમાં બાબી વંશના

મુસ્લિમ રાજાઓનું રાજ્ય સ્થપાયું, અને આજે એ નવાબી સત્તા પણ અસ્ત પામી ચૂકી છે. કાલબળની આગળ કોઇનું કશુંયે ચાલતું નથી. જુનાગઢ સ્ટેશનથી જેમ જેમ આગળ વધીએ તેમ તેમ સ્ટેટ વખતના રાજ્ય મકાનો, મસ્જીદો, મકરબા જોવા મળે છે. જેલ રોડ પર થઇને જતાં ઉપરકોટ આગળ આપણું સુંદર જિનમંદિર આવે છે. દેરાસર ભવ્ય છે. મૂલનાયક શ્રી મહાવીર-સ્વામીના પ્રતિમાજી સુંદર છે. જે સંપ્રતિ મહારાજનાં સમયના છે. વિ૦ સં૦ ૧૯૦૫માં માહીગઢેચી આગળ ખોદકામ થતાં આ પ્રતિમાજી નીકળેલા હતા. બાજુમાં શ્રી નેમિનાથ સ્વામીનું મંદિર બંધાયું છે, જેની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૨૦૧૦ના ફાગણ મહિનામાં થઇ હતી. શ્રી નેમિનાથ સ્વામીના પ્રતિમાજી વિ૦ સં૦ ૧૯૬૫માં હોસ્પીટલનો પાયો ખોદતાં પ્રગટ થયાં છે. જે સંપ્રતિ રાજાના સમયનાં છે. જગમાલચોકમાં ગોરજીના ડેલામાં એક દેરાસર છે. જેમાં મૂલનાયક શ્રી આદીશ્વર ભ૦ છે. યાત્રાળુઓ માટે શેઠ હેમાભાઈની ધર્મશાળા છે, સામે બાબુની ધર્મશાળા છે. અહિંના દેરાસર આદિનો તથા ઉપર ગિરનારજીનાં મંદિરો આદિનો વહિ-વટ અમદાવાદની શેઠ આ૦ ક૦ ની પેઢી, શેઠ દેવચંદ લખમી-ચંદના નામે કરે છે. ભોજનશાળા તથા આયંબિલખાતાની અહિં વ્યવસ્થા છે.

અહિંથી ગિરનારજીની તલાટી ૩ માઈલ થાય છે. રસ્તામાં નાકાપર ઉપરકોટ આવે છે. ઉપરકોટમાં જૂના જમાનાના ભોંય-રાઓ, અનાજના કોઠારો તથા રા' નવઘણે બંધાવેલી અડીચડીની વાવ, નવઘણ કુવો તથા ઇજીપ્તમાં બનેલી અને અહિં રાખેલી ઈ૦ સ૦ ૧૫૩૩ ના ગાળાની નીલમ તોપ, ચૂડાનાલા તોપ, રા'

ખેંગારનો રાજમહેલ જે હાલ મસ્જીદ છે. વગેરે ઐતિહાસિક અવશેષો આવેલા છે. ગિરનારના દરવાજા બહાર અશોક, સંપ્રતિ, રૂદ્રદામા તથા ચંદ્રગુપ્તના શિલાલેખો આવેલા છે. અને ર૭પ ફીટ ઉંડો દામોદર કુંડ પણ જોવા મળે છે. અહિંથી તલાટીની સીધી સડક છે.

## તલાટી પરનાં દેરાસરો તથા ધર્મશાળા :

શ્રી ગિરનારજીની તલાટીના રસ્તે જતાં માર્ગમાં ઠેર ઠેર હિંદુ ધર્મશાળાઓ, મંદિરો આવેલાં છે. દામોદર કુંડ, મૃગીકુંડ વગેરે આવેલા છે. તલાટી પર સુરતનિવાસી શેઠ પ્રેમચંદ રાયચંદની જૈન ધર્મશાળા છે. નાનું જિનમંદિર પણ ધર્મશાળામાં છે. તેની નજીકમાં જૈન ભોજનશાળા છે તેમજ યાત્રિકોને ભાથું પણ અપાય છે આ ધર્મશાળાની તથા ભાથાની વ્યવસ્થા પેઢી તરફથી છે. ભોજનશાળાનો ખાસ કમિટિ હસ્તક વહિવટ છે. અહિં ચોમેર વિશાળ વનરાજી પથરાયેલી છે. જમીન લીલીછમ–હરિયાળીવાળી છે. વાંસનાં તથા સાગના વૃક્ષો પણ જોવા મળે છે. અહિં નજીકમાં સિદ્ધરાજ જયસિંહે બંધાવેલી એકચડાની વાવ છે. પાસે જ ગિરનાર પર જવાનો દરવાજો છે. દરવાજાની જમણી બાજુએ શ્રી નેમિનાથ ભગવાનના પગલાં છે. જુનાગઢના સુપ્રસિધ્ધ ધર્માત્મા ડો૦ ત્રિભુવનદાસના પરિશ્રમથી અહિંના પગથીયાઓનો જીર્ણોધ્ધાર થયો છે. ઉપર ચડતાં વચ્ચે ગરમ પાણી તથા ઠંડા પાણીની પરબો આવે છે. ચોમેર ગીચ ઝાડી છે, ચોમેર પક્ષીઓનો મધુર કલરવ સંભળાય છે. આમ કરતાં લગભગ ચાર હજાર પગથીઆં ચઢી રહ્યા બાદ આપણે ઉપર પહોંચીએ છીએ. વચ્ચે કાઉસ્સગ્ગીઆ તથા પ્રભુમૂર્તિ આવે છે. વિસામાઓ પાણીના

ટાંકા તથા ઇતરધર્મી બાવાઓની મઢી આદિ આવે છે. એક જગ્યાએ જુના પગથીઆં કરાવ્યાનો લેખ આવે છે. સં૦ ૧૨૨૨ ની સાલનો તેમાં ઉલ્લેખ છે. આગળ બીજા લેખમાં ૧૯૮૩ કાર્તિક વદિ ૩ સોમવારના ગિરનારની પાજનો ઉધ્ધાર દીવના સંઘે કરાવ્યો એવો લેખ આવે છે.

## તીર્થાધિરાજ શ્રી નેમિનાથજી પ્રભુની મોટી ટુંક :

ગિરનારજીના પ્રભુમંદિરોમાં પ્રવેશ કરતાં પહેલાં કોટ આવે છે. દરવાજામાં થઇને અંદર પેસતાં ડાબી બાજુએ યદુકુલતિલક બાળબ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનની મોટી ટુંક આવે છે. દરવાજામાં પેસતાં ચોકીદારને રહેવાની જગ્યા છે. ડાબી બાજુ ધર્મશાળા છે. ચોક મૂકયા પછી પૂજારીઓની ઓરડીઓનો મોટો ચોક આવે છે. અહિંથી મૂલનાયકજીના ચોકમાં જવાય છે. આ ચોક ૧૩૦×૧૯૦ ફીટ પહોળો તેમજ લાંબો છે. આમાં મુખ્ય મંદિર શ્રી નેમિનાથ ભગવાનનું છે. આ દેરાસર વિશાળ તથા રમણીય છે. આનો રંગમંડપ ૪૧½ ફીટ પહોળો અને ૪૪½ લાંબો છે. ગભારામાં શ્રી નેમિનાથ ભગવાનના શ્યામ, ભવ્ય પ્રતિમાજી બિરાજમાન છે. મૂલ ગભારાની આસપાસ પ્રદક્ષિણા છે. તેમાં તીર્થંકર દેવોની મૂર્તિ યક્ષ-યક્ષિણી તથા સમ્મેતશિખર, નંદીશ્વરદ્વીપ આદિ છે. દેરાસરની બહારનો રંગમંડપ પણ પહોળો તથા લાંબો છે. તેનાં બન્ને બાજુના ઓટલાઓ પર પગલાંઓ છે.

## પ્રાચીન ઇતિહાસ :

આ દેરાસર ખૂબજ પ્રાચીન છે. કાશ્મીર દેશના રત્નાશા શ્રાવકે વિ૦ સં૦ ૬૦૯ માં દેવસાન્નિધ્યથી અહિં પ્રતિમાજી

પધરાવી, મંદિર બંધાવીને તેમાં પ્રતિષ્ઠા કરાવી હતી. બાદ સિદ્ધરાજ જયસિંહના સમયમાં સજ્જન મંત્રીએ પણ અહિં જીર્ણોદ્ધાર કરાવ્યો છે. આ ઉધ્ધાર તેમણે વિ૦ સં૦ ૧૧૮૫ લગભગ કરાવ્યો હતો. જેમાં સોરઠદેશની ઉપજ ખર્ચી હતી. બાદ ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહે એ ઉપજ પોતાના અંગત ભંડારમાંથી રાજ્યને ભરી જિનમંદિરના જીર્ણોધ્ધારનો પુણ્ય લાભ મેળવ્યો હતો. મહારાજા કુમારપાળના રાજ્યકાલમાં સજ્જન મંત્રીના બંધુ આમ્રભટ્ટે ગિરનાર પર પગથીઆ બંધાવ્યાની હકીકત પણ ઇતિહાસમાંથી મળી આવે છે. મૂલનાયક પ્રતિમાજીનો એક ઇતિહાસ એવો છે કે, 'ગઈ ચોવીશીના ત્રીજા તીર્થંકર દેવ શ્રી સાગરના ઉપદેશથી પાંચમા દેવલોકના ઈંદ્રે આ પ્રતિમાજી ભરાવ્યા હતા અને તે ભગવાન નેમિનાથસ્વામીના કાળ સુધી ત્યાં દેવલોકમાં રહ્યા. બાદ શ્રી કૃષ્ણ વાસુદેવના ગૃહમંદિરમાં રહ્યા, અને દ્વારિકાના દાહ વેળાયે અંબિકાદેવીના વિમાનમાં હતા. બાદ રત્નશાહ શ્રાવકની ભક્તિથી દેવીએ અહિં સ્થાપન કર્યા છે. આજે આ પ્રતિમાજીને અસંખ્યાતા વર્ષો વીતી ગયાં છે.' મૂલનાયકના મંદિરની પાછળ જગમાલનું દેરાસર છે. તેમાં શ્રી આદીશ્વર ભ૦ ના પ્રતિમાજી છે. આ ટુંકમાં ભોંયરામાં શ્રી અમીઝરાપાર્શ્વનાથજીની સુપ્રસન્ન, તેજસ્વી પ્રતિમાજી છે. જે સંપ્રતિ મહારાજાના સમયનાં છે. ડાબી બાજુએ શ્રી નેમિનાથ ભગવાનના પ્રાચીન પ્રતિમાજી છે. ચોકમાં મોટી પ્રદક્ષિણામાં પ્રતિમાજી તથા પગલાંઓ છે. તેમાં મૂલનાયકના મોટા પગલાં છે. દરવાજા બહાર જમણી બાજુએ શ્રી અંબિકાદેવીની મૂર્તિ છે. ટુંકમાં ઉત્તર તરફ અદબદજીની-શ્રી ઋષભદેવ ભ૦ ની મોટી

મૂર્તિ સામે પાંચ મેરૂનું મંદિર છે. ચાર બાજુ ચાર મેરૂ વચમાં એક મેરૂ. આ પાંચે મેરૂમાં ચૌમુખજીના પ્રતિમાજી બિરાજમાન છે.

## માનસંગ ભોજરાજની ટુંક :

શ્રી નેમિનાથ દાદાની ટુંકના દરવાજા સામે માનસંગ ભોજરાજની ટુંક છે, તેમાં એક મંદિર છે. મૂલનાયક શ્રી સંભવનાથ ભગવાન બિરાજમાન છે. પહેલાં ચોક આવે છે. ચોકમાં સુરજકુંડ આવે છે. આ કુંડ કચ્છ–માંડવીના વીશા ઓસવાલ માનસંગે બંધાવ્યો છે. દેરાસરનો જીર્ણોધ્ધાર પણ આ માનસંગ શેઠે કરાવેલો છે. તેથી આ ટુંક તેમના નામથી પ્રસિધ્ધ થઇ છે.

## મેરકવશીની ટુંક :

અદબદજીના મંદિરમાંથી ડાબી બાજુનાં દરવાજામાં થઇ મેરકવશીમાં જવાય છે. છે. આ મંદિરમાં સહસ્રફણા પાર્શ્વનાથજીનાં સુંદર પ્રતિમાજી બિરાજમાન છે. પ્રભુજીની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૮૫૯ માં થઇ છે. આ મંદિર બાવન જિનાલયવાળું છે. તેમાં પ્રભુજી બિરાજમાન છે. પ્રદક્ષિણામાં અષ્ટાપદ પર્વતની રચના છે. આ ટુંકનો જીર્ણોદ્ધાર સિદ્ધરાજના મંત્રી સજ્જને કરાવ્યો હતો. કોરણી વગેરે શિલ્પ આ ટુંકમાં સારૂં છે. થાણાદેવળીના ભીમા શેઠે અહિં કુંડ બંધાવ્યો હતો. અને અઢારરત્નનો હાર પ્રભુજીને ધર્યો હતો.

## સગરામ સોનીની ટુંક :

મેરકવશીની ટુંકમાંથી સગરામ સોનીની ટુંકમાં જવાય છે.

આ સગરામ સોની પંદરમાં સૈકામાં થયેલા પુણ્યવાન શ્રાવક હતા. ગુજરાત બાજુના વઢીયાર પ્રદેશના–લોલાડા ગામના તેઓ મૂલ રહેવાસી હતા ત્યારબાદ તેઓ પાટણ આવીને વસ્યા હતા. તેમણે શ્રી સોમસુંદરસૂરિજીના ઉપદેશથી આ ટુંક બંધાવી છે. આ ટુંકમાં મૂલનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથજીનાં પ્રતિમાજી છે, જેની પાછળથી પ્રતિષ્ઠા થયેલી છે. પ્રદક્ષિણામાં ૩ દેરાસરો છે, આ ટુંક ગિરનારના આ વિભાગમાં સૌથી ઉંચી દેખાય છે.

## કુમારપાળ મહારાજાની ટુંક :

કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજાના ઉપદેશથી પરમાર્હત કુમારપાલે ૧૪૪૪ ભવ્ય જિનમંદિરો બંધાવ્યા હતાં. ગિરનારતીર્થ પર પણ તેઓએ ભવ્ય મંદિર બંધાવ્યું હતું. આ મંદિરનો જીર્ણોધ્ધાર માંગરોળના શેઠ ધરમશી હેમચંદે કરાવ્યો છે. હાલ જે મૂલનાયકજી છે તે પ્રતિમાજી પાછળથી વિ૦ સં૦ ૧૪૫૩ ની સાલમાં પધરાવ્યાં છે. આ બધી ટુંકોમાં મૂલનાયકજી પાછળથી પ્રતિષ્ઠિત થયેલા મળે છે. તેનાં કારણ તરીકે સંભવિત છે કે મુસ્લીમ સત્તાના સમયે ધર્માંધ રાજવીઓનાં અત્યાચારોથી મૂલનાયકજી ખંડિત થયા હોય અને એથી બીજા પ્રતિમાજી પાછળથી શ્રી સંઘે પ્રતિષ્ઠિત કર્યા હોય એમ સમજાય છે.

## વસ્તુપાલ-તેજપાલની ટુંક :

ગૂજરાતના મહામાત્ય શ્રી વસ્તુપાલ તથા તેજપાલ બંધુ યુગલનું નામ જૈનશાસનમાં અમર બની ગયું છે. તેમણે આ ટુંક બંધાવી છે. આ ટુંકને તથા સંપ્રતિ રાજાની અને કુમારપાલ મહારાજાની ટુંકને– આ ત્રણેયને ફરતો કિલ્લો વિ૦ સં૦ ૧૯૩૨ માં કચ્છ દેશના શેઠ

નરસી કેશવજીએ બંધાવ્યો છે. આ ટુંકમાં ત્રણ દેરાસરો છે. મૂલનાયક શ્રીશામળા પાર્શ્વનાથજીની ભવ્ય મૂર્તિ છે. આ પ્રભુજીની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૩૦૬ ના વૈશાખ શુદિ ૬ ને શનિવારના થઇ છે. મંદિરમાં કોતરણી સુંદર છે. મંદિરમાં પીળા આરસ તથા સળીના પત્થરો વપરાયા છે. મંદિરનો રંગમંડપ ૨૯ ફીટ પહોળો અને ૫૩ ફીટ લાંબો છે. આ ટુંકમાં વસ્તુપાલ તથા તેજપાલના જીવનને લગતી તથા તેમનાં ધર્મકાર્યો, કુટુંબ વગેરેનો ઇતિહાસ કહેતી હકીકતો શિલાલેખમાં છે. આ ટુંક ખાસ દર્શનીય છે. બે બાજુયે સમવસરણ તથા મેરૂ પર્વતની આરસ પર રચના છે.

## સંપ્રતિ મહારાજાની ટુંક :

શ્રી આર્યસુહસ્તિ મહારાજના સદુપદેશથી જૈનધર્મ સ્વીકારનાર, મૌર્યવંશી અશોકના પૌત્ર મગધસમ્રાટ પ્રિયદર્શી—શ્રીસંપ્રતિ મહારાજાએ સવાલાખ જિનમંદિરો બંધાવ્યાં છે. તથા સવા ક્રોડ જિનબિંબો ભરાવ્યાં છે. તેમણે શ્રી ગિરનારજી પર પણ ભવ્ય જિનમંદિર બંધાવ્યું છે. આ મંદિર સુંદર તથા પ્રાચીન છે. મંદિરમાં મૂલનાયક શ્રી નેમિનાથ ભગવાનનાં શ્યામવર્ણી ભવ્ય પ્રતિમાજી છે. બીજા ૨૩ પ્રતિમાજી છે. બધાં પ્રાચીન સમયનાં છે.

## અન્ય જિનમંદિરો :

આ બધી ટુંકો ઉપરાંત અન્યાન્ય જિનમંદિરો અહિં આજે પણ વિદ્યમાન છે. સંપ્રતિ રાજાની ટુંકની ઉત્તરે શ્રી સંભવનાથજીનું મંદિર તેમજ સગરામ સોનીની ટુંક બાજુ શ્રી ચંદ્રપ્રભસ્વામીનું મંદિર, ત્યાંથી આગળ નવા કુંડ આગળ ૨૪ તીર્થંકરોની દેરીઓ જે અધૂરી છે—આ સિવાય શ્રી શાંતિ-

નાથજીનું દેરાસર છે. આ દેરાસરની પાસે રાજીમતીની ગુફા તથા શ્રી શાંતિનાથ પ્રભુનું દેરાસર છે, જે દેરાસરનો જોરાવરમલજીએ જીર્ણોધ્ધાર કરાવ્યો છે. ત્યાંથી આગળ જતાં ચૌમુખીજીનું ચોરીવાળું દેરાસર છે. જેમાં મૂલનાયક શ્રીશામળા પાર્શ્વનાથજી છે. ત્યાંથી દૂર જતાં ગૌમુખી ગંગા આવે છે, ત્યાં ૨૪ તીર્થંકરોનાં પગલાં છે. જેમાં સ્પષ્ટ અક્ષરોમાં પ્રભુજીનાં નામો લખ્યાં છે. ત્યાંથી જમણી બાજુએ ચઢતાં ભગવાન શ્રી નેમિનાથ પ્રભુનાં બંધુ રથનેમિનું મંદિર આવે છે. જે સિધ્ધાવસ્થાની મૂર્તિ છે.

## અંબાજીની ટુંક :

રથનેમિના દેરાસરથી આગળ ચઢતાં અંબાજીની ટુંક આવે છે. વિ૦ સં૦ ૧૮૮૩ ના અષાઢ સુદિ ૨ ના અંબાજીના કમાડ જૈન દેરાસરના કારખાના તરફથી કરવામાં આવ્યાનો ઉલ્લેખ મલી આવે છે. આ મંદિર સંપ્રતિમહારાજાએ બંધાવેલ છે, એમ ઐતિહાસિક અવશેષો પરથી જાણી શકાય છે. આ દેવી ભગવાન શ્રી નેમિનાથ પ્રભુનાં શાસનના અધિષ્ઠાયિકા છે. આ ટુંકમાંથી આગળ વધતા ઓઘડશિખર આવે છે, લોકો તેને ચોથી ટુંક કહે છે. અહિં ભગવાન શ્રી નેમિનાથજીની પાદુકા છે. આ પાદુકાને બાબુ ધનપતસિંહજીએ સ્થાપ્યાં છે. નીચે ઉતરતાં શિલાપર શ્રી નેમિનાથ ભગવાનની પાદુકા છે. તેના પર વિ૦ સં૦ ૧૨૪૪ની પ્રતિષ્ઠાનો લેખ છે. ત્યાંથી ચઢાણ ઉતરીને પાંચમી ટુંક ઉપર ચઢવાનું આવે છે. પાંચમી ટુંક ઉપર દેરીમાં મોટો ઘંટ છે. તેની નીચાણમાં શ્રી નેમિનાથ ભગવાનનાં પગલાં તથા પ્રતિમાજી છે. અહિંથી ચોમેર ગિરનું જંગલ દેખાય છે. સૌથી ઉંચામાં ઉંચો ભાગ આ પાંચમી ટુંકનો

ગણાય છે. **શ્રી** નેમિનાથ ભગવાનના પ્રથમ ગણધર વરદત્ત અહિં મોક્ષે પધાર્યા છે. વરદત્ત ગણધરનું ટુંકુ નામ દત્ત થયું. જેના પરથી દત્તાત્રયી તરીકે આ સ્થાન પ્રસિદ્ધ થયું છે. દરિયાઈ સપાટીથી આ સ્થાન ૩૬૬૬ ફીટની ઉંચાઇએ છે.

## સહસાવન :

ગૌમુખી મૂકીને ડાબા રસ્તે સપાટ રસ્તો નીકળે છે તે સહસ્રામ્રવન—સહસાવનનો રસ્તો છે. ત્યાં **શ્રી** નેમિનાથ ભગવાનની પાદુકાઓની ઉપર નીચે બે દેરીઓ છે, દેરી જીર્ણ થઇ છે. પ્રભુનાં દીક્ષા, કેવળજ્ઞાન તથા નિર્વાણ કલ્યાણક આમ ત્રણ કલ્યાણકો, આ પવિત્ર ભૂમિ પર થયેલાં છે. આ ગિરનાર મહાતીર્થે પૂર્વ કાળમાં અનંતા તીર્થંકર દેવો આવ્યા છે, અને આવશે. કેટલાયે સાધુ મહાત્માઓ અહિં મોક્ષે પધાર્યા છે. આગામી ચોવીશીમાં ત્રેવીશ તીર્થંકરો અહિં મોક્ષે જશે. અહિં ચોમેર આંબાનાં વૃક્ષો છે. સ્થાન રમણીય અને હરિયાળું છે. હજારો આમ્રો—આંબાઓ હોવાથી આ સ્થળ સહસ્રામ્રવન કહેવાય છે. આજે પણ સંખ્યાબંધ આંબાઓ અહિં દેખાઇ આવે છે.

## પેઢીની વ્યવસ્થા :

આ તીર્થપર અન્ય જૈનેતર ધર્મીઓના પણ ધર્મસ્થાનો આવેલાં છે. તેઓ પણ આ સ્થાનને તીર્થ તરીકે માને—પૂજે છે. આપણાં તીર્થની પહેલવહેલાં તેની વ્યવસ્થા માટે આજથી સો વર્ષ પહેલાં શેઠ દેવચંદભાઇ તથા તેમની બ્હેન લક્ષ્મીબાઈ જેઓ વડનગરના હતાં. તેઓએ પોતાનું ધન આ તીર્થમાં ખર્ચ્યું હતું. અને સંઘની અનુજ્ઞાથી આ તીર્થનો વહિવટ કરવા

શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી સ્થાપી હતી. તે નામથી અદ્યાવધિ વહીવટ ચાલે છે, પણ તેની વ્યવસ્થા હાલ શેઠ આ ક. ની પેઢી (અમદાવાદ) કરે છે. તીર્થોધ્ધારક સ્વ૦ આ૦ મ૦ શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજશ્રીના સદુપદેશથી અને સ્થાનિક તથા બહાર ગામના સદ્‌ગૃહસ્થોના પરિશ્રમથી આ તીર્થમાં જીર્ણોધ્ધાર થયો છે. આ તીર્થ પ્રાચીન છે. શ્રી શત્રુંજય ગિરિરાજનું પાંચમું શિખર 'રૈવતગિરિ' તરીકે ઓળખાય છે. જુનાગઢ ગામમાં ૨૦૦–૨૫૦ શ્રાવકોનાં ઘરો છે.

## ૭ : સોરઠ વણુથલી :

એક કાલે સૌરાષ્ટ્રનું મુખ્ય વ્યાપારી શહેર તરીકે વણુથલી ગણાતું હતું. અહિં મુખ્ય શ્રી પદ્મપ્રભસ્વામીજીનું દેરાસર પ્રાચીન છે, અને શ્રી શીતલનાથ ભગવાનનું ભવ્ય મંદિર શેઠ દેવકરણ મૂલજીએ બંધાવ્યું છે, આ પ્રતિમાજી ગામના કુવામાંથી પ્રગટ થયેલાં છે. પ્રતિમાજી સંપ્રતિ મહારાજાના સમયના છે. પ્રતિમાજી ભવ્ય, તથા શીતલમુખમુદ્રાયુક્ત છે. ઉપાશ્રય, ધર્મશાલા, આયંબિલખાતું, ભોજનશાળા વગેરે છે. જુનાગઢથી ૧૦ માઇલ વંથલી થાય છે.

## ૮ : માંગરોળ:

જુનાગઢથી ૪૦ માઇલ પર દરિયાની નજીકમાં માંગરોળ ગામ આવેલું છે. જુનાગઢ–વેરાવળ રેલ્વે લાઇનમાં કેશોદ સ્ટેશનથી ૧૬ માઇલ પર માંગરોલ છે. એનું પ્રાચીન નામ મંગળપુર હતું. મહારાજા કુમારપાળના સમયનું અહિં પુરાણું જિનમંદિર છે. જેના અવશેષો હાલ મળે છે. હાલ શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ પ્રભુનું દેરાસર છે. જે ભવ્ય છે. એક જ દેરાસરમાં ઉપર નીચે

થઇ ૬ દેરાસરો છે. મૂલનાયકના પ્રતિમાજી પ્રાચીન તથા રમણીય છે. ચોકમાં બે ઉપાશ્રયો છે. તથા પંચતીર્થોની સુંદર રચનાઓ છે. ગામના નાકે દરવાજા જોડે વંડામાં શ્રીસુપાર્શ્વનાથ ભગવાનનું મનોહર દેરાસર છે. વિશાલ ચોક છે. ધર્મશાળા, બાગ ઇત્યાદિથી આ સ્થાન રમણીય છે. અહિં કુમારપાલ મહારાજાનો રાજ્યમહેલ જે કહેવાય છે, તે પહેલાં માંગરોળના નવાબ શેખના કબજામાં હતો, અને આજે ભારત સરકાર હસ્તક છે. તે લગભગ સાત માલ ઉંચો છે. ખૂબ જ મ્હોટો અને પૂર્વકાળના રાજા મહારાજાઓના રાજમહેલ જેવો જ છે. જૈન કન્યાશાળા, જૈન દવાખાનું, પાઠશાળા, પાંજરાપોળ આદિ અહિં છે. અહિંના જૈનો વ્યાપાર માટે મ્હોટે ભાગે પરદેશમાં મુંબઇ, કલકત્તા તથા એડન રહેનારા છે. ગામમાં વચ્ચો વચ્ચ જે હાલ મસ્જીદ છે, તે કુમારપાળ રાજાના સમયમાં મંદિર કે ઉપાશ્રય હોવાનો સંભવ છે. આવી રીતે ઘણા સ્થળોએ મસ્જીદો બનેલ છે. જે પૂર્વ કાળમાં ભવ્ય જિનમંદિરો હતાં. ખંભાત ( ગુજરાત ) માં મકાઇ દરવાજા આગળ મોટી મસ્જીદ આજે છે, જે કુમારપાલના સમયમાં જૈનમંદિર હતું. આજે પણ મસ્જીદ પર મંગળ કુંભો, સ્વસ્તિકો આદિ નજરે પડે છે. તેમજ ભરૂચમાં પણ શહેર વચ્ચે મોટી મસ્જીદ છે. જે પૂર્વકાળમાં વિશાળ બાવન જિનાલયવાળું મંદિર હતું.

## ૯: બરેજ પાર્શ્વનાથજી

માંગરોળથી પોરબંદર જતાં ૨૫ માઇલ પર બરેજ ગામ આવે છે. અહિં શ્રી બરેજા–પાર્શ્વનાથજીનું સુંદર મંદિર છે. આ

તીર્થ ગણાય છે. પૂર્વકાલમાં આ રસ્તેથી દરિયા માર્ગે કેટલાક વ્યાપારીઓનાં વહાણો દૂર દેશોમાં જતાં હતાં. એટલામાં તેઓનાં વહાણો થંભ્યાં અહીં સમુદ્રમાંથી પાર્શ્વનાથ પ્રભુજીનાં ચમત્કારિક બિંબ પ્રગટ થયાં, એટલે ગામમાં તેઓએ મંદિર બંધાવીને પ્રભુજીને બિરાજમાન કર્યાં. આ પ્રતિમાજી પ્રાચીન તથા પ્રભાવશાલી છે. અહિં ધર્મશાલા છે. વિશાલ ચોક છે. ગામમાં શ્રાવકોની વસતિ નથી. પોરબંદરનો સંઘ તથા માંગરોળનો સંઘ આ બાજૂ શ્રી સંઘની વ્યવસ્થા માટે ઉચિત સાચવે છે.

## ૧૦: પોરબંદર:

બરેજથી ૨૫ માઇલ દૂર દરિયા કાંઠે આવેલું બંદર છે. અહિં ત્રણ દેરાસરો છે. શાંતિનાથ પ્રભુનું, વાસુપૂજ્યસ્વામીજીનું, અને કલ્યાણ પાર્શ્વનાથજીનું આમ આ દેરાસરોમાં મૂલનાયકો છે. ઉપાશ્રય તથા પાંજરાપોળ છે. ૮૦૦ ની લગભગ જૈનોની સંખ્યા ગણાય છે. અહિંથી ભાણવડ ૨૫ માઇલ છે. અહિં બે દેરાસરો તથા ઉપાશ્રય છે. સાધુ-સાધ્વીના ચાતુર્માસ અવાર-નવાર થાય છે. અહિંથી જામનગર ૬૦ માઇલ થાય છે. વચમાં લાલપર, ડબાસંગ, રાસંગપર વગેરે ગામોમાં જૈનોની વસતિ તથા દેરાસરો પણ છે.

## ૧૧: ચોરવાડ

સૌરાષ્ટ્રનો નાઘેર પ્રદેશ બહુ જ ફલદ્રૂપ ગણાય છે. ચોરવાડ એ નાઘેરનો મધ્ય ભાગ છે. અહિં ચોમેર પાન, કેળા, નાળીયેલી, પપૈયા, કેરી આદિના ઝાડો સંખ્યાબંધ આપણને જોવા મળે છે. ગામની ચારેબાજુ કોટ છે. કોટની અંદર મધ્ય ભાગમાં જિનમંદિર છે. મંદિર નાનું પણ પ્રાચીન છે. મૂલનાયક શ્રી

પાર્શ્વનાથ ભગવાન છે. મંદિરમાં વિ૦ સં૦-૧૫૨૯ ની સાલમાં દેરાસરની પ્રતિષ્ઠા થયાનો શિલાલેખ છે. દેરાસરની બાજુમાં ઉપાશ્રય તથા ધર્મશાલા છે. હાલ શ્રાવકોની વસતિ ખાસ નથી. ગામ બહાર સડક પર ' હરખ-ભુવન ' નામનું જૈન સેનેટેરિયમ છે. જે વેરાવલના શેઠ માણેકચંદ હરખચંદે બંધાવેલ છે. દેરાસરની વ્યવસ્થા માંગરોલનો જૈન સંઘ કરે છે.

## ૧૨: વેરાવલ:

ચોરવાડથી વેરાવલ જતાં રસ્તામાં આદરી ગામમાં સુંદર દેરાસર તથા ધર્મશાલા છે. પહેલાં અહિં જૈનોની સારી વસતી હતી. આજે જૈનનું એકેય ઘર રહ્યું નથી. આદરીથી ૭ માઇલ પર વેરાવલ શહેર આવેલું છે. ચોરવાડથી વેરાવલ ૧૫ માઇલ પગ રસ્તે થાય. વેરાવલ દરિયા કિનારે આવેલું છે. અહિંના બંદરેથી મુંબઇ, એડન, કરાંચી, અરબસ્તાન, મદ્રાસ, મેંગ્લોર, આદિ દેશ-પરદેશમાં માલ લઈ જવા-લાવવાનું કામ વહાણો દ્વારા ચાલુ છે. યૂરોપ જતી સ્ટીમરો પણ નજીકમાં ઉભી રહે છે. આ શહેર પ્રાચીન છે. આગમોને પુસ્તકારૂઢ કરનાર શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ, આ ' વેલાકુલ '-વેરાવળ બંદરના હતા, એમ કર્ણોપકર્ણ પ્રઘોષ આજે પણ પ્રચલિત છે. અહિં સુંદર બે જિનમંદિરો છે. જે બહારકોટમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીનું વિશાલ મંદિર છે. જે પ્રાચીન છે; બાજુમાં શ્રી મહાવીરસ્વામીનું નાનું દેરાસર છે, માયલા કોટમાં શ્રી સુમતિનાથ ભગવાનનું રમણીય દેરાસર છે. આ દેરાસરનો જીર્ણોદ્ધાર વિ૦-સં૦ ૧૯૯૯ ની સાલમાં થયો. અને પૂ૦ ગુરુદેવ આ૦ મ૦ શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ૦ શ્રીના વરદ હસ્તે પ્રભુજીની પ્રતિષ્ઠા થઇ છે. દેરાસરના ચોકમાં

પૂ૦ પાદ શ્રી દેવર્ધ્ધિગણી ક્ષમાશ્રમણની મૂર્તિ તથા દેરી છે. અહિં ઉપાશ્રયો તથા ધર્મશાલા આદિ છે. ભોજનશાળા તેમજ આયંબિલ ખાતુ પણ ચાલે છે. માયલાકોટમાં જ્ઞાનશાળામાં સંઘની પેઢી છે. માયલાકોટના ઉપાશ્રયમાં પૂ૦ પાદ આચાર્યદેવ આદિ સાધુ મહારાજાઓના ચાતુર્માસ નિયમિત થતાં રહે છે માયલાકોટમાં સંઘની પેઢી દ્વારા વ્યવસ્થા રહે છે. પાઠશાળા, જૈનદવાખાનું પાંજરાપોળ આદિ અહિં છે.

## ૧૩: પ્રભાસપાટણ:

સમસ્ત ભારતવર્ષમાં જે કેટલાય પ્રાચીન તીર્થો આવેલાં છે, તેમાં 'શ્રી ચંદ્રપ્રભાસપાટણ'નું નામ મોખરે છે. ભ૦ શ્રી. ઋષભદેવસ્વામીનાં શાસનમાં આ સ્થાને ચંદ્રપ્રભાસ પાટણ નામનું નગર શ્રી ભરત ચક્રવર્તીએ વસાવ્યું હતું. ભાવિમાં શ્રી ચંદ્રપ્રભસ્વામી અહિં પધારી સંસાર પર ઉપકાર કરનાર છે, આમ જાણી ભરત મહારાજાએ અહિં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું સુંદર મંદિર બંધાવ્યું હતું. ભ૦ શ્રી ચંદ્રપ્રભસ્વામીપ્રભુ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ અહિં પધાર્યા હતાં, ત્યારે તેઓનું સમવસરણ અહિં રચાયેલું હતું. તેઓનાં શાસનમાં ચંદ્રયશા રાજાએ ભગવાન શ્રી ચંદ્રપ્રભસ્વામીનાં ચંદ્રકાંત મણિમય બિંબ ભરાવી અહિં વિશાલ ગગનચુંબી જિનમંદિર બંધાવ્યું હતું. બાદ શ્રી મુનિસુવ્રતસ્વામીનાં તીર્થમાં શ્રી રામચંદ્રજી, શ્રી સીતાદેવી આદિ અહિં આવ્યા હતા. તેમણે અહિં સુંદર જિનમંદિર બંધાવ્યું હતું

### આકાશમાર્ગે પ્રભુજીનું આગમન:

ભગવાન શ્રી મહાવીર દેવનાં શાસનમાં પણ આ તીર્થનો

મહિમા વધતો જ રહ્યો છે. આજે જે મૂલનાયક તીર્થાધિપતિ શ્રી ચંદ્રપ્રભસ્વામી અહિં બિરાજમાન. છે. તે વિ૦ સં૦ ૩૩૫ માં જ્યારે વલ્લભીપુરનો ભંગ થયો, ત્યારે અધિષ્ઠાયકદેવે પ્રભુજીને આ નગરમાં અધિષ્ઠિત કર્યા હતા. મહારાજા કુમારપાળે અહિં યાત્રા કરીને કુમારવિહાર તથા અષ્ટાપદાવતાર મંદિર પર સુવર્ણ કલશ ચઢાવ્યો હતો. વસ્તુપાલ–તેજપાલે સંઘ સહિત અહિં આવીને અષ્ટાપદ ચૈત્ય, પૌષધશાલા બંધાવ્યાં હતાં. અને અનેક જિન-બિંબો અહિં ભરાવ્યાં હતાં. મહુવાના જગડુશાહે રૂ. સવા ક્રોડના મૂલ્યનો હાર અહિં શ્રી ચંદ્રપ્રભસ્વામીના ચરણે ધર્યો હતો. વિ૦ ના ૧૭ માં સૈકામાં તપગચ્છાધિપતિ જગતગુરુ આચાર્ય શ્રી વિજયહીરસૂરીશ્વરજી મ૦ ના પટ્ટધર પૂ૦ આ૦ મ૦ શ્રી વિજય-સેન સૂરીશ્વરજીનાં વરદ હસ્તે અનેક અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવો અહિં ઉજવાયા હતા. વિ૦ ના ૧૩ માં સૈકામાં આ૦ શ્રી૦ દેવેન્દ્રસૂરીશ્વરજીએ 'શ્રી ચન્દ્રપ્રભચરિત્ર' નામના લગભગ ૫૩૦૦ શ્લોકપ્રમાણગ્રંથની રચના અહિં કરી છે. વિ૦ ના ૧૮ મા સૈકા સુધી આ તીર્થ ભૂમિની જાહોજલાલિ અદ્વિતીય હતી. આ ભૂમિ પર સંખ્યાબંધ જીર્ણોદ્ધારો નજીકના ભૂતકાળમાં થયાં હતાં. છેલ્લો જીર્ણોધ્ધાર અહિં વિ૦ સં૦ ૧૮૭૭ ના મહા સુદ આઠ-મના થયો, તે સમયથી અત્યારસુધી નવ મંદિરો હતાં. પશ્ચિમ બાજુ કોઠારાશેરીમાં શ્રી નેમિનાથ ભગવાનનું દેરાસર તેમ જ પૂર્વ દિશા તરફ દેરાસરની ખડકીમાં અન્ય આઠ દેરાસરો હાલ છે.

### ગજેન્દ્રપૂર્ણપ્રાસાદનું નવ નિર્માણ :

આ આઠ દેરાસરોમાં તીર્થાધિપતિ શ્રી ચન્દ્રપ્રભસ્વામીજીનું, શ્રી. સુવિધિનાથજીનું, શ્રી. શાંતિનાથ ભગવાનનું તથા મહાપ્ર-

ભાવિક શ્રી દાદા પાર્શ્વનાથજીનું આમ ચાર દેરાસરો અતિશય જીર્ણ થતાં શ્રી સંઘે નૂતન જિનમંદિર બંધાવવાનો નિશ્ચય કર્યો, ને કાર્ય શરૂ કર્યું. બે વર્ષના ગાળામાં વિશાલ જિનમંદિર અહિં તૈયાર થઇ ગયું. આ મંદિરમાં નવ ગભારા છે. વિશાલ રંગમંડપ નૃત્યમંડપ, તથા ત્રણ શિખરો છે. ત્રણ ઘુમટો, બે સિંહનિષદ્યા શિખરો, તથા આજુબાજુ શણગાર ચોકી, પ્રવેશદ્વાર પર શણગાર ચોકી ઇત્યાદિથી આ દેરાસર રમણીય બન્યું છે. નૃત્યમંડપમાં આરસના કોરણીયુક્ત સ્થંભોની શ્રેણી શોભે છે. મંદિર દેવવિમાન જેવું અલૌકિક બન્યું છે. વિ૦ સં૦ ૨૦૦૮ ના માહ સુદિ ૬ના પુણ્ય દિવસે આચાર્ય મ૦ શ્રી ચંદ્રસાગરસૂરિજીનાં શુભ હસ્તે તીર્થાધિપતિ શ્રી. ચંદ્રપ્રભસ્વામીજીને ગાદી પર બિરાજમાન કરવામાં આવ્યા છે. લગભગ ૩॥ ફુટની ઉંચાઇવાળા આ પ્રતિમાજી, ખરેખર અદ્‌ભુત પ્રભાવપૂર્ણ અને પ્રસન્ન મધુર તથા રમણીય લાગે છે. મૂલનાયકની જમણીબાજૂ શ્રીશીતલનાથજી, શ્રીસુવિધિનાથજી, શ્રી સંભવનાથજી, તથા. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી બિરાજમાન છે. તેમજ મૂલનાયકની ડાબીબાજુએ શ્રી. મલ્લિનાથજી, શ્રી ચંદ્રપ્રભસ્વામીજી તથા શ્રી દાદા પાર્શ્વનાથજી કે જેઓ દોકડીયા પાર્શ્વનાથના નામે પ્રસિદ્ધ છે. વર્ષો પહેલાં આ પ્રભુજીની પલાંઠીમાંથી દોકડીયાનું નાણું દરરોજ નીકળતું હતું. આજે પણ પ્રભુજીની પલાંઠીમાં દોકડો ચોંટેલો દેખાય છે. આ પ્રભુજીની બાજુમાં આદીશ્વર ભગવાન બિરાજમાન છે. મંદિરના ઉપરના માળપર પાંચ ગભારા છે. વચલા ગભારામાં શ્રી શાંતિનાથ ભગવાન આદિ પ્રભુજી બિરાજમાન છે.

## હિંદ ભરમાં અદ્વિતીય જિનમંદિર :

શહેરના મધ્ય બજારના લેવલથી ૮૫ ફુટ ઉંચું ત્રણ મજલાનું ભવ્ય-શિખરો તથા નવ ગભારા વાળું ૧૦૦×૧૦૦ ફુટની લંબાઈ પહોળાઈવાળીજ જ્યામાં પથરાયેલું આવું ગગનચુંબી વિશાળ જિનમંદિર, સમસ્ત ભારતમાં આ એક અને અદ્વિતીય છે. એમ જોતાં સ્હેજે જણાઈ આવે છે. આજે હજારો યાત્રિકો આવા મહાપ્રભાવક જિન મંદિરને જોઇ આશ્ચર્ય ચકિત બને છે. આ દેરાસરને તૈયાર કરવામાં લગભગ રૂા. ૯—૧૦ લાખનું ખર્ચ થયું છે.

## અન્ય જિનમંદિરો તથા ધર્મસ્થાનો:

એકજ લતામાં આ સુંદર જિનમંદિરની સાથે અન્ય ચાર જિનમંદિરો આવેલાં છે. શ્રી મલ્લિનાથ ભગવાનનું, શ્રી મહાવીર સ્વામીનું, શ્રી ઋષભદેવ ભગવાનનું, તથા શ્રી અજિતનાથ ભ૦નું આમ ચાર મંદિરો છે. સાથે ત્યાં શ્રી સંઘની દેરાસરો તથા ઉપાશ્રયનો વહીવટ કરનારી પેઢી છે. બાજુમાં તપાગચ્છ જૈન ઉપાશ્રય છે. જ્ઞાનશાળા, લાઇબ્રેરી, જૈન દવાખાનું, ધર્મશાળા, ભોજનશાળા તથા આયંબિલ ખાતું છે. અહિં શ્રાવકોની વસતિ લગભગ ૧૨૫ ઘરની ગણાય, પણ મ્હોટે ભાગે તેઓ મુંબઇ તથા એડન આદિ દેશ-પરદેશમાં વ્યાપારાર્થે વસવાટ કરીને રહે છે.

## સોમનાથનું ઐતિહાસિક યાત્રાધામ:

સૌરાષ્ટ્રના પશ્ચિમદક્ષિણ સમુદ્ર કિનારા પર આવેલાં આ શહેરમાં હિંદભરના હિંદુઓના યાત્રાધામ સોમનાથ મહાદેવનું ભવ્ય મંદિર દરિયા કિનારે આવેલું છે. આ મંદિરનો ઈતિહાસ હજારો વર્ષ જૂનો છે. દેશ—પરદેશના લાખ્ખો માણુસો સોમનાથ મહાદે-

વનાં દર્શને પૂર્વ કાળમાં અહિં ઉતરી પડતાં હતાં. આ સ્થાનનો મહિમા અપાર હતો આ યાત્રાધામની જાહોજલાલીથી આકર્ષાઈને વિ૦ સં૦ ૧૦૨૪ માં ઠેઠ ગીઝનીથી મહમદ ગીઝની અહિં દોડી આવ્યો હતો. તેણે આ પ્રભાસપાટણ લૂંટયું હતું. આ મંદિરને તોડી પાડયું હતું, બાદ આ મંદિરમાં અનેક જીર્ણોધ્ધાર થયા. છેવટે ભારત સરકારના પુરાતત્ત્વ ખાતા દ્વારા સોમનાથનાં મંદિરનો જીર્ણોધ્ધાર થયો છે. નવા શિવલિંગની અહિં સ્થાપના કરવામાં આવી છે. દરિયાની બે બાજુએ મોટો બંધ બાંધીને પત્થરની દિવાલ લાખોનાં ખર્ચે કરાવી છે. દેશ-પરદેશથી હજારો યાત્રિકો સોમનાથની યાત્રાએ આવતા રહે છે. આ બધાયે જનેતર પ્રવાસીઓ જ્યારે જૈનોનાં વિશાલ તથા ગગનચુંબી શ્રી ચંદ્રપ્રભસ્વામીનાં જિનમંદિરને જૂએ છે ત્યારે તેઓ ખરેખર જૈનોની ભક્તિ, ભાવના, શ્રધ્ધા તથા ઉદારતાને હૃદયના ભાવપૂર્વક અંજલિ આપે છે. પાટણ શહેરમાં આજે પણ અનેક ઐતિહાસિક અવશેષો, પુરાતત્ત્વો, શિલ્પ-સ્થાપત્યો સૂક્ષ્મદ્રષ્ટિએ જોનાર શોધકોને મળી રહે છે. શહેરની મધ્યમાં મુસ્લીમ સમયની જે મસ્જીદ હતી. અને આજે હિંદ સરકારે જેમાં પુરાતત્ત્વ ખાતા દ્વારા સંશોધન વિભાગનું સ્થાપન કર્યું છે. આખું એ મકાન પૂર્વકાળમાં જૈનોનું ભવ્ય જિનમંદિર હતું. પરમાર્હત કુમારપાળ મહારાજાએ બંધાવેલ બાવન જિનાલય હોવાનો આ મસ્જીદને માટે સંભવ છે. તેનાં દર્શનીય સ્થાનો, શિલ્પો, તથા કોરણી વગેરે પરથી કહી શકાય તેમ છે. અમે પ્રભાસપાટણના ગજેન્દ્રપૂર્ણ પ્રાસાદનાં જ્યારે પૂણ્ય દર્શન કર્યાં ત્યારે અમને થયું કે, ખરેખર આવા હિંદભરના હિંદુઓના મહાન યાત્રાધામમાં આવું બેન-

મૂન ઉત્કૃષ્ટ શિલ્પ સ્થાપત્યવાળું જિનમંદિર હોવું જોઇએ, અને તો જ જૈનધર્મની પ્રભાવના દેશ–પરદેશમાં વધુ વિસ્તૃતપણે ફેલાય એ નિઃશંક છે. સોમનાથ મહાદેવના મહમદ ગિઝનીએ નાશ કરેલા મંદિરનો જીર્ણોધ્ધાર પરમાર્હત કુમારપાળ મહારાજાએ વિ૦ સં૦ ૧૨૨૫ માં કરાવ્યો હતો.

## ૧૪ : ઉના :

પ્રભાસપાટણથી સડક રસ્તે ૫૦ માઇલ પર અને રેલ્વે લાઇનમાં વેરાવળથી ૬૦ માઇલ પર ઉના શહેર આવ્યું છે. સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગ પર ગિરના નાકા પર આ શહેર વસેલું છે. મત્સ્યેન્દ્રી નદી ઉનાના પાદરમાં વહી જાય છે. જૈન ઈતિહાસમાં ઉના પ્રસિધ્ધ છે. એનું પ્રાચીન નામ 'ઉન્નતપુર' હતું. વિ૦ ના ૧૬ મા સૈકામાં ઉનાની જાહોજલાલી અદ્વિતીય હતી. જગદ્ગુરૂ, મોગલ સમ્રાટ અકબર નરેશ પ્રતિબોધક તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવાન શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાલ શિષ્ય–પ્રશિષ્યના પરિવારની સાથે વિ૦ સં૦ ૧૬૫૧ તથા ૫૨, આ બન્ને ચાતુર્માસમાં અહિં બિરાજમાન હતા. આ સમયે અહિં જૈનોની વસતિ સારી હતી ૧૬૫૨ ના ભાદ્રપદ સુદિ ૧૧ ના દિવસે તેઓ શ્રી અહિં કાળધર્મ પામ્યા હતા, જ્યારે તેઓશ્રી માંદગીમાં હતા, અને ઔષધોપચાર કરવાનો પણ નિષેધ કર્યો હતો, ત્યારે ઉનાના સંઘમાં એકેએક શ્રાવક, શ્રાવિકાએ પોતે ખાવા–પીવાનું બંધ કર્યું હતું. તેમજ પોતાના ધાવણાં બાળકોને દુધપાન કરાવવાનું પણ તેમણે બંધ રાખ્યું હતું. છેવટે પૂ૦પાદ સૂરિજી મહારાજે સંઘના આગ્રહથી ઔષધોપચાર કરવાની હા પાડી હતી. આજે અહિં એક વિશાળ વંડામાં પાંચ દેરાસરો છે.

મુખ્ય દેરાસરજીમાં શ્રી આદીશ્વર ભગવાન મૂલનાયક છે. નીચે સુંદર ભોંયરૂં છે. ભોંયરામાં અમીઝરા પાર્શ્વનાથજીના પ્રતિમાજી બહુજ સુંદર, તથા તેજસ્વી છે. આ દેરાસરની લાઈનમાં બીજા બે દેરાસરોમાં શ્રી શાંતિનાથજી ભગવાન તથા શ્રી સંભવનાથજી ભગવાન મૂલનાયક છે. તેમજ વંડામા પેસતાં જમણી બાજુએ ઉંચાણપર બે દેરાસર છે, તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી નેમિનાથ ભગવાન મૂલનાયક તરીકે બિરાજમાન છે. આ પાંચે દેરાસરો હાલ તો ગામના મધ્યભાગથી છેક છેવાડે અને શ્રાવકોની વસતિથી દૂર છે, પણ પહેલા ત્યાં જૈનોની વસતિ વિશેષ હોવી જોઈએ, એમ અનુમાન થાય છે. બજારની મધ્યમાં ઉપાશ્રય, ધર્મશાળા તથા લાઇબ્રેરી આદિ છે. પૂ૦પાદ આચાર્ય મહારાજ હીરસૂરીશ્વરજી મહારાજના સમયનો ઉપાશ્રય છે. ત્યાં તેઓની મૂર્તિ છે. ગામબહાર અજારા બાજુ જવાના રસ્તે નદીના નાકાપર આચાર્ય મહારાજશ્રીના અગ્નિ સંસ્કારની ભૂમિ જે ' આંબાવાડીયા ' ના નામે ઓળખાય છે. તે વિશાળ વાડી અકબર બાદશાહે શ્રી સંઘને ભેટ આપેલી છે. અત્યારે પણ આનો કબજો શ્રી સંઘ હસ્તક છે. આ વાડીમાં હાલ પૂ૦ સૂરીશ્વરશ્રીની તેમજ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયસેનસૂરિજી મહારાજ આદિની પાદુકાઓ છે. આ પાદુકાની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૬૫૩ ના કાર્તિક સુદ ૫ બુધવારે અહિં થઈ છે. આજે તો આ દેરીની પછી અનેક દેરીઓ અહિં થયેલી છે. આ રીતે પૂર્વકાળમાં ઉનાની કેટ-કેટલી સમૃદ્ધિ તથા કેટ-કેટલો વૈભવ હતો તેની આ હકીકતો સાક્ષી આપે છે. આજે ઉનામાં ૩૦ ઘરો ગણાય છે. અજારા દ્વીવ, તથા દેલવાડાનો અને અહિંના જિનમંદિરનો વહિ-

વટ અહિંના સંઘમાંથી અમુક ગૃહસ્થોની કમિટિ 'અજારા પાર્શ્વનાથપંચતીર્થી કારખાનું' એ નામથી કરે છે. મહુવાથી પણ રાજુલા થઇ ઉના અવાય છે, ઉના સ્ટેશનથી ગામ ૦ાા માઇલ લગભગ થાય છે.

## ૧૫: અજારા.

ઉનાથી અજારા લગભગ ૨ માઇલ થાય છે. અજારા ગામ અત્યારે તદ્દન નાનું ૧૫૦–૨૦૦ ઘરોની વસતિવાળું ગામડું છે. ગામની બહાર શ્રી અજારા પાર્શ્વનાથનું ભવ્ય દેરાસર તથા વિશાલ ધર્મશાળાઓ છે. સ્થાન ખુબજ રમણીય તથા એકાંતમાં છે. હવા-પાણી પણ નિર્દોષ તથા સ્વચ્છ છે. વાતાવરણ આરોગ્યપ્રદ છે. આત્માના ભાવ આરોગ્ય, તથા શારીરિક કે માનસિક સ્વાસ્થ્ય માટે આવાં સ્થાનો ખૂબજ ઉપકારી છે. શ્રી અજારા પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી અતિ પ્રાચીન છે. ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનનાં અયોધ્યાનગરીમાં ઇક્ષ્વાકુ વંશમાં અનરણ્ય રાજા થઇ ગયા છે. જેમનું બીજું નામ અજયપાલ હતું. આ રાજાને એક વેળા પૂર્વના અશાતાના ઉદયથી શરીરમાં કોઢ, આદિ અનેક રોગો થયા હતા. આથી રાજ્ય છોડીને તે રાજા શ્રી સિદ્ધગિરિ આદિની યાત્રાર્થે નીકળ્યા, ત્યાંથી ફરતાં ફરતાં તેઓ અહિં દ્વીપ-પત્તન–દીવ બંદરે આવ્યા, અને રાજ્ય વસાવી અહિંજ તેઓએ વસવાટ કર્યો. એટલામાં રત્નસાર નામનો વ્યાપારી આ રસ્તે થઇ દરિયામાર્ગે વહાણો હંકારી પરદેશ જઇ રહ્યો હતો. દ્વીપ બંદર આવતાં વહાણને ઉપદ્રવો આવવા લાગ્યા, રત્નસાર મૂંઝાયો. ત્યાં અધિષ્ઠાયક દેવે કહ્યું; 'અહિં કલ્પવૃક્ષના સંપુ-

ટમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું બિંબ છે. તે અજયપાળ રાજાને આપ; જેથી તેના રોગો ટળી જશે.' રત્નસારે દ્વીપપત્તનમાં પ્રભુજીના સમાચાર રાજાને કહ્યા. અજયપાળ ત્યાં આવ્યો, પ્રભુજીના દર્શન કરી તે આનંદ પામ્યો. પ્રભુજીના સ્નાત્રજલથી તેનો રોગ ગયો. રાજાએ આ સ્થાને પ્રભુજીનું ભવ્ય મંદિર બંધાવ્યું અને તેની વ્યવસ્થા માટે દશ ગામ આપ્યાં. ત્યારબાદ આ અજયપાળ-(અનરણ્ય) રાજાએ પોતાના પુત્ર અનંતરથની સાથે દીક્ષા લીધી. અજયપાળ રાજાના બીજા પુત્ર દશરથ મહારાજા હતા, જેઓના પુત્રો રામચંદ્રજી, લક્ષ્મણજી, આદિ સુપ્રસિદ્ધ છે. આ પ્રતિમાજીને આ પૂર્વે ધરણેન્દ્રે પોતાના આવાસમાં ૭-લાખ વર્ષ સુધી પૂજ્યા હતા. ત્યાંથી કુબેર દેવ પાસે રહ્યા હતા. બાદ વરૂણદેવ પાસે રહ્યા હતા આજે પ્રતિમાજીને લાલ લેપ કરેલો છે. દેરાસરનો રંગમંડપ તથા પ્રભુજીનો ગભારો આ બધું ત્યાંનું વાતાવરણ ખૂબ જ શાંત તથા આત્માને આલ્હાદ આપનારૂં છે. ગામમાં ઐતિહાસિક પ્રાચીન અવશેષો ઘણા મળી રહે છે. અત્યાર સુધીમાં આ તીર્થના ચૌદ ઉદ્ધારો થયા છે. ધર્મશાળાની બહાર અજયપાળનો જે ચોતરો કહેવાય છે. ત્યાં અમુક ઝાડના પાલાઓ છે, જે અજયપાલના પાલા તરીકે પ્રસિધ્ધ છે. આ વનસ્પતિને ગમે તેવા ઘા પર બાંધવાથી તરત રૂઝ આવે છે. અહિં આજુબાજુ વાવો ઘણી છે. દેરાસરમાં જુના સમયનો ઘંટ વગેરે પ્રાચીન અવશેષો છે. ઘંટ ઉપર સંવત-૧૦૩૪ નો ઉલ્લેખ આવે છે. મંદિરમાં પૂ૦ આનંદવિમલસૂરિજી આદિની પાદુકાઓ છે.

## ૧૬: દેલવાડા.

અજારાથી બે માઈલ પર દેલવાડા ગામ છે. અહિં બ્રાહ્મણો.

કપોળો આદિની વસતિ છે. આ બધા પહેલા જૈનો હતા. આ કપોલોના પૂર્વજોએ બંધાવેલું નાનું જિનમંદિર અહિં છે. મૂલનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી છે. બાજુમાં ધર્મશાળા છે. ગામમાં જૈનનું એકેય ઘર નથી.

## ૧૭ : દીવ :

અજારાથી લગભગ ૭ માઇલ દીવ બંદર થાય છે. આ નગર પ્રાચીન છે. આનું જૂનું નામ દ્વીપપત્તન કહેવાય છે, અજયપાલરાજાના સમયમાં પણ આ નગર હતું. આ શહેર હાલ પોર્ટુગીઝોના કબજામાં છે. પૂર્વકાલમાં અહિં જૈનોની વસતી ઘણી હતી. જૈન સંઘનો વૈભવ અહિં ખૂબ જ હતો. દીવના સંઘે શ્રી સિદ્ધાચલજીની યાત્રાનો સંઘ કાઢયો હતો, અને વિ૦ સં૦ ૧૬૫૧ માં પૂ૦ પાદ જગદ્દ્ગુરૂ હીરસૂરીશ્વરજી મહારાજને ચાતુર્માસની વિનંતિ કરી હતી. આજે મૂર્તિપૂજક જૈનનું ઘર અહિં એકેય નથી. સ્થાનકવાસી ૧૨-૧૫ ઘરો છે. કપોલોની તથા સોરઠ વાણિયાઓની વસતિ છે, પણ આ બધા એડન, આફ્રિકા તેમજ મુંબઇ વગેરે સ્થાનોમાં રહે છે. અહિં તો માનવવસતિ પણ બહુ ઓછી છે. બૃહત્કલ્પસૂત્રમાં પણ દીવબંદરનો ઉલ્લેખ આવે છે. દીવ આવવા માટે દેલવાડાથી ઘોઘલા સુધી સડક છે. બાદ દરિયાની ખાડી નાવ દ્વારા ઉલ્લંઘીને દીવમાં જવાય છે. દીવમાં નવલખા પાર્શ્વનાથનું જિનમંદિર છે. બાજુમાં શ્રી નેમિનાથજી અને શ્રી શાંતિનાથજીનાં બે દેરાસરો છે. મૂલનાયક શ્રી પાર્શ્વનાથજીના પ્રતિમાજી ભવ્ય તથા રમણીય છે. શ્રી નવલખા પાર્શ્વનાથજીને નવલખો હાર તથા નવલખો મુગુટ ચઢતો હતો. એવો પ્રઘોષ ચાલ્યો આવે છે. ચોકમાં ધર્મશાળા તથા ઉપાશ્રય છે,

ચોમેર દરિયો છે, અને વચ્ચે દ્વીપની જેમ આ શહેર વસેલું હોવાથી આનું પ્રાચીન નામ 'દ્વીપ' કહેવાતું, તે આજે દીવ તરીકે આ ગામ ઓળખાય છે. પોર્ટુગીઝોના મકાનો, કિલ્લાઓ તથા તેની સરકારી કચેરીઓ વગેરે અહિં વિશેષ જોવા મળે છે. અહિં કુમારપાળ મહારાજાએ શ્રી આદીશ્વર ભગવાનનું ભવ્ય મંદિર બંધાવ્યાનો ઇતિહાસમાં ઉલ્લેખ મળે છે.

ઉનાથી ૮ માઇલ, અજારાથી ૬ માઇલ અને દેલવાડાથી આ શહેર ૫ માઇલ સીધી સડકે જવાય છે. ઉનાથી કોડીનાર ૨૨ માઇલ છે. જ્યાં પહેલાં શ્રી નેમિનાથ ભગવાનનું મંદિર હતું. નેમિનાથ ભગવાનના અધિષ્ઠાયિકા દેવી અંબિકા પૂર્વભવમાં અહિંના હતાં. આજે આ તીર્થ વ્યુચ્છેદ પામ્યું છે.

## ૧૮ : જામનગર :

મધ્યસૌરાષ્ટ્રના કેન્દ્ર રાજકોટથી ૫૦ માઇલ પર દરિયાના પ્રદેશથી નજીકમાં જામનગર શહેર આવેલું છે. સૌરાષ્ટ્રના મ્હોટા મ્હોટા શહેરોમાં જામનગરની ગણના થાય છે. નવાનગર સ્ટેટની મુખ્ય રાજધાનીનું શહેર આ ગણાય છે. અહિં તીર્થસ્થાન જેવા ભવ્ય જૈનમંદિરો છે. આ શહેર વિ૦ સં૦ ૧૫૯૬માં જામરાવળે સ્થાપ્યું. આજે ૧૪ જિનમંદિરો અહિં છે. મુખ્ય બજાર વચ્ચે આપણાં જિનમંદિરો એવાં લાગે છે કે ઘડીભર આપણે શ્રી શત્રુંજયગિરિરાજની ટુંકમાં ઉભા છીએ. એવો ભાસ થાય, એમાં શ્રી શાંતિનાથજીનું મંદિર એવાં ભવ્ય વિશાલ રંગ-મંડપવાળું છે, તેમજ શ્રી નેમિનાથભગવાનનું ચોરીવાળું દેરાસર પણ વિશાળ છે. આ બન્ને દેરાસરો બાવન જિનાલયવાળાં છે.

આ દેરાસરો પ્રાચીન છે. રાયસી શેઠ તથા વર્ધમાન શેઠે આ દેરાસરો બંધાવેલાં છે. તેના શિખરો ગગનચુંબી છે, તે સિવાય શેઠના દેરાસર તરીકે ઓળખાતું પ્રાચીન શ્રી આદીશ્વરજીનું, દેરાસર, ભ૦ ધર્મનાથજીનું, ભ૦ શ્રી મુનિસુવ્રત સ્વામીજીનું, શ્રી શાંતિનાથજીનું, આદિ દેરાસરો છે. તેમજ દેવબાગ, લક્ષ્મી જૈન આશ્રમ, શાંતિભુવન પુલીબાઇનો ડેલો આદિ ઉપાશ્રયો તથા જ્ઞાનમંદિરોથી જામનગર ખરેખર તીર્થભૂમિ જેવુ રળીયામણું લાગે છે. આયંબિલખાતું, ભોજનશાળા આદિની વ્યવસ્થા છે. શહેર બહાર પ્લોટમાં દેરાસર છે. શેઠ પોપટલાલ ધારસી સંઘવીની જૈન બોર્ડીંગમાં પણ દેરાસર છે. શાંતિભુવનમાં પણ સુંદર દેરાસર છે. શ્વે૦ મૂ૦ પૂ૦ જૈનોની વસતી ૩૫૦૦ ઉપર જનસંખ્યાની ગણાય. જામનગરની આજુબાજુ જામવણથલી, ધ્રોલ, જામ કંડોરણા, ટંકારા, લતીપર વગેરે ગામોમાં પણ સુંદર દેરાસરો છે. ગોંડલ, ધોરાજી તથા મોરબીમાં પણ ભવ્ય દેરાસરો, ઉપાશ્રયો તેમ જ શ્રાવકોની વસતિ સારી છે. જામનગરથી બેડીબંદર ૩ માઇલ થાય. સૌરાષ્ટનું મ્હોટું બંદર આ ગણાય છે. આ સિવાય અમરેલી, ચીત્તળ, જેતપુર, વાંકાનેર ઇત્યાદિ સ્થળોમાં જૈનોની વસતિ તથા જૈનમંદિરો વગેરે ધર્મસ્થાનો છે.

## ૧૯: રાજકોટ

અહિં સુંદર ઉપાશ્રય રૂા. ૨ા લાખના ખર્ચે તૈયાર થયો છે, જે સૌરાષ્ટ્રમાં અદ્વિતીય છે. દિન-પ્રતિદિન શહેરની જૈન વસતિમાં વધારો થતાં, માંડવી ચોકમાં આવેલું જૂનું ભ૦ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું દેરાસર ન્હાનું પડે છે, આથી વિશાળ અને ભવ્ય જિન મંદિર ત્યાં થઇ રહ્યું છે. એકજ સ્થાને આયંબીલ ખાતું, પાઠ-

શાળા તથા જૈનમંદિર આવેલાં છે. સદરમાં શ્રી ચમનલાલ મણિયારે બંધાવેલું સુંદર શિખરબંધી ગોડી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર છે. જેનો વહિવટ શ્રી સંઘ કરે છે. જ્યુબીલી બાગની સામે શેઠ છોટુભાઇ પટ્ટણીનું ઘર દેરાસર રમણીય છે. જેમાં મૂલનાયક ભ. શ્રી મુનિસુવ્રતસ્વામી બિરાજમાન છે. ભ. શ્રી મહાવીર દેવનાં જીવનપ્રસંગોના સુદર ચિત્રો વગેરેથી મંદિર દર્શનીય લાગે છે. અહિંથી વઢવાણ જતાં રસ્તામાં પણ મૂળી, ચોટીલા વગેરે વસતિવાળા અને ઉપાશ્રય, જૈન મંદિરો વગેરેથી શોભિત સ્થળો છે. સૌરાષ્ટ્રમાં જનસંખ્યામાં મોટું આ શહેર છે. શ્વે મૂ. પૂ. જૈનોની વસતિ અહિં ૫૦૦ ઘરની ગણાય છે.

## ૨૦ વઢવાણ :

ઝાલાવાડની ભૂમિના નાકારૂપ વઢવાણ શહેરમાં આપણું પ્રાચીન જિનમંદિર છે. મંદિર રમણીય તથા આલિશાન છે. રંગમંડપ વિશાલ છે. મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાન છે, બાવન જિનાલયવાળું આ દેરાસર છે. તેની જોડે ભ૦ શ્રી શાંતિનાથ પ્રભુનું નવું પણ ભવ્ય જિનમંદિર છે, તેમજ લાખુપોળ પાસે પાર્શ્વનાથભગવાનનું મંદિર છે, અને એક દેરાસર ધોળીપોળના નાકે ભ૦ શ્રી શીતળનાથજીનું છે. તદુપરાંત ગામ વચ્ચે ખાજાવસહિં નામનું સુંદર મંદિર પૂર્વ કાળમાં હતું જે મુસલમાન રાજ્યમાં મસજીદ બની ગયેલ છે. આજે પણ શહેરના ચોકમાં હયાત છે. શેઠ જીવણભાઇ અબજીનું એક ઘર દેરાસર છે. સંવેગી ઉપાશ્રય તેમજ અન્યાન્ય ઉપાશ્રયો તથા જ્ઞાન ભંડારો, આયંબિલખાતું વગેરેથી શહેર રળીયામણું લાગે છે. ગામ

બહાર ભોગાવાને નાકે શ્રી વીર પ્રભુનું શૂલપાણિયક્ષના ઉપસર્ગનું સ્થાપના તીર્થ છે. ભગવાન મહાવીર દેવને શૂલપાણિયક્ષે ઉપદ્રવ કર્યો હતો. તે વર્ધ્ધમાનપુર તો હાલ બિહાર પ્રદેશમાં છે. ગામના નામની સામ્યતાથી ઘણાને ભ્રમ થઈ જવો સંભવિત છે. રા'ખેંગારની સ્ત્રી સતી રાણકદેવીએ અહિં અગ્નિપ્રવેશ કર્યો હતો. વઢવાણ શહેરમાં જૈનોની વસતિ ૨૨૦૦ લગભગ ગણાય. અહીંથી નજીકમાં શીયાણી ગામ છે. જ્યાં સંપ્રતિ મહારાજાના સમયનું ઐતિહાસિક પ્રાચીન મંદિર છે. પ્રભુજીની મૂર્તિ ભવ્ય છે. આ મંદિરનો જીર્ણોધ્ધાર થયો છે, અને મંદિર તીર્થ જેવું બન્યું છે. વઢવાણથી ૩ માઇલ પર સુરેન્દ્રનગર શહેર છે. જે પહેલાં વઢવાણ કેમ્પ તરીકે ઓળખાતુ હતું. અહિં બજાર વચ્ચે વિશાળ જગ્યામાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું ભવ્ય દેરાસર છે. દેરાસરજીમાં ૨૩ દેરીઓ થઇ છે. અને જગ્યા વિશાલ બની છે. તેમ જ આયંબીલખાતું છે. શેઠ પાનાચંદ ઠાકરશી જૈન બોર્ડીંગમાં પણ શ્રી પાર્શ્વનાથજીનું દેરાસર છે. અહિં જૈનોની વસતિ ૨૫૦૦ ગણાય છે. અહીંથી આજુબાજુ જોરાવરનગર, ધ્રાંગધ્રા. હળવદ રાજસીતાપર, લખતર આ ગામોમાં દેરાસરો, ઉપાશ્રયો વગેરે છે. અહિંથી ૧૫ માઇલ દૂર લીંબડી પ્રાચીન જૈનપુરીરૂપ શહેર છે, બજારમાં તથા મોટીબજારમાં ભ૦ શ્રી શાંતિનાથજીના મંદિરો છે. આ બે દેરાસર ઉપરાંત બોર્ડીંગમાં પણ શાંતિનાથજીનું શિખરબંધી દેરાસર છે. બજારના દેરાસરની ઉપર પ્રાચીન હસ્તલિખિત પ્રતોનો વિશાલ જ્ઞાનભંડાર છે. જે સમસ્ત સૌરાષ્ટ્રમાં અદ્વિતીય ગણાય છે. લીંબડીમાં ૧૬૦૦ જઈનોની વસતિ ગણાય છે. લીંબડીની બાજુમાં બોટાદ, ચૂડા, રાણપુર, ધોલેરા, ધંધુકા આદિ દેસાસરો

ઉપાશ્રયોથી યુક્ત જૈનોની વસ્તીવાળા ગામો છે.

## ઉપસંહાર:

સૌરાષ્ટ્ર પ્રદેશના મુખ્ય મુખ્ય તીર્થો, તથા શહેરોનાં જિનમંદિરો આદિનું ટુંક આલેખન અહિં પુરૂં થાય છે. શકય કાળજીપૂર્વક આ વર્ણનને સંપૂર્ણ પ્રમાણિક બનાવવા માટે પૂરતો પરિશ્રમ લીધો છે. ટુંકમાં બધું વર્ણન ન આવી શકે, છતાં જ્યાં જ્યાં જરૂરી લાગ્યું, ત્યાં વિસ્તારપૂર્વક લખ્યું છે. આ રીતે સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ જૈન તીર્થોનું વર્ણન વાંચી સહુ કોઇ ધર્માનુરાગી આત્માઓ યાત્રાનો લાભ પ્રાપ્ત કરે !

# ૨: કચ્છ;

કચ્છ ગુજરાત–સૌરાષ્ટ્રની સાથે સંકળાઇને જોડાયેલો પ્રદેશ છે. એ દ્વીપકલ્પ જેવો મનોહર પ્રદેશ છે. જૈનોની વસતિ ત્યાં સારા પ્રમાણમાં છે. કચ્છના ગામડે–ગામડે ભવ્ય, આલિશાન તથા રમણીય જિનમંદિરો છે. લોકો ભદ્રિક, સરળ તેમજ ખેતી આદિનો વ્યવસાય કરનારા છે. આજે તો હજારો કચ્છી-ભાઈઓ મુંબઇ, મદ્રાસ, કોચીન, કલકત્તા આદિ દેશ–પરદેશમાં વ્યાપાર વ્યવસાય માટે જઇ વસ્યા છે.

## ૧, ભદ્રેશ્વરજી.

કચ્છનું પ્રાચીન તથા ઐતિહાસિક જૈન તીર્થ ભદ્રેશ્વર છે. આજથી લગભગ ૨૪૦૦ વર્ષ પહેલાં અહિં ભદ્રાવતી નામની ઐતિહાસિક નગરી હતી. ભગવાન શ્રી મહાવીર-દેવના નિર્વાણ બાદ ૨૩ મા વર્ષે શ્રી દેવચંદ્ર નામના ધનાઢ્ય શ્રાવકે અહિં ભવ્ય જિનમંદિર બંધાવ્યું હતું અને ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીએ તેની અંજનશલાકા (પ્રાણપ્રતિષ્ઠા) કરાવેલ. મૂલનાયક શ્રી પાર્શ્વનાથપ્રભુના પ્રતિમાજી ત્યાં સ્થાપિત કર્યા હતા. બાદ આ મંદિરનો ઇતિહાસ મળતો નથી. પણ કુમારપાળ મહારાજાએ અહિંના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, અને વિ૦ સં૦ ૧૩૧૫ માં દાનવીર જગડુશાહે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ હકીકતનો લેખ આજે પણ ત્યાંના મંદિરના સ્થંભ પર કોતરેલો વિદ્યમાન છે. મહાશ્રાવક ઉદારદિલ, જગડુશા આ ભદ્રાવતી નગરીના નિવાસી હતા.

ભદ્રાવતી તે કાળે બંદર હતું. અનેક દેશ–પરદેશના વહાણો આ બંદરે લંગરતા. જગડૂશાનો પરદેશમાં મોટો વ્યાપાર ચાલતો

હતો. સં૦ ૧૩૧૫ ના દુષ્કાળમાં એમણે જે સખાવતો કરી છે, તે ઇતિહાસના પાનાઓ પર અમર થઇ ચૂકી છે.

ત્યારબાદ આ નગરીનો ભંગ થયો, અને મંદિરનો નાશ થયો. એટલે મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભ૦ ની પ્રતિમાજી કેટલાક સમય સુધી સંઘને ન મળ્યાં, આથી વિ૦ સં૦ ૧૬૨૨ માં શ્રી સંઘે મંદિરનો જીર્ણોધ્ધાર કરી મૂલનાયક તરીકે શ્રી મહાવીર-સ્વામીજીને બિરાજમાન કર્યા. આ પ્રતિમાજી પણ પ્રાચીન છે, અને વિ૦ ના ૭ મા સૈકામાં અંજનશલાકા થયેલાં છે. પાછળથી પાર્શ્વનાથ ભગવાનનાં પ્રાચીન બિંબ સંઘને પ્રાપ્ત થયાં. દેરા-સરની બાજુની દેરીમાં તેમને બિરાજમાન કર્યા. ત્યારબાદ નગ-રનો ધીરે ધીરે વ્યાપાર ઘટતાં જૈનોની વસતિ ઘટતી ગઇ. હાલ જે મંદિર છે, તેનો જીર્ણોદ્ધાર વિ૦ સં૦ ૧૯૩૯ ના મહા સુદિ ૧૦ ના થયો છે. મંદિર બાવન જિનાલયનું અતિશય અદ્ભુત તથા ભવ્ય છે. ૪૫૦ ફુટ લાંબા–પહોળા ચોકની વચ્ચે આ મંદિર આવેલું છે. મંદિર લગભગ ૪૦ ફુટ ઉંચું છે, ૧૯×૮૦ ફુટ લંબાઇ પહોળાઇવાળું આ દેરાસર રમણીય લાગે છે. મંદિ-રનો રંગમંડપ વિશાળ છે. આ દેરાસરજીમાં ૨૧૮ સ્થંભો છે. મંદિરની બન્ને બાજુ અગાશી છે. પ્રવેશદ્વાર સુંદર કારીગરીવાળું છે. મંદિરમાં સુંદર ચિત્રકામ છે. મૂળ ગભારામાં આરસના ત્રણ પ્રતિમાજી છે. અન્ય પાષાણના લગભગ ૧૮૪ અને ધાતુના ૩૦ લગભગ પ્રતિમાજી છે. જે સંપ્રતી મહારાજા તથા કુમારપાળ રાજાના સમયનાં છે. આ મંદિરનો વિ૦ સં૦ ૧૯૮૨ માં શેઠ વર્ધમાન શાહે જીર્ણોધ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. અહિં દર વર્ષે ફાગણ સુદિ ૩–૪–૫ નો મેળો ભરાય છે અને ધ્વજ

ચઢાવવામાં આવે છે. ધર્મશાળા ચારે બાજુએ વિશાળ છે. વિ૦ સં૦ ૧૯૮૩ માં પાટણ નિવાસી સંઘવી શેઠ નગીનદાસ કરમચંદે ભદ્રેશ્વરનો ઐતિહાસિક સંઘ કાઢયો હતો, ત્યારથી આ તીર્થ વધુ પ્રસિદ્ધિમાં આવ્યું. હાલ જૈન ભોજનશાળાની અહિં વ્યવસ્થા છે. મંદિરનો વહિવટ શેઠ વર્ધમાન કલ્યાણજીના નામથી કચ્છના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો કરે છે, વસહીગામ અહિંથી પૂર્વમાં ૦ાા માઇલ પર છે, ત્યાં જગડૂશાહના સમયનાં વાવ, મહેલ, ઇત્યાદિ અનેક અવશેષો મળે છે. દેરાસરમાં ચિત્રકામ સુંદર અને આકર્ષક છે.

## ૨. અંજાર

ભદ્રેશ્વરજી તીર્થની યાત્રાયે આવનાર યાત્રિકોને અંજાર થઇને ભદ્રેશ્વરજી જવાય છે. અંજાર જવા માટે પાલણપુરથી ડીસા રેલ્વે લાઈનમાં કંડલા–ગાંધીધામ થઇને જવાય છે. અંજા-રથી ૧૫ માઇલ ભદ્રેશ્વરજી થાય છે. અહિં ત્રણ દેરાસરો છે. છેલ્લા વિ૦ સં૦ ૨૦૧૨ ના અષાડ સુદિ ૧૪ ના થયેલ ધરતી-કંપમાં અંજારને ખૂબ નુકશાન થયેલું, તેમાં અંજારના દેરાસરોને પણ નુકશાન થયેલું. અહિં જૈનોની વસતિ છે. દેરાસર તથા ઉપાશ્રય પણ છે. ત્રણે દેરાસરો શિખરબંધી છે. ત્રણેમાં કાચનું કામ સારૂં છે. શ્રી સુપાર્શ્વનાથજી, શ્રી શાંતિનાથજી તથા શ્રી વાસુપૂજ્યસ્વામી મૂલનાયક છે.

## ૩; સુદ્રા,

સુદ્રાને કચ્છનું પારિસ કહેવાય છે. જૈનોના અહિં ૨૦૦ ઉપર ઘરો છે. ભવ્ય ચાર જિનમંદિરો છે. ભ૦ શ્રી શીતલ-

નાથજીનું દેરાસર વિમાન આકારનું છે. સુંદર કોરણી છે. ગામ બહાર શ્રી અમીઝરા પાર્શ્વનાથજીનું દેરાસર છે. અને બીજા બે દેરાસરોમાં શ્રી પાર્શ્વનાથ ભ૦ તથા શ્રી મહાવીરસ્વામીજી મૂળ-નાયક છે.

## ૪; માંડવી

કચ્છનું મુખ્ય બંદર માંડવી ગણાય છે. માંડવીમાં ૮૦૦ ઉપ-રાંત શ્વે૦ મૂ૦ પૂજક જૈનોનાં ઘરો છે. છ ભવ્ય જિનાલયો છે. વાણીયા ફળીમાં શ્રી મહાવીરસ્વામીનું દેરાસર છે. પાટલા બજારમાં બે દેરાસરો છે. જેમાં થી ધર્મનાથજી તથા શ્રી શીત-લનાથજી મૂલનાયક છે. બીજા બે વોરા બજાર અને દાદાની દેરી પાસે છે. કાંઠા ઉપર દેરાસર છે. પાઠશાળા–ઉપાશ્રયો વગેરે બધું અહિં છે.

## ૫; ભુજ

કચ્છનું જ્યારે રાજ્ય સ્વતંત્ર હતું, ત્યારે તેનું પાટનગર ભુજ હતું. શ્વે૦ મૂ૦ પૂજકના ૨૦૦ ઘરો લગભગ છે. અહિં ત્રણ દેરાસરો છે. મૂલનાયક શ્રી આદિનાથ ભ૦, શ્રી શાંતિનાથજી ભ૦ તથા શ્રી પાર્શ્વનાથજી ભ૦ છે. સ્ટેટ વખતના અનેક મકાનો છે. ગાંધીધામથી ભુજ જવા માટે રેલ્વે છે. માંડવી આદિ જવા માટે અહિંથી મોટર બસો દોડે છે. ચાંદીના વાસણોની અહિંની કારીગરી પ્રસિદ્ધ છે.

## ૬; સુથરી

કચ્છ ત્રણ પ્રદેશોમાં વ્હેંચાયેલ છે. કંઠી, અબડાસો અને વાગડ, તેમાં સુથરી અબડાસામાં ગણાય છે. અબડાસાની પંચ-

તીર્થોમાં સુથરી તીર્થ ગણાય છે. અહિં શ્વે૦ મૂ૦ પૂ૦ જૈનોના ૨૦૦ ઘરો છે. ૬ ઉપાશ્રયો, ૧ જૈન ધર્મશાળા છે. શ્રીઘૃતકલ્લોલ પાર્શ્વનાથજીનું મંદિર ભવ્ય છે. મૂલનાયક પ્રતિમાજી ચમત્કારી છે. પ્રતિમાજી ભવ્ય છે. મંદિરની બાંધણી સુંદર છે. માંડવીથી સુથરી ૨૯ માઈલ છે. સમગ્ર કચ્છ પ્રદેશમાં આ તીર્થનો મહિમા ઘણો છે.

## ૭; જખૌ

સુથરીથી ૨૦ માઇલ પર જખૌ આવેલું છે. શ્વે૦ મૂ૦ જૈનોના ૨૦૦ ઘરો છે. જો કે વ્યાપારવ્યવસાય માટે કચ્છમાંથી મુંબઇ, કલકત્તા, મદ્રાસ, ખાનદેશ, મધ્યપ્રાંત કર્ણાટક આદિ પ્રદેશોમાં હજારો કચ્છી ભાઇઓ રહે છે. એટલે વસતિની ગણત્રીનું ધોરણ સામાન્ય રીતે અનિશ્ચિત કહેવાય. એક વિશાળ વંડામાં ઉંચા શિખરોવાળાં નવ દેરાદરો છે, જે જુદા–જુદા ભક્તિભાવિત ઉદારદિલ ધર્માત્માઓએ બંધાવેલ છે. આમાં મુખ્ય મંદિર શેઠ જીવરાજ રતનશીએ વિ૦ સં૦ ૧૯૦૫ માં બંધાવેલ છે, જે ઉપરથી આ નવે દેરાસરો શ્રી રત્નટુંકના નામથી પ્રસિધ્ધ છે. આ મંદિરમાં મૂલનાયક ભ૦ શ્રી મહાવીરસ્વામીજી છે. આ મંદિરને ૨૦ શિખરો છે. મંદિર વિશાળ અને ગગનચુંબી છે. મંદિરોમાં પ્રતિમાજીનો પરિવાર ઘણો છે. ૧૨૬ પાષાણુના અને ૨૦ ધાતુના પ્રતિમાજી છે. સિવાય બે સ્ફટિકના તથા એક સુવર્ણના ૧૨ તોલાના પ્રતિમાજી છે.

## ૮: નળીયા

જખૌથી ૧૬ માઇલ દૂર નળીયા આવેલું છે. બજારમાં

વિશાલ જિનમંદિર છે, જે સિદ્ધગિરિજી ઉપર દેરાસર બંધાવનાર અને ધર્મશાળા બંધાવનાર શેઠ નરશી નાથાનું બંધાવેલું છે. તેમની જન્મભૂમિ આ ગામ છે. ગામમાં ધર્મશાળાઓ, જ્ઞાનશાળા, બાલાશ્રમ, પુસ્તકભંડાર ઇત્યાદિ છે. આ વિશાલ ગગનચુંબી જિનમંદિરમાં મૂલનાયક શ્રી ચંદ્રપ્રભપ્રભુજી બિરાજમાન છે. પાલીતાણામાં નરશી નાથાની ધર્મશાળામાં તથા ઉપર સિદ્ધગિરિજીમાં પણ તેમણે બંધાવેલ દેરાસરોમાં મૂલનાયક શ્રી ચંદ્રપ્રભપ્રભુજી છે, આ દેરાસરને ૧૬ શિખરો તથા ૧૪ રંગમંડપોથી શણગારેલું છે, તેની તેનો શોભા અપાર છે. આ મંદિર વિ૦ સં૦ ૧૮૯૭ માં બંધાવેલું છે, અહિં ૧૧૦ પાષાણના, ધાતુના ૨૬, ચાંદીના ૩૯, ચંદનના ૨, ઇત્યાદિ મળી ૧૭૭ પ્રતિમાજી છે. મુખ્યમંદિરની બાજુમાં શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર છે, તેની બાજુમાં શેઠ નરશી નાથાના સુપુત્ર શેઠ હરભમ નરશીએ વિ૦ સં૦ ૧૯૧૮ માં શ્રી અષ્ટાપદજીનું અદ્વિતીય દેરાસર બંધાવેલું છે. શ્વે૦ મૂ૦ પૂ૦ જૈનોનાં ૨૬૦ ઘર ગણાય છે.

## ૯; તેરા

નળીયાથી ૧૮ માઇલ દૂર તેરા આવેલું છે. વિશાળ ધર્મશાળા, મહાજનવાડી, કન્યાશાળા ઇત્યાદિ અહિં છે. બે ભવ્ય જિનમંદિરો છે, તેમાં બજારમાં આવેલું શ્રી જીરાવલા પાર્શ્વનાથજીનું મંદિર મુખ્ય છે. મંદિરને નવ શિખરો છે. ભવ્ય તથા શોભાયુક્ત છે. મંદિરની આસપાસ મોટો ચોક છે. અહિં પાષાણના ૫૭, ધાતુના ૨૧, ચાંદીના ૩૨, એમ કુલ ૧૧૦ પ્રતિમાજી છે. ૭૪ સિદ્ધચક્રજી છે. જેમાં ૮ સોનાના છે. આ મંદિર વિ૦ સં૦ ૧૯૧૫ માં બંધાવેલ છે. આ મંદિરની સામે શ્રી શામ-

લીયા પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. જે લગભગ ૩૦૦ વર્ષ જૂનું છે. મંદિરના રંગમંડપમાં કાચનું સુંદર ચિત્રકામ છે, મંદિરમાં ૧૩ પ્રતિમાજી છે, જેમાં સોનાના બે પ્રતિમાજી છે. શ્વે૦ મૂ૦ પૂ૦ જૈનોના ૧૦૦ ઘરો અહિં છે.

## ૧૦; કોઠારા

તેરાથી ૧૨ માઈલ દૂર કોઠારા ગામ છે. જે શ્રી સિદ્ધગિરિજી તીર્થમાં શેઠ નરશી કેશવજીની ટુંકના નામથી તેમ જ શેઠ કેશવજી નાયકની ટુંકના નામથી બન્ને દેરાસરો અને શેઠ નરશી કેશવજીની ધર્મશાળા સુપ્રસિદ્ધ છે, તે શેઠ નરશી કેશવજી નાયકની જન્મભૂમિ આ ગામ છે. અહિં ૭૫ ઘરો છે. એક વિશાલ ધર્મશાળા યાત્રિકો માટે છે. ગામના મધ્યભાગમાં મહાન ગિરિ જેવું ભવ્ય મંદિર અહિં છે. સમગ્ર કચ્છમાં આ મંદિરની વિશાલતા અને ભવ્યતા અદ્વિતીય છે. બાર ઉન્નત શિખરોથી મંદિર મોટા પહાડ જેવું લાગે છે. મંદિરની લંબાઇ-પહોળાઇ ૭૮×૬૪ ફીટની છે, અને ઉંચાઇ ૭૪ ફીટની છે. મૂલ ગભારામાં શ્રી શાંતિનાથ ભગવાન મૂલનાયક છે. મંદિરમાં કાચનું કામ ભવ્ય છે. આ મંદિર વિ૦ સં૦ ૧૯૧૮માં બંધાવેલ છે. શેઠ કેશવજી નાયક તથા તેમના ભાઇ શેઠ વેલજી મલુ, અને શેઠ શિવજી નેણશી-ત્રણે ધર્માનુરાગી ઉદારદિલ ભાઈઓએ, ૧૬ લાખ કોરીના ખર્ચે આ ભવ્ય મંદિર બંધાવ્યું છે.

## ૧૧: કટારીયા

ડીસાથી ગાંધીધામ જતી ડીસા-કંડલા, રેલ્વેના લાકડીયા સ્ટેશનથી લગભગ ૪ માઈલ પર કટારીયા આવેલું છે. આ ગામ પણ જગડૂશાહના સમયનું છે. જગડૂશાહનો મહેલ પણ અહિં

હતો. અહિં જૈનોની ખાસ વસતી નથી. અહિં ભગવાન શ્રી મહાવીરદેવની સુંદર મૂર્તિ છે. જેની પૂ૦ આ૦ મ૦ શ્રી વિજય-સિંહસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે આજ ગામમાં વિ૦ સં૦ ૧૯૮૯ ના વૈશાખ સુદિ ત્રીજના અંજનશલાકા થયેલ છે. વિ૦ સં૦ ૧૯૭૮ ના ત્યારબાદ શેઠ વર્ધમાન આણંદજીએ જીર્ણોધ્ધાર કરાવી સુંદર અને ભવ્ય શિખરબંધી જિનમંદિર કરાવ્યું છે. અહિં જૈન બોર્ડીંગ છે. સૌરાષ્ટ્રથી કચ્છમાં આવવા માટે મોરબીથી ૩૦ માઇલ પર ઉત્તર દિશામાં આવેલ વેણાસરથી રણ ઉતરીને માણાબો, થઇ કટારીયા જવાય છે.

## ઉપસંહાર :

સમગ્ર કચ્છમાં અબડાસા, કંઠી તથા વાગડ એ પ્રદેશોના ૧૪૬ લગભગ ગામોમાં ૨૦૦ લગભગ જિનમંદિરો છે, ઉપરોક્ત પ્રસિધ્ધ ગામો સિવાય **ભચાઉ, ભુજપુર, બિદડા, નાની ખાખર, નાના-મોટા આસંબીયા, કોડાય, લાયજા, ડુમરા, મંજલરેલડીયા, નાગલપુર, સાંધાણ** કે જ્યાં મુંબઇ–ભાયખાલાના દેરાસર જેવું ભવ્ય દેરાસર છે. જેમાં ૧૦૨ પાષાણના પ્રતિમાજી અને ૫૯ ધાતુના પ્રતિમાજી છે. આ ગામ કોઠારાની નજીક છે, વાગડમાં **સાંતલપુર** કે જે ડીસા–કંડલા રેલ્વેમાં સ્ટેશન છે, અહિં ૪ દેરાસરો છે. ૨૦૦ જૈનો છે. આધોઇ, મનફરા, લાકડીયામાં પણ સુંદર દેરાસરો છે. અને હજારો જૈનોની વસતિ છે. આ બધાં સ્થલો યાત્રા કરવા યોગ્ય છે.

# ૩: ગૂ જ રા ત.

## ૧; શંખેશ્વરજી

ગૂજરાતમાં આવેલું પ્રભાવશાલી પ્રાચીનતમ તીર્થ શ્રી શંખેશ્વરજી, ભારતભરના જૈનોમાં મહામહિમાવંતું તથા અતિશય શ્રધ્ધાપૂર્ણભાવે મનાતું આવ્યું છે. મહેસાણા જંકશનથી મણુંદરોડ થઇ હારીજ જતી લાઇનમાં છેલ્લા હારિજ સ્ટેશનથી ૧૫ માઇલ પર આ પ્રસિદ્ધતીર્થ આવેલું છે. ભ૦ શ્રી નેમિનાથ સ્વામીના ગૃહસ્થકાલમાં કૃષ્ણવાસુદેવ અને જરાસંધ પ્રતિવાસુદેવનું યુદ્ધ આ સ્થલે ખેલાયું હતું. જરાસંઘે ફેંકેલી જરાવિદ્યાના ઉપદ્રવથી જ્યારે કૃષ્ણવાસુદેવનું સમગ્ર સૈન્ય મહાવ્યથાના ભારથી વ્યાપ્ત બન્યું, ત્યારે ભગવાન શ્રી નેમિનાથપ્રભુના ઉપદેશથી કૃષ્ણ વાસુદેવે અઠ્ઠમનો તપ કરી, ધરણેંદ્રને પ્રસન્ન કરેલ. ભ૦ શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં પ્રાચીન જિનબિંબને ધરણેંદ્રે તે સમયે આ સ્થાને પ્રગટ કરેલ. આ પ્રભુજીનાં સ્નાત્રજલને છાંટવાથી કૃષ્ણ વાસુદેવનું સમગ્ર સૈન્ય જરાના ઉપદ્રવથી વિમુક્ત થયું. આજ હકીકત શ્રી શત્રુંજય માહાત્મ્યમાં આવે છે, જેમાં પદ્માવતી પ્રગટ થયાનો ઉલ્લેખ છે. પણ એ સંભવે છે કે, ધરણેંદ્રને ઉદ્દેશીને કરાયેલ તપમાં ધરણેંદ્રનાં સ્થાને પદ્માવતી આવ્યા હોય, આ સિવાય સમગ્ર હકીકત એક સરખી મળે છે. કૃષ્ણ વાસુદેવે ત્યાર બાદ અહિં વિશાલ ગગનચુંબી જિનમંદિર તૈયાર કરી, પ્રભુજીની સામે પોતાની મૂર્તિ સ્થાપી. એક નગર આ મંદિરના વ્યવસ્થા ખર્ચ માટે કાઢયું.

હાલ વિદ્યમાન પ્રભુજી અતિશય પ્રાચીન તથા પ્રભાવિક

છે. ગઇ ચોવીસીના નવમા તીર્થંકર શ્રી દામોદર સ્વામીનાં શાસનમાં અષાઢી શ્રાવકે આ પ્રતિમાજીને ભરાવ્યાં છે. ત્યારબાદ સૌધર્મ દેવલોકમાં, સૂર્યવિમાનમાં, આમ ઉત્તરોત્તર પહેલાં, બીજા, દશમા અને બારમા દેવલોકમાં, લવણસાગરમાં, ભવનપતિ વ્યંતરોના આવાસમાં આ રીતે પૂજાયા બાદ ધરણેન્દ્રના આવાસમાં રહ્યા હતા. ધરણેન્દ્રે નમિ–વિનમિને આપ્યા હતા. તેમણે યાવજજીવ પૂજ્યા બાદ ચંદ્રપ્રભસ્વામીના શાસનમાં ગિરનારની ૭ મી ટુંકમાં સૌધર્મેન્દ્રે આ પ્રતિમાને સ્થાપન કર્યા. ત્યારબાદ ધરણેન્દ્ર–પદ્માવતી પોતાના નિવાસમાં લઈ જઇને તેમને પૂજવા લાગ્યા. બાદ ભગવાન શ્રી મુનિ સુવ્રતસ્વામીના શાસનમાં રામ, લક્ષ્મણ સીતા આદિએ પણ આ પ્રભુજીને પૂજ્યા હતા. બાદ ભગવાન શ્રી નેમિનાથ સ્વામીનાં શાસનમાં જરાના નિવારણ માટે શ્રી કૃષ્ણ મહારાજાએ આરાધના કરી, અહિં સ્થાપન કર્યા. ત્યારથી આ મહાપ્રભાવશાલી પ્રતિમાજી અહિં બિરાજમાન છે. શંખ શબ્દના શ્રવણથી અહિં ઉપદ્રવ શમ્યો, એટલે આ સ્થાનનું નામ શંખપુર સ્થાપ્યું. બાદ આ દેરાસરના અનેક જીર્ણોધ્ધારો થયા છે. વિ૦ સં૦ ૧૧૫૫ માં ગુજરાતના મહારાજા સિદ્ધરાજ જયસિંહના દંડનાયક સજ્જન મહેતાએ આ તીર્થનો ઉદ્ધાર કર્યો હતો,એમ ઉલ્લેખ છે. આ પછી અનેક ઉધ્ધારો થયા છે. છેલ્લે વિ૦ સં૦ ૧૬૬૬ લગભગમાં પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજાના ઉપદેશથી બાવન જિનાલયનું સુંદર મંદિર શ્રી સંઘે બંધાવેલ હતું. આ મંદિર ભવ્ય વિશાલ તથા રમણીય હતું, પણ ઔરંગઝેબ બાદશાહના જુલ્મથી આ મંદિરનો પણ નાશ થયો. હાલ દેરાસરના નજીકના ભાગમાં વિશાલ કંપાઉન્ડમાં એ જૂનું ભગ્ન મંદિર

વિદ્યમાન છે. શ્રી સંઘે ઔરંગઝેબના હુમલા વખતે પ્રભુજીને ભોંયરામાં પધરાવ્યા હતા. બાદ પૂ૦ જગદ્ગુરૂ આ૦ દેવ શ્રી વિજયહીરસૂરીશ્વરજીની પટ્ટપરંપરામાં થયેલા આ૦ શ્રી૦ વિજયપ્રભસૂરીશ્વરજીના ઉપદેશથી નવું બાવન જિનાલયનું મંદિર શ્રી સંઘે તૈયાર કર્યું. તેમાં પ્રભુજીની પ્રતિષ્ઠા આ૦ મ૦ શ્રી વિજયરત્નસૂરિજીમહારાજનાં શુભ હસ્તે પ્રાયઃ વિ૦ સં૦ ૧૭૬૦ માં થઈ, તે પ્રતિષ્ઠા અને તે મંદિર આજે વિદ્યમાન છે.

દિન પ્રતિદિન મંદિરમાં અનેક સુધારા–વધારા થતા રહ્યા. આજે આ દેરાસર દેવવિમાન જેવું રમણીય લાગે છે. તેની સ્વચ્છતા, પવિત્રતા તથા શાંત વાતાવરણ સહુનાં દિલને ઠારે છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું બિંબ અતિશય શાંત, પ્રસન્ન, તથા ભવ્ય છે. દેરાસરની ચોમેરે કમ્પાઉન્ડ છે. દેરાસરની આજુબાજુ સ્હામે, પાછળ દેરીઓ છે. દેરાસર બેઠી બાંધણીનું તથા વિશાલ છે. તેનું પ્રવેશ દ્વાર ભવ્ય છે. અંદર પેઠાં એટલે નવો સભામંડપ, જૂનો રંગમંડપ, ગૂઢમંડપ, ગર્ભાગાર આ રીતે જતાં ઠેઠ મૂલનાયકની સામે આવીને ઉભા રહેવાય છે. આ તીર્થનું માહાત્મ્ય અદ્યાવધિ અતિશય છે. કા૦ સુદિ પૂર્ણિમા, પોષ દશમ (માગશર વદિ ૧૦) ચૈત્રી પૂર્ણિમા આ બધા દિવસોમાં અહિં મોટો મેળો ભરાય છે. દેરાસરની સામે શ્રી શંખેશ્વરજી તીર્થની વ્યવસ્થા કરનારી શેઠ જીવણદાસ ગોડીદાસની પેઢી છે. આ પેઢીનો વહીવટ અમદાવાદના શેઠ જમનાભાઈ ભગુભાઈની પેઢી હસ્તક ત્યાંના ગૃહસ્થોની કમિટી કરે છે. પેઢીથી આગળ જતાં જમણી બાજુ ઉપાશ્રય આવે છે. જે રાધનપુરના ધર્મપ્રેમી ભાઇ હરગોવન મણિયાર અને તેમના ભાઇઓએ બંધાવ્યો છે. તે કમ્પા-

ઉન્ડમાં મોટી ધર્મશાળા છે. અહિં છ ધર્મશાળાઓ છે. યાત્રિકો માટે ભોજનશાળાની વ્યવસ્થા છે. ભોજનશાળાનો વહીવટ રાધનપુરના ગૃહસ્થો એક કમિટિ દ્વારા કરે છે. તીર્થનો વહિવટ આજે વ્યવસ્થિત ચાલે છે. જવા-આવવાના સાધનોની અગવડ હોવા છતાં યાત્રાળુઓ ભાવપૂર્વક આ તીર્થની યાત્રા માટે દરરોજ આવતા જ રહે છે.

એકંદરે આ સ્થાન શાંત, રમણીય તથા ગમી જાય તેવું છે. જીવનમાં એકવાર તો અવશ્ય આ તીર્થની યાત્રા કરવા જેવી છે. તીર્થનો પ્રભાવ, મહાત્મ્ય તથા અતિશય કોઈ અદ્ભુત છે. રાધનપુરથી ૩૦ માઈલ શંખેશ્વરજી છે. વર્ષાઋતુ સિવાય વીરમગામથી, તથા સુરેન્દ્રનગરથી શંખેશ્વરજી આવવા માટે મોટર બસો નિયમિત મલે છે. મુંજપુર, સમી, પંચાસરા, ધામા આ બધા ગામો આ તીર્થની નજીકમાં છે. આ તીર્થના જિનમંદિરમાં લગભગ ધાતુ તથા પાષાણના મળી ૧૭૫ પ્રતિમાજી ગણાય છે.

## ૨ : તારંગાજી

મહેસાણા જંકશનથી ૩૫ માઈલ પર આવેલા તારંગાહીલ સ્ટેશનથી તારંગાજી જવાય છે. મહેસાણાથી, વીસનગર, વડનગર થઈને જતી રેલ્વે લાઈનમાં આ છેલ્લું સ્ટેશન ગણાય છે. ચોમેર ડુંગરાઓ, ખીણો તથા ગિરિમાળા આ સ્થાનની આસપાસ પથરાયેલી છે. સ્ટેશન પર યાત્રિકોને સૂવા-બેસવા તથા સરસામાન મૂકવા માટે ધર્મશાળા છે. ધર્મશાળામાં પાથરણાની વ્યવસ્થા રહે છે. અહિંથી તારંગાજીના પહાડ પર જવા માટે ગાડા માર્ગ પણ છે. અને પગપાળા માર્ગ પણ છે. તારંગાના પહાડની

ઉંચાઇ સામાન્ય છે. વચ્ચે દોઢ ગાઉ પર તલાટીનો મુકામ આવે છે. અહિંથી ચઢાણ શરૂ થાય છે. ચઢાણ પુરૂં થયા બાદ પશ્ચિમ દરવાજામાં થઇને સીધા રસ્તે ચાલતાં ચોમેર પહાડોની વચ્ચે ગગનની સાથે વાતો કરતું ભવ્ય ગગનચુંબી મંદિર આપણી નજર સામે આવે છે. રસ્તો લગભગ અર્ધા-પોણા કલાકનો ગણાય. ચોમેર ધર્મશાળા, ચોક, અને ઓફીસો વટાવી, દેરાસરના ચોકમાં દાખલ થવાનું આવે છે. દેરાસરનો ચોક ખૂબ જ વિશાળ છે. આ જિનમંદિર એટલું સુંદર તથા ભવ્ય બાંધણીવાળું છે કે, જોનારને ઘડીભર એમ થઈ જાય કે, તે કાલમાં આવું મંદિર આવા સ્થળે કઇ રીતે તૈયાર થઇ શક્યું હશે ?

ખરેખર જ્યારે માનવશ્રધ્ધા; પ્રભુભક્તિ તથા ભવ્ય ભાવનાના તાણાવાણાથી જોડાય છે, ત્યારે તેનામાં અલૌકિક સામર્થ્ય જન્મે છે. મંદિરને જોનાર પ્રત્યેકનાં હૃદયમાં ધન્ય શ્રદ્ધા તથા ધન્ય પ્રભુભક્તિના ઉદ્દગારો તેના નિર્માતાઓ માટે પ્રગટયા વિના રહેતા નથી. ૨૪ ગજ પ્રમાણની ઉંચાઇવાળું ૩૬ માળનું આવું સર્વાંગ સુંદર દેવમંદિર સમસ્ત ભારતમાં એક જ છે. આ મંદિર મહારાજા કુમારપાળે બંધાવ્યાનો ઉલ્લેખ પ્રાચીન ઇતિહાસમાંથી આપણને મળે છે. શ્રી અજીતનાથ ભગવાન પ્રત્યે રાજા કુમારપાળને અપ્રતિમ શ્રધ્ધા હતી. એ શ્રધ્ધાથી પ્રેરાઇને આ મંદિરમાં તેમણે ૧૦૧ આંગલની ઉંચાઈવાળા શ્રી અજીતનાથ પ્રભુને કલિકાલ સર્વજ્ઞ પૂ૦ આ૦ મ૦ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના શુભ હસ્તે વિ૦ સં૦ ૧૨૨૧ માં પ્રતિષ્ઠિત કરી બિરાજમાન કર્યા હતા. પણ પાછળથી સંભવિત છે કે, અલ્લાઉદ્દીન ખીલજીના કાળમાં આ મંદિરનો જો કે સર્વથા નાશ નથી થયો પણ મંદિરને

હાનિ પહોંચેલી, અને મૂલનાયક પ્રતિમાજીને ખંડિત કર્યા હોય, જેથી વિ૦ સં૦ ૧૪૬૬ માં આ મંદિરના જીર્ણોધ્ધારની સાથે મૂલનાયક શ્રી અજીતનાથ ભગવાનનાં નવા બિંબ અહિં પ્રતિષ્ઠિત થયેલ છે. આ પ્રતિમાજી ૧૫ હાથની ઉંચાઇવાળા અને ભવ્ય છે.

આ જીર્ણોધ્ધાર તથા પ્રતિષ્ઠા કરાવનાર ઇડરના ગોવિંદ સંઘવી નામના ઉદારદિલ સદ્‌ગૃહસ્થ છે. તેઓ ઈડર રાજ્યના રાણા પુંજાજીના ખાસ માન્ય અને સંઘના અગ્રેસર વત્સરાજ સંઘવીના પુત્ર હતા. તે કાળમાં વિદ્યમાન તપાગચ્છીય આચાર્ય મહારાજ શ્રી સોમસુંદરસૂરિજીના તેઓ ભક્ત હતા, એટલે હાલ જે પ્રતિમાજી મૂલનાયકજી તરીકે બિરાજમાન છે, તે વિ૦ ના ૧૫ મા સૈકામાં પ્રતિષ્ઠિત થયેલ છે. મંદિર મહારાજા કુમારપાળના સમયનું હોવું સંભવિત છે. જેનો જીર્ણોધ્ધાર કરાવી ગોવિંદ સંઘવીએ પ્રભુજીને બિરાજમાન કર્યા હોય એમ લાગે છે. આ તીર્થ વસ્તુપાલ-તેજપાલના સમયમાં પણ પ્રસિદ્ધ હતું. અને તે સમયે પણ મૂલનાયક શ્રી અજિતનાથ ભગવાન હતા. એમ વિ૦ સં૦ ૧૨૮૪-૮૫ ની સાલમાં વસ્તુપાલ-તેજપાલ ભાઇઓના હાથે અહિં પ્રતિષ્ઠિત થયેલા અનેક પ્રતિમાજી પરના શિલાલેખો પરથી જણાય છે.

જ્યારે સિધ્ધગિરિજીની તલાટી, વડનગર-આણંદપુર હતી, ત્યારે તારંગાજી પણ શ્રી શત્રુંજયગિરિજીની ૧૦૮ ટુંકમાં “તારગિરિ” ના નામથી પ્રસિધ્ધ હતું. આવું વિશાલકાય જિનમંદિર બંધાવવામાં અગણિત દ્રવ્યનો વ્યય થાય એ સંભવિત છે. મંદિર એટલું બધું ઉંચુ છે કે નીચેથી જોનારને શિખર

પરના ધજાદંડની ખાટલા જેટલી લાંબી પહોળી પાટલી તદ્દન ન્હાની હાથ પ્રમાણ જેટલી જાણે લાગે છે.

શ્રી અજિતનાથ ભગવાનનાં પ્રતિમાજી બહુ જ ભવ્ય, નયન મનોહર તથા સુંદર આકૃતિવાળાં છે. પ્રભુજીને નવે અંગે પૂજા કરવા માટે બાજુમાં નીસરણી રાખવામાં આવી છે. મંદિરનો રંગમંડપ રમણીય છે. મંદિરના થાંભલા સુંદર વિશાલ છે. મંદિરની બહા શિખરો પર ક્રીડાની શિલ્પશાસ્ત્ર મુજબની મૂર્તિઓ પત્થર પર કંડારેલી છે. આ મંદિરનાં ઉપર જે લાકડું વપરાયું છે તે કેગર નામનું મજબૂત લાકડું છે. અગ્નિની જ્વાળાઓ વચ્ચે પણ આ લાકડું બળતું નથી, પરંતુ અગ્નિ લાગતાં પાણી ઝરે છે, એમ વૃધ્ધોનું કહેવું છે. આ મંદિરના આગળના ભાગમાં ૪ નાના દેરાસરો છે, તેમાં નંદીશ્વરદ્વીપનું એક દેરાસર છે, બાજુમાં સમવસરણનું દેરાસર છે. તેને ફરતા અષ્ટાપદ, સમેત શિખર, સહસ્રકૂટ આદિ ન્હાનાં ચૈત્યો છે, તેની બાજુમાં ચોમુખજીનું મંદિર છે. મૂલ મંદિરની ઉત્તર દિશા તરફ એક ટેકરી છે જે સિધ્ધશિલા કહેવાય છે, ત્યાં ચૌમુખજી તથા પગલાં છે. મૂલમંદિરની દક્ષિણ દિશામાં કોટીશિલા છે, તેમાં પણ ચૌમુખજી ભગવાન તથા પગલાં છે. આ બધા પ્રતિમાજી તથા દેવ કુલિકાઓ પ્રાચીન તથા શ્વેતાંબર સંઘ હસ્તકનાં છે-

મૂલમંદિરની પૂર્વ બાજૂ એક નાની ટેકરીપર પુણ્ય–પાપની બારીના નામથી ઓળખાતી દેરી છે. આમાં પ્રતિમાજી પ્રાચીન છે. પરિકર પર વિ૦ સં૦ ૧૨૪૫ વૈશાખ સુદિ ૩ નો લેખ છે. આ રીતે મૂલમંદિરની ત્રણ દિશાઓમાં ન્હાનાં ચૈત્યો આવેલાં છે. આખાયે પહાડમાં અનેક પ્રકારની વનસ્પતિ, ઝાડો ફલ-ફૂલો

ઇત્યાદિથી વનશ્રી શોભી રહી છે. વાતાવરણ શાંત, મધુર તથા આનંદપ્રદ છે. ઉનાળામાં મહાબળેશ્વર, દાર્જીલિંગ કે મસુરી જનારાઓ જે રીતે પૈસાનો દુર્વ્યય કરી જીવનને વિલાસની ઊંડી ખીણમાં ત્યાં જઇને ધકેલી દે છે, તેના કરતાં આવા મહાપવિત્ર એકાંત સ્થાનમાં દિવસોના દિવસો તેઓ ગાળે, તો ખરેખર શરીર, મન તથા આત્માનો ભાર હળવો થાય; પૈસાનો દુર્વ્યય રોકાય અને સંયમ તેમજ પ્રભુભક્તિનો બોધપાઠ શિખવા મળે એ નિ:સંદેહ છે.

આ તીર્થને અંગેના એક ઉલ્લેખ પરથી જાણી શકાય છે કે, વિક્રમના પ્રથમ સૈકામાં અહિં જૈનોનાં મંદિરો હતાં.

આજે શ્વે. મંદિરની બાજુમાં દિગંબર જૈનોનું મંદિર છે, જે શ્વે૰ જૈનોની ઉદારતાનું પ્રતિક છે. આ તીર્થનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી (અમદાવાદ) કરે છે, તીર્થની યાત્રાએ આવનારને ભાથું અપાય છે, ભોજનશાળાની વ્યવસ્થા સારી છે, તેની વ્યવસ્થા વડનગર, ખેરાળુ, સીપોર આદિના સદ્ગૃહસ્થોની કમીટી કરે છે. એકંદરે આ તીર્થ ગુજરાતનાં બધાં પ્રાચીન તીર્થોમાં એકાંત વાતાવરણવાળું તેમજ નિ:સર્ગના ખોળામાં મહાલનારૂં રમણીય મન તથા તનને આલ્હાદ આપનારૂં કહી શકાય,

## ૩; પાટણ

**ઇતિહાસ:** ગુજરાત–મહાગુજરાતના પ્રાચીન નગરોમાં અણહિલ્લપુર પાટણનું સ્થાન અદ્વિતીય છે, ગુજરાત–મહાગુજરાત, સૌરાષ્ટ્રના પાટનગર તરીકે પાટણની પ્રખ્યાતિ એક કાલે સમગ્ર ભારતમાં દૂર–દૂર સુધી ફેલાયેલી હતી. હિંદનો વૈભવ, ગુજરા-

તની પ્રતિષ્ઠા તથા ગૂર્જરોની અસ્મિતા પણ પાટણ શહેરમાં વસેલાં હતાં. પાટણના લક્ષ્મીનંદનોની કીર્તિ ભારતમાં તેમ જ અન્ય પ્રદેશોમાં પૂર્વકાલે પ્રસરેલી હતી. વિ૦ સં૦ ૮૦૨ ની સાલમાં વનરાજ ચાવડાના હાથે પાટણ શહેરની સ્થાપના થઇ છે, અને વનરાજ, શ્રીદેવીના તિલકપૂર્વક ૮૨૧ ના પાટણના રાજ્યસિંહાસન પર આરૂઢ થયો. જૈનાચાર્ય શ્રી શીલગુણસૂરિજીના ઉપદેશથી ગૂર્જરેશ્વર વનરાજે અહિં પાટણની સ્થાપનાની સાથે શ્રી પંચાસર પાર્શ્વનાથનાં ભવ્ય જિનમંદિરની સ્થાપના કરી હતી. પાટણે જૈનધર્મની જાહોજલાલી, પ્રભાવના તથા ગૌરવ અનુભવ્યાં છે. વનરાજથી માંડી પાટણની ગાદી પર આવેલા દરેક ગૂર્જર રાજવીઓનાં રાજ્યશાસનમાં સમર્થ જૈનાચાર્યોએ જૈનધર્મની અદ્ભુત પ્રભાવના અહિં કરી છે, અને તે પણ જોરજુલમ કે રાજ્ય સત્તાનાં દબાણથી નહિં, કે પોતાની સંયમમર્યાદાને તલભાર ચૂકીને નહી, પણ પોતાના સંયમ, તપ, ત્યાગ, પ્રતિભા ઇત્યાદિના પ્રભાવે પ્રભાવ પાડયો હતો.

વનરાજ ચાવડાના વંશ પછી મૂળરાજ સોલંકીનો વંશ પાટણના પાયતખ્ત પર સત્તાના સિંહાસને આવ્યો. સોલંકી રાજવીઓ દુર્લભરાજ, ભીમદેવ, કર્ણરાજ આદિના કાલમાં પૂ૦ શ્રી સૂરાચાર્ય, પૂ૦ મલધારી શ્રી હેમચંદ્રસૂરિજી, નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી આદિ મહાન પ્રભાવક આચાર્ય મહારાજાઓએ અહિં જૈનશાસનની અનુપમ પ્રભાવના કરી છે. ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ તથા પરમાર્હત રાજર્ષિ કુમારપાલના રાજ્યકાલમાં કલિકાલ સર્વજ્ઞ આ૦ મ૦ શ્રી હેમચંદ્રસૂરિજીએ જૈન શાસનને

દીપાવ્યું છે. સાહિત્યની પણ તેઓશ્રીએ સુંદર પ્રભાવના કરી છે. વ્યાકરણ, ન્યાય, કાવ્ય, સાહિત્ય, અલંકાર, છંદ, ચરિત્રકથા, ઈતિહાસ આદિ અનેકવિધ સાહિત્યક્ષેત્રમાં તેઓશ્રીએ પોતાની શક્તિથી યશસ્વી સેવા કરીને ઉજ્જ્વળ કીર્તિ પ્રાપ્ત કરી છે.

મહારાજા સિદ્ધરાજે આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી પાટણમાં સિદ્ધવિહાર (રાજવિહાર) નામનું ભવ્ય જિનમંદિર બંધાવ્યું હતું. મલધારી પૂ૦ આ૦ શ્રી અભયદેવસૂરિજીના સદુપદેશથી સિદ્ધરાજે પાટણ શહેર તથા રાજ્યમાં પર્યુષણના આઠ દિવસોમાં અમારીનું પ્રવર્તન કરાવ્યું હતું. વનરાજના કાળમાં મંત્રી ચાંપાદેવ તથા શ્રીદેવીની સહાયતાથી વનરાજે પાટણને સ્થાપન કર્યું હતું, એ ચાંપો મંત્રી જે જૈન ધર્મી હતો, એના નામથી વસેલું શહેર આજે પાવાગઢની તળેટીમાં 'ચાંપાનેર' તરીકે ઓળખાય છે. ભીમદેવના સમયમાં વિમળશાહે પાટણનાં રાજ્યનું મંત્રીપદ તથા સેનાનાયકપદ સંભાળ્યું હતું. આ વિમળ મંત્રીએ આબુના જગપ્રસિદ્ધ મંદિરો બંધાવ્યાં હતાં. કુંભારીયામાં પણ સુંદર જિનમંદિરો તેમણે બંધાવ્યાં હતાં. ચંદ્રાવતીના પરમારોને વિમલમંત્રીએ વશમાં લઇને ગુજરાતની સત્તા ઉત્તરમાં ઠેઠ ચંદ્રાવતીની પેલી બાજુ સુધી ફેલાવી હતી. માલવદેશના રાજવીઓને પણ તેણે જીતી લીધા હતા. સજ્જન, ઉદાયન, વાગભટ્ટ, આમ્રભટ્ટ, શાંતૂ મહેતા આ બધા પાટણનિવાસી જૈન મંત્રીશ્વરોએ ગૂર્જર ભૂમિની સેવા કરવામાં પોતાનું સઘળું ન્યોચ્છાવર કર્યું હતું. આમ વનરાજથી પ્રગતિના શિખરે ચઢેલો પાટણનો વૈભવ ઠેઠ પરમાર્હત મહારાજા શ્રી કુમારપાળ સુધી ઉત્તરોત્તર વધતો ચાલ્યો.

પણ મહારાજા કુમારપાળના મૃત્યુ પછી અજયપાલે જ્યાં પાટણની રાજસત્તાનાં સૂત્રો હાથમાં લીધાં ત્યારથી પાટણની પડતી શરૂ થઇ. અજયપાળ લાંબો કાળ રાજ્ય ભોગવી ન શક્યો. અજયપાળે જૈનધર્મ પર પોતાનો દ્વેષ ખૂબ ઠાલવ્યો. મહારાજા કુમારપાળનાં બંધાવેલાં ત્રિભુવનપાલવિહાર, કુમારવિહાર, આદિ સેંકડો જૈનમંદિરો તેણે તોડી પાડયાં હતાં. અજયપાલના મૃત્યુ પછી ભીમદેવ બીજો પાટણની ગાદી પર આવ્યો. તે ભોળાભીમ તરીકે પ્રસિદ્ધ થયો. તેનાં રાજ્યકાલમાં મુસલમાન સુબાઓનું જોર વધતાં પાટણની રાજ્યસત્તાનું તેજ આથમતું ગયું. ભીમદેવના શૂરા સામંત લવણપ્રસાદે ધોળકામાં રાજ્ય સ્થાપ્યું. ત્યારથી વાઘેલા વંશમાં ગુજરાતની સત્તા ઉતરી આવી. ધોળકામાં ગુજરાતનું રાજશાસન લવણપ્રસાદના પુત્ર મહારાણા વીરધવલે ચલાવ્યું. તેને જૈન મંત્રીશ્વર શ્રી વસ્તુપાલ તથા સેનાધિપતિ તેજપાલની સહાય મળી (વિ૦ સં૦ ૧૨૩૪ થી ૧૨૯૮)

આ બાજુ પાટણની સત્તા વધુ નબળી પડતી ગઇ. ભીમદેવ બીજો, વીરધવલ, વીશલદેવ, અર્જુનદેવ એ ત્રણ રાજાઓ બાદ કરણદેવ રાજ્ય સિંહાસને આવ્યો. એ ઘેલો નીકળ્યો. તેણે પોતાના નાગર પ્રધાન માધવ નાગરની સ્ત્રી પર દૃષ્ટિ બગાડી. પરિણામે મુસલમાન સત્તાએ પાટણમાં પગ પેસારો કર્યો અને કરણઘેલાને ગુજરાત છોડી ભાગી જવું પડયું. વીર વનરાજના રાજ્ય પર આવેલા રાજવીને આ રીતે પોતાની પિતૃભૂમિને ત્યજી રાજ્ય વૈભવને છોડી, અંધારી રાતે એકલા ભાગી છૂટવું પડે છે. ખરેખર કર્યાં કર્મ સહુને ભોગવવા પડે છે. વિ૦ સં૦ ૧૩૫૩ ના વર્ષમાં આ રીતે પાટણની રાજશાહી પરાધીન બની. નાગર

બ્રાહ્મણ માધવ મંત્રીએ પોતાનાં અપમાનનો બદલો લેવા ઠેઠ દિલ્હી પહોંચી અલ્લાઉદ્દીન ખૂનીને ઉશ્કેરી, તેના સેનાપતિ મલીક-કાપુરને બોલાવી કરણદેવની સામે યુદ્ધ ઉભું કર્યું. પરિણામે પાટણનું પતન થયું. પાટણની વિભૂતિ, ઐશ્વર્ય તથા સત્તા ત્યારથી ઓસરતા થયા. ( વિ૦ સં૦ ૧૩૫૩ થી ૧૩૫૬ સુધીનો આ પ્રસંગ ) પ્રાચીન પાટણ જે પશ્ચિમમાં હતું, તેનું પતન થતાં નવું પાટણ હાલની જગ્યાએ વસ્યું. મુસલમાન સુબાઓ પાટણમાં નહિ રહેતાં સં૦ ૧૪૬૮ માં ગુજરાતની ગાદી તેઓ તે વર્ષમાં સ્થપાયેલા અમદાવાદમાં લઇ ગયા.

આજે જે પાટણ છે તે વિ૦ સં૦ ૧૩૭૦ લગભગમાં વસેલું છે, અને ત્યારબાદ ધીરે ધીરે પાટણમાં પ્રભુજીની પ્રતિષ્ઠાઓ, ભવ્ય જિનમંદિરો બંધાતા ગયા. એ પાટણ આજે પણ પોતાનાં પુરાણા ગૌરવને જાળવી મૂકપણે પોતાની પ્રતિષ્ઠાને સ્થાપી રહ્યું છે. પ્રાચીન શિલ્પ સ્થાપત્યો, તથા ઐતિહાસિક ભવ્ય અવશેષો આજે પણ પાટણની પ્રાચીનતાની સાક્ષી પૂરી રહ્યા છે. આજે સરસ્વતી પાટણથી ઉત્તર બાજુએ ગઈ છે. પૂર્વે પાટણના નાકે હતી. નૂતન પાટણમાં વિ૦ સં૦ ૧૩૭૧ માં શત્રુંજય તીર્થ ઉદ્ધારક સંઘપતિ સમરાશા વસતા હતા. તે વખતના અલફખાન નામના સુબાને પોતાની કુશલતાથી તેમણે પ્રસન્ન કરેલ તઘલખ ફીરોજશાહના સમયમાં પાટણમાં શાંતિ સ્થપાઈ હતી.

આજના પાટણનો કિલ્લો વિ૦ સં૦ ૧૭૯૨ માં બંધાયો છે. વિ૦ સં૦ ૧૬૪૮ માં મોટાં જિનમંદિરો ૧૦૧ હતા. ન્હાનાં જિનમંદિરો ૯૯ હતા. પ્રતિમાઓ ૫૪૯૭ હતી. જ્યારે ૧૭૨૯ માં મોટાં ૯૫ અને ન્હાનાં દેરાસરો ૫૦૦ હતા. વિ૦ સં૦ ૧૯૬૭ માં

અહિં કુલ નાના-મોટાં કુલ ૧૨૯ જિનમંદિરો હતાં આજે નાના-મોટાં કુલ ૧૦૬ જિનમંદિરો છે. (વિ૦ સં૦ ૨૦૧૪)

આજે પાટણમાં જૈનોની વસતિ સારા પ્રમાણમાં છે. મોટી વસતિ જો કે, મુખ્યત્વે વ્યાપાર આદિના કારણે મુંબઈ વસે છે. છતાં ૨૦૦૦ ઘરની જૈનોની વસતિ ગણાય.

**જિનમંદિરો:** પાટણમાં મુખ્યમંદિર શ્રી પંચાસરા પાર્શ્વનાથજીનું છે. જે પહેલાં વનરાજ ચાવડાએ બંધાવેલું. બાદ નવા પાટણમાં તે પ્રતિમાજી પધરાવી નવું બંધાવેલું, જેમાં મૂલનાયકજીની પૂંઠ ગામને પડતી તેથી નવું ભવ્ય દેરાસર વિ૦ સં૦ ૨૦૧૧ માં તૈયાર થયું, ને તેની પ્રતિષ્ઠા મહા મહિનામાં થઇ. મૂલનાયક પ્રતિમાજી ભવ્ય અને સુપ્રસન્ન તેજસ્વી છે. જે સંપ્રતિ મહારાજના સમયના છે. પાટણના પ્રત્યેક જૈનોને માટે આ યાત્રાધામ ગણાય છે. આ મંદિરમાં બાવન જિનાલયનું કામ ચાલુ છે. બાવન જિનાલયનો સંકલ્પ સંઘે કરેલો, તેમાં બિરાજમાન કરવાના પ્રતિમાજી પાટણની નજીકનાં ગામમાંથી પ્રગટ થયેલ. એ ચોકમાં બીજાં બે મંદિરો છે. બાજુમાં જ આ૦ મ૦ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર' પણ દર્શનીય છે. વિશાલ મકાનમાં લોખંડના સંખ્યાબંધ કબાટોમાં પ્રાચીન જ્ઞાનગ્રંથોને વ્યવસ્થિત રીતે ત્યાં સાચવી રાખવાનો પ્રયત્ન થયો છે.

પાટણમાં અષ્ટાપદજીની ધર્મશાળા, કોટાવાળાની ધર્મશાળા, મોહનલાલ ઉત્તમચંદની ધર્મશાળા ઇત્યાદિ યાત્રાળુઓને અનુકૂળતાવાળી ધર્મશાળાઓ છે. ભોજનશાળા, આયંબિલખાતું વગેરે સાધનો સગવડતાભર્યાં અને વ્યવસ્થિત છે. શ્રી હેમચંદ્રાચાર્ય

જૈન લાયબ્રેરી આદિ સાહિત્ય સંસ્થાઓ છે. તદુપરાંત કેટલાક જૈન લતાઓના ઉપાશ્રયોમાં પ્રાચીન તાડપત્રીય, હસ્તલિખિત પ્રતોનો સારો સંગ્રહ છે. જૈન શાસનમાં સાહિત્યનો પરંપરાગત વારસો અદ્યાવધિ જૈન સંઘના હાથે જળવાઇ રહ્યો છે. તે વારસો વર્તમાન કાળના મહાત્માઓ માટે જૈનશાસનની આરાધનાને સારૂ પ્રબલ આલંબન છે. પંચાસરા દેરાસરની સામે શ્રી નગીનદાસ હૉલમાં શ્રી કેસરબાઇ જૈન જ્ઞાનમંદિર છે. અષ્ટાપદજીના દેરાસરમાં ઉપર તથા ભોંયરામાં તથા સામે એ બધે સુંદર અને મોટાં પ્રતિમાજી છે. આ દેરાસર રમણીય છે. ઝવેરીવાડામાં વાડી પાર્શ્વનાથનું દેરાસર ઉંચાઈમાં મોટું છે, આમાં કોતરકામ સુંદર છે, અહિં ચંદરવાનું શિલ્પ તથા અટારીનું કોતરકામ ભવ્ય છે. જોગીવાડામાં શામળાપાર્શ્વનાથજીનું દેરાસર પણ પ્રાચીન તથા ભવ્ય છે. મૂળનાયકજી ચમત્કારિક છે.

ઢંઢેરવાડામાં કસોટીના ભવ્ય પાર્શ્વનાથપ્રભુના પ્રતિમાજી છે. ઇત્યાદિ અનેકાનેક વિશાલ, ભવ્ય જિનમંદિરો, તથા પ્રાચીન સુંદર પ્રતિમાજી અહિં છે. મણીયાતીપાડામાં ૫, ડંખમહેતાના પાડામાં ૨, કુંભારીયાવાડામાં ૨, એ રીતે ધીવટામાં સંખ્યાબંધ જિનમંદિરો છે. ખેતરવશી, રાજકાવાડો, ગોળ શેરીઆદિમાં પણ અનેકાનેક સુંદર જિનાલયો છે.

## ૪: ખંભાત.

ગુજરાતના દક્ષિણ-પશ્ચિમ સમુદ્રકિનારા પર આવેલું ગુજરાતનું પ્રાચીન મહાતીર્થ સ્થંભનતીર્થ-ખંભાત, ઇતિહાસના પાનાઓ પર ખરેખર ગૌરવ પૂર્વક આલેખાયેલું છે. સેંકડો

જિનમંદિરો, હજારો લક્ષાધિપતિ જૈન શ્રીમંતો, તથા જ્ઞાનશાળા, જ્ઞાનભંડારોથી એક કાલે સમૃદ્ધ ખંભાત શહેર ઈ૦ સ૦ ૩૦૩ માં પણ પ્રસિદ્ધ હતું. એશિયા, મધ્યપૂર્વ તથા પશ્ચિમના પ્રવાસીઓ ખંભાત બંદરે પગ મૂકીને ભારતમાં આવતા. દરિયાઈ વ્યાપારના કારણે ખંભાતને 'દુનિયાનું વસ્ત્ર'ની ઉપમાથી નવાજવામાં આવતું આજે ખંભાતમાં દેરાસરો તથા ઘરદેરાસરો મળીને ૬૪ છે. ઉપાશ્રયો, પૌષધશાળાઓ લગભગ ૧૦–૧૨ છે. ધર્મશાળાઓ પણ છે. પાંચ મોટા જ્ઞાનમંદિરો છે. શ્રાવકોના લગભગ ૧૦૦૦ ઘરો છે. એક કાળે ખંભાતની નામના, એનો વ્યાપાર તેમજ એનો વૈભવ છેલ્લી ટોચે હતા. ખંભાતનો આ ભૂતકાલીન વૈભવ ૧૭મા સૈકામાં થઈ ગયેલા મહાકવિ શ્રી ઋષભદાસજીએ આ શબ્દોમાં આલેખ્યો છે; "ખંભાત શહેરમાં ૧૮ વર્ણનો વ્યાપાર સોળે કળાએ ખીલ્યો હતો. ત્યાંના ધનિકો, સાધુપુરુષોનાં ચરણો પૂજતાં. વિવેક અને સુવિચારથી ત્યાં અઢારે વર્ણના લોકો રહેતા હતા. ધનવાન લોકોના ઘરની સ્ત્રીઓ પટોળાં પહેરતી હતી. જ્યારે ધનિકો ત્રણ આંગળ પહોળા સોનાના અને હીરાના કંદોરા, તથા સોનાનાં સાંકળા પહેરતા હતાં." કવિ ઋષભદાસ આગળ વધતાં કહે છેઃ–

'પંચ્યાશી જિનના પ્રસાદ, ધ્વજ તોરણ તિહાં ઘંટનાદ;
પિસ્તાલીશ જ્યાં પૌષધશાલ, કરઈ વખાણ મુનિવાચાલ;
પડિક્કમણું પૌષધ પૂજાય, પુણ્ય કરતા દા'ડા જાય;
પ્રભાવના વ્યાખ્યાન જહાંહિ, સાહમ્મિવચ્છલ્લ હોઇ ત્યાંહિ;
ઠંડિલ ગોચરી સોહિ ત્યાંઈ, મુનિ પણ રહેતા હિંડી આઇ,

આ સ્થિતિ વિક્રમના ૧૭મા સૈકામાં ખંભાત શહેરની હતી. વિ૦ના ઠેઠ પાંચમા સૈકાથી ઉત્તરોત્તર વૃધ્ધિ પામતો ખંભાતનો વૈભવ ૧૭મા સૈકા સુધી ખીલતો જ રહ્યો હતો. ખંભાતે પોતાનો યશસ્વી ધ્વજ દિગંતોમાં ફેલાવ્યો હતો.

**જિનાલયો :** અહિં આજે મુખ્ય મંદિર શ્રી સ્થંભન પાર્શ્વનાથજીનું છે. શહેરમાં શ્રાવકોની વસતિવાળા ગણાતા ખારવાડામાં જે સિધ્ધરાજ ગૂર્જરેશ્વરના સમયમાં 'ઉદયનવસતિ' ના નામથી આ ભાગ પ્રસિધ્ધ હતો, તેમાં આ રમણીય દેરાસર આવેલું છે. આ પ્રતિમાજી ખૂબ જ ઐતિહાસિક તથા પ્રભાવશાળી છે. ૨૦ મા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનમાં શ્રી રામચંદ્રજી આદિને આ પ્રભુજીના પ્રભાવે સમુદ્રનું સ્થંભન થયું હતું. શ્રી નેમિનાથ ભગવાનના કાળમાં કૃષ્ણ વાસુદેવ, નાગકુમારદેવના સામર્થ્યથી આ પ્રભુજીને દ્વારિકામાં લાવ્યા હતા. દ્વારિકાના દાહ સમયે કૃષ્ણે આ પ્રભુજીને સમુદ્રમાં પધરાવ્યા હતા. બાદ કાંતિનગરીના ધનદત્ત શેઠનાં વહાણો સમુદ્રમાં સ્થિર થઇ ગયેલાં. ત્યારે તે સ્થળેથી શ્રી સ્થંભન પાર્શ્વનાથજીના પ્રતિમાજી પ્રગટ થયાં. તેઓને કાંતિનગરીમાં શેઠે સુંદર મંદિર બંધાવી બિરાજમાન કર્યાં. ભ૦ શ્રી મહાવીરદેવનાં શાસનમાં ત્યાર બાદ શ્રી પાદલિપ્તસૂરિજીના કાળમાં આ પ્રતિમાજીનાં સાનિધ્યથી નાગાર્જુને અનેક વિદ્યાઓ સિદ્ધ કરી હતી. તેણે આ પ્રતિમાજીને શેઢી નદીના કિનારે ખાખરાના વૃક્ષ નીચે ભંડારી દીધા હતા.

નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજનો આ મહા

મહિમાવંત પ્રભુજીનાં સ્નાત્રજલથી કોઢ રોગ દૂર થયો હતો. જે ખાખરાના ઝાડ નીચે આચાર્ય ભગવંતે પ્રભુજીને સંઘ સમક્ષ પ્રગટ કર્યા, ત્યાંજ શ્રી સંઘે સુંદર જિનમંદિર બંધાવ્યું. આજે પણ આ મહા ચમત્કારિક પ્રભુજી, ખંભાત તીર્થમાં તીર્થાધિપતિ તરીકે બિરાજમાન છે. વર્તમાન જિનમંદિરનો છેલ્લો જીર્ણોદ્ધાર વિ૦ સં૦ ૧૯૮૪ માં થયો છે. ધર્મશીલ શ્રેષ્ઠિવર્ય શ્રીયુત કસ્તુરભાઇ અમરચંદ આદિ શ્રાવકોના પરિશ્રમ, તથા ભક્તિભાવથી આ નૂતન ભવ્ય મંદિર તૈયાર થયું છે, અને ફાગણ સુદિ ત્રીજના દિવસે પૂ૦ શાસનસમ્રાટ સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિસૂરિશ્વરજી મ૦શ્રીનાં વરદ હસ્તે પ્રભુજીની પ્રતિષ્ઠા થઇ છે. આ પ્રભુજી મૂલનીલમરત્નના છે. તેના પર સુંદર લેપ કરેલો છે. ખારવાડામાં બીજા પણ સીમંધરસ્વામીજી, શ્રી અનંતનાથજી, શ્રી મુનિસુવ્રતસ્વામીજી શ્રી મહાવીરસ્વામીજી, આદિ પ્રભુજીનાં દેરાસરો છે. નાગરવાડામાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું દેરાસર છે. સંઘવી પોળ તથા બોલપીપળામાં પણ સંખ્યાબંધ ભવ્ય દેરાસરો છે. માણેકચોકમાં શ્રી આદીશ્વર પ્રભુજીનાં ભવ્ય પ્રતિમાજી ભોંયરામાં છે, જે ભોંયરાનો વિ૦ સં૦ ૨૦૧૦ માં ૬૦ હજાર રૂા. ખર્ચીને શ્રી જૈનશાળા તરફથી જીર્ણોધ્ધાર થયો છે. આ પ્રતિમાજી ૧૬૭૧ ની સાલમાં ભરાવેલા છે, શ્રી શત્રુંજયતીર્થ પરના ભ૦ શ્રી આદીશ્વરજીનાં બિંબની ભવ્ય સ્મૃતિ કરાવે તેવાં આ પ્રતિમાજી છે. જીરાવલા પાડામાં લગભગ ૨૦ દેરાસરોનો જીર્ણોધ્ધાર કરીને ત્રણ મજલાનું ગગનચુંમી પાંચ શિખરયુક્ત ભવ્ય જિનમંદિર રૂા. ૩ા લાખના ખર્ચે તૈયાર

થયેલું છે; જેમાં ધર્મશીલ ઉદારચરિત શ્રેષ્ઠિવર્ય શ્રીયુત શેઠ પોપટભાઇ અમરચંદનો પરિશ્રમ, ખંત તથા આપભોગ પ્રશંસનીય બન્યા છે. આમાં મૂલનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનાં બિંબ ભવ્ય છે. નીચે શ્યામ પાષાણના વિશાલ તથા ભવ્ય શ્રી નેમિનાથ પ્રભુના પ્રતિમાજી છે. બજારમાં ચિંતામણિ પાર્શ્વનાથજીનું ભોંયરાવાળું ભવ્ય મંદિર પણ રમણીય છે. ઉપર મૂલનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનાં પ્રસન્ન તથા ભવ્ય પ્રતિમાજી છે, ભોંયરામા સ્થંભન પાર્શ્વનાથજીના પ્રતિમાજી શ્વેત જાણે હમણાં જ સંગેમરમરના પાષાણુમાંથી કંડારીને તૈયાર કર્યા હોય તેવા તેજસ્વી છે. આ મંદિર જગદ્ગુરુ તપાગચ્છાધિપતિ સૂરિ સમ્રાટ આચાર્યદેવશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટધર આ૦ શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ૦ ના વરદ હસ્તે અંજનશલાકા તથા પ્રતિષ્ઠિત થયેલ છે. આ મંદિર ગંધારના શ્રાવકબંધુ વાજિયારાજીયાએ બંધાવેલ છે.

આ ઉપરાંત બોલપીપળો, સંઘવીની પોળ. આલીપાડો, ખીમટી, માંડવીની પોળ, કુંભારવાડો, અલિંગ, ચોકસીની પોળ, ઇત્યાદિ થઇને મોટા—નાના દેરાસરો મળી કુલ ૬૪ દેરાસરો છે. અને શકરપરામાં ભ૦ શ્રી પાર્શ્વનાથસ્વામી તથા ભ૦ શ્રી સીમંધરસ્વામીનું ભવ્ય જિનાલય છે. વિશાલ ચોકમાં ગુરુ મંદિર સામે ધર્મશાળા છે.

ગુજરાતના ત્રણ મોટા શહેરો પાટણ, અમદાવાદ તથા ખંભાતમાં એવા સંખ્યાબંધ જિનમંદિરો છે, કે જેમાં બિરાજમાન પ્રભુજીની પ્રતિષ્ઠા—અંજનશલાકા, પૂજ્યપાદ—જગદ્ગુરુ આ૦ મ૦ શ્રી વિજયહીરસૂરિશ્વરજી મ૦ તથા તેઓના શિષ્ય—પ્રશિષ્યોનાં

શુભ હસ્તે થઇ છે. પૂ૦ આ૦ મ૦ શ્રી હીરસૂરિજી મ૦ નો કાલ ખરેખર જૈન શાસનમાં દર્શન પ્રભાવનાનો અનુપમ કાળ હતો. તે કાળમાં સેંકડો પ્રતિષ્ઠાઓ, ધર્મમહોત્સવો, સેંકડો સંઘયાત્રાઓ આદિથી ધર્મ ઉદ્યોત અપ્રતિમ થઇ રહ્યો હતો. ખંભાતમાં પણ એવા કેટલાયે મંદિરોમાં તેઓશ્રીના કાળમાં પ્રભુ પ્રતિષ્ઠાઓ થયેલી છે. ખંભાત શહેરમાં આજે લગભગ બધા દેરાસરો રંગ-રોગાન તથા તીર્થોના ભવ્ય દર્શનીય પટ્ટોથી અલંકૃત છે. ખારવાડામાં શ્રી સીમંધરસ્વામીના દેરાસરમાં જુના સમયનું લાકડા પરનું નકશી-કામ આજે પણ જોનારને આશ્ચર્યચકિત કરે છે. સ્ફટીકના પ્રતિ-માજી અહિં છે. બજારમાં ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરમાં ૧ ફુટ ઉંચા સ્ફટિકના પ્રતિમાજી છે.

એકંદરે ખંભાત શહેરમાં સખ્યાબંધ ભવ્ય જિનમંદિરો જૈનોના પ્રત્યેક લતાઓમાં રહેલા છે; જે જૈન સમાજની ભક્તિ, ભાવના, તથા ધર્મશ્રધ્ધાના મૂક સાક્ષીરૂપ છે. જૈનોની પ્રાચીન સમૃધ્ધિ તથા તેના વભવના આ બધા આદર્શ પ્રતીકો ઉજ્જવળ ઇતિહાસ રૂપે આજે પણ આપણને આંગળી ચીંધી રહ્યાં છે. આ બધાં ભવ્ય જિનમંદિરોથી ખંભાત શહેર તીર્થભૂમિ છે. વર્તમાન કાલે જૈનો વ્યાપારાર્થે મુંબઇ આદિ સ્થળે વસતા હોઇ સ્થાનિક વસતિ ઘટતી જાય છે. વ્યાપાર આદિની પડતીના કારણે આજે ખંભાતના જૈનો મુંબઇ, અમદાવાદ આદિ સ્થળોમાં વસવાટ કરી રહ્યા છે. છતાં પોળે પોળે કે વાડે વાડે જે જિનમંદિરો છે, એ બધાં સ્વચ્છ, સુંદર તેમજ બે વર્ષે, ચાર વર્ષે રંગ-રોગાન આદિથી મનોહર રમણીય લાગે છે. માટે જ દેશ-દેશાવરના જૈનો માટે આ શહેર યાત્રાધામ કહી શકાય.

ખંભાત તથા પાટણ શહેરના આ બધા સંખ્યાબંધ જિનાલયોની ભક્તિને માટે દેરાસરોનાં કામકાજ તથા પૂજા આદિ માટે શ્રાવકોના વારા હોય છે. વારા પ્રમાણે દેરાસરનું કામકાજ સૌ ભક્તિભાવ પૂર્વક કરે છે. અત્યારસુધી આ પ્રણાલી ચાલુ છે. આ હકીકત એક કે બે મંદિરો સો-બસો ઘરની વસતિવાળા શહેરમાં હોવા છતાં પૂજારી કે નોકરીયાત માણસો આદિથી જ કામ લેનારાઓને બોધ આપી જાય છે.

**ઉપાશ્રયો-જ્ઞાનભંડારો**: શહેરના મધ્યલતારૂપ ખારવાડામાં આવેલો જૈનશાળાનો ઉપાશ્રય વિશાળ તેમજ સુંદર છે. અનેકાનેક આચાર્યદેવોના ચાતુર્માસ આ સ્થાને થયેલા છે. ઉદારદિલ શેઠ શ્રી પોપટભાઈ અમરચંદ તથા તેઓના લઘુબંધુ ધર્મનિષ્ઠ શેઠ શ્રી કસ્તુરભાઈ આદિના તન, મન, તેમજ ધનના ભોગે આ જૈનશાળાની જાહોજલાલિ અદ્યાવધિ અખંડિત રહી છે. ખંભાતમાં કે દેશ-પરદેશમાં, શેઠ અમરચંદ પ્રેમચંદના કુટુંબની ભક્તિ, ભાવના તેમજ ધર્મશ્રદ્ધા આજે પણ સુપ્રસિદ્ધ છે. જૈનશાળાનો વ્યાખ્યાન હોલ પણ વિશાલ છે. અહિં જૈનશાળા હસ્તકના સંખ્યાબંધ દેરાસરોનો વહિવટ થાય છે. અનેક પ્રાચીન અર્વાચીન જ્ઞાન ભંડારો જૈનશાળાના હસ્તક રહે છે; જેમાં પૂ૦ શ્રી જ્ઞાનવિમલસૂરીજી મ૦ નો હસ્તલિખિત જ્ઞાનભંડાર ગણી શકાય. સેંકડો હસ્તલિખિત પ્રતો અહિં છે; જેમાં કેટલી તો અદ્યાવધિ અપ્રસિદ્ધ છે. વિ૦ સં૦ ૨૦૦૪ ના ચાતુર્માસમાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભનિશ્રામાં આ જ્ઞાનભંડાર વ્યવસ્થિત રીતે તૈયાર કરાવાયો છે. તે તે પ્રતોનાં નામ, ભાષા, રચનાકાલ, લેખનકાલ, ઇત્યાદિ બધું

સુવ્યવસ્થિત લીસ્ટ તૈયાર થયું છે. આ ભંડાર શેઠ અમરચંદ પ્રેમચંદની ! ન્હાની જૈનશાળામાં છે. આ ઉપરાંત પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ૦શ્રીની જ્ઞાનશાળા, જેમાં પ્રાચીન-અર્વાચીન મુદ્રિત તથા લિખિત પ્રતો તથા પુસ્તકોનો સારો સંગ્રહ છે, જે ખારવાડામાં આવેલ છે. ભોયરાપાડામાં હસ્તલિખિત તાડપત્રીય પ્રાચીન જ્ઞાનભંડાર છે; જે બહુજ પ્રાચીન તથા સુંદર છે. આ ભંડારને વ્યવસ્થિત કરવામાં પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ તથા પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી વિજયકુમુદસૂરિજી મ૦ નો પરિશ્રમ પ્રશંસનીય છે. જૈનશાળામાં દાદાશ્રી શ્રી નીતિવિજયજી મહારાજનો જ્ઞાનભંડાર પણ વ્યવસ્થિત અને છેલ્લામાં છેલ્લા ન્યાય, વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય તથા અર્વાચીન સાહિત્યનાં પ્રકાશનોથી સુસમૃદ્ધ છે. પં૦ કનકવિજયજી ગણિ શાસ્ત્રસંગ્રહ તથા શ્રી નીતિવિજયજી શાસ્ત્ર સંગ્રહમાં બધું મળી એકંદરે ૬ હજાર પુસ્તકો, ૩ હજાર પ્રતો છે. શેઠ શ્રી મણિલાલ પીતાંબર હસ્ત લિખિત શાસ્ત્ર સંગ્રહ જે શ્રોફ શ્રી શાંતિલાલ મણિલાલ દ્વારા સંગ્રહિત છે, તેમાં તાડપત્રીય પ્રતો તથા હસ્તલિખિત પ્રાચીન સંગ્રહ સુંદર છે. બજારમાં શ્રી આત્મકમલ જૈન લાયબ્રેરી, તેમજ મહાવીર જૈન સભા આદિ સંસ્થાઓ છે. જીરાવલાપાડામાં જૈન ધર્મશાળા છે; જેમાં હાલ ભોજનશાળા ચાલે છે. બીજી પણ અંબાલાલ પાનાચંદની ધર્મશાળા બજારમાં આવેલી છે. નાના ચોળાવાડામાં શેઠ બુલાખીદાસ નાનચંદનો જૈન ઉપાશ્રય આવેલો છે. જેમાં પૂ૦ પાદ આચાર્યાદિ મુનિવરોના ચાતુર્માસો થાય છે. બાજુમાં આયંબિલ ખાતું છે માણેકચોકની પાછળ લાડવાડમાં એક ઉપાશ્રય છે. આ ઉપ-

શાંત પાયચંદગચ્છનો ઉપાશ્રય, ખરતરગચ્છનો ઉપાશ્રય, કીર્તિશાળા, બ્રહ્મપુરીનો ઉપાશ્રય આદિ ઉપાશ્રયો અહિં સંખ્યાબંધ છે.

**ખંભાતનો પ્રાચીન ઇતિહાસ** : વિ૦ નાં ૯ મા શતકથી ખંભાતના ગૌરવનો ઇતિહાસ સળંગપણે આપણને મળી રહે છે. ખંભાતના બંદર પરથી દેશ-પરદેશ માલ ચઢતો તેમજ ઉતરતો. જાવા, સુમાત્રા, ઇરાન, ઇજીપ્ત, ચીન, જાપાન, એડન, આફ્રિકા આદિ દૂર દૂર દેશોમાં ખંભાતનો વ્યાપાર વ્યવસાય ધમધોકાર ચાલતો હતો. કલિકાલ સર્વજ્ઞ આ૦ મ૦ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના સમયમાં અહિં સો કરોડપતિઓ વસતા હતા. મહારાજા સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાલ મહારાજાના રાજ્ય કાલમાં ખંભાત બંદર મુખ્ય વ્યાપાર કેન્દ્ર ગણાતું. ગુજરાતના કોઈ પણ ખૂણેથી દેશ-પરદેશ જવા માટે આ શહેર બંદર ગણાતું. જૈન શાસનમાં અમર નામના પ્રાપ્ત કરી ગયેલા મહામંત્રીશ્વર ઉદાયન અહિં જ મ્હોટે ભાગે રહેતા. આજે જ્યાં શ્રી સ્થંભનપાર્શ્વનાથજીનું દેરાસર છે, તે લતો તેમના નામથી પ્રસિધ્ધ હતો. ઉદયન વસતિ તરીકે તે સ્થલ ઓળખાતું. તેમના જ હસ્તક પૂ૦ આ૦ મ૦ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ૦ શ્રીની દીક્ષા ખંભાત શહેરમાં થયેલી. આજે બ્રહ્મપુરીનો ઉપાશ્રય એ આ૦ મ૦ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ૦ ના ઉપાશ્રય તરીકે પ્રસિદ્ધ છે. ખંભાતના દાનવીર સુશ્રાવકોમાં રાજીયા વાજીયા જેઓ મૂલ ગંધારના હતા, અને અહિં આવીને વસ્યા હતા; ૧૬૬૧ માં દુષ્કાળ સમયે હજારો મણ અનાજ લઇ, ભૂખ્યા તથા દરિદ્રોને અન્ન વસ્ત્રો આપ્યા હતા. એક જ વર્ષમાં તેમણે ૨૩ લાખ રૂ. ખર્ચ્યા હતા. તેમનું સન્માન રાજ્યમાં એટલું હતું કે, ફાંસીની

સજા પામેલો તેમના નામથી છૂટી જતો. તેજપાલ સંઘવી, ઉદયકરણ સંઘવી, તેમજ મહાકવિ શ્રી ઋષભદાસજી આદિ અહિં થઇ ગયા છે. પૂ૦ આ૦ મ૦ શ્રી સોમસુંદરસૂરિજી, પૂ૦ આ૦ મ૦ શ્રી હીરસૂરિજી મ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી સેનસૂરિજી આદિ પુણ્ય પ્રભાવક સમર્થ સૂરિદેવોની શુભ નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવો, દીક્ષા મહોત્સવો તથા સંઘ યાત્રાઓના મહોત્સવો અહિં થયેલા છે. વસ્તુપાલ-તેજપાલના સમયમાં પણ આ શહેર જાહોજલાલીના શિખર પર હતું. દાનવીર શ્રીધર શેઠ જેમણે સમ્યકત્વ વ્રત તથા ચતુર્થવ્રત સ્વીકારના ઉદ્યાપન નિમિત્તે ગામે-ગામનાં સંઘોમાં સોનામહોરોની પ્રભાવના કરી હતી, તે અહિંના હતા. તેમની પ્રભાવના-પહેરામણી માંડવગઢના મંત્રીશ્વરને પ્રાપ્ત થતાં પેથડકુમારે ૩૬ વર્ષની યુવાન વયે ચતુર્થ વ્રત સ્વીકાર્યું હતું.

આવું પ્રાચીન ભવ્ય તથા તવારીખના પાને તેજસ્વી બનેલું ખંભાત શહેર, આજે દરિયો દૂર થતાં ખાડી ભરાઈ જતાં બંદર તરીકે નામશેષ બનતું ગયું. સાથે સાથે વ્યાપાર-ઉદ્યોગોમાં પાછું પડતું ગયું. વર્તમાનના વાહન વ્યવહારના ઝડપી સાધનોથી આઘું થતાં કાલબલે એની પરિસ્થિતિમાં પલટો આવ્યો. છતાં અનેક મંદિરો, ઉપાશ્રયો, જ્ઞાન ભંડારો તથા દેવ-ગુરુભક્તિ તેમજ ધર્મશ્રદ્ધા આદિના ગૌરવથી આજે પણ ખંભાત શહેર ઐતિહાસિક તીર્થભૂમિ તરીકેનું પોતાનું પુરાણું તેજ જાળવી રહ્યું છે.

આજે ખંભાત શહેરના જૈન સમાજની ધર્મભાવનાનું એ પરિબલ છે કે, અનેક બાળ બ્રહ્મચારિણી બાળાઓ સંયમ સ્વીકારી સાધ્વી જીવનમાં આરાધના કરી રહેલ છે.

ખંભાતમાં મકાઇ દરવાજાના નાકે જામી મસ્જીદ આવેલી

છે. આ મસ્જીદ ૨૧૨ ફીટ લાંબી અને ૨૫૨ ફીટ પહોળી છે. એનું શિલ્પ તથા તેના અવશેષોથી નિશ્ચિત કહી શકાય કે, આ મસ્જીદ પૂર્વકાળમાં જૈન મંદિર હોવું જોઇએ.

ખંભાત શહેર, અમદાવાદથી પગપાળા રસ્તે લગભગ ૬૫ માઇલ જેટલું દૂર છે. વેસ્ટર્ન રેલ્વેની અમદાવાદથી મુંબઈ જતી મેઇન લાઈનના આણંદ સ્ટેશનથી રેલ્વે રસ્તે ૩૫ માઇલ છે, અને અમદાવાદથી આણંદ લગભગ ૪૦ માઇલ થાય. આણંદમાં શ્રાવકોના ઘરો છે, જૈન ધર્મશાળા છે; દેરાસર છે. આણંદથી ખંભાતના રસ્તે પેટલાદમાં ૪ દેરાસરો છે. નાર, તારાપોર આદિ સ્થળોએ દેરાસર, ઉપાશ્રય તથા શ્રાવકોની વસતિ વગેરે છે. ખંભાતની આજુબાજુ પરા તથા ગામડાઓમાં દેરાસરો છે. ખંભાતથી ૭ માઇલ પર રાળજ ગામમાં પણ દેરાસર છે. આ દેરાસરોનો વહિવટ જૈનશાળા હસ્તક છે. ખંભાતથી પૂર્વ દિશામાં ૧૨ ગાઉ પર બોરસદ જૈનોની સારી વસતીવાળું ગામ છે; જ્યાં દહેરાસરો છે, બે–ત્રણ ઉપાશ્રયો છે.

## ૫: ભરૂચ :

**પૂર્વ ઇતિહાસ :** પ્રાચીન લાટ દેશની પ્રસિધ્ધ રાજધાની ભરૂચ શહેર આજે તો કાલબલે પલટાઇ ગયું છે. ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામીનાં શાસનમાં આ સ્થાન ઐતિહાસિક તીર્થભૂમિ તરીકે સુપ્રસિદ્ધ હતું. ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામી કેવળજ્ઞાન પામ્યા પછી વિહાર કરતાં કરતાં પ્રતિષ્ઠાનપુર પધાર્યા હતા; ત્યાંથી અશ્વને બોધ આપવા એક રાતના ૬૦ ગાઉનો વિહાર કરી અહિં પધાર્યા હતા. ત્યારથી આ તીર્થ અશ્વાવબોધ મહા-

તીર્થના નામે પ્રખ્યાત થયું. સિંહલ દેશની રાજકુમારી સુદર્શના પૂર્વ ભવમાં અહિં સમળી હતી, અને નવકાર મંત્રના પ્રભાવે રાજકુમારી થઈ. તેણે અહિં આવીને ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામીનું ભવ્ય જિનમંદિર બંધાવ્યું; જે 'શકુનિકા વિહાર' તરીકે પ્રસિધ્ધિને પામ્યું. ભરૂચ શહેરનું જુનું નામ 'ભૃગુકચ્છ' પણ કહેવાય છે. જૈન ઇતિહાસમાં તો 'ભરૂઅચ્ચ' તરીકે આ તીર્થ ઓળખાય છે. શ્રીપાલ મહારાજાના સમયમાં આ જ શહેરમાં શ્રીપાલ મહારાજાને ધવલ શેઠ મલ્યા હતા, ને તેમના વહાણોને આ જ બંદરથી શ્રીપાલ મહારાજાએ નવપદના પ્રભાવે સમુદ્ર માર્ગે હંકારાવ્યા હતાં. ચીન, જાપાન, જાવા, સુમાત્રા, એડન, આફ્રિકા ઇત્યાદિ દૂર-દૂરના દેશ-પરદેશોની સાથે આ બંદરનો વ્યાપાર-વ્યવસાય ધમધોકાર ચાલતો હતો.

વિ૦ ના ૧૧ મા તથા ૧૨ મા સૈકામાં ગુર્જરેશ્વર સિધ્ધરાજ જયસિંહ તેમજ પરમાર્હત કુમારપાળ મહારાજાના રાજ્યકાલમાં આ શહેર ગુજરાતનું સુરક્ષિત નાકું ગણાતું હતું. ગુજરાતના મહામાત્ય શ્રી ઉદાયનના પુત્ર આંબડે અહિં પ્રાચીન શકુનિકા વિહાર જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. કુમારપાલના રાજ્ય સમયે વાગ્ભટ્ટ અહિં દંડનાયક હતા. ત્યાર બાદ મુસ્લીમ રાજ્ય કાલમાં પુરાણા ભરૂચ શહેરનો ભંગ થતો ગયો. તે અવસરે પૂર્વકાલના ભવ્ય જિનમંદિરોનો યવનોના હાથે અહિં નાશ થયો હતો. છતાં શ્રી જૈન સંઘનું ગૌરવ, ધર્મભાવના તેમજ શ્રધ્ધા અણનમ રહ્યાં. પરિણામે આજે પણ ભલે ભરૂચનો વૈભવ, સમૃધ્ધિ તથા વ્યાપારો પડી ભાંગ્યાં, પણ તેની ભવ્યતા, તેજ તથા ધર્મસમૃધ્ધિના મૂક સાક્ષીરૂપે ૧૨ સુંદર જિનમંદિરો અહિં છે.

જેમાં ૯ દેરાસરો તો શ્રીમાળીપોળ જેવા શહેરના મધ્ય લતામાં ઉભાં છે. જે કાલની કરામતને જાણે હસી રહ્યા હોય તે રીતે ગગનની સાથે વાતો કરતા શિખરોથી સોહામણાં લાગે છે.

ભરૂચમાં શ્રીમાળી પોળ–ઉંડીવખારનાં મુખ્ય જિનમંદિર ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામીજીનું છે. આ દેરાસર ખૂબ જ સુંદર તથા વિશાળ છે. મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીનાં પ્રતિમાજી પ્રાચીન તથા મહાપ્રભાવિક છે. આ પ્રતિમાજી ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનમાં ભરાયેલા છે, તેથી આ પ્રતિમાજી જીવંતસ્વામી તરીકે પ્રસિદ્ધ છે. એમ પ્રાચીન ઇતિહાસનાં પ્રમાણો મળે છે. ભ૦ શ્રી ગૌતમસ્વામીજીએ અષ્ટાપદ મહાતીર્થ પર 'જગચિંતામણિ' દ્વારા જે જે પ્રભાવિક તીર્થોની સ્તવના કરી છે, તેમાં 'ભરૂઅચ્છહિં મુણિસુવ્વય' થી ભરૂચમાં બિરાજમાન ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીની સ્તુતિ કરી છે. ભરૂચ શહેર તેમજ આ મહાતીર્થાધિપતિ ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામીના પ્રતિમાજીની ઐતિહાસિકતા આથી સિધ્ધ થાય છે. આ ઉપરાંત શ્રીમાળીપોળમાં શ્રી આદીશ્વરજી, શ્રી અનંતનાથજી, શ્રી કલ્યાણ પાર્શ્વનાથજી, એ રીતે અન્ય ૮ દેરાસરો, છે, જે સુંદર તથા રમણીય અને પ્રાચીન છે. શ્રાવકોની વસતી આ બાજુના લતામાં છે. આજે શહેરમાં જૈનોની વસતિ ૨૦૦ જૈનોની ગણાય છે. મુનિસુવ્રતસ્વામીનાં દેરાસરમાં ભોંયરામાં સહસ્ત્રફણા પાર્શ્વનાથજીના પ્રતિમાજી રમણીય છે. આ લતાથી દૂર પશ્ચિમ બાજુ વેજલપુર નામના પરામાં પણ લાડવા શ્રીમાળી શ્રાવક ભાઇઓ તથા મારવાડીભાઇઓની ૪૦૦–૫૦૦ જૈનોની વસતિ છે. ભ૦ શ્રી આદીશ્વરજીનું એક દેરાસર છે. ભરૂચ સ્ટેશનથી ગામમાં આવતાં

કબીરપરામાં શ્રી શાંતિનાથજીનું દેરાસર છે; જ્યાં ૩૦–૩૫ જૈનોની વસતિ છે.

આ રીતે ભરૂચ શહેરમાં સુંદર દેરાસરો, ઉપાશ્રયો આદિ ધર્મસ્થાનો આજે પણ તેના પૂર્વકાલીન ગૌરવમાં વધારો કરી રહ્યાં છે. શહેરમાં અન્યાન્ય દર્શનીય ઐતિહાસિક સ્થાનોમાં જુમ્મા-મસ્જીદ ગણાય છે; જે મસ્જીદ પૂર્વકાળમાં જૈનમંદિર હોવાના પુરાવા રજુ કરે છે. કુમારપાળ મહારાજાના સમયમાં જે 'શકુ-નિકા વિહાર' મંદિર તૈયાર થયેલું તે અલ્લાઉદ્દીન ખીલજીના કાળમાં મસ્જીદ રૂપે બની ગયાની સંભવના છે. આને અંગે પુરાતત્ત્વના વિદ્વાનો પણ એક મતે કબુલે છે. તેઓ કહે છે; ઇ૦ સ૦ ૧૨૯૭માં અલ્લાઉદ્દીન ખીલજીએ ગુજરાત સર કર્યું, એ સમયે ભરૂચ પણ મુસલમાનોના હાથમાં ગયું. તેઓએ ગુજરાતમાં ઘણે સ્થળે હિન્દુ અને જૈન દેવાલયોને મસ્જીદમાં ફેરવી નાંખ્યાં. એ કાળમાં ભરૂચની જુમ્મામસ્જીદ પણ જૈન મંદિરોમાંથી પરિવર્તિત બનેલી લાગે છે. અત્યારે પણ ત્યાંના અવશેષો ખંડિત થયેલા પુરાતન જૈન વિહાર કે મંદિરનો ભાગ છે એમ જણાય છે. આ સ્થળની પ્રાચીન કારીગરી, આકૃતિઓની કોતરણી, રસિકતા, સ્થાપત્ય, શિલ્પની કળાનું રૂપ અને લાવણ્ય અજોડ છે.' ('આર્કીયોલોજીકલ ઓફ વેસ્ટર્ન ઇન્ડીયા' પુસ્તક : ૬ વોલ્યુમ- પેજ ૬૬ )

આ મસ્જીદ આજે ભરૂચ શહેરના બજાર વચ્ચે ઉભી છે. શહેર નર્મદા નદીના કિનારા પર પાઘડી પનાના વિસ્તારમાં ઉંચા–નીચા ટેકરાઓ પર લાંબુ પથરાયેલું છે. મુંબઈ–અમદા-વાદ વચ્ચેની વેસ્ટર્ન રેલ્વે લાઇન પર ભરૂચ સ્ટેશન આવેલું છે.

આ નગર, જૈન સાહિત્યમાં તથા બૌધ્ધ સાહિત્યમાં અતિ પ્રાચીન કાલથી સુપ્રસિદ્ધ છે.

### ૬ અમદાવાદ :

**પૂર્વ ઇતિહાસ :** ગૂજરાતના પાટનગર તરીકે અમદાવાદ આજે સુપ્રસિદ્ધ છે. રાજનગર અથવા જૈનપુરીના નામથી પણ આ શહેર આજે ઓળખાય છે. વિ૦ સં૦ ૧૪૬૮ માં અહમદશાહ બાદશાહે અમદાવાદ શહેરનો પાયો નાંખ્યો હતો. ઇતિહાસ કહે છે કે, 'અમદાવાદના સ્થાને પહેલાં ઘણી વસતિવાળું આશાવલ (અસારવા તરીકે આજે ઓળખાતું) શહેર હતું. સિદ્ધરાજના પિતા કર્ણદેવે તેને વસાવી કર્ણાવતી નામ આપ્યું હતું. વિ૦ ૧૨ મા સૈકામાં કર્ણાવતીની જાહોજલાલી ચોમેર ફેલાયેલી હતી. ૮૪ કોટયાધિપતિ અને વિશાળ જિનમંદિરો અહિં હતાં. પરંતુ અમદાવાદ વસવા સુધી એનું નામ આશાવલ રહ્યું. અને અમદાવાદ વસ્યા પછી તે એના પરા તરીકે ગણાયું. અમદાવાદનો વૈભવ સમગ્ર એશીયામાં ફેલાયેલો હતો. અમદાવાદની હુંડી દુનિયાના બધા બજારોમાં સ્વીકારાતી. અમદાવાદના વ્યાપારી મહાજનોનો પ્રભાવ એટલો પ્રબળ પડતો કે, એના અવાજને દીલ્હીના બાદશાહો માન આપતા હતા.

અમદાવાદની જાહોજલાલીને પણ કાળબળની અસર પહોંચી. મુસલમાનો અને મરાઠાઓના વિગ્રહકાળમાં અમદાવાદે ઘણું–ઘણું સહન કર્યું છે. એ કાળમાં અમદાવાદનો વૈભવ ચૂંથાઇ ગયો. હાલ આપણે જે અમદાવાદ જોઇએ છીએ, તે અસલનું બાદશાહી અમદાવાદ નથી. આજથી બસો વર્ષ પહેલાં અમદાવાદ જુદું જ હતું. એની ચારે બાજુ ફરતાં લીલાછમ બગીચાઓ

હતા. અનેક ધનપતિઓ, અને અમીરોના મહેલો હતા. હજારો સુંદર મંદિરો, મસ્જીદો તથા બાગ-બગીચાઓથી અમદાવાદ શહેર તે વખતે કેવું શોભતું હશે તેની આજે તો કેવળ કલ્પના જ કરવાની રહે છે.

અમદાવાદના જૈન મહાજનોનો તાપ તે કાલમાં ભલ-ભલા બાદશાહોની ઉપર પણ કડકપણે પડતો હતો. તેને અંગેની ઐતિહાસિક હકીકત છે કે, 'વિ૦ સં૦ ૧૬૯૪માં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું બાવન જિનાલયવાળું ભવ્ય મંદિર શ્રી શાંતિદાસ શેઠે સરસપુરમાં બંધાવ્યું હતું; જે હઠીસીંગભાઇની બહારની વાડી જેવું જ ભવ્ય હતું, અને ૭ લાખ રૂા. ખર્ચ્યાં હતા. તે ઉત્તરાભિમુખ હતું. એ વખતે ગુજરાતના મુસ્લીમ અમલદારે અંધાધૂંધીનો લાભ લઇ, તે મંદિર તોડી પાડયું હતું. પણ આ અત્યાચારની વાત દીલ્હીના બાદશાહ શાહજહાંના કાને પહોંચી.

શાહજહાંએ તરતજ શાંતિદાસ શેઠને ફરમાન કાઢી આપ્યું, જેમાં અમદાવાદના સુબાને આદેશ કર્યો હતો કે, 'મંદિરમાં જે કાંઇ તોડ ફોડ થઇ છે, તે બધું સમરાવી, જે કાંઈ લઇ ગયા હોય તે લાવી, આખું એ મકાન શાંતિદાસ શેઠને સોંપી દેવું. તે મકાનને તેમના ધર્મસ્થાન તરીકે રહેવા દેવું'.

શાંતિદાસ શેઠના આ ભવ્ય જિનમંદિરના અવશેષો આજે તો કાળની ક્રૂર કરામતના ભોગ થઈ પડયા છે. છતાં તે દેરાસરના બધા પ્રતિમાજી આજે પણ શહેરનાં જુદાંજુદાં દેરાસરોમાં મોજુદ છે. એમ કહેવાય છે, કે, મોગલાઈના કાળમાં મુસલમાન બાદશાહોના જુલ્મોથી પ્રતિમાજીનું રક્ષણ કરવા શાંતિદાસ શેઠે

લાંબી સુરંગ ખોદાવી રાખી હતી. સુરંગ એટલી પહોળી હતી કે તેમાં ગાડું ચાલી શકતું. સુબાના તોફાન વખતે આ સુરંગ દ્વારા તે દેરાસરમાંના ચૌમુખજીના ૪ પ્રતિમાજી ઝવેરીવાડમાં લાવવામાં આવ્યા હતાં. તેમાંના ત્રણ આજે વાઘણ પોળમાં આદીશ્વરજીના ભોંયરામાં છે, અને ચોથા પ્રતિમાજી નીશાપોળમાં જગવલ્લભ પાર્શ્વનાથના ભોંયરામાં છે. શાંતિદાસ શેઠના દેરાસરના મૂલનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના શામળા પ્રતિમાજી વાઘણ પોળમાં ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરમાં મૂલનાયક તરીકે આજે બિરાજમાન છે.

અમદાવાદ શહેર અને પરાઓમાં થઈને આજે લગભગ ૨૦૫ જિનમંદિરો વિદ્યમાન છે. લગભગ ૫૦ હજારની સંખ્યામાં જૈનોની વસતિ છે. આજુ-બાજુના ન્હાના ન્હાના ગામડાઓ ભાંગી પડવાના કારણે વ્યાપાર-વ્યવસાયના નિમિત્તે ચોમેરથી જૈનો આજે શહેરમાં આવીને વસવા લાગ્યા છે. દિન-પ્રતિદિન અમદાવાદ વ્યાપાર-ઉદ્યોગમાં વધતું જાય છે. આમાં જૈનોનો હિસ્સો મહત્ત્વનો છે. ભૂતકાલનો ઇતિહાસ કહે છે કે 'અમદાવાદના જૈનોએ ધર્મ, સમાજ, રાષ્ટ્ર તથા સંસ્કૃતિના ઉત્થાનમાં ઘણો ભોગ આપ્યો છે. નગરશેઠ કુટુંબના પૂર્વજો શ્રી શાંતિદાસ શેઠ, ખુશાલદાસ શેઠ આ બધા ઉદાર દિલ જૈન શ્રીમંતોની તીર્થસેવા, દેશસેવા તથા સમાજસેવા સુપ્રસિદ્ધ છે.'

**જૈન દેરાસરો** : શહેરની ઉત્તરે દીલ્હી દરવાજા બહાર શેઠ હઠીભાઈનું દેરાસર કે જે આજે બહારની વાડીનું દેરાસર કહેવાય છે, તે તીર્થ જેવું રમણીય છે. આ મંદિરના વિશાલ ચોકમાં બાવન જિનાલય છે. મંદિર સુંદર, ગગનચુંબી તથા ભવ્ય છે.

ગુજરાતના સલાટોનું કલાકૌશલ્ય આ મંદિરમાં આબાદ દેખાઇ આવે છે. મંદિરની બહારના દ્વાર તથા રંગમંડપની રચના અદ્ભુત છે. મંદિરમાં મૂલનાયક તરીકે શ્રી ધર્મનાથ ભગવાનની મનોહર મૂર્તિ બિરાજમાન છે. મંદિરનો ઘાટ દેવવિમાન જેવો છે. રંગમંડપ, નૃત્યમંડપ, ચોકીઓ, બહારનો વિશાલ ચોક આ બધું ખરેખર મંદિરની અલૌકિક શોભામાં વધારો કરી રહ્યું છે. આજે લાખો ખરચવા છતાં આટ–આટલા છેલ્લા સાધનોના યુગમાં પણ આવું વિશાલકાય ભવ્ય દેવમંદિર બની શકે કે કેમ? એ જ્યારે કલ્પનાનો વિષય છે; ત્યારે તે કાળમાં ધર્માત્મા ઉદારચરિત શેઠ શ્રી હઠીભાઇએ આવું સુંદર મંદિર તૈયાર કરાવ્યું. એ ખરેખર ભક્તિ, ભાવના તથા ઉદારતાનો ત્રિવેણી સંયોગ હોય તો જ બની શકે. આ દેરાસર શેઠ હઠીભાઇએ વિ૦ સં૦ ૧૮૯૮ માં બંધાવ્યું છે. અને તેની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૯૦૩ માં શ્રી શાંતિસાગરસૂરિના હાથે થઇ છે.

અમદાવાદ શહેરમાં પોળોની પોળો એવી છે કે જેને જોતાં એમ જ લાગે કે જાણે શત્રુંજય ગિરિરાજની ટૂંકોની ટૂંકો અહિં ઉભી છે. જ્યાં જૂઓ ત્યાં જિનમંદિરો આપણી નજરે પડે છે. ઝવેરીવાડનો આખો લત્તો જિનમંદિરોથી ભરચક છે. એ કહી આપે છે કે, તે કાલે એટલે કે આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાં અહિં વસનાર સુશ્રાવક ગૃહસ્થો કેટ–કેટલા ભક્તિભાવિત તથા ઉદાર દિલ તેમજ ધર્મશીલ હતા!

**ઝવેરીવાડ :** ઝવેરીવાડ–વાઘણ પોળમાં નાકા પર શ્રી અજિતનાથ ભગવાનનું દેરાસર બાવન જિનાલયનું છે. આ મંદિર શેઠ હેમાભાઇ વખતચંદે બંધાવ્યું છે. પાલીતાણા શત્રુંજય પર

નવ ટુંકમાં હેમાભાઇ શેઠની જે ટુંક ગણાય છે, તે ટુંક બંધાવનાર અમદાવાદ–નગર શેઠ કુટુંબના નબીરા, શેઠ હેમાભાઇએ આ દેરાસર બંધાવ્યું છે. શેઠ હેમાભાઈએ ૧૮૮૨ માં આ ટુંક બંધાવી, અને ૧૮૮૬ માં મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિષ્ઠા શ્રી સિદ્ધગિરિજી પર કરાવી, એ અરસામાં આ દેરાસર બંધાવ્યું છે, એમ જણાય છે.

વાઘણુપોળનું આ દેરાસર ભરચક વસતિમાં આવેલું છે. બાવન જિનાલયની અપેક્ષાએ જગ્યા સાંકડી હોવા છતાં દેરાસર રમણીય લાગે છે. મૂળનાયક શ્રી અજિતનાથ ભગવાનનાં પ્રતિમાજી ભવ્ય મનોહર તથા આલ્હાદક છે. તદુપરાંત પ્રદક્ષિણા ફરતાં અને મંદિરમાં પેસતાં ડાબી બાજુએ ધાતુના કાઉસ્સગીયાની મૂર્તિ ૧૨ મા સૈકાની પ્રાચીન અને ભવ્ય છે.

આ સિવાય શ્રી આદિશ્વર ભગવાનનાં ભોંયરામાં શ્રી આદીશ્વર ભગવાનની ત્રણ મ્હોટી મૂર્તિઓ, શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું દેરાસર, શ્રી મહાવીરસ્વામીનું દેરાસર જે શેઠના મહાવીર તરીકે ઓળખાય છે; આ બધા દેરાસરો ભવ્ય તથા રમણીય છે. શ્રી સંભવનાથની ખડકીમાં શ્રી સંભવનાથનું દેરાસર પણ વિશાલ છે. ઉપર ત્રણ દેરાસરો તેમાં ન્હાનું પણ સુંદર કસોટીનું ચૌમુખજીનું મંદિર છે. ભોંયરાના બે દેરાસરોમાં મ્હોટા શ્વેત પાષાણના શ્રી સંભવનાથજીનાં અદ્ભુત પ્રતિમાજી છે.

ચૌમુખજીની ખડકીમાં શ્રી શાંતિનાથ ભગવાન ચૌમુખ બિરાજમાન છે. નિશાપોળમાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથનું દેરાસર પણ દર્શનીય છે. ભોંયરામાં શ્રી પાર્શ્વનાથના દેરાસરમાં પ્રભુનાં દર્શન કરવા માટે એક સોનામહોર આપવી પડતી, એમ કહેવાય

છે. ભોંયરામાં બીજી બાજુ પણ ભવ્ય વિશાલ મૂર્તિ છે. ભોંયરાની ઉપરના દેરાસરમાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથજીનાં અસાધારણ ભવ્ય પ્રતિમાજી બિરાજમાન છે.

આમ ઝવેરીવાડમાં દેવસાનો પાડો, શેખનો પાડો, નિશા પોળ, ઝવેરીપોળ, લહેરીઆ પોળ, કોઠારી પોળ, વાઘણ પોળ, સોદાગરની પોળ, નગરશેઠનો વંડો, ગોલવડ, નગીનાપોળ, રતન પોળ–આ પોળોમાં સુંદર, મનોહર તથા ભવ્ય દેરાસરો આવેલાં છે. એકંદરે આ બધી પોળોમાં થઇને ૪૨ દેરાસરો છે.

રતનપોળના નાકે રીલીફરોડ ઉલંઘીને મોરીયા પાર્શ્વનાથની ખડકીમાં બે દેરાસરો છે. તેમાં પહેલું દેરાસર મોરીયા પાર્શ્વનાથનું કહેવાય છે. તેમાં મૂલનાયકની બાજુમાં મોરીયા પાર્શ્વનાથ અતિશય પ્રભાવવંતા તથા ચમત્કારિક છે. શહેરમાં વસતાં હજારો ભાવિકો સ્હવારથી માંડી સાંજ સુધી આ દેરાસરમાં પ્રભુજીનાં દર્શન કરવા દરરોજ આવે છે. તે રીતે પાંજરાપોળ તેમ જ દાદાસાહેબની પોળમાં મળી ૬ સુંદર દેરાસરો છે. પાંજરાપોળની પાછળ ઘીકાંટા પર શેઠ જેસીંગભાઇની વાડીના વિશાળ ચોકમાં ભવ્ય જિનમંદિર છે. જેમાં શ્રી આદીશ્વર ભગવાન બિરાજમાન છે. ત્યાંથી આગળ વધતાં પંચભાઇની પોળ, કીકાભટ્ટની પોળ, લુણસાવાડો, મહાજનનો વાડો, આ લતામાં જ પાંચ ભવ્ય જિનમંદિરો છે.

**ડોશીવાડાની પોળઃ** શહેરનો મધ્ય લતો શ્રી ડોશીવાડાની પોળના નાકા પરનો ભાગ ગણાય છે. જેનો માટે આ લતો યાત્રા-

ધામ જેવો છે. સમસ્ત અમદાવાદ શહેરના ખૂણે-ખાંચરે રહેલા ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ ટોળે ટોળા મળીને પર્વ દિવસોમાં આ બાજુ દેવદર્શને તથા ગુરુવંદને આવતાં નજરે પડે છે. આ લતામાં મુખ્ય મંદિર શ્રી મહાવીરસ્વામીનું ગણાય છે. રીચી-રોડના નાકા પર આ દેરાસર આવેલું છે. શાસનનાયક ભગવાન શ્રી મહાવીરદેવની મનોહર પ્રસન્ન, તેજસ્વી મૂર્તિ મંદિરમાં મૂળનાયક તરીકે બિરાજમાન છે.

શ્રી મહાવીર ભગવંતની મૂર્તિ શાંત-વૈરાગ્યરસમાં તરબોળ બનેલી હોય તેવી લાગે છે. અહિં બિરાજમાન પ્રભુની આલ્હાદમય અદ્‌ભુત પ્રતિમાજીને જોઈ હૃદય ઠરી જાય છે. રોમ-રાજી વિકસિત થાય છે. સારાયે શહેરના ભાવિકો સ્હવાર-સાંજ આ દેરાસરનાં દર્શન કરવાને નિરંતર આવતા રહે છે. ત્યાંથી સડકનો ઢાળ ઉતરી ડોશીવાડાનીપોળમાં પેસીએ ત્યારે ડાબી બાજુયે અષ્ટાપદજીનું દેરાસર છે. પાછળના ભાગમાં નંદીશ્વર દ્વીપની આરસના પત્થર પર રચના છે. તેમાં બાવન દેરીઓમાં પ્રભુજી બિરાજમાન છે. દેરાસરની બાજુમાં વિદ્યાશાળામાં ઉપર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ન્હાનું દેરાસર છે. કસુંબાવાડામાં શ્રી આદીશ્વર ભગવાનનું સુંદર દેરાસર છે. ડોશીવાડો-ગોસાંઇજીની પોળમાં શ્રી સીમંધર સ્વામીનું દેરાસર રમણીય છે. તેમજ ભાભા પાર્શ્વનાથનું દેરાસર પણ સુંદર છે.

ફતાસાની પોળ, ભઠ્ઠીનીબારી, આ બધે કુલ ૫ મનોહર જિનમંદિરો આવેલાં છે. ત્યાંથી આગળ વધતાં ખેતરપાળનીપોળ, ઘાંચીનીપોળ, મુહૂર્તપોળ, દાઇની ખડકી. રૂપા સુરચંદનીપોળ, લુવારનીપોળ; ગુસા પારેખનીપોળ, શામળાનીપોળ, વાઘેશ્વરીની-

પોળ, કામેશ્વરનીપોળ, ઢાલનીપોળ, ધનપીપલીની ખડકી, આ બધેય જૈનોની મ્હોટી વસતિ તથા સુંદર દેરાસરો આવેલાં છે. આટલામાં લગભગ ૧૫ દેરાસરો આવ્યાં છે.

**માંડવીનીપોળ**: શહેરની મ્હોટામાં મ્હોટી પોળ જે માંડવીપોળ કહેવાય છે. આ પોળમાં દેરાસરો સારી સંખ્યામાં છે. આમાં મોટી પોળ નાગજી ભૂધરની પોળ ગણાય છે. આ પોળમાં બે દેરાસરો છે. આમાં મ્હોટું દેરાસર ત્રણ માળનું છે. ત્યાંથી આગળ વધતાં લાલભાઇની પોળ, સુરદાસ શેઠની પોળ, સમેતશિખરની પોળ, હરકિશનદાસ શેઠની પોળ, કાકાબળીયાની પોળ આ બધે એકેક દેરાસર છે. શ્રી સમેતશિખરજીની પોળ માંનું દેરાસર કે જેનો હમણાં જીર્ણોધ્ધાર થયો છે.

આ દેરાસર સારાયે શહેર માટે તીર્થ તરીકે પ્રસિધ્ધ છે. શ્રીપર્વાધિરાજ પર્યુષણા મહાપર્વના છેલ્લા સંવત્સરીપર્વના પવિત્ર દિવસે જૈનમાત્ર આ દેરાસરની યાત્રાયે આવે છે, તપસ્વીઓ મેના, પાલખીઓમાં બેસીને દાન દેતાં દેતાં શ્રી શિખરજીની પોળના દેરાસરે દર્શન કરવા આવે છે. પૂ૦ આચાર્યદેવ આદિ મુનિરાજો શ્રી ચતુર્વિધ સંઘની સાથે વાજતે-ગાજતે યાત્રા કરવા આવે છે.

આ દેરાસરમાં મૂલનાયક શ્રીસહસ્રફણા પાર્શ્વનાથનાં ભવ્ય પ્રતિમાજી છે. દેરાસરના રંગમંડપમાં શ્રી સમેતશિખરજીની કાષ્ઠની ભવ્ય રચના છે. લાકડા ઉપર આખોએ શિખરજીનો પહાડ, વિવિધ વનસ્પતિઓ, સાધુ-સાધ્વી-શ્રાવિક-શ્રાવિકા, દેવ, દેવીઓ વગેરેની તથા સુંદર દેરીઓની નાનાવિધ રંગમાં રચનાઓ કરેલી છે. આ રચનાની ખૂબી એ છે કે, આમાં યાંત્રિક કામ કરેલું છે. જેથી યંત્રથી ચાવી ફેરવતાં આખીએ રચના

ગોળ ચક્કર ચક્કર ફરી શકે છે. આજે તો રચના પરનું ચિત્ર-કામ જૂનું થયું છે. જે કુશલ કલાકારના હાથે જીર્ણોદ્ધાર માગે છે. અમદાવાદ શહેરનાં યે બધા મંદિરો કરતાં આ દેરાસરમાં આ જ એક વિશિષ્ઠતા સહુ કોઈનું ધ્યાન ખેંચે છે.

**કાળુપુર રોડ**: શહેરનો કાળુપુર રોડનો લતો જૈનોની વસતિ, દેરાસરો તથા ઉપાશ્રયોથી ભરચક ભરેલો છે. તેમાં યે હાજા પટેલની પોળની બધીયે મોટી પોળો જૈનોની હજારો ઘરની વસતિથી ભરપૂર છે. એ એક એક પોળમાં સુંદર નયન મનોહર જિન મંદિરો આવેલાં છે. શ્રી શાંતિનાથ ભગવાનનું સુંદર દેરાસર, તથા શ્રી ચંદ્રપ્રભસ્વામીનું દેરાસર હાજાપટેલની પોળમાં શ્રી શાંતિનાથની પોળમાં આવેલાં છે. આ બન્ને દેરાસરો સુંદર તથા ભોંયરાવાળા છે. રામજીમંદિરની પોળ, ખારાકુવાની પોળ, લાંબેસરની પોળ આ બધીયે પોળમાં બબ્બે ચાર-ચાર સુંદર દેરાસરો આવેલાં છે. રામજીમંદિરની પોળના નાકેથી તથા ગલામંજીની પોળના સ્હામેથી ટંકશાળમાં જવાય છે. આ ટંકશાળમાં પંદરમા તીર્થપતિ શ્રી ધર્મનાથ ભગવાનનું નાજુક શિખરબંધી દેરાસર છે. અમદાવાદ શહેરમાં આ એક જુનું શિખરબંધી દેરાસર છે. દેરાસર રમણીય તથા વિશાલ રંગમંડપવાલું છે.

કાલુપુર રોડ પર આગળ વધતાં મનસુખભાઇ શેઠની પોળમાં શ્રી નેમિનાથ ભગવાનનું રમણીય દેરાસર છે. રાજા મહેતાની પોળમાં પેસતાં ડાબી બાજુયે તોડાની પોળમાં શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર છે. રાજા મહેતાની પોળમાં લક્ષ્મીનારાયણની પોળમાં સુંદર દેરાસર છે. કાળુપુરની પોળમાં શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર ભવ્ય તથા આકર્ષક

છે. દેરાસરમાં ઉપર નીચે પણ પ્રભુજી બિરામાન છે. પોળના રસ્તા પર નીચેના ભાગમાં ભોંયરૂં આવેલું છે, એ ભોંયરામાંથી ઉપર જતાં શ્રી અજિતનાથ ભગવાનનું દેરાસર છે. ભોંયરામાં પાર્શ્વનાથ ભગવાનનાં શ્યામ પાષાણના ભવ્ય તથા ચમત્કારિક પ્રતિમાજી છે, મંદિરના ઉપરના ભાગમાં શ્રી સંભવનાથજી ભગવાન છે. પોળમાં ત્રીજું શ્રી શાંતિનાથ ભગવાનનું ન્હાનું દેરાસર છે..

ઝાંપડાની પોળમાં ભવ્ય અને મનોહર દેરાસર છે. ધના સુતારની પોળમાં હાંલ્લાપોળમાં ભ૦ શ્રી શાંતિનાથજીનું દેરાસર વિશાળ છે. ઉપર ત્રણ જગ્યાએ મૂળનાયક બિરાજમાન છે. ભોંયરામાં પણ પ્રતિમાજી છે. આ સિવાય લાવરીની પોળ, સદાસોમજીની પોળ તથા ભંડેરી પોળમાં દેરાસરો છે. સદાસોમજીની પોળનું દેરાસર શેઠ સદાસોમજીએ બંધાવેલું છે. આ દેરાસરમાં ભોંયરામાં ઉપર તથા બાજુમાં પ્રભુજી બિરાજમાન છે. શ્રી સિધ્ધગિરિ પર નવ ટૂંકમાં મ્હોટી ટૂંક જે ચૌમુખજીની ટૂંકના નામે ઓળખાય છે. તે ટૂંક બંધાવનાર તથા ચૌમુખજીની મૂલનાયકની પ્રતિષ્ઠા–અંજનશલાકા કરાવનાર સદા–સોમજી શેઠ અમદાવાદ શહેરમાં આ પોળમાં રહેતા હતા. વિ૦ સં૦ ૧૬૭૫ ની સાલમાં તેમણે ચૌમુખજીની ટૂંક બંધાવ્યાનો ઉલ્લેખ છે. ત્યાંથી ધના સુતારની પોળ બ્હાર નીકળતાં કાલુપુર દરવાજે જતાં રસ્તામાં ભંડેરી પોળમાં વાણિયા શેરીમાં શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર છે.

શહેરના મુખ્ય લતા રીચીરોડ પર શ્રી મહાવીરસ્વામીના દેરાસરથી આગળ વધતાં ચાર રસ્તા પહેલાં પાડાપોળ આવે છે.

આ પોળમાં આરસપહાણના પત્થરોથી બંધાયેલું શ્રી નેમિનાથ ભગવાનનું સુંદર. દેરાસર છે. દેરાસરમાં વિશાલ રંગમંડપ છે. ભોંયરામાં પણ પ્રભુજી છે. ચાર રસ્તાના નાકે જમણી બાજુ પર ઉપરના મજલે ન્હાનું પણ રમણીય શ્રી સંભવનાથ ભગવાનનું દેરાસર છે. ત્યાંથી આગળ વધતાં ખાડીયામાં સદાવ્રતની પોળમાં એક દેરાસર છે.

**શહેરની આજુ બાજુ:** શહેરના મધ્ય ભાગમાં આ બધા સંખ્યાબંધ જૈન મંદિરો તેની ભવ્યતા, સ્વચ્છતા તથા રમણીયતાથી શહેરની શોભા તથા ગૌરવને ઓપ આપી રહ્યા છે. તદુપરાંત, શહેરના પરારૂપ ગણાતા શહેરના લતાઓમાં પણ સંખ્યાબંધ જૈન મંદિરો આવેલાં છે. પરાઓમાં શાહપુર અને સારંગપુરમાં જૈનોની વસતી સારી સંખ્યામાં છે. શાહપુરમાં મંગળ પારેખના ખાંચામાં નાકા પર શ્રી સંભવનાથ ભ૦ તથા શ્રી પાર્શ્વનાથ ભ૦ ના સ્હામ-સ્હામા બે દેરાસરો છે. ચુનારાના ખાંચામાં, દરવાજાના ખાંચામાં અને કુવાવાળી પોળમાં આમ કુલ ૭ દેરાસરો છે. તેમ જ સારંગપુર તળીયાની પોળમાં બે દેરાસરો છે.

**જમાલપર:** તદુપરાંત શહેરના દક્ષિણ ભાગમાં જમાલપુરમાં ટોકરશાની પોળમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ભવ્ય દેરાસર છે. આ દેરાસરમાં ભોંયરામાં તથા ઉપર પણ દેરાસરો છે. દીવાળીના દિવસોમાં તેમ જ કાર્તિક સુદિ બીજના દિવસે સારાયે શહેરના જૈનો અહિં યાત્રા કરવાને આવે છે, ને આ પોળમાં તથા જમાલપરના લતામાં મ્હોટો મેળો ભરાયો હોય તેવું વાતાવરણ થાય છે. હજારો જૈનોના ટોળે-ટોળા સવારથી માંડી સાંજ

સુધી આ દેરાસરમાં દર્શન કરવા ઉતરી પડે છે.

કાર્તિક સુદિ પૂર્ણિમા તથા ચૈત્ર સુદિ પૂર્ણિમા—આ બન્ને પવિત્ર દિવસોમાં જમાલપુર દરવાજા બહાર શેઠ આણંદજી કલ્યાણજીની જગ્યાના ચોકમાં તથા ખુલ્લા મેદાનમાં શ્રી શત્રુંજય મહાતીર્થોના પટો ઘણી સંખ્યામાં ઠેર–ઠેર બંધાય છે. તે વખતે શ્રી ગિરિરાજની યાત્રાના પ્રતિકરૂપે શ્રી શત્રુંજયતીર્થની સન્મુખ જવાની ભાવનાથી હજારો શ્રાવક–શ્રવિકાઓ અહિં આવે છે. આ દિવસોમાં આ સ્થાને શહેરના જૈનોનો મોટો ભાગ જુદી જુદી જ્ઞાતિનો, જુદી જુદી પોળોનો અહિં એકત્ર થયેલો આપણને જોવા મળે છે.

શહેરમાં આ બધા જિનમંદિરો સિવાય જુદા જુદા લતાઓમાં સંખ્યાબંધ ઘર દેરાસરો છે જેમાં મુખ્યપણે ગોલવાડમાં ધર્મશાળાની બાજુમાં જૈન દેરાસર છે તે રસ્તેથી આગળ જતાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇના વંડામાં તેઓનું ઘર દેરાસર છે-એ રીતે નગરશેઠના વંડામાં બે ઘર દેરાસરો છે. ધીકાંટા પર શેઠ મગનભાઇનું દેરાસર તેમ જ શાહપુરમાં શેઠ માણેકલાલ મનસુખભાઈના બંગલામાં ઘર દેરાસર છે.

**એલીસબ્રીજની પાર** : શહેર બહાર એલીસબ્રીજનો પુલ ઉતર્યા બાદ સોસાયટીના બંગલાઓમાં જૈનો આજે હજારોની સંખ્યામાં વસે છે. તે જ રીતે જૈન દેરાસરો પણ સંખ્યાબંધ છે. તેમાં મોટા દેરાસરોમાં શેઠ લલ્લુભાઈ રાયજીની બોર્ડીંગના વિશાલ ચોકમાં શ્રી આદેશ્વર ભગવાનનું સુંદર મંદિર છે. જૈન સોસાયટીમાં, દશાપોરવાડ સોસાયટીમાં તથા મર્ચંટ સોસાયટીમાં આ રીતે ત્રણ દેરાસરો મોટાં છે. તદુપરાંત અરૂણ સોસાયટીનું

દેરાસર પણ રમણીય છે. મર્ચંટ સોસાયટીના નાકા પર શેઠ છગનલાલ લખમીચંદના બંગલાના ચોકમાં નાજુક, રમણીય જિન મંદિર તેઓએ બંધાવેલું છે. શાંતિસદન, સુતરીયા બિલ્ડીંગ, શ્રીમાળી સોસાયટી, શાંતિનગર સોસાયટી, સી. એન, વિદ્યાવિહાર તથા કલ્યાણ સોસાયટી આદિ સ્થળોમાં ઘર દેરાસરો આવેલાં છે.

**પૂર્વ ભાગ :** શહેરના પૂર્વ ભાગમાં હરિપરામાં શ્રી વાસુપૂજ્ય સ્વામીનું દેરાસર છે. તેમજ સરસપુરમાં સુમતિનાથ ભગવાનનું દેરાસર છે. તદુપરાંત રાયપુર દરવાજા બહાર રાજપરામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું ભવ્ય દેરાસર છે. ભોંયરામાં શ્યામ પાષાણના ચમત્કારિક તથા પ્રભાવશાલી પ્રતિમાજી છે. દેરાસરની બહાર વિશાલ ચોક તથા ધર્મશાળા છે. શહેરના ભાવિક લોકો દર રવિવારે સેંકડોની સંખ્યામાં આ દેરાસરમાં પ્રભુજીનાં દર્શન કરવા આવે છે. આ પ્રતિમાજી બહુ જ પ્રભાવશાળી તથા સંપ્રતિ મહારાજાના સમયનાં પ્રાચીન છે.

કાળુપુર દરવાજા બહારના સ્ટેશનની સામે ધર્મશાળામાં ઘર દેરાસર છે. શાહીબાગમાં શેઠ જમનાભાઈ ભગુભાઈના બંગલામાં પણ ઉપરના ભાગમાં ઘર દેરાસર છે. તેમ જ ગિરધરનગરમાં પણ દેરાસર આવેલું છે. શહેર બહારના ભાગમાં શાહીબાગથી આગળ કેમ્પના લતામાં જૈન ભાઈઓની વસતી છે ત્યાં પણ જિનમંદિર છે. સાબરમતી–રામનગરમાં પણ ભવ્ય દેરાસર છે.

આ રીતે શહેરમાં સેંકડો જિનમંદિરો આવેલાં છે. જેની પવિત્રતા, નિર્મલતા તથા રમણીયતા હજારો ભાવિકોને ધર્મભાવનાનો ભવ્ય સંદેશ આપી રહી છે. પંચમકાલના વિષમ વાતા-

વરણમાં ભવ્ય જીવોને આત્મકલ્યાણ માટે આલંબન રૂપ આવાં કલ્યાણકારી જિનમંદિરો ખરેખર સંસારના પવિત્ર તીર્થધામો છે.

**જૈન ઉપાશ્રયો :** અમદાવાદ શહેર હિંદભરમાં જૈન ધર્મનું કેન્દ્ર ગણાય છે. પોળે-પોળે ઉપાશ્રયો તથા જ્ઞાનભંડારો આવેલા છે. જે પૂર્વકાલીન જૈન પ્રજાની ધર્મભાવનાની સાક્ષી પૂરે છે. અનેક ઉપાશ્રયો, જ્ઞાનભંડારો તથા ધર્મ તથા સમાજની સેવા કરનારી જૈન સંસ્થાઓ અમદાવાદ શહેરમાં સારી સંખ્યામાં છે. સાધુ-સાધ્વી-શ્રાવક તથા શ્રાવિકા વર્ગને ધર્મક્રિયાઓ કરવા માટે વિશાલ ઉપાશ્રયો-પૌષધશાળાઓ શહેરમાં અનેક છે. જેમાં પાંજરાપોળનો ઉપાશ્રય, ડોશીવાડાની પોળના નાકે વિદ્યાશાળા, ડહેલાનો ઉપાશ્રય, લુહારની પોળનો ઉપાશ્રય, હાજા પટેલની પોળમાં રામજી મંદિરની પોળના નાકા પરનો પગથીઆનો ઉપાશ્રય, કાલુપુર રોડ ઉપર આ૦ શ્રી વિજયદાનસૂરિજી જૈન જ્ઞાનમંદિર પૌષધશાળા, ઝવેરીવાડમાં સંભવનાથની ખડકીની સ્હામે સાગરનો ઉપાશ્રય, દેવશાના પાડાનો વિમલગચ્છનો ઉપાશ્રય, ઉજમફઇની ધર્મશાળા આ બધા ઉપાશ્રયો મુખ્ય ગણાય છે. આમાં કેટલાક જુના તથા કેટલાક નવા છે. આ બધા ઉપાશ્રયોમાં પૂ૦ આચાર્યાદિ સાધુ ભગવંતોની નિશ્રામાં જૈન સંઘ વ્યાખ્યાન શ્રવણ સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ તથા સ્વાધ્યાય-ધ્યાન આદિ ધર્માનુશ્ઠાનોની નિરંતર ધર્માંરાધના કરે છે.

તદુપરાંત શામળાની પોળ, કાળુશીની પોળ, શાહપુર, સારંગપુર, તળીયાની પોળ લુણસાવાડો ફીકાભટ્ટની પોળ, આ બધા સ્થાનોમાં પણ ઉપાશ્રયો છે. જેમાં મ્હોટે ભાગે પૂ૦ મુનિરાજોની નિશ્રામાં શ્રીસંઘ ધર્માંરાધના કરે છે. આ સિવાય શહેરમાં લગ-

ભગ દરેક પોળમાં કે જ્યાં શ્રાવક-શ્રાવિકા વર્ગની વસતિ સારી સંખ્યામાં છે. ત્યાં ઉપાશ્રયો આવેલા છે. જેમાં પૂ૦ સાધ્વીજી મહારાજની નિશ્રામાં શ્રાવિકા વર્ગ સામુદાયિકપણે ધર્મક્રિયાઓ આચરે છે. શહેર બહાર પરાઓમાં પણ સરસપર, હરિપર, રાજપરમાં પણ ઉપાશ્રયો છે શહેરથી પશ્ચિમ દિશામાં સાબરમતી નદી ઉતરીને જૈન સોસાયટીનો ઉપાશ્રય, ખુશાલ ભુવન ઉપાશ્રય તથા મરચંટ સોસાયટીનો ઉપાશ્રય આ બધા પ્રસિદ્ધ છે.

**જ્ઞાનભંડારો :** ભગવાન શ્રી મહાવીરદેવનો શ્રુતજ્ઞાનનો વારસો ગણધરદેવ શ્રી સુધર્માસ્વામી દ્વારા ચતુર્વિધ સંઘને વર્તમાન શાસનમાં પ્રાપ્ત થયો છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની મંદતાથી શ્રતજ્ઞાન કાળબલે પુસ્તકારૂઢ થયું. તે શ્રુતજ્ઞાનને શ્રી ચતુર્વિધ સંઘે તન, મન, તથા ધનના ભોગે અદ્યાવધિ સુરક્ષિત રાખ્યું છે. મોગલયુગમાં તેવા પ્રકારના અનેકવિધ ઉપદ્રવોના કારણે જો કે આજે ઘણુંયે સાહિત્ય લુપ્ત થયું છે છતાંયે જે બાકી રહ્યું તેને જ્ઞાનભંડારોમાં સાધુ-સાધ્વી તથા શ્રાવક-શ્રાવિકા વર્ગે પ્રયત્નપૂર્વક લાગણીથી સાચવી રાખ્યું છે. આવા જ્ઞાનભંડારો ભારતમાં ચોમેર આવેલા છે. જેમાં જેસલમેર, પાટણ, અમદાવાદ, ખંભાત, વડોદરા તથા સુરત મુખ્ય ગણાય છે. તેમજ સૌરાષ્ટ્રમાં લીંબડી, ભાવનગર, વળા, બોટાદ, મહુવા, પાલીતાણા, જામનગર તથાં કદંબગિરિ આદિ સ્થળોયે પ્રાચીન તથા અર્વાચીન જ્ઞાનભંડારો છે.

અમદાવાદ શહેરમાં ડેલાનો ઉપાશ્રય, દેવસાના પાડામાં વિમલનો ઉપાશ્રય, પાંજરાપોળમાં પૂ૦ આ૦ શ્રી વિજયનેમિસૂરિજી મ૦ ની જ્ઞાનશાળા, વિદ્યાશાળા ડોશીવાડાની પોળ, તેમજ આ૦

શ્રી વિજયદાનસૂરિ જૈન જ્ઞાનમંદિર, આ બધાં સ્થળોમાં વિશાલ જ્ઞાનભંડારો છે. જેમાં આગમ, સિધ્ધાંત, પ્રકરણ, કાવ્ય, સાહિત્ય, વ્યાકરણ, છંદ, અલંકાર, ન્યાય આદિ અનેકવિધ સાહિત્યના જુદી-જુદી ભાષાના પ્રાચીન-અર્વાચીન હજારો ગ્રન્થો પુસ્તકાકારે તથા પ્રતાકારે વ્યવસ્થિતપણે સંગ્રહીત થયેલા છે. ડહેલાના ઉપાશ્રયના તથા વિમલના ઉપાશ્રયના જ્ઞાનભંડારમાં પ્રાચીન હસ્તલિખિત પ્રતો તથા તાડપત્રીય પ્રતોનો સંગ્રહ સારો છે.

તેમજ જૈન વિદ્યાશાળા તથા પાંજરાપોળના જ્ઞાનભંડારો પણ વ્યવસ્થિત છે. કાલુપુર રોડ પર આવેલું આ૦ શ્રી વિજયદાન સૂરિ જ્ઞાનમંદિર અદ્યતન છે. શહેરનાં બધા મકાનો કરતાં ઉંચાઇમાં આ મકાન વધે તેવું છે. ૭ માલ ઊંચા આ મકાનમાં કેટલાયે પગથીઆ નીચે ઉતરીયે ત્યારે ભોંયરામાં ગોદરેજના ગેલેરીઓવાળા લોખંડના સંખ્યાબંધ કબાટોમાં હજારો હસ્તલિખિત પ્રતો, તથા હજારો મુદ્રિત પ્રત-પુસ્તકો વ્યવસ્થિત રીતે છેલ્લી ઢબે ગોઠવાયેલાં છે.

શહેરમાં બીજા પણ ન્હાના-ન્હાના જ્ઞાનભંડારો, જૈન વાંચનાલયો-લાયબ્રેરીઓ સંખ્યાબંધ છે. શહેર બ્હાર એલીસબ્રીજના ભાગમાં જૈન સોસાયટીમાં શ્રી ચારિત્રવિજયજી જૈન જ્ઞાનમંદિરમાં પણ પ્રાચીન સાહિત્યનો સારો સંગ્રહ છે. તદુપરાંત શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં પણ સુંદર જ્ઞાનભંડારો છે. આમ શહેરમાં પ્રાચીન-અર્વાચીન સાહિત્યના સંગ્રહસ્થાનો સારા પ્રમાણમાં છે. છતાં આ બધા સાહિત્યનો અભ્યાસ શહેરની ઉગતી પ્રજાના જીવનમાંથી ઓછો થતો જાય છે. આ બધાં જ્ઞાનભંડારોમાંના પ્રત-પુસ્તકોનો જે રીતે લાભ લેવાવો જોઇએ તે

રીતે લેવાતો નથી.

**જૈન તીર્થોના વહિવટની સંસ્થાઓ :** હિંદભરમાં ધર્મ, સમાજ કે શાસનને ઉપયોગી પ્રવૃત્તિઓનો પ્રારંભ અમદાવાદ શહેરથી જ થાય છે. આ દષ્ટિએ સમાજ તથા ધર્મની સેવા કરવા માટેની અનેક સેવાભાવી સંસ્થાઓ, સમાજો તથા મંડળો આ શહેરમાં આજે પણ અસ્તિત્વ ધરાવે છે. અખીલ ભારતના શ્વેતાંબર તીર્થોનો વહિવટ કરનારી, સકલ સંઘની માન્ય **શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અહિં છે.** ઝવેરીવાડમાં પટણીની ખડકીમાં પેઢીનાં મકાનો છે. પેઢીનો વહિવટ રાજ્ય વહિવટની જેમ ચાલે છે. શ્રી શત્રુંજયગિરિરાજ, શ્રી ગિરનારજી, શ્રી રાણકપુરજી, શ્રી તારંગાજી, શ્રી શેરીસા, વામજ આદિ અનેક તીર્થોનો વહિવટ પેઢી કરે છે.

આ સિવાય અન્યાન્ય તીર્થોનો વહિવટ કરનારી જૈન તીર્થ પેઢીઓ પણ શહેરમાં છે. શ્રી શંખેશ્વરજી તીર્થ તથા ભોયણીજી તીર્થનો વહિવટ કરનારી પેઢી કાલુપુર રોડ પર શેઠ મનસુખભાઈની પોળમાં આવેલી છે. શ્રી પાનસર તીર્થની પેઢી, શ્રી ઉપરીયાળાજી તીર્થની વહિવટ કરનારી પેઢીઓ તથા તેની શાખાઓ અમદાવાદમાં છે.

તદુપરાંત, 'અમદાવાદ જીર્ણોદ્ધાર કમિટિ' નામની સંસ્થા છેલ્લા કેટલાયે વર્ષોથી અમદાવાદ શહેરમાં કાર્ય કરી રહી છે. શહેરના જુદા-જુદા ઉપાશ્રયોમાં પર્યુષણાપર્વમાં સ્વપ્નાની જે આવક થાય, તે બધી એકત્ર કરી, આ કમિટિ દ્વારા ભારતભરનાં જીર્ણ-મંદિરોના ઉદ્ધાર માટે વ્યવસ્થિત રીતે ખરચાય છે. આ કમિટિ મારફત અત્યાર સુધીમાં સૌરાષ્ટ્ર. ગુજરાત,

મહારાષ્ટ્ર આદિ દેશોમાં અનેક જિનમંદિરોના ઉદ્ધારનું પુણ્ય કાર્ય થયું છે. શહેરના પ્રતિષ્ઠિત જૈન આગેવાનો આ કમિટિમાં જોડાયેલા છે. કમિટિનું કાર્ય વ્યવસ્થિતપણે આજે વર્ષોથી ચાલે છે એની ઓફીસ ઝવેરીવાડ–પટ્ટણીની ખડકીમાં શેઠ આ૦ ક૦ પેઢીના મકાનમાં છે.

અમદાવાદ શહેરમાં ખોડાઢોર તથા મૂંગાજીવોનું દયાનું કાર્ય કરનારી પાંજરાપોળની સંસ્થા વિશાળ વહિવટ ધરાવનારી સંસ્થા છે. આ સંસ્થા હસ્તક હજારો જીવોને અભયદાન મળે છે. અમદાવાદ શહેરની નજીકના જંગલોમાં પાંજરાપોળ હસ્તક ઢોરના ઘાસ માટેનાં બીડો વગેરે છે.

આ શહેરના મધ્યલત્તા ઝવેરીવાડ–વાઘણુપોળમાં શ્રી આયંબિલ તપની આરાધના માટે .વર્ધમાન તપ અયંબિલ ખાતાની સંસ્થા સુંદર કાર્ય કરી રહી છે. દરરોજ સંખ્યાબંધ ધર્માત્માઓ આયંબિલની આરાધના કરે છે. તેમજ પર્વદિવસોમાં હજારો આયંબિલો અહિં થાય છે.

આ રીતે શહેરમાં અનેક ધાર્મિક, સામાજિક તથા જીવદયાનાં કાર્યો કરનારી સંસ્થાઓ આવેલી છે. ઉપરાંત, સંખ્યાબંધ જૈન પાઠશાળાઓ, જૈન કન્યાશાળાઓ, તથા સંસ્કૃત, પ્રાકૃત તેમજ પ્રકરણ આદિ ભણવા માટેની સિદ્ધાંત શાળાઓ પણ શહેરમાં વિદ્યમાન છે.

**ઐતિહાસિક દૃષ્ટિએ :** અમદાવાદ જેમ જૈનપુરી છે, તેમ ઉદ્યોગ તથા વ્યાપાર વ્યવસાયના મથક તરીકે પણ અમદાવાદ શહેર ગણાય છે. કાપડની સો લગભગ ન્હાની–મ્હોટી મીલો આજે અમદાવાદમાં શહેરના પૂર્વ ભાગના લત્તામાં તથા

જમાલપુર, રાયખડ વગેરે સ્થળોમાં છે. સમગ્ર ભારતમાં–આખા એશીયાભરમાં કાપડ ઉદ્યોગમાં અમદાવાદનો નંબર પહેલો આવે છે. આ બધા ઉદ્યોગો વ્યાપાર આદિના કારણે દિન-પ્રતિદિન અમદાવાદની વસ્તિ વધતી જ જાય છે. ગઇકાલ સુધી બે લાખની વસ્તિવાળા ગણાતા આ શહેરની આજે લગભગ ૧૨ લાખની માનવ વસતિ ગણાય છે–ઠેઠ રામનગર, સાબરમતીથી માંડી મણિ-નગર સુધી ઉત્તર–દક્ષિણ તેમ જ પશ્ચિમનાં વાડજ–સરખેજ સુધી આજે અમદાવાદની હદ ગણાય છે. આ હદમાં માદલપર, કોચ-રબ, પાલડી, નવરંગપુરા આદિ કેટલાયે ગામડાં હાલ અમદાવા-દમાં સમાઇ ગયાં છે.

ઇતિહાસ તથા કારીગરીની દષ્ટિએ આજે અમદાવાદ શહે-રમાં ઘણી પ્રાચીન ઇમારતો જોવા મળે છે. દાખલા તરીકે ત્રણ દરવાજા., ભદ્રનો કીલ્લો, આઝમખાંનો મહેલ–જે ભદ્રની પોસ્ટ ઓફીસ છે, લાલદરવાજા આગળ સીદીસૈયદની મસ્જીદની જાળીઓ, રાણીરૂપમતીની મસ્જીદ, મીરઝાપુર, બાદશાહનો હજીરો, માણેક-ચોક, શાહઆલમનો રોજો–આસ્ટોડીઆ, સ્વામીનારાયણનું મંદિર, સરખેજની મસ્જીદો, અમદાવાદની ઉત્તરે આઠ ગાઉ ઉપર અડા-લજ ગામના નાકાપરની પ્રસિદ્ધ વાવ, પ્રાશ્ચાત્ય શિક્ષણ માટે અનેક કોલેજો અમદાવાદની પશ્ચિમ બાજુયે આવેલી છે. જેમાં કોમર્સ કોલેજ, મેડિકલ કોલેજ, પ્રે. રા. ટ્રેનીંગ કોલેજ. તેમજ એલ. આર. જૈન બોર્ડીંગ, સી. એન. વિદ્યાવિહાર, દવાખાના, હોસ્પીટલો પણ શહેરમાં અદ્યતન સામગ્રી સહિત આજે હૈયાત છે; જેમાં શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પીટલ, શહેરના મધ્ય ભાગમાં સીવીલ હોસ્પીટલ વગેરેનો સમાવેશ થાય છે. સાર્વ-

જનિક વ્યાખ્યાન હોલોમાં ટાઉનહોલ, પ્રેમાભાઇહોલ, તથા હંસરાજ પ્રાગજી હોલ, આદિ છે. જાહેર લાઇબ્રેરીઓમાં શેઠ માણેકલાલ જેઠાલાલ લાયબ્રેરી, દાદાભાઈ નવરોજી લાઇબ્રેરીમાં છેલ્લામાં છેલ્લાં પ્રકાશનો વાંચવા મળે છે.

તદુપરાંત ગાંધી પુલની નજીક શાંતિનગર સોસાયટી તરફ જતાં ગુજરાત વિદ્યાપીઠનું પ્રસિધ્ધ મકાન આવેલું છે. ત્યાં આજે છેલ્લામાં છેલ્લી ઢબથી લાખોના ખર્ચે તૈયાર થયેલું નવજીવન પ્રેસ, અને તેના પ્રકાશનો પુસ્તકો વગેરે માટેના કાર્યાલયની જબરજસ્ત ઇમારતો આવેલી છે. તેમજ શહેરમાં ગુજરાત વિદ્યાસભા, તેનું કાર્યાલય; ગુજરાત સમાચાર દૈનિક પત્રનું બિલ્ડીંગ, સંદેશ પત્રનું બિલ્ડીંગ, પાવરહાઉસનું લાલદરવાજા પરનું મકાન. આ બધાં મકાનો અદ્યતન ઢબનાં ગણાય છે.

એકંદરે ધર્મ, સંસ્કાર, વિદ્યા કલા, વ્યાપાર, ઉદ્યોગ ઇત્યાદિ અનેક અંગોથી સમૃધ્ધ રાજનગર–અમદાવાદ શહેર હિંદના–ભારતવર્ષના સુપ્રસિદ્ધ પ્રાચીન, ઐતિહાસિક શહેરોમાં અગ્રસ્થાન ધરાવે છે.

## ૭ : ઇડર :

અમદાવાદથી પૂર્વમાં ૬૦ માઇલ દૂર ઇડર શહેર આવેલું છે. વચ્ચે નરોડા, જે અમદાવાદથી પાંચ માઇલ દૂર છે, તે ગામ આવે છે. જેમાં ભ૦ શ્રી પાર્શ્વનાથસ્વામીનું રમણીય દેરાસર છે. ધર્મશાળા પણ છે. આ દેરાસર શેઠ હઠીસંગ કેશરીસિંહે બંધાવેલું છે. અમદાવાદથી અનેક સંઘો યાત્રાર્થે પૂર્વ કાળમાં હજારોની સંખ્યામાં નરોડા આવતા હતા. અમદાવાદ–પ્રાંતિજ રેલ્વેમાં ઇડર સ્ટેશન છે. પૂર્વે ઇડર રાજધાનીનું શહેર હતું. આજે હિમ્મત-

નગર રાજધાનીનું શહેર થયું છે. તેમજ હિંદી સરકાર આવતાં, સ્ટેટો ચાલ્યા જતાં આ વિભાગ સાબરકાંઠા જિલ્લામાં ગણાય છે. ઇડર શહેર પ્રાચીન છે. મહારાજા સંપ્રતિના કાળનું જિનમંદિર અહિં હતું એવો ઐતિહાસિક ઉલ્લેખ આવે છે. શ્રાવકોનાં ઘરો અહિં સારી સંખ્યામાં છે. ગામમાં પાંચ દેરાસરો છે. ધર્મશાળાઓ, ઉપાશ્રયો તથા પાંજરાપોળ પણ અહિં છે. ગઢ ઉપર શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર બાવન જિનાલયનું છે. દેરાસર પ્રાચીન તથા ભવ્ય છે. પૂ૦ સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-કમલસૂરીશ્વરજી મહારાજશ્રીના સદુપદેશથી દેરાસરનો જીર્ણોદ્ધાર થએલો છે. દેરાસર વિશાલ તથા યાત્રાએ આવનારનાં ચિત ઠારે તેવું રમણીય છે. ક્રિયાઉદ્ધારક આ૦ દેવ શ્રી આનંદવિમલસૂરિજી મ૦ વિ૦ સં૦ ૧૫૪૭માં આ શહેરમાં જન્મ પામ્યા હતા. પૂ૦ વિજયદેવસૂરિજી મ૦ નો જન્મ ૧૬૫૬ માં અહિં થયેલો. તેઓની જન્મભૂમિ ઇડર ગણાય છે. ઈડરનું પ્રાચીન નામ 'ઇલાદુર્ગ' કહેવાય છે. ઇડરના રાજાઓ સીસોદીયા ગણાય છે. ઇડરના ધર્મસ્થાનોનો વહિવટ ત્યાંનો જૈન સંઘ શેઠ આણંદજી મંગલજીની પેઢીના નામથી કરે છે. અહિં પ્રાચીન હસ્તલિખિત જ્ઞાનભંડાર છે. તેમ જ ઉપાશ્રયો પણ છે.

જૈનોના ૮૦ લગભગ ઘરો છે. અહિં ઇડર નરેશ નારાયણની સભામાં પૂ૦ શ્રી શાંતિચંદ્ર ઉપાધ્યાયે દિગંબર ભટ્ટારકવાદી ભૂષણને શાસ્ત્રમાં પરાજય આપેલો. ગઢ ઉપર પ્રથમ સંપ્રતિ મહારાજાએ દેરાસર બંધાવેલું, બાદ પરમાર્હત કુમારપાળે આ સ્થળે નવું મંદિર બંધાવેલ, તે રાયપાલ વિહાર તરીકે ઓળખાતું. બાદ ગોવિંદ શ્રેષ્ઠિએ તેનો ઉદ્ધાર કરી, પૂ૦ આ૦ મ૦

શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ૦નાં વરદ હસ્તે પ્રતિષ્ઠા કરાવેલ. તે વખતે મૂલનાયક શ્રી ઋષભદેવસ્વામી હતા. બાદ છેલ્લા ઉધ્ધારમાં ભ૦ શ્રી શાંતિનાથજી બિરાજમાન કર્યા હોય તેમ સંભવે છે. પૂર્વકાલમાં બીજું પણ ભવ્ય જિનમંદિર ગઢ ઉપર હતું.

## ૮ : પોશીના :

ઇડરથી ૫ ગાઉ દૂર, કેસરીયાજી તીર્થ બાજુ જતાં રસ્તે પોશીનાજી તીર્થ આવેલું છે, અહિં પ્રાચીન જિનમંદિર છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૩ા ફુટ ઉંચા ભવ્ય પ્રતિમાજી છે. પ્રતિમાજી સંપ્રતિ મહારાજાના સમયનાં છે. આ પ્રતિમાજી માટે એમ કહેવાય છે કે, લગભગ ૧૨૦૦ વર્ષ પહેલાં આ પ્રતિમાજી જંગલમાં એક ઝાડ નીચેથી મલ્યા હતાં, મૂળ મંદિરની બાજુમાં બે નાના શિખરબંધી દેરાસરો છે, સ્હામે પણ બે દેરાસરો છે. અહિં શ્રાવકનાં ઘર નથી, તીર્થની વ્યવસ્થા ઇડરનો સંઘ કરે છે. અહિંનું સ્થાન રમણીય છે. ઔષધિઓ, વનસ્પતિઓ ઘણી થાય છે.

## ૯ : મોટા પોશીના :

ઇડરથી વડાલી, ખેડબ્રહ્મા થઇ મારવાડના રસ્તે ઉત્તર-પૂર્વ બાજુ જતાં ગુજરાતના છેક છેલ્લા ખૂણામાં આ ગામ આવ્યું છે. અહિં જૈનોની વસતી ૫૦ માણસોની છે. ચારે બાજુ ગિરિમાળાઓ વીંટળાઇને રહી છે. આ ગામમાં સંપ્રતિ મહારાજાના સમયના પ્રાચીન જિનમંદિરો છે. જે ભવ્ય તથા વિશાલ છે. મંદિરમાં બિરાજમાન પ્રતિમાજી બધાં સુંદર છે. મૂલનાયક શ્રી

પાર્શ્વનાથજી ભ૦, શ્રી શાંતિનાથજી ભ૦, આદિ છે.

## ૧૦: શેરીસા:

અમદાવાદથી ઉત્તરે ઓગણજથી શેરીસા જવાય છે. રેલ્વે રસ્તે કલોલ સ્ટેશનથી શેરીસા આવેલું છે. આ તીર્થ ઐતિહાસિક છે. પૂર્વકાલમાં અહિં સોનપુર નામે મોટું નગર હતું. સુંદર જિનમંદિરો તથા શ્રાવકોનાં સેંકડો ઘરો હતાં વિ. ના ૧૬ મા સૈકા સુધી આ સ્થળ જૈન ઇતિહાસમાં તીર્થ તરીકે પ્રસિદ્ધ હતું. એવા ઉલ્લેખો મલે છે. મોગલોના કાલમાં તથા રાજ્યસંક્રાતિના સમયે જેમ અન્ય ઐતિહાસિક સ્થળો માટે બન્યું છે, તેમ સંભવિત છે કે, શેરીસા માટે પણ બન્યું હોય; એટલે ત્યાર પછીના કાળમાં આ તીર્થ લુપ્તપ્રાયઃ બન્યું. છેલ્લે થોડા વર્ષો પૂર્વે જૂના મંદિરની જગ્યામાંથી દટાયેલા આ પ્રતિમાજીઓને ૧૯૫૫ માં જમીન ખોદાવીને કઢાવ્યા, બાદ જૂની ધર્મશાળાના ખાડામાંથી ફણાવાળા પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્તિ નીકળેલ. પૂર્વકાલમાં અહિં વસ્તુપાલ તેજપાલે બિંબો ભરાવ્યાનો ઉલ્લેખ છે. વિ૦ સં૦ ૧૫૬૨ માં અહિં ભવ્ય જિનમંદિર હતું, તે પં૦ શ્રી લાવણ્યસમયજી॰ વર્ણન કરે છે. આ પ્રતિમાજીને પધરાવવા માટે ત્યારબાદ સુંદર જિનમંદિર શેઠ સારાભાઈ ડાહ્યાભાઈએ તૈયાર કરાવવા માંડયું, પોતાના હાથે પ્રભુજીને પધરાવવાની પણ એમને અભિલાષા હતી. આ તીર્થ પ્રત્યે તેમને સારી આસ્થા હતી, પણ કાળ બળે તેઓનું અવસાન થતાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તક દેરાસરનું બાકીનું કાર્ય પૂર્ણ થયું અને વિ૦ સં૦ ૨૦૦૨ ના વૈશાખ સુદિ ૧૦ના પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયનેમિસૂરિજી મ૦ નાં વરદ વસ્તે

પ્રતિષ્ઠા થઈ. મંદિરનો રંગમંડપ ભવ્ય છે. અમદાવાદના હઠીભાઈની વાડીના દેરાસરજી જેવું દેરાસર બંધાવવાની ભાવનાથી આ મંદિરનું કાર્ય પ્રારંભાયેલું. મંદિરમાં લાલ મકરાણાનો પત્થર છે.

દિનપ્રતિદિન આ તીર્થની જાહોજલાલી વધતી આવે છે. દેરાસરની જમણી બાજુએ સુંદર ધર્મશાળા બંધાયેલી છે. ચોમેર પત્થરનું કમ્પાઉંડ છે. વિશાલ ચોક છે. તીર્થની વ્યવસ્થા માટે શેઠ આ૦ ક૦ ની પેઢીની ઓફીસ છે. યાત્રાળુઓને ભાતું અપાય છે, ભોજનશાળા શરૂ થઇ છે. ભોજનશાળાની વ્યવસ્થા અમદાવાદની કમિટિ કરે છે. કલોલથી શેરીસાની મોટર સર્વિસ ચાલુ છે. આ તીર્થસ્થાન એકાંતમાં છે. દુનિયાની બધી ઉપાધિઓથી મુક્ત થઈ શાંતચિત્તે દિવસો પસાર કરવાની ભાવનાવાળા માટે આ સ્થાન અનુકૂળ છે. ગામમાં શ્રાવકોનાં ૫-૬ ઘરો છે. મંદિરમાં જતાં ચિત્ત ઠરે તેવું છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી ખૂબજ રમણીય પ્રસન્ન તથા મોહક છે. બહાર બે ઉભા કાઉસ્સગીયા પણ ભવ્ય છે, શ્રી અંબિકાદેવીની મૂર્તિ પણ અનુપમ છે.

## ૧૧ : વામજ

શેરીસાથી ૩ ગાઉ ઉપર વામજ ગામ આવેલું છે. પાટીદાર ખેડૂતોની વસ્તીવાળું આ ગામ છે. અહિં વિ૦ સં૦ ૧૯૭૯ ના માગશર વદ ૫ ના દિવસે ગામના કણબી ત્રિભોવનના ઘર પાસેથી શ્રી શાંતિનાથ ભગવાનના પ્રતિમાજી નીકળ્યાં હતાં. પ્રતિમાજી સંપ્રતિ મહારાજના સમયનાં છે. પ્રતિમાજી સુંદર છે. આ પ્રતિમાજી ગામ બહાર ધર્મશાળામાં ૨૩ વર્ષ સુધી રહ્યાં. ગામવાળાઓએ પ્રતિમાજીને બહાર ગામ લઇ

જવા ન દીધા, એટલે ત્યાં નજીકમાં સુંદર દેરાસર તૈયાર કરાવીને વિ૦ સં૦ ૨૦૦૨ ના વૈ. સુદિ ૧૩ ના શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તક પૂ૦ આ૦ શ્રી વિજયઉદયસૂરિજી મ૦ નાં શુભ હસ્તે પ્રભુજીને ગાદી પર બિરાજમાન કરવામાં આવ્યા છે. દેરાસરજીનો વહીવટ શેઠ આ૦ ક૦ ની પેઢી હસ્તક છે.

## ૧૨ : ભોયણીજી

ઉત્તર ગુજરાતના જૂના તીર્થોમાં ભોયણીજીનો ઉલ્લેખ થાય છે. અમદાવાદથી મહેસાણા જતી ટ્રેનમાં કલોલથી ભોય-ણીની લાઈન નીકળે છે. જે બહુચરાજીની લાઇન કહેવાય છે. એમાં કડીથી ૮ માઇલ દૂર ભોયણી ગામ આવેલું છે. પહેલાં કડી સુધી રેલ્વે હતી. કડીમાં શ્રાવકોની વસતિ સારી છે. ચાર દેરાસરો છે.

અહિં સ્ટેશન થયું છે. સ્ટેશનથી ૫ મિનિટનો રસ્તો કાપતાં સ્હામે વિશાલ ધર્મશાળાઓ દેખાય છે. ધર્મશાળાના દરવાજામાં પેઠાં, એટલે પીળા પાષાણનું શિખરબંધી રમણીય મંદિર નજર સ્હામે દેખાય છે. મંદિરમાં મૂલનાયક ભ૦ શ્રી મલ્લિનાથ સ્વા-મીજીના પ્રતિમાજી અદ્ભુત ચમત્કારિક છે. વિ૦ સં૦ ૧૯૩૦ ના મહાસુદિ ૧૩ ના શુભ દિવસે કેવલ પટેલના ખેતરમાં કૂવો ખોદતાં સુંદર વાજિંત્રોનો અવાજ સંભળાયો, અને પ્રતિમાજી તથા બે કાઉસગ્ગિયાની મૂર્તિઓ પ્રગટ થયાં. કડી તથા કુકાવાવના શ્રાવકોની ઇચ્છા પોતપોતાના ગામમાં ભગવાનને પધરાવવાની હતી, પણ ભગવાનને ગાડામાં પધરાવ્યા, એટલે ગાડું ભોયણી આવી અટક્યું.

અહિં ત્યારબાદ ભવ્ય દેરાસર શ્રી સંઘે તૈયાર કર્યું, અને

૧૯૩૪ ના મહા સુદિ ૧૦ ના દિવસે પ્રભુજીને ગાદી પર બિરાજમાન કર્યાં. મંદિર દેવવિમાન જેવું અલૌકિક છે, મંદિરને ત્રણ શિખરો, મૂલગભારો, અને રંગમંડપ વિસ્તારવાળા છે. ત્રણે તરફ દરવાજાઓ ને શૃંગાર ચોકીઓ છે. આ સ્થાને એક વખતનું સમૃધ્ધ પદ્માવતી નગર હોવું જોઇએ. એમ કિંવદંતી છે હજારો યાત્રાળુઓ આ તીર્થની યાત્રાએ આવે છે. તીર્થનો મહિમા અતિશય છે. અનેક શ્રધ્ધાળુ ભાવિકો શ્રી મલ્લિનાથ પ્રભુની યાત્રાએ આવી ભાવભક્તિથી પ્રભુજીની સેવા કરે છે. ધર્મશાલાઓ વિશાલ છે. સ્થાન પણ રમણીય છે. મહા સુદિ ૧૦ ના દર વર્ષે મોટો મેળો અહિં ભરાય છે. તેમાં ઉત્તર ગુજરાતના ઠેઠ દૂર–દૂર પ્રદેશના હજારો યાત્રિકો અહિં પ્રભુજીની યાત્રાએ આવે છે. આ સમયે અમદાવાદ નિવાસી શેઠ જમનાભાઇ ભગુભાઈ તરફથી નવકારશી થાય છે.

તીર્થનો વહીવટ શેઠ જમનાભાઇ ભગુભાઈ તરફથી કમિટિ દ્વારા ચાલે છે. આ પેઢી હસ્તક શ્રી ભોયણીજી કારખાનામાંથી દેરાસર માટે આરસ અપાય છે. દેશો–દેશના જિનમંદિરોમાં ભોયણીજીના કારખાનાનો આરસ અત્યાર સુધીમાં હજારો રૂા. નો ગયો છે.ભોયણીમાં ભોજનશાળા ચાલે છે. જેનો વહીવટ આજુબાજુના શ્રાવક ભાઇઓ કમિટિ નીમી કાળજીથી કરે છે.

## ૧૩ : રાંતેજ :

ભોયણીથી કટોસણ થઇ બહુચરાજી જતી લાઈનમાં રાંતેજ સ્ટેશન આવે છે. સ્ટેશનથી ગામ થોડું દૂર છે. રાંતેજમાં હાલ શ્રાવકોનાં ૧૦ ઘર છે. સ્થિતિ સાધારણ છે. પૂર્વકાલમાં અહીં

રત્નાવતી નામની નગરી હતી. બાવન જિનાલયનું સુંદર જિનમંદિર હતું બીજા પણ બે મોટાં દેરાસરો હતાં. ૩૦૦ ઉપરાંત જિનપ્રતિમાજી હતાં, દેરાસરમાં મોટાં ભોંયરાઓ હતાં. એક સમયે અહિં જૈનોના ૭૦૦ ઘરો હતા. વિ૦ સં૦ ૯૦૦ ના અરસામાં અહિં શહેર વસેલું હતું. કાળબળે પડતી આવી, અને બધું વેરવિખેર થયું. વિ. ના ૧૪ મા સૈકા સુધી ચઢતીની ટોચ પર રહેલું આ શહેર ભાંગી પડયું. દેરાસરો પણ નામશેષ બની ગયાં. ફરી વિ૦ ના ૧૬ મા સૈકામાં આ શહેર નવેસરથી વસ્યું, તેનું નામ રાંતેજ પાડયું. આજે નાનકડા ગામરૂપે તે પોતાની પુરાણી ભવ્યતાને જાળવી રહ્યું છે, વિ૦ સં૦ ૧૮૧૫ સુધી અહીં જિનમંદિરોનાં અવશેષો હતાં, પણ કટોસણના એક શ્રાવક ભાઇને સ્વપ્નમાં જમીન નીચેના મંદિરોની હકીકત અધિષ્ટાયક દેવે કહી એ પ્રમાણે ખોદકામ શરૂ થયું. ત્યારે બાવન જિનાલય મંદિર જમીનમાંથી પ્રગટ થયું, સાથે સુંદર પ્રભાવશાલી શ્રી નેમિનાથ ભગવાનના પ્રતિમાજી તથા બીજા ૧૨ પ્રતિમાજી પ્રગટ થયાં.

ત્યારબાદ સંઘે દેરાસર બંધાવ્યું, અને વિ૦ સં૦ ૧૮૨૫ માં પ્રભુજીને તેમાં પધરાવ્યા, દેરાસરનું કામ ચાલુ હતું. ૧૮૯૨ માં પં૦ શ્રી રૂપવિજયજી મ૦ શ્રી રાજનગરના સંઘની સાથે શ્રી શંખેશ્વરજી મહાતીર્થની યાત્રા કર્યા બાદ અહીં પધાર્યા હતા, અને આ તીર્થનો જીર્ણોધ્ધાર કરવાનો તેઓએ અમદાવાદના શ્રી સંઘને ઉપદેશ આપ્યો હતો. વિ૦ સં૦ ૧૮૦૫ માં તેઓશ્રીના શુભ હસ્તે મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા થઇ હતી. અમદાવાદના શેઠ હેમાભાઈએ અહીં ધર્મશાળા બંધાવી છે.

આજે પણ આ દેરાસર વિદ્યમાન છે. મૂળનાયક શ્રી નેમિનાથ પ્રભુના પ્રતિમાજી ભવ્ય તથા આલ્હાદક છે–સંપ્રતિ મહારાજાના સમયના છે. શંતેજ તીર્થની યાત્રા કરવા જેવી છે. વિશાળ ચોકમાં બાવન જિનાલયના દેરાસરની રમણીયતા અપૂર્વ છે. ભોયણીજીની યાત્રાએ આવનારે શંતેજની યાત્રા કરવા જેવી છે. ભોંયણીથી શંતેજ ૮ માઇલ થાય, આ તીર્થને વધુ પ્રસિધ્ધિમાં લાવી સહુ કોઇ ભાવિકો યાત્રા કરવા આવતા રહે એ રીતે કરવાની જરૂર છે.

## ૧૪ : રાધનપુર :

શંખેશ્વરથી ૩૦, તથા હારીજથી ૨૩ માઇલ દૂર રાધનપુર શહેર આવેલું છે. ઉત્તર ગુજરાતના ઠેઠ છેડે વસેલું આ શહેર જૈનોની સારી વસતિ ધરાવે છે. હાલ જૈનોના ૮૦૦ ઘરો છે. ૨૪ દેરાસરો છે. રાધનપુર શ્રદ્ધાળુ જૈનોની વસતિવાળું રમણીય શહેર છે. ક્રિયારૂચિ ધરાવનાર શ્રાવક–શ્રાવિકાનો સમુદાય અહિં સારી સંખ્યામાં છે. બજારની મધ્યમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું બાવન જિનાલયનું સુંદર દેરાસર આવેલું છે. આ તથા બીજા ૮ દેરાસરોનો વહિવટ વિજયગચ્છની શેઠ ગોડીદાસ ડોસાભાઇની પેઢી કરે છે. આ ઉપરાંત શ્રી આદીશ્વરજીનું દેરાસર પણ ભવ્ય અને વિશાલ છે. શ્રી કમળશીભાઇનું કલ્યાણ પાર્શ્વનાથનું દેરાસર, પાંજરાપોળમાં આવેલું ભોંયરાવાળું શ્રી શાંતિનાથજીનું દેરાસર જેમાં ચોમેર પ્રદક્ષિણામાં અનેકદેવકુલિકાઓ છે. ખત્રીવાડમાં શ્રી નેમિનાથ ભ૦ નું દેરાસર પણ ચોમેર દેવકુલિકાઓવાળું છે.

ભોંયરા શેરીમાં મહાવીરસ્વામીજીનું દેરાસર પણ ભોંયરાવાળું

છે. ગોડીજીની શેરીમાં ધર્મનાથ ભ૦ નું દેરાસર પણ દેવકુલિકાઓ યુક્ત છે. ગોડીપાર્શ્વનાથજીનું મંદિર પણ સુંદર છે. ભા'ની પોળમાં શ્રી શાંતિનાથજીનું દેરાસર પ્રાચીન ગણાય છે, પાછળ પ્રદક્ષિણામાં દેવકુલિકાઓ છે.

આદીશ્વરજીના દેરાસરજી તથા આવા ૮ દેરાસરોનો વહિવટ સાગરગચ્છની શેઠ નવલચંદ ખુશાલચંદની પેઢી કરે છે. રાધનપુરમાં આયંબિલ ખાતાની વ્યવસ્થા બહુ જ સુંદર છે. જૈનશાળા, સાગરગચ્છ ઉપાશ્રય તથા અન્યાન્ય સંખ્યાબંધ ઉપાશ્રયો તથા જ્ઞાનભંડારો છે. જૈન પાઠશાળાઓ છે. શહેરની જૈન વસતિનો મોટો ભાગ વ્યાપારાર્થે મુંબઇ શહેરમાં વસતો હોવાથી, ખાસ પ્રસંગ સિવાય, જૈનોની બધી વસતિ રાધનપુરમાં જવલ્લે જ જોવા મળે છે. એકંદરે રાધનપુર ગૂજરાતની ઉત્તર દિશાના ખૂણે આવેલું, જૈનોની સારી વસતિવાળું રળીયામણું પ્રાચીન જૈન નગર છે. આજે પણ ત્યાં ધર્મશ્રદ્ધા, ભક્તિ તથા ક્રિયાકાંડ કરનારા ભાગ્યવાનો સારા પ્રમાણમાં છે. રાધનપુરમાં બાલબ્રહ્મચારિણી બ્હેનોની છેલ્લા ૨૦ વર્ષમાં ૫૦ થી ૬૦ દીક્ષાઓ થયેલી છે.

ગામ બહાર 'વરખડી' તરીકે પ્રખ્યાત સ્થાનમાં શ્રી ગોડીપાર્શ્વનાથજીનાં પગલાં છે. આ પગલાં ઐતિહાસિક છે, સ્થાન પ્રાચીન છે. વરખડીના સ્થાનમાં ગોડીજી પાર્શ્વનાથજીના પ્રતિમાજીને લઇને પાટણથી સાળા-બનેવી મેઘા અને કાજળ આદિ ૨૦ ઉંટોના કાફલા સાથે જતા હતા, તેઓ રાધનપુર મુકામે આ સ્થળે આવેલા, જ્યાં પ્રભુજીને સ્થાપિત કરેલા ત્યાં તેનાં સ્મરણાર્થે તેઓનાં પગલાં રાખેલા છે. આ સમયે જેસલમેરથી બાફણા કુટુંબનો સંઘ પાલીતાણા જતો હતો, તે અહિં

આવેલો તેણે એકલા ચઢાવામાં જ ૩ લાખ રૂા. નો સદ્વ્યય કર્યો હતો.

## ૧૫ : પાલણપુર :

અમદાવાદથી દીલ્હી જતી મીટર ગેઇજ લાઇનના મથક પર આવેલું ગૂજરાતનું બીજું પ્રવેશદ્વાર ગણાતું, પાલનપુર શહેર જૈનોની વિશાલ વસતિ ધરાવતું શહેર છે. મોગલ સમ્રાટ અકબર નરેશ પ્રતિબોધક જગદ્ગુરુ આ૦ મ૦ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજશ્રીની જન્મભૂમિ આ પ્રલ્હાદનપુર–પાલનપુર છે. વિ૦ સં૦ ૧૫૮૩ ની સાલમાં આચાર્ય મહારાજ આ શહેરમાં ઓશવાલ જ્ઞાતીના કૂરાશા શેઠને ત્યાં જન્મ્યા હતા. તપાગચ્છના આચાર્ય મ૦ શ્રી સોમસુંદરસૂરિજીનો જન્મ પણ આ શહેરમાં થયો હતો. આ શહેરની જાહોજલાલી ભૂતકાળમાં અદ્વિતીય હતી. તપાબિરૂદ ધારક મહાતપસ્વી શ્રી જગચ્ચંદ્રસૂરિજીના કાળમાં પાલનપુર શહેરમાં શ્રાવક સમાજની ધર્મશ્રધ્ધા, સંપત્તિ તથા વૈભવ કોઈ અપૂર્વ હતો.

શહેરના મુખ્ય જૈનદેરાસર શ્રી પ્રહ્‌લાદન પાર્શ્વનાથના દેરાસરમાં શ્રી જગચ્ચંદ્રસૂરિજીના કાળમાં રોજ ૧૬ મણ સોપારી અને એક મૂડો–૩૨ મણ ચોખા ભંડારમાં આવતા હતા. આ મંદિર ચંદ્રાવતીના પરમાર ધારાવર્ષીય યુવરાજ પ્રહ્‌લાદદેવે બંધાવ્યું હતું તેના પોતાનાં હાથે અજ્ઞાનને વશ થઇ આબુ–દેલવાડાના મંદિરના ધાતુના પ્રતિમાજી ગળાવેલાં ને પરિણામે તેના શરીરમાં કોઢ થયેલો; બાદ પૂ૦ આ૦ મ૦ શ્રી શાલિભદ્રસૂરીશ્વરજીના સદુપદેશથી પોતાના પાપના પ્રાયશ્ચિતરૂપે તેણે પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી ભરાવેલા. અને પોતાના બંધાવેલ મંદિરમાં

આ પ્રતિમાજીને તેણે પ્રતિષ્ઠિત કરેલા. આ નગર પણ તેણે વસાવ્યું છે. આ દેરાસર આજે પલ્લવીયા પાર્શ્વનાથના દેરાસર તરીકે પ્રસિધ્ધ છે. ત્રણ માળનું છે, મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભ૦ ની દોઢ ફૂટ ઉંચી સુંદર શ્વેત પાષાણમય ભવ્ય પ્રતિમાજી છે. પ્રદક્ષિણા–ભમતીમાં ગોડી પાર્શ્વનાથજી ભ૦ છે. માળ પર શાંતિનાથ ભ૦ છે.

વર્તમાનના મૂલનાયક પલ્લવીઆ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કોરંટગચ્છીય પૂ૦ આ૦ શ્રી કક્કસૂરિજીનાં વરદ હસ્તે વિ.૦ સં૦ ૧૨૭૪ ના ફાગણ સુદિ ૫ ના થયાનો ઉલ્લેખ મળે છે. આ મંદિર ભવ્ય વિશાલ તથા રમણીય છે. આ ઉપરાંત શહેરમાં અન્ય સુંદર દેરાસરો છે. તથા ૪ ઘર દેરાસરો છે, એટલે એકંદરે ૯ દેરાસરો છે. જે કમાલપરામાં એક, ડાયરામાં એક, તથા જૈનશાળાની બાજુમાં બે, જેમાં શાંતિનાથ ભ૦ ના દેરાસરમાં ભોંયરામાં, ઉપર એમ દેરાસરો છે. બાજુમાં નવું બંધાવેલ શ્રી મહાવીરસ્વામીજીનું મંદિર છે. જેમાં કોરંટગચ્છીય કક્કસૂરિજીના શિષ્ય સર્વદેવસૂરિની મૂર્તિ છે. જે ઉદાસૂત આંબડ સંઘપતિએ ભરાવેલ છે, શહેરમાં ૫–૬ ઉપાશ્રયો, પાઠશાળા, બોર્ડીંગ, લાયબ્રેરી તથા આયંબિલ ખાતું, જ્ઞાનભંડાર આદિ છે. શહેર બહાર દાદાવાડી છે. બહાર બોર્ડીંગમાં દેરાસર છે. શ્વે. મૂ. જૈનોનાં ૬૦૦ ઘરો છે. સ્થાનકવાસીઓનાં ૪૦૦ ઘરો છે.

અહિં લગભગ ઘણા જિનમંદિરોમાં પ્રતિમાજી પ્રાચીન સંપ્રતિ મહારાજાના સમયનાં ભવ્ય છે. સિદ્ધરાજ જયસિંહનો જન્મ અહિંના પાલણેશ્વર મહાદેવના મંદિરમાં થયો હતો.

## ૧૬ : ભીલડીયાજી

પાલણપુરથી ડીસા બાજુ રેલ્વે જાય છે. ડીસાથી હમણાં કચ્છ-કંડલા લાઈનમાં આપણું ઉત્તર ગૂજરાતનું પ્રાચીન તીર્થ ભીલડીયાજી આવેલું છે. ડીસાથી લગભગ ૧૩ માઈલ દૂર ભીલડીયાજી છે. ગામ ન્હાનું છે. ગામની બહાર વિશાલ ધર્મશાળા છે. ધર્મશાળાનો ચોક છોડી આગળ જતાં દેરાસરનો મોટો દરવાજો આવે છે. દેરાસરમાં જતાં પહેલાં ભોંયરૂં છે. ભોંયરામાં પગથીઆ ઉતરીને જતાં મૂલનાયક શ્રી નેમિનાથ ભગવાનના દર્શન થાય છે. મૂલનાયકની ડાબી બાજુ ભારવટીઆ નીચે શ્રી ભીલડીઆજી પાર્શ્વનાથના પ્રતિમાજી બિરાજમાન છે. પ્રતિમાજી ન્હાના તેમજ સુંદર પરિકરયુક્ત શ્યામ પાષાણનાં છે. પ્રતિમાજી ચમત્કારિક તથા પ્રાચીન છે. તીર્થ ઐતિહાસિક છે. વિ૦ ના ૧૪ મા સૈકામાં અહિં વીર મંદિર સુપ્રસિદ્ધ હતું. બાદ કાળબળના કારણે એ મંદિરનો નાશ થયો કહેવાય છે. આજે ભોંયરાની ઉપર દેરાસરજીમાં મૂલનાયક શ્રી મહાવીરસ્વામીજી છે. તેમની ડાબી બાજુ શ્રી શાંતિનાથ ભગવાન છે. પહેલાં શાંતિનાથજી ભ૦ મૂલનાયક હોવા જોઈએ, એમ ત્યાં બિરાજમાન ધાતુના પ્રતિમાજી પરના લેખ પરથી સૂચિત થાય છે. હાલ બિરાજમાન મૂલનાયકજી આદિ પ્રતિમાજી પાલણપુરથી લાવીને જીર્ણોદ્ધારના વખતે અહિં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે. આ જીર્ણોદ્ધાર વિ૦ સં૦ ૧૯૮૨માં થયો છે. મૂલનાયકની તેમજ આજુ-બાજુના ત્રણે પ્રતિમાજી નવા બિરાજમાન કર્યા છે.

ભીલડીયાજી પૂર્વકાળમાં ભીમપલ્લી તરીકે વિ૦ ના ૧૬ મા સૈકાની શરૂઆત સુધી પ્રસિદ્ધ હતું. તે નામનો ભીમપલ્લીગચ્છ

હતો. તે પહેલાનો ઇતિહાસ એમ કહે છે કે અહિં ત્રંબાવતી નગરી હતી. જે ૧૨ કોશના ઘેરાવામાં હતી આ નગરીમાં ૧૨૫ જિનમંદિરો હતાં. સેંકડો કૂવા તથા વાવો દૈવી કોપના કારણે નગરી બળીને ખાખ થઇ, આજે પણ આ સ્થાનમાં ત્રણ-ચાર હાથ જમીન ઉંડે ખોદતાં રાખ, કોલસા અને ઈંટોના બળેલા થર દેખાય છે. મંદિરની નજીક બાજુ-બાજુ ખોદાવતાં ઈંટો, પત્થરો, ચૂનો નીકળે છે. ઈંટો ફૂટ-દોઢ ફૂટ, લાંબી-પહોળી અને વજનમાં આશરે પંદર શેરની હોય છે.

મૂળ નગરીનો નાશ થયા પછી, આ સ્થાને 'ભીમપલ્લી' નામનું નગર વસ્યું હોય, એ કલ્પના સંભવિત છે. આ ભીમપલ્લી વિ૦ ના ૧૩ થી ૧૪ મા સૈકા સુધી પૂર્ણ જાહોજલાલી ભોગવતું હતું. બાદ દૈવીકોપ કે મોગલ બાદશાહોના સૈન્યના અત્યાચારોથી આ શહેરનો વિનાશ સંભવિત છે. ભીમપલ્લીમાં વીરમંદિર હોવાના ઉલ્લેખો ઘણા સ્થળે મલે છે. વિ૦ ના ૧૪ મા સૈકામાં અહિંના જૈનો રાધનપુર આદિ સ્થલોએ જઇને વસ્યા. ત્યારબાદ નવું ભીમપલ્લી વિ૦ સં૦ ૧૮૭૨ માં વસ્યું છે. આમાં ડીસાના મેતા ધરમચંદ કામદારની પ્રેરણા મુખ્ય છે. આ વર્ષોમાં નવું જિનમંદિર બંધાવ્યું લાગે છે. કારણ કે, વિ૦ સં૦ ૧૮૯૨ માં અહિં પ્રતિષ્ઠા થયાના ઉલ્લેખો મલી આવે છે. વર્તમાનકાળે પં. શ્રી ઉમેદવિજયજી મહારાજના સદુપદેશથી વિ૦ સં૦ ૧૯૩૬ બાદ તીર્થનો મહિમા વધુ વિસ્તરતો ગયો. હાલ શ્રાવકોનાં ચાર ઘર છે. ધર્મશાળામાં યાત્રાળુઓને દરેક સગવડ છે. ડીસાનો સંઘ તીર્થનો વહિવટ કરે છે. દર મહિનાની સુદિ પૂર્ણિમાએ યાત્રાળુઓને ભાથું અપાય છે. પોષ દશમ-માગ-

શર વદિ ૧૦ નો મોટો મેળો ભરાય છે. ત્રણ દિવસ નવકાર-શીનું જમણ થાય છે અને રથયાત્રા નીકળે છે. વિ૦ સં૦ ૧૭૧૫ માં આ મંદિરનો જીર્ણોધ્ધાર આ૦ શ્રી વિજયરાજસૂરિ-જીના ઉપદેશથી થયેલ, તે સમયે શ્રી ભીલડીયાજી પાર્શ્વનાથ-જીને મૂલનાયક તરીકે નહિ રાખતાં મુસલમાનોના ઉપદ્રવથી રક્ષણ કરવા ભારવટીયા નીચે રાખ્યા છે. ભોંયરામાં મૂલનાયક શ્રી નેમિનાથજી શ્યામપાષાણના ભવ્ય તથા સંપ્રતિ મહારાજના સમયનાં છે. ગામમાં શ્રી નેમિનાથ ભ૦ નું મંદિર છે. જેની પ્રતિષ્ઠા ૧૮૯૨ માં થઇ છે.

## ૧૭ : થરાદ :

ઉત્તર ગૂજરાતના ઠેઠ નાકે આવેલું થરાદ, પૂર્વકાલમાં ખૂબ જાહોજલાલી ભોગવતું સમૃધ્ધ નગર હતું. સંઘપતિ આભૂશાહની જન્મભૂમિ થરાપદ્રનો ભૂતકાલ ગૌરવભર્યો છે. ડીસાથી લગભગ ૪૦ માઇલ પર રેતાળ પ્રદેશમાં આવેલું આ શહેર આજે પણ તીર્થધામ છે. ૯ દેરાસરો થરાદમાં છે. ગામ બહાર ભ૦ શ્રી મહાવીરસ્વામીજીનું જિનાલય તથા ભ૦ શ્રી ઋષભદેવસ્વામીનું જિનાલય–આ બન્ને જિનાલયો ભવ્ય છે. ભ૦ શ્રી મહાવીર સ્વામીજીના પ્રતિમાજી લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે જમીનમાંથી પ્રગટ થયેલા છે. પ્રતિમાજી ૫ ફૂટ ઉંચા છે. ભ૦ શ્રી આદી-શ્વરજીના પ્રતિમાજી પણ પ્રાચીન છે. આ પ્રભુજીની વિ૦ સં૦ ૧૮૮૩ વર્ષે કરેલી આંગી આજે વિદ્યમાન છે. ભ૦ શ્રી મહા-વીરસ્વામીના દેરાસરમાં ઉપરના માળે ભ૦ શ્રી પાર્શ્વનાથજીના પંચતીર્થી પ્રતિમાજી કલિકાલ સર્વજ્ઞ આ.૦ મ૦ શ્રી હેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજનાં વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલ છે. પ્રતિમાજી

ઉપરનો લેખ આ મુજબ છે. 'વિ૦ સં૦ ૧૨૨૦ વર્ષે જ્યેષ્ઠ સુદિ ૩ શુક્રે પાર્શ્વનાથબિંબં પ્રતિષ્ઠિતં શ્રી હેમચંદ્રસૂરિભિ': આ બે દેરાસરો સિવાય સોનારા શેરીમાં ૨, આંબલીશેરીમાં ૨, સુથાર શેરીમાં ૧, દેસાઇ શેરીમાં ૨ આમ ૯ જિનાલયો છે. આ બધા દેરાસરોમાં પૂર્વકાલમાં પ્રતિષ્ઠા થયેલી, બાદ જીર્ણોદ્ધાર થતાં ફરી ત્રિસ્તુતિક આ૦ મ૦ શ્રી વિજયયતીંદ્રસૂરીશ્વરજી આદિનાં હસ્તે પ્રતિષ્ઠા થયેલી છે. જૈનોના ૭૦૦ ઘરોની વસતિ છે. પૂર્વકાલમાં આ નગર પરથી થારાપદ્રીયગચ્છ નીકળેલ છે, તેમ પટ્ટાવલી પરથી અને જૈન ગ્રંથોની પ્રશસ્તિ પરથી જાણવા મળે છે.

## ૧૮ : વાવ :

થરાદથી ૮ માઇલ દૂર વાવ શહેર આવેલ છે. અહિં જૈનોનાં ૧૦૦ ઘરો છે. બે દેરાસરો છે. મુખ્ય દેરાસરમાં ભ૦ શ્રી અજિતનાથસ્વામીના પ્રતિમાજી ભવ્ય અને વીર સં૦ ૧૭૦ની સાલના છે. પરિકર પણ ભવ્ય છે. વાવ શહેર આજથી લગભગ ૨૦૦ વર્ષ પૂર્વે બંદર હતું. હરિબલમચ્છીના રાસમાં તેના રચયિતાએ સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે, 'વાવ્ય બંદરે' એ રાસની રચના વિ૦ ના ૧૮ મા શતકના ઉત્તર કાલમાં થયેલી છે આથી સંભવે છે કે, વાવથી ૮ ગાઉ પશ્ચિમે જે બેટ આવેલ છે, ત્યાં સૂઇગામની સરહદ પર દરિયાઇ ખાડી આવતી હોય, બાદ દરિયો આઘો જતાં એ ખાડી પૂરાઈ ગઇ, એથી વાવ હવે બંદર રૂપે ન રહ્યું હોય, વાવની નજીકમાં ખીમાણાવાસ છે, જ્યાં પૂર્વકાલમાં જૈનોની સારી વસતિ હતી. ભ૦ શ્રી અજિત-

નાથ સ્વામીના પ્રતિમાજી પૂર્વે થરાદમાં હતા, પણ મુસ્લીમ આક્રમણના ભયથી અહિં વાવ લાવેલ. વાવમાં ચૌહાણ રજપુતોનું શાસન હતું, અને તેઓ પરાક્રમી તથા શૌર્યવાળા હતા. તેથી આ સ્થલ નિર્ભય ગણાતું.

## ૧૯ : ઢીમા :

વાવથી ઉત્તર દિશામાં ૭ માઇલ પર ઢીમા આવેલું છે. અહિં જૈનોનાં ૪૦ ઘરો છે. શ્રી પાર્શ્વનાથસ્વામીનું પ્રાચીન દેરાસર છે, જે લગભગ સંપ્રતિ મહારાજના સમયનું છે. તેનો ફરીથી જીર્ણોદ્ધાર કુમારપાલ મહારાજાએ કરાવેલ હોવાના સ્પષ્ટ પ્રમાણો છે. આ જિનાલય જેટલું બહાર છે. તેટલું જ જમીન નીચે દટાઈ ગયેલું છે. શ્રી તારંગાજીતીર્થનાં જિનાલયના જેવી બાંધણી, ઉભણી આદિ સ્પષ્ટ જણાઈ આવે છે. કેરમના લાકડાના મોભ આદિ પણ આ જિનાલયમાં છે. તપગચ્છાચાર્ય પૂ૦ વિજયદેવસૂરિજી મહારાજનાં વરદ હસ્તે અંજનશલાકા થયેલ ભ૦ શ્રી પાર્શ્વનાથજીનાં પ્રતિમાજી મૂલનાયકજી તરીકે આજે બિરાજમાન છે. રંગમંડપમાં પત્થરના ભારવટા પર વિ૦ સં૦ ૧૫૮૮નો તથા વિ૦ સં૦ ૧૬૮૨ નો ઉલ્લેખ મળી આવે છે, આ પરથી નિશ્ચિત થાય છે કે, આ પ્રાચીન જિનાલયના અનેક ઉધ્ધારો થઇ ગયા છે, કે જે ૧૬૮૨ સુધી થયેલા હોવા જોઇએ. દેરાસરજીના શિખર પર આમલસારમાં પણ શિલાલેખ છે, તેમાં આ મુજબ ઉલ્લેખ છે કે, 'વીર સં૦ ૨૩૬ વર્ષે વૈશાખ સુદિ ત્રીજ શુક્રે' એ રીતે વિસ્તૃત લેખ મલે છે. પણ શિખર ઉંચું છે, ને ત્યાં ઉભા રહીને કે બેસીને લેખ વાંચવામાં અનુકૂળતા નથી, ને લેખ પાછળના ભાગમાં અસ્પષ્ટ છે. એકંદરે જિનાલય પ્રાચીન છે, એમાં કશી શંકા નથી.

ગામ બહાર ધરણીધરરાયનું ઐતિહાસિક જૈનેતર મંદિર છે, ત્યાં મોટો મેળો ભરાય છે, ને હજારો યાત્રિકો યાત્રાર્થે આવે છે. એક પ્રઘોષ પ્રમાણે ભ૦ શ્રી પાર્શ્વનાથસ્વામીના પરમભક્ત નાગરાજ શ્રી ધરણેંદ્રનું એ મંદિર હોવાનો વિશેષ સંભવ છે.

## ૨૦ : ભોરોલ :

થરાદથી ૧૨ માઇલ દૂર ભોરોલ ગામ છે. અહિં મહા-ચમત્કારી તથા પ્રાચીન શ્રી નેમિનાથપ્રભુના પ્રતિમાજી છે; આ પ્રતિમાજી વિ૦ સં૦ ૧૯૫૬ માં ગણેશપરાના ખેડૂતના ખેતર-માંથી પ્રગટ થયા હતા. આ પ્રભુજીની સાથે અન્ય ૪ પ્રતિમાજી પણ પ્રગટ થયેલા, પણ ખંડિત માનીને શ્રાવકોએ જમીનમાં ભંડારી દીધેલ. બાદ વિ૦ સં૦ ૧૯૬૨માં ફરી આ પ્રતિમાજી પ્રગટ થયા, તે સમયે ભોરોલ દરબાર રાજસિંહે શ્રી સંઘને ખાસ આગ્રહ કર્યો, ને પ્રતિમાજીને વાજતે–ગાજતે ગામમાં પધરાવ્યા. પ્રતિમાજી લગભગ ૪ ફૂટ ઉંચા અને તેજસ્વી શ્યામ પાષાણના છે. ભોરોલગામની આજુબાજુ ૮૦૦ વર્ષ પૂર્વે પીપલકપુર નામનું નગર હતું. તે સમય દરમ્યાન અનેક ભવ્ય જિનાલયો અહિં હતા. હજારો શ્રાવકોનાં ઘરો પણ હતા. આજે ગામની પશ્ચિ-મોત્તરના મોટા મેદાનમાં ૧૪૪૪ થાંભલાવાળા ને ૭૨ દેરીઓથી સુશોભિત પ્રાચીન જિનાલયના અવશેષો પ્રાપ્ત થાય છે. આજે ભોરોલની આજુ બાજુ અન્યાન્ય ઐતિહાસિક અવશેષો મલી આવે છે. આજે ૨૦–૨૫ જૈનોનાં ઘરો છે. વિશાલ ધર્મશાળા છે. અહિં સુદિ ૧૫ ના મેળો ભરાય ત્યારે સેંકડો યાત્રાળુઓ યાત્રાર્થે આવે છે. હાલ ડીસાથી વાવ થઈને મોટર એક વખત અહિં આવે છે. ડીસાથી લગભગ ૫૦ માઇલ થાય છે.

## ૨૧: સાચોર:

ભોરોલથી લગભગ ૨૫ માઇલ દૂર ગૂજરાત અને રાજસ્થાન (મારવાડ) ની હદ ઉપર આવેલું સાચોર શહેર જૈન ઇતિહાસમાં ખૂબ જ પ્રસિધ્ધ છે. જગચિંતામણિના ચૈત્યવંદનમાં 'જયઉ વીર સચ્ચઉરમંડણ'થી જેનો ઉલ્લેખ આવે છે, તેજ આ સત્યપુર અથવા સાચોર. આજે આ ગામમાં પાંચ જિનાલયો છે, અને ૩૦૦ લગભગ જૈનોનાં ઘરો છે, જેમાં મૂર્તિપૂજક જૈનોનાં ફક્ત આજે ૮૦ ઘરો ગણાય છે. પાંચ જિનાલયોમાં મુખ્ય જિનાલય ભ૦ શ્રી મહાવીરસ્વામીનું છે, પૂર્વકાલમાં આ સ્થલે ભ૦ શ્રી મહાવીરદેવના વડિલ બંધુ શ્રી નંદીવર્ધનરાજાએ ભરાવેલા સુવર્ણના પ્રતિમાજી હતા. જે જીવિતસ્વામીના નામથી પ્રસિધ્ધ હતાં. બાદ તે પ્રતિમાજી અધિષ્ઠાયકદેવે અદૃશ્ય કર્યા છે, એક કિંવદંતી પ્રમાણે હાલ અહિં જે મસ્જીદ છે, તે સ્થલે બાવન જિનાલયોવાળું ભવ્ય ગગનચુંબી તેમ જ વિશાલ જિનાલય હતું, આજે ત્યાં કૂવો છે, તે સ્થલે પ્રતિમાજી ભૂગર્ભમાં છે. હાલ મુખ્ય જિનાલયમાં ભ૦ શ્રી મહાવીરદેવના જે પ્રતિમાજી છે, તે સંપ્રતિમહારાજાના છે, આ પ્રતિમાજી ભવ્ય તથા અલૌકિક છે. બાકીના ચાર જિનાલયોમાંથી બે જિનાલયોમાં ભ૦ શ્રી મહાવીરસ્વામીજી મૂલનાયક છે, અને બીજા બે જિનાલયોમાં ભ૦ શ્રી વાસુપૂજ્યસ્વામી તથા ભ૦ શ્રી પાર્શ્વનાથસ્વામી મૂલનાયક છે. આ પાંચે દેરાસરો પ્રાચીન છે. પણ આજે જીર્ણોધ્ધાર, તથા મરામત અને રંગ-રોગાન આદિથી સુશોભિત કરવાની જરૂર છે, આ બધા જિનાલયોમાં સંપ્રતિમહારાજના સમયથી માંડીને ઠેઠ

વિ૦ સં૦ ૧૬૮૧ સુંધીના પાષાણના પ્રતિમાજી છે. બધા મલીને લગભગ ૩૧ પાષાણના પ્રતિમાજી અહિં છે, ગામમાં ધર્માનુરાગ તથા પ્રભુભક્તિ પ્રત્યેનો સદ્‌ભાવ વૃદ્ધિ પામતો થવાની આવશ્યકતા છે. જિનાલયોમાં સ્વચ્છતા, તથા પ્રસન્નતા પ્રાપ્ત થાય તેવા પ્રયત્નોની જરૂર છે, પૂજારીઓથી જ જિનાલયમાં વ્યવસ્થા થતી હોવાથી આશાતનાનો પૂરો સંભવ છે.

## ૨૨ : ઢુવા :

સાચોરથી લગભગ ૨૦ માઈલપર ઢુવા ગામ છે. જે પૂર્વકાલમાં અમીઝરા પાર્શ્વનાથ ભગવાનના ચમત્કારિક તીર્થ તરીકે પ્રસિધ્ધ હતું. આજે મુખ્ય જિનાલયમાં અમીઝરા પાર્શ્વનાથ પ્રભુજી બિરાજમાન છે, પણ કાલબલે અમીઝરતું બંધ થયેલ છે. સમગ્ર ભારતમાં અમીઝરા પાર્શ્વનાથ પ્રભુનું તીર્થધામ સર્વ પ્રથમ આ ગણાતું હતું. અહિં આજે ૧૫ જૈનોનાં ઘરો છે. બે દેરાસરો છે. બીજા દેરાસરમાં મૂલનાયક ભ૦ શ્રી શાંતિનાથજી બિરાજમાન છે. કિંવદંતી પ્રમાણે ભ૦ શ્રી પાર્શ્વનાથજીના દેરાસરજીના ભોંયરામાંથી ભીલડીયાજી તીર્થે જવાતું હતું. હાલ તો આ ભોંયરામાં તે માર્ગ પૂરાઇ ગયો છે,

## ૨૩ : ધાનેરા :

ઢુવાથી ૧૦ માઈલપર ધાનેરા શહેર આવેલું છે. જે ઉત્તર ગૂજરાતનું છેલ્લું નાકું ગણાય છે, ડીસાથી ૨૨ માઇલ લગભગ ઉત્તર દિશાના ખૂણે આ ગામ છે. અહિં બે ભવ્ય જિનાલયો છે એક જિનાલયમાં મૂલનાયક શ્રી શાંતિનાથજી ભગવાન છે, અને બીજા જિનાલયમાં શ્રી અજિતનાથ પ્રભુ બિરાજમાન છે. ભ૦ શ્રી

શાંતિનાથ પ્રભુ સંપ્રતિમહારાજાના સમયના છે, ભ૦ શ્રી અજિતનાથ સ્વામી ૨૦૩ ની સાલના છે, બન્ને દેરાસરજીમાં મલી કુલ ૧૭–૧૮ પ્રતિમાજી પાષાણના છે. જૈનોના ૪૦૦ લગભગ ઘરો છે, ઉપાશ્રયો, જ્ઞાનમંદિર આદિ છે,

## ૨૪ : રામસેણ :

ધાનેરાથી નવાડીસા જતાં ૯ માઇલપર રામસેણ તીર્થ આવે છે. પાલણપુર–ડીસાથી જતી રેલ્વેના ભીલડી સ્ટેશનથી નવી લાઈન જે રાણીગામ તરફની નીકલી છે, તેમાં રામસેણ સ્ટેશન છે, આ તીર્થ પ્રાચીન છે. પૂર્વે અહિં ભવ્ય જિનાલયો તથા જૈનોની સારી વસતિ હતી. આજે તો અહિં એક જિનાલય છે, ને શ્રાવકોનાં ૧૫ ઘરો છે. મૂલનાયક ભ૦ શ્રી આદીશ્વરજી પ્રભુ બિરાજમાન છે. જે સંપ્રતિમહારાજાના સમયના પ્રાચીન છે. ગભારાની બહાર કાઉસ્સગ્ગીયા ધાતુના છે, તે એક ખેડૂતના ખેતરમાંથી નીકળેલ છે. નીચે ધાતુનું મોટું પરિકર છે. ભોંયરામાં પણ ભ૦ શ્રી આદીશ્વરજી પ્રભુના પ્રતિમાજી બિરાજમાન છે. અહિંથી નવાડીસા ૧૯ માઈલ છે. ત્યાં ભ૦ શ્રી પાર્શ્વનાથસ્વામીનું દેરાસર છે, ઉપાશ્રય બે માળનો વિશાલ છે, ને જૈનોનાં ૧૫૦ ઘરો છે. જે મોટે ભાગે બહાર ગામના વ્યાપારાર્થે આવીને વસેલા છે. નવાડીસાથી રાજપુર એક માઇલ થાય. અહિં એક દેરાસર છે. અને ત્યાંથી જુનાડીસા ૩ માઇલ થાય. અહિં બે વિશાલ ભવ્ય જિનાલયો છે, મૂલનાયક શ્રી આદીશ્વરજી તથા ભ૦ શ્રી મહાવીરસ્વામીજી છે. બે માળના ગગનચુંબી આ જિનાલયોમાં પ્રતિમાજી ભવ્ય તથા પ્રાચીન છે. આ બધાં સ્થલો યાત્રા કરવા યોગ્ય છે, ૩ ઉપાશ્રયો છે, શ્રાવકોની વસતિ ૩૦૦ ઘરની ગણાય

છે, પણ મોટો ભાગ વ્યાપારાર્થે બહાર વસે છે.

## ૨૫ : ભોરલ :

થરાદથી ૧૦ માઇલ ભોરલ ગામ છે. અહિં મહાચમત્કારિક તથા પ્રાચીન શ્રી નેમિનાથજીના પ્રતિમાજી છે. આ પ્રતિમાજી વિ૦ સં૦ ૧૯૫૬માં દોઢ માઈલ પર ખેતરમાંથી ખેડૂતને જમીનમાંથી પ્રાપ્ત થયા છે. સાથે બીજા પણ પ્રતિમાજી નીકળ્યા હતા. મૂળનાયકના પ્રતિમાજી ચમત્કારિક તથા પ્રભાવશાલી છે. આ સ્થાન પ્રાચીન છે. લગભગ આઠ સૈકા પહેલાં અહિં પીપલકપુર નામનું નગર હતું. ગામ બહાર પશ્ચિમોત્તરના મોટા મેદાનમાં ૧૪૪૪ થાંભલાવાળું ૭૨ દેરીઓવાળું પ્રાચીન મંદિર હતું. જે મુસલમાન રાજ્યકાળમાં નષ્ટ થયું હોય એમ સંભવે છે. એક સમયે આ સ્થાને હજારો જૈનોની વસતિ હતી. હાલ જૈનોનાં ૨૦–૨૫ ઘરો છે. ધર્મશાળા છે. પાઠશાળા છે. ડીસાથી મોટર રસ્તે ૫૦ માઇલ થાય છે.

## ૨૬ : ઉપરીયાળાજી :

ગુજરાતના રેલ્વે જંકશન વીરમગામથી ૧૩ માઇલ દૂર ઉપરીયાળાજી તીર્થ આવેલું છે. અહિ ગામના નાકા પર શ્રી ઋષભદેવપ્રભુનું સુંદર જિનાલય આવેલું છે. વિ૦ સં૦ ૧૯૧૯ લગભગમાં શ્રી આદીશ્વર પ્રભુ તથા અન્યાન્ય ૪ પ્રતિમાજી જમીનમાંથી નીકળેલા. ત્યારબાદ અહિં એક જિનાલય બંધાવ્યું અને તેમાં આ બધા પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ તીર્થ આમ લગભગ બે સૈકા પૂર્વનું છે. કારણ કે, ૧૮ મી

શતાબ્દિમાં રચાયેલી તીર્થમાળામાં ઉપરીયાળાજી તીર્થનો ઉલ્લેખ આવે છે. મંદિર રમણીય તથા ભવ્ય છે. હાલ ઉપરીયાળાજી તીર્થ દરેક રીતે અદ્યતન સાધન સામગ્રીથી અનેક અનુકૂળતાઓવાળું છે.

પ્રારંભમાં આ તીર્થને પ્રકાશમાં લાવવા આ૦ મ૦ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી તથા તેઓના શિષ્ય આ૦ મ૦ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજીએ પ્રશંસનીય પ્રયત્નો કરેલા. તેઓની જ શુભપ્રેરણાથી ફા૦ સુદિ ૮ ના અહિં મોટો મેળો ભરાય છે. દિનપ્રતિદિન તીર્થનો મહિમા આ રીતે વધતો જ રહ્યો, પરિણામે આ તીર્થસ્થાનને વધુ સર્વાંગસુંદર કરવા મંદિરના જીર્ણોધ્ધારનું કાર્ય શરૂ કરેલું, જે પૂર્ણ થવા આવ્યું છે. જિનાલય ખરેખર ભવ્ય બન્યું છે. અંદરનો રંગ મંડપ, બહારનો મંડપ, પાછળ પ્રદક્ષિણા આદિ બધું સુંદર ચિત્રપટો, દેરીઓ આદિ અતિવિભૂષિત થયેલ છે, આ બધાયમાં અમદાવાદ નિવાસી સેવાભાવી ધર્મશીલ શ્રીયુત ચીમનલાલ કડીયાના અથાગ આત્મભોગનો અમૂલ્ય ફાળો છે.

મંદિર જે ન્હાનું હતું તેની બ્હારનો ચોક વિશાલ બન્યો છે. મંદિરની અંદર કાચનું સુંદર ચિત્રકામ થયું છે. દેરાસરની પાછળ ભ૦ શ્રી ઋષભદેવસ્વામીના પૂર્વભવો, પંચકલ્યાણક આદિના પ્રસંગોનું ભવ્ય ચિત્રકામ તૈયાર થયું છે. તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, શ્રી મનમોહન પાર્શ્વનાથ, શ્રી મલ્લિનાથ ભગવાન, શ્રી મહાવીરસ્વામી ભ૦ આદિની ભવ્ય મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે, જે દ્વારા શ્રી શંખેશ્વર, કંબોઇ, ભોયણી, તેમજ પાનસર, તીર્થની સ્થાપના અહિં કરવામાં આવી છે. ગામમાં

પેસતાં આલિશાન ધર્મશાળા આજે તીર્થસ્થાનની યાત્રાયે આવનાર યાત્રિકોને સુવિધા આપે છે. ઉપરીયાળાજી તીર્થ આજે દરેક રીતે અનુકૂળતાવાળું તથા આત્મિક આનંદ, બાહ્ય શાંતિ અને મનને આરામ આપવા ઉપરાંત પ્રભુભક્તિની પ્રેરણારૂપ બન્યું છે. ભોજનશાળાની વ્યવસ્થા છે. સ્ટેશનપર પેઢીની ગાડી રહે છે..

## ૨૭: વીરમગામ :

ગુજરાત–સૌરાષ્ટ્રના સંધિ ભાગમાં આવેલું આ શહેર રેલ્વેનું મથક ગણાય છે. સૌરાષ્ટ્ર રેલ્વે લાઈનો અહિંથી જ પસાર થાય છે. મારવાડ, મેવાડ તથા દીલ્હી બાજુ જવા માટે સૌરાષ્ટ્રનું નાકું વીરમગામ ગણાય છે. શહેરમાં ૪૦૦ લગભગ જૈનોનાં ઘરો છે. ૭ થી ૮ ઉપાશ્રયો છે. પાઠશાળાઓ તથા જ્ઞાનભંડારો પણ અહીં ૩–૪ લગભગ છે. ૭ ભવ્ય જૈન દેરાસરો છે. તેમાં મ્હોટા ઉપાશ્રયની પાસે આવેલું શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર મોટું છે. દેરાસરમાં ભોંયરામાં પણ પ્રભુજી બિરાજમાન છે. યાત્રિકો માટે ભોજનશાળાની પણ સગવડતા છે. આયંબિલ ખાતું પણ અહિં છે. ગુજરાતની ઉત્તર બાજુની તીર્થ ભૂમિઓની સ્પર્શના–યાત્રા કરવા જનારને માટે વીરમગામ મહત્વનું કેન્દ્ર ગણાય છે.

વીરમગામ, રાધનપુર, આ બન્નેયની આસપાસ પંચાસર, દસાડા, પાટડી, ઝીંઝુવાડા, ધામા, આદરિયાણા, તેમ જ હારિજ, સમી, મુંજપુર, ચંદુર આદિ ગામો આવેલાં છે. જ્યાં ભવ્ય જિનાલયો, ઉપાશ્રયો જ્ઞાનભંડારો, અને જૈનોની સારી વસતી આવેલી છે. આમાં હારિજ, સમી, મુંજપુર, પંચાસરા, ચંદુર

આદિ ગામો તો ઐતિહાસિક તથા પ્રાચીનકાળનાં અનેકાનેક અવશેષોથી સમૃદ્ધ છે.

## ૨૮ : ગાંભૂ :

પાટણ નજીકમાં લગભગ બાર ગાઉ ઉપર આ ગાંભુ ગામ આવેલું છે. આ સ્થાન પૂર્વકાલમાં ગંભીરા કે ગંભુતા તરીકે સુપ્રસિધ્ધ હતું. અહિં ભવ્ય તથા ચમત્કારિક શ્રી ગંભીરા પાર્શ્વનાથજીનાં પ્રાચીન પ્રતિમાજી મૂલનાયક તરીકે જિનાલયમાં બિરાજમાન છે. પૂર્વકાળમાં આ પ્રતિમાજીના હાથમાંથી હરરોજ રુપાનાણું મળતું હતું. આ ગામ અતિશય પ્રાચીન છે. પાટણ શહેર વસાવ્યા પહેલાં પણ આ સ્થાન ઇતિહાસમાં પ્રસિધ્ધ હતું. આચારાંગસૂત્રના ટીકાકાર શ્રી શીલાંકસૂરિજીએ આ સ્થાનમાં રહીને ટીકા રચ્યાનો ઉલ્લેખ આચારાંગ–ટીકાની પ્રશસ્તિમાંથી મળે છે. મહામંત્રીશ્વર શ્રી વિમલશાના પૂર્વજ નીના શેઠ, મારવાડમાંથી અહિં ગાંભુ આવીને વસ્યા હતા. તે કાળમાં ગાંભુની જાહોજલાલી અતિશય હતી. ગાંભુ ભાંગીને પાટણ વસ્યું હોય એમ કલ્પના થાય છે. પાટણને વસાવ્યા પછી ગૂર્જરેશ્વર વનરાજે, ગાંભુના રહીશ નીના શેઠના પુત્ર લાહીરને પાટણ બોલાવી, તેમને દંડનાયક–સેનાપતિ તરીકે નીમ્યા હતા. આજે અહિં શ્રાવકોનાં ઘર ૧૫ લગભગ છે. દેરાસરજીમાં બધા પ્રતિમાજી સુંદર અને આલ્હાદક છે. મુંબઇ લાલબાગ–ભુલેશ્વર મોતીશાહ જૈન ટેંમ્પલ-ટ્રસ્ટનાં ભ૦ શ્રી મહાવીરસ્વામીજીનાં જિનાલયમાં મૂલનાયક ભ૦ શ્રી મહાવીર સ્વામીજીના ભવ્ય પ્રસન્ન પ્રતિમાજી જે બિરાજમાન છે, તે અહિંથી લઇને ત્યાં પધરાવેલ છે.

## ૨૯ : મોંઢેરા :

ગૂજરાતનાં પ્રાચીન ઐતિહાસિક તીર્થસ્થાનોમાં મોંઢેરા પણ સુપ્રસિધ્ધ છે. પૂ૦ શ્રી બપ્પભટ્ટીસૂરિજી મોંઢેરામાં શ્રી વીરભગવાનને હંમેશા વંદન કરવા આકાશ માર્ગે આવતા હતા. તે પ્રકારનો તીર્થ-કલ્પમાં ઉલ્લેખ આવે છે. પૂ૦ આ૦ મ૦ શ્રી બપ્પભટ્ટીસૂરિજીની દીક્ષા, તથા સૂરિપદવી પણ આ સ્થાને થઇ છે. આ સ્થળ આજે પાટણથી બાર ગાઉ લગભગ છે. ગામ બ્હાર ચારે બાજુ મોટા ટેકરાઓ જણાય છે. ગામ બ્હાર ફર્લાંગ દૂર પ્રાચીન જૈન મંદિરના અવ-શેષો સારા પ્રમાણમાં મળી આવે છે. આ મંદિરની સામે વિશાલ કુંડ છે. આ મંદિરની રચના જીવાભિગમ સૂત્રમાં વિજયદેવનાં વર્ણનમાં આવતા વર્ણનને બરાબર મળતી આવે છે. આ વિશાળ મંદિર હાલ તો ભાંગીતૂટી સ્થિતિમાં છે. હજુ કુંડની દેરીઓમાં પદ્માસનસ્થ અરિહંત દેવની મૂર્તિઓ ખંડિત અવ-સ્થામાં પ્રાપ્ત થાય છે. કેટલાક વર્ષ પહેલાં કુંડનું સમારકામ કરતાં જૈન તીર્થંકરદેવની ૧૬ મૂર્તિઓ મળી હતી. પણ સત્તા-વાળાઓની બેદરકારીથી એ વિષે બધું ઢાંકી દેવામાં આવ્યું. હતું. હાલ શ્રી ભીડભંજન પાર્શ્વનાથજીનું એક દેરાસર છે. શ્રાવકોના ઘરો છે. ઉપાશ્રય છે. ભોયણીજીથી પાટણ જતાં રસ્તામાં આ ગામ આવે છે. રાંતેજથી પાંચ ગાઉ પર આ ગામ આવેલું છે, અને રાંતેજથી ભોયણી છ ગાઉ થાય છે.

## ૩૦ : કંબોઇ :

મહેસાણાથી પાટણ જતી રેલ્વે લાઇનમાં મણુંદ રોડથી ચાણસ્મા થઇ ને હારિજ જતાં, ચાણસ્માથી લગભગ પાંચ ગાઉ દૂર 'કંબોઇ' સ્ટેશન આવેલું છે. આ સ્થાન ઐતિહાસિક છે.

ગામના પાદરે જૂનાં ખંડીયરો, જમીનમાં દટાયેલા પાયા, ઈંટો વગેરે આજે પણ જોવા મળે છે. કંબોઈ ગામ, સ્ટેશનથી ૦ાા માઈલ દૂર છે. ગામમાં દેવવિમાન જેવું સુંદર જિનાલય છે. જિનાલય રંગમંડપ તથા ભવ્ય દેવકુલિકાઓથી ખૂબ જ સુંદર અને રમણીય છે. વ્યવસ્થાવાળી ધર્મશાળા છે. વાતાવરણ શાંત તથા આલ્હાદપ્રદ છે. મૂળનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથજીનાપ્રતિમાજી પ્રભાવક તથા શાંત રસપૂર્ણ અદ્ભુત છે. પૂ૦ મુનિરાજ શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) મહારાજની શુભ-પ્રેરણાથી અમદાવાદ નિવાસી શ્રી લાલભાઈ લઠ્ઠા આદિ મહાનુભાવોના પ્રયાસોથી આ તીર્થ આજે ગુજરાત-સૌરાષ્ટ્રમાં સુપ્રસિદ્ધ બન્યું છે. ભોજનશાળા આદિની વ્યવસ્થા છે. લાયબ્રેરી આદિની વ્યવસ્થા યાત્રિક વર્ગને અનુકૂળતા કરી આપે છે. શ્રી શંખેશ્વરજી જનારને હારિજના રસ્તે કંબોઈ તીર્થની યાત્રા માટે સુગમતા રહે છે.

## ૩૧ : ચારૂપ :

પાટણ શહેરથી સરસ્વતી નદી બાજુના રસ્તે થઇને જતાં ત્રણ ગાઉ દૂર ચારૂપ તીર્થ આવેલું છે. ગામ ન્હાનું છે. ગામની મધ્યમાં વિશાલ ગઢની અંદર વચ્ચે ભવ્ય જિનમંદિર આવેલું છે. મંદિરમાં મૂલનાયક શ્રી શામળા પાર્શ્વનાથના પ્રતિમાજી અતિશય પ્રાચીન તથા મહાપ્રભાવક છે. આ પ્રતિમાજીના નીચેના પરિકર પર તેની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ મલે છે, તેમાં જણાવેલ છે કે, 'ચારૂપગામે મહાતીર્થે શ્રી પાર્શ્વનાથ, પરિકર સહિતં પ્રતિષ્ઠિતં શ્રી દેવચંદ્રસૂરિભિઃ' આ. દેવચંદ્રસૂરિજી, પૂ૦

આ૦ મ૦ શ્રી શીલગુણસૂરિજીના શિષ્ય છે. ગત ચોવીશીના ૧૬ મા તીર્થંકર શ્રી નમિનાથજીના શાસનમાં ૨૨૨૨૨ વર્ષ પછી ગોડદેશના અષાઢ શ્રાવકે ત્રણ પ્રતિમાજી ભરાવેલા, તેમાંના આ એક પ્રતિમાજી છે. બીજા મતે વર્તમાન ચોવીશીના ૨૧ મા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનનાં શાસનમાં ૨૨૨૨૨ વર્ષ બાદ ગૌડ દેશના આષાઢ શ્રાવકે ત્રણ પ્રતિમાજી ભરાવ્યા, તેમાંના આ એક છે. તે પ્રતિમાજીને શ્રીકાંતા નગરીના ધનેશ શ્રાવકને વ્યાપારાર્થે સમુદ્ર માર્ગે જતાં, વહાણ થંભતાં, અધિષ્ઠાયક દેવે આપેલ જે તે શ્રેષ્ઠીયે આ સ્થલે ભવ્ય જિનાલય બંધાવીને પ્રભુજીને પધરાવ્યા છે. અહિં અન્યાન્ય શ્રી અનેક ભવ્ય જિનાલયો પૂર્વકાલમાં વિદ્યમાન હતાં.

આ પ્રતિમાજીને એક પક્ષે અસંખ્યાત કાળ થયેલ છે. બીજા મતે ૫૮૪૨૩૪ વર્ષ થયા છે. પરિકરની પ્રતિષ્ઠા વનરાજ ચાવડાના સમયમાં થયેલી છે. તે પરથી મંદિર પણ તે સમયનું અહિં હતું. તે સિદ્ધ થાય છે. બાદ તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો, ને નવેસરથી ભવ્ય મંદિર તૈયાર થયું, જેની પ્રતિષ્ઠા ૧૯૮૪ના જેઠ સુદિ ૫ ના પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજનાં વરદ હસ્તે થઇ. તેમાં મૂલનાયક તથા શ્રી આશ્વદીરજી પ્રભુને તે જ સ્થાને પ્રતિષ્ઠિત કરેલ છે. આજે દેરાસર રમણીય અને દેવવિમાન જેવું ભવ્ય બન્યું છે. રેલ્વે સ્ટેશન છે અમદાવાદથી સવારના રેલ્વેમાં બેસનાર ૧૧ાા વાગ્યે ત્યાં પહોંચી શકે છે. યાત્રા કરવા જેવું સ્થલ છે, ધર્મશાળા પણ વિશાલ છે.

આ તીર્થનો મહિમા કેટલાયે સૈકાઓથી ઇતિહાસ પ્રસિદ્ધ

છે. ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહના સમયમાં જૈનાચાર્ય વીરાચાર્ય અહિં યાત્રાર્થે પધાર્યાનો ઉલ્લેખ મળે છે. વસ્તુપાળ તેજપાલે આ સ્થાને જિનમંદિર બંધાવ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એજ રીતે માંડવગઢના મંત્રી શ્રી પેથડશાએ પણ અહિં શ્રી શાંતિનાથ ભગવાનનું સુંદર મંદિર બંધાવ્યું હતું. નાગપુરના દેવચંદ શ્રાવકે પણ અહિં જિનાલય બંધાવ્યું હતું.

આજે તો વિશાલ ચોકમાં દેરાસર તથા આજુ બાજુ ધર્મશાળા છે, આ તીર્થની વ્યવસ્થા પાટણ શ્રી સંઘ કરે છે, રેલ્વે રસ્તે પાટણથી કાકોસી જતી રેલ્વે લાઈનમાં ચારૂપ પહેલું સ્ટેશન છે. સ્ટેશનથી ગામ એક માઇલ દૂર છે. યાત્રિકોને પાટણથી વાહન દ્વારા જવું અનુકૂળતાવાળું છે, ચારૂપ તીર્થમાં એકાંત સારૂં છે.

## ૩૨ : મેત્રાણા :

પાટણથી કાકોસી–મેત્રાણા બાજુ જતી રેલ્વે લાઇનમાં છેલ્લા મેત્રાણા સ્ટેશથી ગામ એક ગાઉ દૂર થાય છે. યાત્રિકોને લેવા માટે પેઢી તરફથી માણસ સ્ટેશન ઉપર દરરોજ હાજર હોય છે. મેત્રાણામાં વિશાલ રંગમંડપવાળું ભવ્ય જિનમંદિર છે. સુંદર બે ધર્મશાળાઓ તથા ઉપાશ્રય છે. દેરાસરમાં મૂલનાયક શ્રી ઋષભદેવ ભગવાનનાં રમણીય પ્રતિમાજી છે. વિ. સં ૧૮૯૯ ના શ્રાવણ વદિ ૧૧ ના દિવસે, આ ગામના લુહારની કોઢમાંથી ચાર પ્રતિમાજી શ્રી ઋષભદેવ ભ૦ શ્રી શાંતિનાથજી, શ્રી પદ્મપ્રભપ્રભુજી, શ્રી કુંથુનાથજી એ રીતે નીકળ્યા હતા. આ બધા પ્રતિમાજી પ્રાચીન તથા ભવ્ય છે, જે દેરાસરજીમાં પધરાવ્યા છે. દેરાસરજીના

પાછલા ભાગમાં ત્રણ દેરીઓ છે. સ્થાન સુંદર છે. તીર્થનો વહીવટ સિદ્ધપુર, પાલણપુર મેતા વગેરે સંઘના ગૃહસ્થોની કમિટિદ્વારા હાલ ચાલે છે, અહીંથી સિદ્ધપુર પાંચ ગાઉ થાય. રસ્તો રેતીવાળો છે, સિદ્ધપુરમાં આપણા દેરાસરો ઉપાશ્રય તથા શ્રાવકોની વસતિ છે, શહેર સરસ્વતી નદીના કિનારે આવેલું છે, જૈનેતર હિંદુઓ માટેનું યાત્રાધામ ગણાય છે, સિદ્ધપુરનો રૂદ્રમહાલ ઇતિહાસમાં પ્રસિદ્ધ હતો, આજે તો એના અવશેષો જ કેવલ રહ્યા છે. શહેરમાં વહોરા કોમની વસ્તી ઘણી છે, જેઓ પરદેશમાં મ્હોટો વહેપાર ખેડનારા સાહસિક વ્યાપારીઓ ગણાય છે. અમદાવાદથી દીલ્હી જતી મીટર ગેઈજ રેલ્વે લાઈનમાં સિધ્ધપુર સ્ટેશન આવેલું છે.

## ૩૩ : ચાણુસ્મા :

ગુજરાતના અણહીલપુર પાટણથી ૬ ગાઉ દૂર ચાણસ્મા ગામ આવેલું છે. ગામમાં શ્રાવકોનાં લગભગ ૩૦૦ ઘરો છે, શ્રાવકો ધર્મની રૂચિવાળા તથા ભાવિક છે, શ્રાવકોની વસતિ વચ્ચે ગનનચુંબી ભવ્ય જિનમંદિર આવેલું છે. મંદિરમાં મૂળનાયક શ્રી ભટેવા પાર્શ્વનાથજીના વેળુમય ન્હાના પ્રતિમાજી પ્રાચીન તથા પ્રભાવિક છે, આ પ્રતિમાજીની પ્રાચીનતા માટે એક ઉલ્લેખ એ મુજબનો પ્રાપ્ત થાય કે, 'અહીં ચાણસ્મામાં રહેતા રવિચંદ નામના દરિદ્ર શ્રાવકને સ્વપ્નમાં પ્રભુજીના અધિષ્ઠાયક દેવે પોતાનું સ્થાન કહ્યું, સ્હવારે શ્રાવકે ભટીયાર ગામની પાસેના ખેતરમાંથી આ પ્રતિમાજીને લાવીને અહિં પધરાવ્યા, અને વિ. સં. ૧૫૩૫ માં પ્રભુજીની મંદિરમાં તેણે પ્રતિષ્ઠા કરાવી.' આ પહેલાં પણ આ સ્થાને ભટેવા પાર્શ્વ-

નાથજી હતા, તેવો લેખ પણ મળી રહે છે, જેમાં લખાણ છે કે, 'જયંત નામના શ્રાવકે સસરાના ગામ ચાણસ્મામાં વાસ કરી વિ. સં. ૧૩૩૫ માં શ્રી અંચલગચ્છીય અજિતસિંહસૂરિના ઉપદેશથી અહિં ભટેવા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું, અને પ્રતિમાજીને પ્રતિષ્ઠિત કર્યા.' આ રીતે ચાણસ્મા ગામ ઐતિહાસિક છે. દેરાસર વિશાળ છે. બાજુમાં ઉપાશ્રય છે. જ્ઞાનમંદિર, ધર્મશાળા, ભોજનશાળા તથા આયંબિલ ખાતું આદિ ધર્મસ્થાનો અહિં આવેલાં છે. દેરાસરજીમાં ૧૩ મી સદીનું પ્રાચીન પરિકર દર્શનીય છે. સ્ટેશન પર ધર્મશાળા તથા ગુરૂમંદિર છે. મહેસાણાથી મણુંદરોડ થઇ હારિજ જતી રેલ્વે લાઇનમાં ચાણસ્મા સ્ટેશન આવેલું છે.

## ૩૪ : વડનગર :

પૂર્વકાળમાં આનંદપુર તરીકે જૈન ઇતિહાસમાં સુપ્રસિધ્ધ સ્થાન આજે વડનગરના નામે ઓળખાય છે. આ નગરમાં ધ્રુવસેન રાજાનાં પુત્ર મરણના શોકનું નિવારણ કરવા શ્રીસંઘ સમક્ષ સર્વ પ્રથમ કલ્પસૂત્રનું વાંચન શરૂ થયેલું. આ પ્રસંગ ભ૦ શ્રી મહાવીરદેવના નિર્વાણ બાદ ૯૯૩ મા વર્ષમાં બન્યો છે. એક મતે ૯૮૦ વર્ષે બન્યો છે. એટલે કે વિ૦ સં૦ ના ૬ઠ્ઠા સૈકાની શરૂઆતમાં વડનગરમાં આ ઐતિહાસિક પ્રસંગ બન્યો છે. આ સમયે વડનગર ઇતિહાસ પ્રસિધ્ધ હતું, એ પ્રતીત થાય છે. વર્તમાન અવસર્પિણીકાળમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીનાં શાસનમાં શ્રી શત્રુંજય. મહાતીર્થની તલાટી આ વડનગરમાં હતી, એમ વિ૦ સં૦ ૧૫૨૫ માં રચાયેલા એક સ્તવનના આધારે કહી શકાય છે. આજે આ ઐતિહાસિક સ્થળે સુંદર

આઠ જિનાલયો છે. આમાંનાં કેટલાંક તો વિશાળ ચોકવાળા ભવ્ય અને રમણીય છે. ભગવાન શ્રી ઋષભદેવસ્વામીનું હાથીવાળું દેરાસર અતિશય પ્રાચીન, વિશાળ તથા અદ્‌ભુત છે. શ્રાવકોનાં ઘરો અહિં છે, ઉપાશ્રય પણ છે. વડનગરા નાગરોની ઉત્પત્તિનું આદિસ્થાન આ મનાય છે. આ બધા નાગરો એક કાળે જૈન ધર્મ પાળનારા જૈનો હતા. ગામ ઉંચા ટેકરા પર આજે વસ્યું છે. ગામની બહાર ઉંડું વિશાળ તળાવ છે. મહેસાણાથી વડનગર આવતા રસ્તામાં વીસનગર શહેર આવેલું છે, અહિં જૈનોની વસતિ સારી છે, દેરાસરો રમણીય છે. ગામ બહાર શ્રી કલ્યાણપાર્શ્વનાથનું મંદિર ભવ્ય વિશાળ તથા દર્શનીય છે. ગામમાં ઉપાશ્રયો, આયંબિલ ખાતું તથા ભોજનશાળાની વ્યવસ્થા છે, મહેસાણામાં પણ નવ દેરાસરો છે, જેમાં ભ૦ શ્રી સુમતિનાથજી તથા ભ૦ શ્રી પાર્શ્વનાથજીનું જિનાલય ભવ્ય છે. મારવાડ, દીલ્હી આદિ બાજુ જતી રેલ્વેએ માટેનું ગુજરાત–સૌરાષ્ટ્ર પ્રદેશનું આ જંકશન સ્ટેશન છે. બે ધર્મશાળા તથા સેનેટરીયમ, ઉપાશ્રયો આદિ અહિં છે. શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા તથા શ્રી જૈન શ્રેયસ્કર મંડળ સંસ્થા જે ભારતમાં પ્રસિધ્ધ છે, તે અહિં છે,

## ૩૫ : પાનસર :

અમદાવાદથી મહેસાણા જતાં કલોલ પછી બીજું સ્ટેશન પાનસરનું છે. અમદાવાદથી પાનસર લગભગ ૨૧–૨૨ માઈલ

થાય છે. સ્ટેશનથી ગામમાં જતાં રસ્તામાં ૦ાા માઇલ પર જમણી બાજુ વિશાળ દરવાજામાં થઇને તીર્થસ્થાનમાં જઇ શકાય છે. પાનસર ગામ અહિંથી લગભગ ૦ાા માઇલ દૂર ગણાય. ચોમર વિશાલ ગઢની વચ્ચે ગગનચુંબી ભવ્ય જિનમંદિર છે. ચારે બાજુ ધર્મશાળાઓ છે. દેરાસર સુંદર બાંધણીનું અને ચઢ-ઉતર ક્રમે ભવ્ય પગથીઆનું આલિશાન છે. મૂલનાયક શ્રી મહાવીર ભગવંતના પ્રતિમાજી અદ્ભુત અતિશાયી તથા પ્રભાવિક છે. વિ૦ સં૦ ૧૯૬૬ ની સાલમાં રાવળ જળા તેજાના ઘરની દીવાલમાંથી આ પ્રતિમાજી પ્રગટ થયેલાં છે. આ મંદિરમાં પ્રભુજીની પ્રતિષ્ઠા વિ૦ સ૦ ૧૯૭૪ ના વૈશાખ સુદિ ૬ ના મંગળ દિવસે થઇ છે. દિનપ્રતિદિન તીર્થનો મહિમા વધતો જ ચાલ્યો છે. આજે તો દેરાસરના વિશાલ ચોકમાં ચારે બાજુએ ન્હાનાં મનોહર મંદિરો દેવકુલિકાઓ છે. જેમાં સુંદર પ્રભુ પ્રતિમાઓ બિરાજમાન છે. થોડા વર્ષો પૂર્વે જે પ્રાચીન પ્રતિમાજી ગામમાંથી નવા પ્રગટ થયેલાં હતાં તે પણ અહિં બિરાજમાન કરવામાં આવ્યા છે. મંદિર દેવવિમાન જેવું અદ્ભુત છે. મંદિરની પાછળ અમદાવાદ નિવાસી ધર્માનુરાગી ભાઇ ચીમનલાલ ડાહ્યાભાઈ તરફથી ભવ્ય જલમંદિર આરસના પાષાણનું તૈયાર કરાવાયું છે. મૂલ મંદિરમાં મૂલનાયક પ્રભુજીના પ્રતિમાજી દર્શનીય તથા ચિત્તને આલ્હાદ આપનારા પ્રસન્ન ગંભીર છે. મંદિરની બહાર વિશાલ ચોક મંદિરની પ્રતિષ્ઠામાં પ્રાણ પૂરે છે. ધર્મશાળાઓની વચ્ચે ટાવર તથા લાઇબ્રેરી છે. ચોમેર વિવિધ વૃક્ષો, ફુલના ક્યારાઓ તથા છૂટી છવાઈ વનરાજી વાતાવરણમાં મધુરતા આપે છે. મુખ્યત્વે એક એક ઓરડીવાળી ધર્મશાળાઓ

અને ઓરડી બ્હાર મ્હોટી ઓશરી યાત્રાળુઓને માટે અનેક સુવિધાવાળી છે. આ ઉપરાંત પાટણવાળી ધર્મશાળા પણ ઉપર-નીચે ઓરડીઓવાળી છે.

ધર્મશાળાની તથા મંદિરની વ્યવસ્થા, અમદાવાદ નિવાસી સદ્‌ગૃહસ્થોની કમિટિ દ્વારા થાય છે. યાત્રિકો માટે ભોજનશાળા ચાલે છે. જેની વ્યવસ્થા રાજપર, બોરૂ, અમદાવાદ, કડી આદિના ધર્માનુરાગી ગૃહસ્થો સેવાભાવે કાળજીપૂર્વક કરે છે. ગામમાં પણ જિનાલય છે, જેની વ્યવસ્થા ગામના શ્રાવકો કરે છે.

## ૩૬ : ટીંટોઇ :

અમદાવાદથી ઇડર થઇ, પગ રસ્તે કેશરીયાજી જતાં વચ્ચે ટીંટોઈ ગામ આવે છે. એ. પી. રેલ્વે લાઇનમાં મોડાસાથી પણ ટીંટોઈ જવાય છે. ટીંટોઈમાં સુંદર દેરાસર છે. મૂલનાયક શ્રી મુહરીપાર્શ્વનાથ ભગવાનનાં પ્રાચીન તથા પ્રભાવસંપન્ન પ્રતિમાજી છે. આ પ્રતિમાજી મહિમાવંત છે. 'જગચિંતામણિ' નાં ચૈત્ય-વંદન સૂત્રમાં 'મુહરીપાસ દુહદુરિય ખંડણ' પદથી ભગવાન શ્રી ગૌતમસ્વામીજીએ જે મુહરીપાર્શ્વનાથ ભગવાનની સ્તવના કરી છે. તે આ પ્રતિમાજી છે, તેવો પ્રઘોષ કર્ણોપકર્ણ ચાલ્યો આવે છે. આ સ્થળે પહેલાં મુહરીનગર હતું. પણ મુસલમાન રાજ્યકાળમાં મુસ્લીમોના અત્યાચારોથી આ નગરનો ધ્વંસ થતાં આ પ્રતિ-માજી ટીંટોઇમાં પધરાવવામાં આવ્યાં. વચલા કાળમાં તો મોગ-લોના ધર્માંધ સૈન્યોથી પ્રભુજીનું રક્ષણ કરવા ટીંટોઇથી શામળા-જીના પહાડમાં કેટલોક સમય સુરક્ષિતપણે પ્રભુને રાખવા પડયા હતા, છેલ્લે વિ૦ સં૦ ૧૯૨૮ ની સાલમાં ટીંટોઇમાં ફરી

પ્રભુજીને પધરાવવામાં આવ્યા, તે સમયે ત્યાંના ઠાકોરો, સોનામહોર લઈને પ્રભુજીનાં દર્શન કરવા દેતા, પણ ત્યારબાદ સમય અનુકૂલ થતાં ટીંટોઈના શ્રીસંઘે પ્રભુજીને મંદિરમાં પ્રતિષ્ઠિત કર્યાં છે. પ્રભુજી સફેદ પાષાણના લગભગ ૨૭ ઈંચની ઊંચાઇવાળા અને ભવ્ય છે. ગામમાં શ્રાવકોના ઘરો છે. ઉપાશ્રય તથા જ્ઞાનભંડાર પણ છે. યાત્રા કરવા જેવું આ સ્થાન છે.

## ૩૫ : માતર :

અમદાવાદથી લગભગ ૨૫ માઇલ પર આ માતર તીર્થ આવેલું છે. ખેડાથી ૩ માઇલ દૂર છે. વાહનોમાં મોટર વ્યવહારનું સાધન છે. પાકી સડક પર આ ગામ છે, ગામમાં બરાબર બજાર વચ્ચે સુંદર બાવન જિનાલયનું ભવ્ય મંદિર છે. સ્હામે ધર્મશાળા છે. બાજુમાં પણ બીજી ન્હાની ધર્મશાળા છે. મંદિરમાં મૂલનાયક શ્રી સુમતિથાથ ભગવાન—જે સાચા દેવ તરીકે સુપ્રસિધ્ધ છે—તે બિરાજમાન છે. પ્રતિમાજી ભવ્ય તથા મનોહર છે. જે સંપ્રતિ મહારાજના સમયના છે. લગભગ ૧૫૦ વર્ષ પહેલાનું આ તીર્થ છે. પ્રાંતીજની બાજુના મહુધા ગામની પાસે સુહુજ ગામના બારોટની વંડીમાંથી આ પ્રભુજી પ્રગટ થયા હતા અને માતરના શ્રાવકોને રાત્રે તે વિષે સ્વપ્ન આવવાથી તેઓ ભક્તિપૂર્વક પ્રભુજીને ગાડામાં બેસાડીને અહિં લાવ્યા, રસ્તામાં નદીમાં પાણી ખૂબ જ હતું, છતાં પ્રભુના પ્રભાવે ગાડું આગળ વધ્યું. સંઘે માતરમાં પ્રભુજીનો પ્રવેશ કરાવ્યો. વિ૦ સં૦ ૧૮૫૨ માં મંદિર બંધાવી, પ્રભુજીને બિરાજમાન કર્યાં. ત્યારબાદ ૧૮૯૭ માં મંદિરનો જીર્ણોદ્ધાર થયો.

અમદાવાદ નિવાસી ઉદાર ચરિત દાનશીલ શેઠ શ્રી જમનાભાઇ ભગુભાઇએ જીર્ણોદ્ધાર કરાવી બાવન જિનાલયનું ગગનચુંબી જિનાલય અહિં તૈયાર કરાવ્યું. ગૂજ- રાતના પ્રાચીન તીર્થમાં આ તીર્થ ગણાય છે. આજુ-બાજુના ગામડાઓમાંથી, ઠેઠ અમદાવાદથી પણ સેંકડો યાત્રાળુઓ શ્રી સાચાદેવનાં દર્શન માટે આવે છે. અત્યાર સુધી આ તીર્થની વ્યવસ્થા માતરના સંઘ દ્વારા ત્યાંના ગૃહસ્થોની કમિટિ હસ્તક હતી. પૂ. વયોવૃદ્ધ શાંત તપોમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિ- સૂરીશ્વરજી મહારાજની શુભનિશ્રામાં દેરાસરમાં ગભારાની નીચે આશાતના જણાતા, તેનો જીર્ણોદ્ધાર થયા પછી મૂલ- નાયકની ફરી પ્રતિષ્ઠા થતાં, આ તીર્થની વ્યવસ્થા અમદાવાદના ગૃહસ્થો તથા માતરનો સંઘ-બન્નેના સંયુક્ત વહીવટ હેઠળ ચાલે છે.

છેલ્લો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૦૭ ના વૈશાખ મહિનામાં થયો. આ જીર્ણોદ્ધારમાં લગભગ સવાલાખનું ખર્ચ થયાનો અંદાજ છે. હાલ ભોજનશાળાની વ્યવસ્થા યાત્રિકો માટે અહિં છે, દર મહિનાની પૂર્ણિમાએ આ તીર્થની યાત્રા કરવા ઘણા યાત્રાળુઓ આવે છે, યાત્રિકોને અહિં ભાથું અપાય છે. મહેમ- દાવાદ સ્ટેશનેથી ઉતરી ખેડા થઈને માતર અવાય છે. શ્રાવકોના ઘરો ૧૫ લગભગ છે.

## ૩૬ : ખેડા :

ખેટકપુર તરીકે સુપ્રસિદ્ધ આજનું ખેડા, પૂર્વકાલમાં ખૂબ જ જાહોજલાલીવાળું શહેર હતું. આજે રેલ્વે વ્યવહારથી દૂર

પડતા, ખેડા ગામ વ્યાપાર વ્યવસાયોમાં પાછું પડી ગયું છે. એનો પુરાણો વૈભવ, સમૃધ્ધિ અને વસતિ હાલ ઘટી રહ્યાં છે. શેઢી, મેશ્વો અને વાત્રક આ ત્રણે નદીઓનો અહિં સંગમ થાય છે. શ્રાવકોની વસતી અહિં પહેલાં સેંકડો ઘરોની હતી. આજે આ બધી વસતિ ઘટતી ગઇ છે. જ્યાં જુઓ ત્યાં ઉકરડાઓના ઢગલા અને પડી ગયેલાં મકાનો, ઉજ્જડ ઘરો, શ્રાવકોના મહોલ્લાઓમાં નજરે ચઢે છે. આજે આ શહેરમાં આપણાં નવ જિનમંદિરો છે. હાલ શ્રાવકોના ૧૫૦ ઘરો ગણાય છે. મુખ્ય મંદિર શ્રીભીડભંજન પાર્શ્વનાથજીનું ગણાય છે. આ મંદિર બહુ જ વિશાલ તથા ભોંયરાવાળું તેમજ માળ પર પણ દેરાસરો છે. મૂલનાયકનું દેરાસર મોટા દેરાસરજીની ડાબી બાજુ છે. આ પ્રતિમાજી પ્રભાવશાળી ગણાય છે. વિ. સં. ૧૫૧૬ માં ખેડા શહેરની પશ્ચિમ બાજુ નદી કિનારે હરીયાળા ગામ પાસેના વડ નીચેથી આ પ્રભુજી પ્રગટ થયા છે. પંચતીર્થનાં સ્તવનમાં તેના રચયિતા શ્રીઉદયવાચકે આ પ્રભુજીની સ્તવના કરતાં કહ્યું છે:—

'આજ ખેટકપુરે, કાજ સિધ્ધાં સવે, ભીડભંજન પ્રભુ જે કહાયો.'

આ ભીડભંજન પાર્શ્વનાથ મહામહિમાવંતા છે. આ દેરાસરમાં જૂનાં ચિત્રો તથા અષ્ટાપદ આદિની રચના, પ્રાચીન તથા ભવ્ય છે. મહાકવિ શ્રીઉદયરત્નજી આ શહેરમાં સ્થિરતાથી રહ્યા હતા. જેઓના પ્રભાવથી અહિં ઘણા અજૈનો જૈનો બન્યા હતા. શહેરમાં જૈનશાળાનો ઉપાશ્રય તથા અન્ય ઉપાશ્રયો છે. આયંબિલ ખાતું, પાઠશાળા અને કન્યાશાળા તેમજ જૈન લાયબ્રેરી વગેરે છે. છીપાઓની વસતિ પણ ઠીક છે. જેઓ જૈનધર્મ પાળે છે. ખેડા ગામમાં શેઠ તરીકે ઓળખાતા કુટુંબના પૂર્વજો,

પૂર્વકાલમાં હરિયાળા ગામના ચાવડા રજપૂતો હતા. વિ. ના ૧૬-મા સૈકાની શરૂઆતમાં તપાગચ્છીય આ૦ મ૦ શ્રી વિજય રાજસૂરીશ્વરજીના ઉપદેશથી આ લોકો જૈન બન્યા હતા. આજે ખેડા જિલ્લાનું મથક ગણાય છે. ખેડાથી મહેમદાવાદ ગામ ૫ માઇલ થાય, ગામમાં શ્રાવકોના ૧૦ ઘરો છે. ત્યાંથી રેલ્વે રસ્તે ૧૧ માઇલ નડીયાદ આવેલું છે. અહિં ૩ દેરાસરો છે, જેમાં શ્રી અજિતનાથજી ભ૦ નું તથા શ્રી આદીશ્વરજી ભ૦ નું જિનાલય છે. બન્ને મૂલનાયક પ્રભુજી સંપ્રતિ મહારાજાના સમયનાં છે, અને શાંત તથા આલ્હાદક છે. ભ૦ શ્રી આદીશ્વરજીપ્રભુનાં બિંબ તો અતિશય ભવ્ય તથા પ્રશમરસમગ્ન છે. તેમ જ શ્રાવકોની વસતિ સારી છે. સુતરીયા પાટીદાર ભાઈઓ પણ જૈન-ધર્મ પાળે છે અને એમાં કેટલાક કુટુંબો તો દેરાસરજીનો વહિવટ કરે છે. નડીયાદ શહેરના સ્ટેશન પર મીશન હોસ્પીટલ આવેલી છે, જે વાઢકાપ વગેરે માટે પ્રસિધ્ધ છે. નડીયાદથી કપડવણજ લગભગ ૨૪ માઇલ પર આવેલું જૈનોની વિશાલ વસતિવાળું સુંદર શહેર છે. ત્યાં ૯ દેરાસરો, ઉપાશ્રયો તથા જ્ઞાનભંડારો આવેલા છે. શહેર યાત્રા કરવા જેવું છે. આગમોધ્ધારક સ્વ૦ આચાર્યદેવ શ્રીમત્સાગરાનંદસૂરીશ્વરજી મ૦ ની જન્મભૂમિનું આ ગામ છે.

## ૩૭ : કાવી :

ખંભાત બંદરના સામા કાંઠા પર, ટેકરાઓ તથા વનરાજીની વચ્ચે આકાશના વાદળોની સાથે રમત કરતા ભવ્ય શિખરો ધ્યાનથી જોનારને તરત જ દેખાઇ આવે છે. આ શિખરો તે કાવી બંદરના ગગનચુંબી ભવ્ય જિનાલયો છે. ખંભાતથી મહી-

સાગર લંઘીને કાવી જનાર ૦ા કલાકમાં કાવી પહોંચી શકે, તેમ કહેવાતું હતું. તેમજ ખંભાતની ભાગોળે ભસતા કૂતરાઓનો અવાજ, કાવીમાં સંભળાય છે. ખંભાતમાં રાત્રીએ થતી રોશની કાવીમાં દેખાય છે. લગભગ ૨૫–૩૦ વર્ષ પહેલાં આ રીતે ખંભાત અને કાવી વચ્ચેનો વહેવાર હતો, પણ આજે દરિયો વમળ તથા તોફાનોવાળો થતાં આ માર્ગ જોખમવાળો બન્યો છે.

કાવી બંદર જૈનતીર્થ તરીકે પ્રસિદ્ધ છે. અમદાવાદ–મુંબઇ રેલ્વે લાઈનમાં, વિશ્વામિત્રિ સ્ટેશનેથી નાની નેરોગેજ લાઇનમાં જંબૂસર જંકશનેથી રેલ્વે રસ્તે ૧૬ માઇલ પર કાવી સ્ટેશન છે. સ્ટેશનથી ગામ ૦ા માઇલ લગભગ ગણાય. ગામ સામાન્ય રીતે મોટું છે. વ્હોરાઓની વસતિ વધારે છે. ગામ વચ્ચે ચોમેર કિલ્લાવાળા કંપાઉડમાં આપણા જૈન મંદિરો તથા ધર્મશાળાઓ આવેલી છે. છેલ્લા લગભગ ૨૫–૩૦ વર્ષમાં આ તીર્થભૂમિમાં ઘણા–ઘણા સુધારાઓ થવા લાગ્યા છે. તીર્થસ્થાન રમણીય બનતું જાય છે. આજુ બાજુ વિશાલ ચોક પત્થરની નવી ધર્મશાળાઓ તથા લાયબ્રેરી, પેઢીની ઓફીસ વગેરેથી તીર્થસ્થાનમાં ગમી જાય તેવું છે. વિશાલ બાવન જિનાલયના બે ગગનચુંબી ભવ્ય જિનાલયો ભૂતકાલની ગૌરવગાથાને કહેતા અહિં ઉભાં છે. એમાં સાસુના દહેરાસર તરીકે ઓળખાતા મ્હોટા દેરાસરમાં મૂલનાયક શ્રી ઋષભદેવ ભગવાન છે. અને વહુના રત્નતિલક મંદિરમાં ભ૦ શ્રી ધર્મનાથસ્વામીજી મૂલનાયક છે. આ બન્ને મંદિરો ખંભાત નિવાસી લાડકો ગાંધીના પુત્રવહુ હીરાબાઇએ તથા તેના પુત્ર કુંવરજીની સ્ત્રી વીરાબાઇએ–સાસુ વહુએ બંધાવ્યાં છે.

વિ. સં. ૧૬૪૯ થી ૫૫ના ગાળામાં આ બન્ને મંદિરો તૈયાર થયેલાં છે અને તેની પ્રતિષ્ઠા જગદ્‌ગુરુ આ૦ મ૦ શ્રી વિજય-હીરસૂરીશ્વરજી મ૦ શ્રીના પટ્ટધર આ૦ મ૦ શ્રી વિજયસેનસૂરી-શ્વરજી મ૦ નાં વરદ હસ્તે થયેલી છે. પ્રારંભમાં આ સ્થાન પર હીરાબાઇએ બાવન જિનાલયનું સુંદર જિનમંદિર બંધાવ્યું હતું. તેની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૬૪૯ માં થઇ હતી. બાદ આ મંદિરનું બારણું ન્હાનું જોઇ, વહુ વીરાબાઇએ પોતાના સાસુજી હીરાબાઇને કહ્યું કે 'સાસુજી! મંદિરનું શિખર તો ઉંચું અને ભવ્ય છે, પણ બારણું બહુ નીચું છે.' આ સાંભળી સાસુથી રહેવાયું નહિં તેમણે જવાબમાં કહ્યું, 'વહુજી તમને હોંશ રહેતી હોય તો પિયરથી દ્રવ્ય મંગાવી બરાબર માપસર બંધાવજો' આ સાંભળી વીરાબાઇએ પીયરથી દ્રવ્ય મંગાવી, ૧૬૫૦ ની સાલમાં ત્યાં નવાં મંદિરના ખાતમુહૂર્તનો પાયો નાંખ્યો અને ૧૬૫૫ માં તે મંદિરની પ્રતિષ્ઠા કરાવી.

આ બન્ને મંદિરો આજે દેવવિમાન જેવાં રમણીય, આલિશાન તથા ભવ્ય રૂપે સાસુ-વહુના ભાવ-ભક્તિને તેમજ ભૂતકાલીન ધર્મશીલ આત્માઓની શ્રધ્ધા, સમર્પણના તેજસ્વી પ્રતિક સમાં દીપી રહ્યાં છે. દેરાસરો ગમી જાય તેવાં છે. યાત્રાળુ-ઓને અનેક પ્રકારની અનુકૂળતા છે. છેલ્લા લગભગ ૨૭ વર્ષથી માળવા-મહિદપુરના સેવાભાવી મુનીમ કિશનલાલજી અહિંની પેઢીની વ્યવસ્થા ખૂબ ખંત તથા લાગણીથી કરી રહ્યા છે. જેથી આ તીર્થ વધુ પ્રસિદ્ધિમાં આવતું જાય છે, આ પેઢીનો વહિવટ જંબૂસરના તથા અંગારેશ્વર, અંકલેશ્વર ભરૂચ આદિના ગૃહસ્થો કરે છે. વિ. સં. ૧૮૮૬ ની સાલમાં કવિરાજ શ્રી દીપવિજયજી મ૦ આ તીર્થની યાત્રાયે આવેલા

અને આનો મહિમા—ઇતિહાસ ઇત્યાદિ હકીકતો તેઓશ્રીએ 'કાવીતીર્થવર્ણન' નામના પોતાના બનાવેલાં સ્તવનમાં ગૂંથી છે. પં. શ્રી દીપવિજયજી કવિરાજ વિ૦ ના ૧૯ મા સૈકામાં થઇ ગયેલા સમર્થ કવિ હતા. પર્યુષણ પર્વમાં ગવાતું ભ. મહાવીર-દેવનું હાલરડું તથા અષ્ટાપદજીની પૂજા તેઓશ્રીની સુપ્રસિધ્ધ કૃતિઓ છે. તેઓના સમયમાં પણ કાવી તીર્થનો વહિવટ જંબૂ-સરનો સંઘ કરતો હતો. એ એમનાં સ્તવન પરથી જણાઇ આવે છે. વિ. સં. ૧૯૮૨ ની સાલમાં સુરત નિવાસી શેઠ કલ્યાણચંદ ઘેલાભાઇ ઝવેરીએ-કાવી—ગંધારનો સંઘ કાઢયો હતો. આ સંઘ રેલ્વે-રસ્તે તથા ગાડામાર્ગે નીકળ્યો હતો. સંઘવીએ ઉદારતાપૂર્વક આ સંઘમાં પૈસો ખર્ચ્યો હતો. સંસારી અવસ્થામાં લગભગ ૧૦ વર્ષની વયે હું (આ પુસ્તકનો લેખક) પણ આ સંઘમાં હતો. એનાં સુખદ સ્મરણો આજે પણ સ્મૃતિપટ પર તાજા થતાં, એ ભવ્ય ભૂતકાલ નજર સામે ખડો થાય છે.

## ૩૮ : ગંધાર :

એક કાળે પોતાના તેજસ્વી ગૌરવથી ઇતિહાસનાં પાનાંઓ પર અમર થઇ ગયેલું ગંધાર શહેર, આજે કાળની કરાલ કરા-મતનું ભોગ બની, ગુજરાતના દક્ષિણ—પશ્ચિમ છેડા પર ખંભા-તના અખાતની સપાટી પર ઉભું ઉભું પોતાના પ્રભાવની ગૌરવ-ગાથાઓનું આજે આપણને સ્મરણ કરાવે છે. ગંધાર પૂર્વકાલમાં મોટું બંદર હતું. વ્યાપાર તથા વ્યવસાયો અહિં ધમધોકાર ચાલુ હતા. વિ૦ ની ૧૭ મી સદીમાં સેંકડો ધનસમૃધ્ધ શ્રાવ-કોની વસતિ આ શહેરમાં હતી. જગદ્ગુરૂ તપાગચ્છાધિપતિ

આ૦ મ૦ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજશ્રીનાં આવાગમનના શુભ સમાચાર લાવનાર ખેપીયાને હજારોનું દાન દેનાર ધનસંપન્ન ગુરૂભક્ત દાનવીરો આ ગંધાર શહેરમાં સેંકડોની સંખ્યામાં રહેતા હતા. પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રી સેંકડોના સાધુ પરિવાર સાથે અહિં ચાતુર્માસાર્થે બિરાજમાન હતા. અહિંથી જ તેઓશ્રીએ મોગલ સમ્રાટ અકબર બાદશાહનાં આમંત્રણના કારણે ફત્તેહપુર સિક્રી બાજુ વિહાર લંબાવ્યો હતો. વિ૦ સં૦ ૧૬૪૨ ના માગશર વદ ૭ ના શુભ દિવસે ગંધારથી વિહાર કરી જેઠ વદિ ૧૩ ના તેઓશ્રી ફતેહપુર સિક્રી પહોંચ્યા હતા.

આ ગંધારની જાહોજલાલી આજે રહી નથી. અત્યારે સામાન્ય ગામડાં જેવું આ સ્થાન છે. ભરૂચથી જંબૂસર જતી ન્હાની રેલ્વે લાઈનમાં સમનીથી દહેજ જતાં ફાંટામાં પખાજણ સ્ટેશનથી ૭ ગાઉ દૂર આજે ગંધાર તીર્થ આવ્યું છે, પગપાળા અથવા ગાડા દ્વારા જનારને આમોદથી જવું અનુકૂલતાવાળું છે. ગંધારની આજુબાજુ ખારોપાટ હોવાથી માઇલોના માઇલો દૂરથી ગંધારનું ગગનચુંબી જિનાલય દેખાય છે. ગંધારમાં આજે એક જ મંદિર છે, મૂલનાયક શ્રી અમીઝરા પાર્શ્વનાથનાં મ્હોટાં ભવ્ય પ્રતિમાજી છે, પાછલ પ્રદક્ષિણામાં વચ્ચે શ્રીમહાવીરસ્વામી ભગવાન બિરાજમાન છે. શ્રીમહાવીરસ્વામીનું મંદિર પ્રાચીન હોવું જોઇએ એમ સંભવે છે, આજે ગંધારથી ૦॥ માઇલ પર તેના અવશેષો ઉભા છે, વિ૦ સં૦ ૧૫૦૦ લગભગમાં ભ. શ્રી મહાવીરસ્વામી અહિં મૂલનાયક હતા. જ્યારે શ્રીપાર્શ્વનાથ ભ૦ ની પ્રતિષ્ઠા ૧૬૫૯ માં શ્રી વિજયસેનસૂરિજીના શુભ હસ્તે થઇ છે. પં૦ શ્રી ઉદયરત્નજીએ ગંધારના ભ૦ શ્રી મહા-

વીરસ્વામીનું સ્તવન જંબુસરના સંઘમાં પોતે આવેલા ત્યારે બનાવેલું પ્રસિધ્ધ છે, તેમજ 'ગંધારે મહાવીર જિણંદા' ની સ્તુતિ પણ પ્રસિધ્ધ છે.

વિશાલ ચોકમાં ધર્મશાળા, પેઢી, તથા મંદિર જંગલમાં મંગલ રૂપે આજે ઉભાં છે. યાત્રિકોને આવવા માટેનાં સાધનોની સુવિધા ઓછી હોવાથી, આ બાજુ યાત્રા માટે લોકો ઓછા આવે એ સંભવિત છે. યાત્રિકો જો થોડું કષ્ટ વેઠે તો આ સ્થાનની–તીર્થભૂમિની સ્પર્શનાનો તેઓને અમૂલ્ય લાભ મળે. અત્રે પેઢીમાં વ્યવસ્થા છે. આ બાજુના પ્રદેશમાં પાણીની તંગી અવાર–નવાર પડતી રહે છે. પેઢી તરફથી યાત્રિકોને સગવડ અપાય છે. પેઢીની વ્યવસ્થા તથા વહીવટ, ભરૂચના ધર્મનિષ્ઠ શ્રેષ્ઠીવર્યશ્રી ચુનીભાઈ રાયચંદ આદિ લાગણીપૂર્વક કરે છે. કાવી તથા ગંધારની આજુબાજુ જંબૂસર, આમોદ, પાદરા આદિ શહેરો છે. જ્યાં શ્રાવકોની વસતિ, ઉપાશ્રય, ધર્મશાળા તથા સુંદર જિનમંદિરો છે. જે યાત્રા કરવા જેવાં છે. અહિંથી ૭–૮ ગાઉ પર ખંભાતના અખાતપર આવેલું દહેજ બંદર પણ શ્રાવકોની વસતિ વાળું છે, સામેજ ઘોઘા આવેલું છે. દહેજમાં દેરાસર છે.

## ૩૯ : વડોદરા :

ગુજરાતમાં રંગીલા શહેર તરીકે એક દાયકા પહેલાં સુપ્રસિદ્ધ વડોદરા શહેર મહારાજા સયાજીરાવની રાજધાનીનું શહેર ગણાતું હતું. હિંદ ભરમાં જ્યારે ઇ૦ સ૦ ૧૯૪૮ માં ૭૦૦ દેશી સ્ટેટો વિલીન થઈ ગયા, તે રીતે વડોદરા પણ મુંબઇ રાજ્યમાં ભળી ગયું. વડોદરા શહેર આમ પ્રાચીન છે.

વટપદ્ર તરીકે ઇતિહાસમાં આ સ્થાન ઓળખાતું હતું. લગભગ ૫૦ વર્ષ પહેલાં જૈનસમાજની, જૈન સંઘની જાહોજલાલી અહિં ખૂબ જ ઉન્નતિના શિખર પર હતી. અહિં આજે ૧૮ નાના-મોટા જિનમંદિરો છે. શહેરમાં નરસિંહજીની પોળમાં દાદાપાર્શ્વનાથજીનું દેરાસર બહુ જ વિશાળ, ભવ્ય તથા બે માળ ઉંચું છે, આ પ્રાચીન મંદિરનો જીર્ણોધ્ધાર વિ. સં. ૧૯૭૩ ની સાલમાં થયેલો છે. મહારાજા કુમારપાલના સમયનું આ મંદિર ગુજરાતના પ્રાચીન તીર્થોમાં તીર્થ રૂપ છે. રસ્તામાં સડક પર 'શત્રુંજયાવતાર' નામનું ભવ્ય જિનાલય થયું છે.

આ જિનાલયમાં ઉપરના માળ પર તથા સામે દેરાસરો છે. પાવાગઢ તીર્થમાં બિરાજમાન શ્રી ભીડભંજન પાર્શ્વનાથજીના પ્રતિમાજી, અહિં દાદાપાર્શ્વનાથનાં મંદિરમાં બિરાજમાન કર્યા છે. શહેરમાં જૈનોની વસ્તી સારી છે. શહેર બહાર કોઠીપોળ, મામાનીપોળ, ઘીકાંટા, ફતેપરૂં, બાબાજીપરૂં, વાડીપરૂં, આદિ સ્થલોમાં પણ દેરાસરો તથા જૈનોની વસતિ છે. તથા પ્રતાપનગરમાં બોર્ડીંગમાં પણ મંદિર છે. નરસિંહજીની પોળમાં ઘર મંદિરો પણ સારી સંખ્યામાં છે. જાની શેરીમાં જૈન ઉપાશ્રયો ધર્મશાળા આદિ છે. પૂ૦ વયોવૃધ્ધ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજશ્રી સંગૃહિત જ્ઞાનભંડાર નરસિંહજીની પોળના નાકા પર આવેલો છે. જે વિશાલ તથા દર્શનીય છે. તેમજ કોઠીપોળના નાકા પર 'શ્રી મુક્તિ કમલ જૈન જ્ઞાનમંદિરનો' ભંડાર પણ સુંદર છે. તેમજ મહારાજા સયાજીરાવ ગાયકવાડના સમયની સ્ટેટ લાઈબ્રેરી, ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ દ્વારા અનેકાનેક પ્રાચીન ન્યાય, ઈતિહાસ, કાવ્ય નાટક આદિનાં તથા જૈન સાહિ-

ત્યનાં પ્રકાશનો પ્રસિધ્ધ થઈ રહેલ છે, કમાટી બાગમાં મ્યુઝીઅમમાં ૮૫ ફીટ લ્હેલ માછલીનું મૃતકલેવર છે, જે જૈન તત્વજ્ઞાનના જીવ વિજ્ઞાનની પ્રામાણિકતા પર પ્રકાશ પાડે છે. વડોદરા શહેરનું સ્ટેશન વેસ્ટર્ન રેલ્વેનું જંકશન છે. અહિંથી રતલામ, દીલ્હી બાજુ, મુંબઈ બાજુ, અમદાવાદ બાજુ, તેમ જ ડભોઈ, છોટા ઉદેપુર, ભરૂચ, મીયાગામ શીનોર બાજુ રેલ્વે લાઈનો જાય છે. વડોદરાથી ઉત્તર-પૂર્વ બાજુ ૬ માઈલ છાણીગામ છે. જ્યાં ભ૦ શ્રી શાંતિનાથપ્રભુનું ભવ્ય અને દેવ વિમાન જેવું સુંદર જિનાલય છે. શ્રાવકોની વસતિ સારી છે. ઉપાશ્રય તથા જ્ઞાનમંદિર છે. જેમાં હસ્તલિખિત પ્રાચીન-અર્વાચીન પ્રતો, મુદ્રિત પુસ્તક આદિનો સંગ્રહ સારો છે.

## ૪૦ : ડભોઈ :

વડોદરાથી દક્ષિણ-પૂર્વમાં ૧૮ માઈલ ડભોઈ-પ્રાચીન દર્ભાવતી શહેર આવેલું છે. ગૂર્જરેશ્વર સિધ્ધરાજ જયસિંહનાં સમયમાં આ શહેરની સ્થાપના થયેલી છે. તેમના સમયનો કિલ્લો અહિં છે. 'સ્યાદ્વાદ રત્નાકર' નામના સુપ્રસિધ્ધ જૈન ન્યાય ગ્રંથના રચયિતા વાદી દેવસૂરિજી મ૦ ના ગુરુ મહારાજ શ્રી મુનિચંદ્રસૂરિજીનો જન્મ આ નગરમાં થયેલો. મહાન પ્રભાવક તાર્કિક શિરોમણિ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ૦ નો સ્વર્ગવાસ આ શહેરમાં થયો હતો. મંત્રીશ્વર વસ્તુપાલે અહિં ૧૭૦ દેરીઓવાળું સુંદર જિનમંદિર બંધાવ્યાનો ઉલ્લેખ 'વસ્તુપાલ ચરિત્ર' માં આવે છે. તેમજ માંડવગઢના મંત્રીશ્વર શ્રી પેથડશાહે પણ અહિં જિનમંદિર બંધાવ્યું હતું. આજે ડભોઈમાં ૬ ભવ્ય જિનાલયો છે. એમાં શ્રી લોઢણપાર્શ્વનાથજીનું મંદિર મુખ્ય

અને તીર્થરૂપ ગણાય છે. એ માળનું આ દેરાસર છે. ઉપરના ભાગમાં શ્રી શીતલનાથ ભગવાન છે. અને નીચે ભોંયરામાં લોઢણ પાર્શ્વનાથજીના ભવ્ય તથા ચમત્કારિક શ્યામપાષાણના પ્રતિમાજી બિરાજમાન છે, આ ઉપરાંત શ્રી મુનિસુવ્રતસ્વામીજી, શ્રી શામળાપાર્શ્વનાથજી આદિના આ બધા દેરાસરો શ્રાવકોની વસતિની વચ્ચે છે. ઉપાશ્રયો, જ્ઞાનમંદિર તથા પાઠશાળા આદિ બધાં ધર્મસ્થાનો આટલામાંજ આવ્યાં છે. જ્ઞાનભંડારમાં પ્રાચીન-અર્વાચીન પુસ્તક પ્રતોનો સંગ્રહ સારો છે. કન્યાશાળા તથા ઉપા૦ શ્રીયશોવિજયજી જૈન સેવાસદન આદિ શિક્ષણ તથા સેવાની સંસ્થાઓ અહિં છે. ગામની દક્ષિણે ૦।। માઈલ દૂર ન્યાયાચાર્ય સ્વ૦ ઉપાધ્યાયજી મ૦ શ્રી યશોવિજયજી મહારાજશ્રીનું સમાધિમંદિર છે. જ્યાં તેઓશ્રીનો અગ્નિસંસ્કાર થયેલો, એ સ્થાને તેઓશ્રીની પાદુકા તથા સ્તૂપ છે. તે સ્થાને અન્યાન્ય પાદુકા પણ છે. આ૦ મ૦ શ્રી વિજયમોહનસૂરિજી મહારાજનો સ્વર્ગવાસ અહિં થયેલ છે. તેઓની પાદુકા અહિં છે. અહિં શ્રાવકોના ઘરો ૩૦૦ ઉપર છે. શહેરની પ્રાચીનતાને કહેનારા અવશેષો હીરા-ભાગોળ, તેજતળાવ, સિદ્ધરાજના સમયના કિલ્લાના અવશેષો, પુરાણી વાવ ઇત્યાદિ છે. અહિંથી ૩૦ માઇલ દૂર બોડલી ગામમાં પરમારજાતિના જૈન ભાઇઓની વસતી છે. તે બાજુ લગભગ ૧૦૦૦-૧૫૦૦ ભાઇ-બ્હેનો જૈન ધર્મ પાળે છે ને જૈન તરીકે પોતાની જાતને ગણાવવામાં ગૌરવ લે છે.

## ૪૧ : લક્ષ્મણીજી :

મધ્ય ગૂજરાતથી પૂર્વદિશામાં માલવાની સરહદ પર આ તીર્થ આવેલું છે. આણંદથી ગોધરા થઇને દાહોદ તરફ જતી રેલ્વે લાઇનમાં દાહોદથી અલીરાજપુર જવાય છે. અલીરાજપુરની નજીકમાં આ લક્ષ્મણી તીર્થ આવેલું છે. પૂર્વકાલમાં આ તીર્થ ખૂબ જ પ્રસિદ્ધ તથા મહિમાવંતું ગણાતું હતું. વિ૦ સં૦ ૧૩૪૦ માં પેથડશાહના પુત્ર ઝાંઝણકુમારે માંડવગઢથી સંઘ કાઢેલો ત્યારે તેઓ લક્ષ્મણપુર આવ્યા હતા. સંઘમાં રા લાખ યાત્રાળુ હતા. શ્રી સિદ્ધાચલજીની યાત્રા કરી પાછા ફરતાં આ સંઘની અહિંના સંઘે ભક્તિ કરી હતી. વિ૦ ના ૧૫ મા સૈકામાં અહિં ૧૦૧ જૈન મંદિરો હતા. અને શ્રાવકોનાં બે હજાર ઘરો હતાં. આવી સમૃદ્ધ જૈન નગરીનો વિ૦ ના ૧૬ અને ૧૭ માં સૈકામાં નાશ થયો, અને આખુંએ શહેર ધ્વસ્તવિધ્વસ્ત થયું. હમણાં વિ૦ સં૦ ૧૯૮૯ ની સાલમાં જમીન ખોદતાં જમીનમાંથી ૧૧ સુંદર પ્રતિમાજી પ્રગટ થયાં. અલીરાજપુરના રાજાને આ સમાચાર મળતાં, તેમણે આજુબાજુ જમીન ખોદાવતાં બીજા પણ પ્રતિમાજી પ્રગટ થયા. અલીરાજપુર નરેશે આ પ્રતિમાઓનો કબજો જૈન સંઘને સોંપ્યો, અને જિનાલય બંધાવવા જમીન પણ સમર્પણ કરી. ત્યારબાદ શ્રી સંઘે ત્યાં ત્રણ શિખરનું ભવ્ય જિનાલય બંધાવ્યું. ત્યારબાદ ધર્મશાળા શ્રી સંઘે બંધાવી. મૂળનાયક શ્રી પદ્મપ્રભુજી બિરાજમાન છે. મૂળનાયકની આજુબાજુ શ્રી નેમિનાથ પ્રભુ તથા શ્રી મલ્લિનાથ પ્રભુ છે. બીજી દેરીઓમાં જુદા જુદા પ્રભુજી બિરાજમાન છે. આ દેરાસરમાં પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૯૯૪ ની સાલમાં થઇ છે. સ્થાન સુંદર તથા આલ્હાદક છે. આ તીર્થનો વહિવટ અલી-

રાજપુરનો સંઘ કરે છે. આણંદથી ગોધરા લાઇનમાં ગોધરા, વેજલપુર તેમજ લુણાવાડા આદિ ગામોમાં શ્રાવકોની વસતિ જૈન દેરાસરો, તથા ઉપાશ્રયો અને જ્ઞાનભંડારો આવેલા છે.

## ૪૨ : ઝઘડીયાજી :

ભરૂચ થઇને અંકલેશ્વરથી રાજપીપળા–નાંદોદ બાજુ જતી રેલ્વેમાં જગડીયાજી સ્ટેશનથી એક માઇલ દૂર જગડીઆજી તીર્થ છે. ગામના બજાર વચ્ચે મોટા દરવાજાની અંદર વિશાળ ધર્મશાળાઓની મધ્યમાં શ્રી આદીશ્વરજી ભગવાનનું ભવ્ય જિનાલય છે. પ્રતિમાજી ભવ્ય તથા રમણીય છે. ધર્મશાળા આલિશાન છે. પ્રભુજી આ સ્થાનમાંથી જ પ્રગટ થયેલા છે. તીર્થસ્થળ સુંદર છે. અહિંની હવા અનુકૂળ છે. મેળો ભરાય છે. અહિં પેઢીની વ્યવસ્થા સારી છે. અંકલેશ્વર, સીનોર, ભરૂચ, સુરત આદિના સદ્‌ગૃહસ્થો દ્વારા પેઢીનો વહિવટ ચાલે છે. કાવીતીર્થની વ્યવસ્થા પણ આ પેઢી હસ્તક છે. અહિંથી અંકલેશ્વર ૧૪ માઇલ થાય. અંકલેશ્વરમાં શ્રાવકોની વસતિ તથા દેરાસર આદિ છે.

## ૪૩ : સુરત :

મહાગુજરાતનું પ્રાચીન શહેર સુરત ઇતિહાસમાં ધનસમૃદ્ધ તરીકે સુપ્રસિધ્ધ ગણાતું હતું. સુરતનું પ્રાચીન નામ સૂર્યપુર છે. વિ૦ ના ૧૫ મા સૈકામાં આ શહેર ફરીથી વસ્યું ત્યારથી જૈન શ્રીમંતોએ અને જૈન ઝવેરીઓએ આ શહેરને દરેક રીતે વિકસાવ્યું છે. ગોપીપરૂં એ સુરતનું જુનામાં જુનું પરૂં ગણાતું હતું. આ વિભાગમાં શહેરના જૈન ઝવેરીઓ તથા નાણાવટીઓની સારી પ્રતિષ્ઠા હતી, આ સુરતે ચડતી–પડતીના ઘણા ઘણા રંગો અનુભવ્યા

છે. એ સમૃધ્ધ પણ બન્યું છે, અને પાયમાલ પણ થયું છે રાજકીય, વ્યાપારિક તથા અંધાધૂંધીના સમયની અનેક ક્રાંતિ-ઓમાંથી પણ તે પસાર થયું છે.

## પ્રાચીન ઇતિહાસ :

વિ૦ ના ૧૫ મા સૈકામાં સુરત ફરીથી સ્થપાયું, તે પહેલાં સુરત ઐતિહાસિક શહેર હતું. મહારાજા સંપ્રતિના કાળમાં સુરતની બાજુમાં રાંદેર ગામમાં દેરાસરો બંધાયાના ઉલ્લેખો પરથી આ સ્થાન કેટકેટલું પ્રાચીન હશે એ કલ્પી શકાય છે. ગૂજરાતના મંત્રીશ્વર શ્રી વસ્તુપાલ–તેજપાલના સમયના તેમણે બંધાવેલાં જિનમંદિરો આજે અહિં વિદ્યમાન છે, શિવાજીના સમયે સુરતની સમૃદ્ધિથી આકર્ષાઇ મરાઠા સૈન્યોએ સુરત પર આક્રમણ કર્યું હતું, એમ ઇતિહાસ કહે છે. હિંદમાં વાલંદાની પહેલ–વહેલી વ્યાપારી કોઠી સુરતમાં નંખાયેલી હતી. સુરતનાં ભવ્ય જિનાલયો, ઉપાશ્રયો, જ્ઞાનભંડારો, એ ખરેખર સુરતની જૈન પ્રજાની ધર્મસમૃદ્ધિ, શ્રદ્ધા તેમજ ભક્તિને ગૌરવ આપનારાં છે. મુસલમાની રાજસત્તાની અત્યાચારિત હુમલામાં સુરતના જૈનોનું ઘણું ભસ્મીભૂત થઇ ગયેલું એ મ૦ શ્રીહાસ કહે છે. જિનાલયો, મસ્જીદ રૂપે બની ગયાના ઉલ્લેખો, ઇતિહાસના પ્રમાણિક પુસ્તકોમાંથી મલે છે; અહિં શાહપુરમાં ચિંતામણી પાર્શ્વનાથનું જે ભવ્યમંદિર આજે વિદ્યમાન છે, એ પ્રતિમાજી અત્યારે જે શ્રી રઝા સ્હામેની મસ્જીદ, કે જે પહેલાં જૈન મંદિર હતું તેમાં બિરાજમાન હતાં. જ્યારે મુસલમાનોએ એકા-એક આ મંદિર પર આક્રમણ કર્યું, તે સમયે આ પ્રતિમાજી ચમત્કારિક રીતે એકદમ અદશ્ય થયા, બીજે દિવસે ત્યાં વસતા

એક ભાવિક શ્રાવકને રાત્રે સ્વપ્નમાં અધિષ્ઠાયિક દેવે પ્રગટ થઈને કહ્યું: 'પ્રભુના પ્રતિમાજી, પાસેના કુવામાં છે, ત્યાંથી બહાર કાઢીને બાજુમાં સુંદર મંદિર તારે બંધાવવાનું છે.' જો કે તે શ્રાવકની સ્થિતિ સાધારણ હતી. પણ અધિષ્ઠાયક દેવનાં સાન્નિધ્યે નવું વિશાલ જિનાલય તૈયાર થયું, અને પ્રભુજીને ત્યાં બિરાજમાન કર્યાં.

## જૈનમંદિરો, ઉપાશ્રયો અને જ્ઞાનભંડારો.

સુરતનો વૈભવ, પહેલાં ગોપીપુરામાં હતો. એની સાક્ષી પૂરનારા સંખ્યાબંધ ભવ્ય, ગગનચુંબી જિનમંદિરો આજે અહિં –ગોપીપુરામાં વિદ્યમાન છે. ગોપીપુરામાં ઓશવાલ મહોલ્લો; કાયચ મહોલ્લો, મોટી પોળ, માળી ફળિયું, મોટો રસ્તો, આદિ લતાઓમાં લગભગ ૨૨ જિનમંદિરો શોભી રહ્યાં છે. આમાં માળીફળિયામાંના બે દેરાસરોમાં શ્રી આદીશ્વરજીનું દેરાસર મહારાજા કુમારપાલના સમયનું કહેવાય છે. આસિવાય મોટી પોળમાંનું વાસુપૂજ્યસ્વામીનું દેરાસર ખૂબ જ મોટું અને વિશાળ તથા પ્રાચીન છે. [illegible] માં શ્રી મોહનલાલજીના ઉપાશ્રયની સામે વકિલના ખાંચ[illegible]નાથના દેરાસરના ભોંયરામાં શ્રી સુરજમંમંડન પાર્શ્વનાથ ભ૦ ના અલૌકિક પ્રતિમાજી બિરાજમાન છે. વડાચૌટામાં છ, નાણાવટમાં બે, દેસાઇ પોળમાં ત્રણ, છાપરીઆ શેરીમાં બે, ગોળ શેરીમાં બે, તેમજ શાહપુર, સૈયદપુર, સોની ફળિયા, નાનપરા, સગરામપરા, હરિપરા વગેરે લતાઓમાં સુંદર જિનમંદિરો છે. આ રીતે ૪૫ જિનમંદિરો તેમજ અન્યાન્ય ઘરદેરાસરો સુરતમાં આવેલાં છે. સુરત શહેરની બહાર અઠવાલાઇન્સમાં ભવ્ય, ગગનચુંબી શિખરબંધી શ્રી આદીશ્વર ભગ-

વાનનું દેરાસર વિશાળ ચોક તથા બાગની મધ્યમાં આવેલું છે. સામે સેનેટેરીયમ છે. તેમ જ રસ્તાઓ પર સુરતના જૈન ઝવેરીઓના વિશાળ બંગલાઓ આવેલા છે. કતાર ગામમાં પણ બે સુંદર જિનમંદિરો છે, આમાં એક તો વિશાળ અને રમણીય છે. તથા ધર્મશાળાઓ પણ છે. કતારગામ સુરતથી લગભગ ૨ માઈલ થાય. કાર્તિકી તથા ચૈત્રી પૂર્ણિમાએ સંઘ સહિત વાજતે-ગાજતે અહિં શ્રી શત્રુંજય તીર્થના પટદર્શન માટે બધા જૈનો આવે છે, એ વેળા સુરતના જૈનોનો મોટો મેળો અહિં ભરાય છે. આ બધાં જિનમંદિરો ઉપરાંત, ઉપાશ્રયો પણ સુરતમાં સંખ્યાબંધ છે. જેમાં મુખ્યત્વે ઓશવાલ મહોલ્લામાં નેમુભાઈની વાડીનો ઉપાશ્રય, વડાચૌટાનો ઉપાશ્રય, સગરામપરા, નવાપરા, છાપરીઆ શેરી, હરિપરા આદિ લતાઓમાં અનેક ઉપાશ્રયો છે. જ્ઞાનભંડારો, પુસ્તકાલયો પણ અહિં સારી સંખ્યામાં છે. ગોપીપુરામાં ઓશવાલ મહોલ્લાના નાકા પર 'શ્રી જૈનાનંદ પુસ્તકાલય'નો જ્ઞાન-ભંડાર સમૃધ્ધ તેમજ વ્યવસ્થિત છે. પ્રાચીન તથા અર્વાચીન દરેકે દરેક વિષયના હસ્તલિખિત, મુદ્રિત હજારો પ્રત-પુસ્તકોનો અહિં સંગ્રહ છે, તેમજ આ૦ મ૦ શ્રી૦ વિજય-કમલસૂરિજી હસ્તલિખિત પ્રતોનો સંગ્રહ પણ આ મકાનમાં છે. ગોપીપુરામાં મોટા રસ્તા પર શ્રી મોહનલાલજી જૈન જ્ઞાનભંડાર છે, તેમજ વડાચૌટામાં પણ જ્ઞાનભંડાર છે.

## જૈન તામ્રપત્રાગમમંદિર

આ બધા પ્રાચીન જિનમંદિરો, જ્ઞાનભંડારો જેમ સુરત શહેરની શોભા રૂપ છે. તેમ શહેરની શોભામાં

વિશેષ વધારો કરનાર શ્રી વર્ધમાન તામ્રપત્રાગમમંદિર દીપી ઉઠે છે, સમસ્ત હિંદમાં આવું સુંદર શ્રુતજ્ઞાન તથા દર્શનાચારનું પ્રભાવક ભવ્ય મંદિર આ એક જ છે. પૂ૦ પાદ આગમોધ્ધારક સ્વ૦ આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસૂરીશ્વરજીની અવિરત જ્ઞાન સાધનાનું મૂર્તિમંત પ્રતીક અહિં જાણે ખડું હોય તેવું રમણીય મંદિર આ શહેરમાં તેના પ્રભાવને દીપાવતું ઉભું છે. ગોપીપુરામાં ઓસવાલ મહોલ્લાના પાછલા નાકા પર, વિશાલચોકમાં ભોંયરા તેમજ ઉપર મજલાવાળું ગગનચુંબી રમણીય દેવવિમાન જેવું આ દેરાસર મનોહર છે. મૂલનાયક શ્રી મહાવીર ભગવંતની મૂર્તિ પણ તેજસ્વી તથા સુપ્રસન્ન છે. ત્રાંબાના પતરાઓ પર સ્વચ્છ અક્ષરોથી મરોડદાર લિપિઓમાં ૪૫ આગમો મૂલ અહિં અંકિત થયેલાં છે. જેમ શત્રુંજયતીર્થની તલાટી પર આગમમંદિરમાં આરસના પત્થરો પર ૪૫ આગમો ઉત્કીર્ણ કરેલા છે, તે રીતે અહિં તામ્રપત્ર પર છે. ભોંયરામાં આગમપુરુષની રચના છે. જે હાલતા–ચાલતા રંગોમાં છે. સ્હામે પૂ૦ સ્વર્ગીય આચાર્યદેવશ્રીના અગ્નિસંસ્કારસ્થાને સુંદર સમાધિ મંદિર તૈયાર થયેલું જોઇ શકાય છે.

શ્રી દેવચંદ લાલભાઇ પુસ્તકોધ્ધારક ફંડ, આગમોદય સમિતિ, આ૦ શ્રી વિજયદાનસૂરિ જૈનગ્રંથમાલા આદિ સાહિત્ય પ્રકાશન સંસ્થાઓ અહિં છે. તદુપરાંત શ્રી નગીનચંદ જૈન હાઇસ્કુલ, નગીનચંદ હોલ, શ્રી રત્નસાગરજી જૈન બોર્ડીંગ, તથા હાઇસ્કુલ આદિ દ્વારા જૈનોની શિક્ષણ તેમજ જાહેર સેવા માટેની સખાવતો પ્રસિદ્ધ છે. શહેરમાં જરી તથા ચાંદીના તારનો ઉદ્યોગ હિંદભરમાં પ્રખ્યાત છે. ગોપીપુરા, વડાચૌટા, હરિપુરા, છાપરીઆશેરી, ગોળશેરી સગ-

રામપરા. નવાપરા વગેરે લતાઓમાં જૈનોની ભરચક વસતિ છે. જૈનોની લગભગ ૭ થી ૮ હજારની વસતિ ગણાય છે, અહિંથી ૧૨ માઈલ પર દરિયા કિનારે તાપીના મૂળપર ડુમસ ગામ છે. જ્યાં એક દેરાસર, સેનેટેરીયમ તથા જૈનોના સંખ્યાબંધ બંગલાઓ છે. સુરત શહેર પહેલાં હિંદનું એક પ્રસિધ્ધ બંદર હતું, પણ હમણાં તાપી નદી પૂરાતાં તેમજ મુંબઈ જેવા બંદરો છેલ્લી ઢબના સાધન સમૃદ્ધ બનતાં બંદર તરીકેનું મહત્ત્વ સુરતનું રહ્યું નથી. સુરત શહેરમાં રત્નસાગરજી જૈન બોર્ડીંગ-તથા પાઠશાળાઓ તથા આયંબિલખાતું તેમજ ધર્મશાળાઓ તથા કન્યાશાળા જૈન વનિતાવિશ્રામ વગેરે ગોપીપુરામાં આવેલું છે. છાપરીયાશેરીમાં પણ આયંબિલખાતું છે.

## ૪૪: રાંદેર:

સુરતથી પશ્ચિમ બાજુ તાપી નદી ઉતરીને ઉત્તર બાજુ જતાં રાંદેર શહેર આવે છે, રાંદેર સુરતથી ૨ માઈલ છે. સુરત કરતાંયે આ શહેર પ્રાચીન ગણાય છે, દશ જિનમંદિરો અહિં છે, જેમાં બિરાજમાન પ્રતિમાજી ભવ્ય તથા પ્રાચીન છે, વિ૦ ના ૧૭ મા સકાના પ્રારંભમાં થઇ ગયેલા સમર્થ વિદ્વાન તથા કલ્પસૂત્ર પર સુબોધિકા નામની ટીકાના રચયિતા તરીકે સુપ્રસિધ્ધ મહાન વૈયાકરણ મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજા અહિં કાળધર્મ પામ્યા હતા. આજે તેઓશ્રી જે સ્થાને ચાતુર્માસ રહ્યા હતા, તે ઉપાશ્રય વિદ્યમાન છે. શ્રીપાલરાજાનો રાસ આ શહેરમાં રચતાં-રચતાં અધૂરો રહ્યો અને તેઓશ્રી સ્વર્ગવાસ પામ્યા. વિ૦ સં૦ ૧૭૨૯ ના ચાતુર્માસમાં અહિં રહીને તેઓશ્રીએ પુણ્ય પ્રકાશનનું સ્તવન આસો સુદિ ૧૦ ના

દિવસે પૂર્ણ કરેલું છે. આજે વ્યાપાર-વ્યવસાય મંદ હોવાના કારણે જૈનોની વસતિ દિન-પ્રતિદિન અહિં ઘટતી રહી છે, અહિંના બધા દેરાસરો પ્રાચીન છે, શ્રી નેમિનાથ ભગવાનનું જિનાલય વિશાલ છે. મુસ્લીમકાળમાં થતા અત્યાચારોના કારણે દેરાસરોના ગભારા તથા દેરાસરોની રચના, બહારથી જોનાર અજાણ્યાને ગુપ્ત જેવી લાગે તેવા પ્રકારની છે. રાંદેરથી ૯ માઇલ દૂર ઓરપાડમાં સુંદર દેરાસર છે. વરિયાવ તથા કઠોરમાં પણ દેરાસરો છે.

સુરતથી મુંબઇ જતાં રસ્તામાં વાંઝ, નવસારી, જલાલપુર, બીલીમોરા, ગણદેવી, વલસાડ આદિ સ્થલોએ શ્રાવકોની વસતિ તેમજ દેરાસર, ઉપાશ્રય આદિ છે. પારડી, બગવાડા તથા વાપી ગામ આ બધેય સ્થલોએ દર્શન-યાત્રા કરવાં જેવા ભવ્ય જિનમંદિરો છે. અમદાવાદ-બોમ્બેરોડની સડક પર આ ગામો આવેલાં છે, બગવાડામાં સુંદર ટેકરી પર શ્રી અજિતનાથ ભગવાનનું બે માલનું ગગનચુંબી ભવ્ય જિનમંદિર છે. જૈન બોર્ડીંગ પણ અહિં છે, દમણ શહેર જે સ્ટેશનથી ૬ માઇલ દૂર દરિયા કિનારે છે, ત્યાં પણ પ્રાચીનજિનમંદિર છે. શ્રાવકોના ૧૨-૧૫ લગભગ ઘરો છે. દેરાસર પ્રાચીન છે.

### ૪૫ : અગાસી :

સુરતથી મુંબઇ જતી વેસ્ટર્ન રેલ્વે લાઇન પર પાલઘર, સોફાલા પછી, મુંબઇનાં નાકારૂપ મુંબઇથી ઉત્તરમાં ૩૮ માઇલ પર વિરાર સ્ટેશન છે, ત્યાંથી ૩ માઇલ પર અગાશીતીર્થ આવેલું છે, આ બધો પ્રદેશ કોંકણ દેશનો ગણાય છે. શ્રીપાલ મહારાજાના સમયમાં કોંકણદેશ અતિશય સમૃદ્ધ દેશ તરીકે

ઇતિહાસમાં પ્રસિદ્ધ હતો. જૈનધર્મની જાહોજલાલી તે કાલે અહિં ઉત્તરોઉત્તર વધતી રહી હતી. સોપારક શહેર આ ભૂમિની આસપાસ તે સમયે વસેલું હતું. આજે પણ વિરાર સ્ટેશન પછી મુંબઇ જતાં પહેલું સ્ટેશન નાળા સોપારા આવે છે. અગાશીમાં ઉદારચરિત ધર્મ પ્રભાવક પુણ્યવાન શેઠ શ્રી મોતીશાના સમયનું સુંદર જિનમંદિર છે. મોતીશાશેઠના વહાણો દરિયાના તોફાનમાં તે સ્થાને ફસાયા હતા. આથી તે પુણ્યશાલી શેઠે સંકલ્પ કર્યો હતો કે, 'જો વહાણો સહિસલામત પાર ઉતરી જાય, તો મારે તે સ્થાને શ્રી જિનેશ્વરદેવનું સુંદર મંદિર બંધાવવું' વહાણો આ બાજુના સમુદ્ર કિનારે ક્ષેમપૂર્વક આવ્યા, એટલે મોતીશા શેઠે અહિં સુંદર જિનમંદિર બંધાવ્યું. મંદિરમાં મૂલનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીના ભવ્ય પ્રતિમાજી બિરાજમાન છે. આ પ્રતિમાજી, નાલા સોપારાના તલાવમાંથી પ્રાપ્ત થયેલ છે. પ્રતિમાજી અતિશય પ્રાચીન અને પ્રાભાવિક છે. પ્રતિમાજી શ્રીપાલ મહારાજાના સમયના, અને ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનકાળનાં છે. આજે અહિં અનેક ધર્મશાળાઓ છે. દેરાસર પણ શ્રીસંઘે જીર્ણોદ્ધાર કરાવી ભવ્ય અને રમણીય બનાવ્યું છે મુંબઇના વતનીઓ યાત્રા માટે અવાર-નવાર સેંકડોની સંખ્યામાં અહિં આવે છે. તીર્થની વ્યવસ્થા કરનારી પેઢી પણ અહિં છે. ભોજનશાળા પણ છે, ગામમાં કાઠીયાવાડ તથા ગૂજરાત-મારવાડના વતની જૈનો, વ્યાપાર માટે રહેલા છે. આજુબાજુનો બધો પ્રદેશ કેળા, નારીયેલી, પપૈયા આદિની વાડીઓથી લીલોછમ છે. મુંબઇ શહેરના પ્રવૃત્તિમય વાતાવરણમાં ગળાડૂબ ડૂબેલા આત્માઓને આવાં નજીકનાં તીર્થસ્થળો મનને શાંતિ આપવા સાથે સાથે

પ્રભુભક્તિનાં પ્રેરક છે.

## ૪૬ : મુંબઈ :

સમગ્ર હિંદના વ્યાપાર ઉદ્યોગનું અગ્રગણ્ય મથક તથા દરિયાપારના દેશોને વ્યવહાર સાધનોથી સાંધનારૂં શહેર એટલે મુંબઈ. ચોરાશી બંદરનો વાવટો આટલા જ કારણે મુંબઇ ગણાય છે. દુનિયાની બધીએ પ્રજા મુંબઇ શહેરમાં જોવા મળે છે. એમ કહીએ તો કદાચ અતિશયોક્તિ નહિ લેખાય. જૈનોની વસ્તી આજે લગભગ બૃહદ્ મુંબઇની ગણુતરીયે ૪૦ લાખ લગભગ હશે. મારવાડ, મેવાડ, માલવા, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મહારાષ્ટ્ર, બંગાલ, યુ. પી સી. પી. આદિ બધાયે પ્રદેશોના જૈનો આજે વ્યાપાર–વ્યવસાયના કારણે અહિં સ્થાનિક વસવાટ કરીને રહેલા છે. મુંબઇ શહેરનો ઇતિહાસ ૨૦૦ વર્ષથી જુનો નથી. અંગ્રેજો હિંદમાં આવ્યા પછી તેમણે પોતાના વ્યવહાર આદિને ખીલવવા તથા દેશ–પરદેશનો દરિયાઈ વ્યવહાર જાળવવા આ શહેરને ખીલવવા માંડયું, આ મુંબઇને ઘડવામાં જૈન સમાજનો પણ ફાળો ન્હાનોસૂનો નથી. મુલ્કમશહુર દાનવીર મોતીશાહ શેઠ, શાહ સોદાગર શેઠ પ્રેમચંદ રાયચંદ આદિ નરરત્નોની પુરૂષાર્થ સાધનાએ અલબેલી મુંબઈ નગરીની પ્રતિષ્ઠાના પાયા પૂર્યા છે.

### જૈન દેરાસરો :

અહિં શહેરના મધ્યભાગમાં પાયધુની પર શ્રી ગોડીપાર્શ્વનાથજીનું મંદિર ભવ્ય તથા રમણીય છે. ઉપરના મજલે તેમજ ત્રીજા માલપર સુંદર પ્રતિમાજી છે. મંદિર ઉપર છે.

નીચે પેઢી છે. મંદિરમાં મૂલનાયક શ્રી ગોડીપાર્શ્વનાથજીનાં પ્રતિમાજી, ભવ્ય તથા પ્રાચીન છે. મુંબઇ શહેરના તીર્થાધિપતિ ગોડીપાર્શ્વનાથજી ગણાય છે. શહેરના બધા જૈનો ભક્તિભાવપૂર્વક ગોડીજીના દર્શને આવતા હોય છે. ગોડીજીની બાજુમાં શ્રી મહાવીરસ્વામીજીનું દેરાસર છે. જે બીજા તથા ત્રીજા મજલા પર છે. તેની બાજુમાં શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર છે. જે બીજા-ત્રીજા માળ પર છે. ભીંડી બજારમાં શ્રી શાંતિનાથજી ભ૦ તથા શ્રી નમિનાથજી ભ૦ નાં દેરાસરો આવેલાં છે. જેમાં શ્રી શાંતિનાથજીનું દેરાસર વિશાલ તથા ભવ્ય છે. ગુલાલવાડીના નાકા પર શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીનું દેરાસર છે. તેમજ ઝવેરી બજારમાં શ્રી મહાવીરસ્વામીનું દેરાસર છે. આ દેરાસરના મૂળનાયક શ્રી મહાવીરસ્વામીજીનાં પ્રતિમાજી ભવ્ય તથા સંપ્રતિમહારાજના સમયનાં છે. મારવાડી બજારમાં પાર્શ્વનાથજીનું દેરાસર છે. સેન્ડહર્સ્ટ રોડ પર શ્રી ચંદ્રપ્રભસ્વામીનું દેરાસર છે. ભૂલેશ્વર લાલબાગમાં મધ્યચોકમાં મોતીશા ચેરીટી ટ્રસ્ટનું શ્રી મહાવીરસ્વામીનું મંદિર રમણીય છે. મૂલનાયક શ્રી મહાવીરસ્વામીજીના બિંબ સુપ્રસન્ન તેમજ તેજસ્વી છે. લાલબાગ, ભૂલેશ્વરના ઉપાશ્રયના વ્યાખ્યાન હોલમાં ચિંતામણિ પાર્શ્વનાથજીનું જિનાલય છે.

આ ઉપરાંત માંડવી બંદરમાં શ્રી આદીશ્વર ભગવાનનું તથા શ્રી અનંતનાથજીનું દેરાસર છે. આ બન્ને દેરાસરોમાં બીજા તેમજ ત્રીજા મજલે પ્રભુજી બિરાજમાન છે. મુંબઈમાં મ્હોટે ભાગે દેરાસરોમાં પહેલે મજલે-(ગૂજરાતના રીવાજ મુજબ બીજા મજલે) તથા બીજા મજલે

પ્રભુજી બિરાજમાન છે. લાલબાગ-ભૂલેશ્વરનું દેરાસર નીચે છે. આ રીતે વાલકેશ્વર મલબારહીલ પર ત્રણ બત્તી આગળ શ્રી આદીશ્વર ભગવાનનું સુંદર બે મજલાનું દેરાસર છે. સમગ્ર મુંબઇમાં શ્રી આદીશ્વરજી ભ૦ ના પ્રતિમાજી ભવ્ય અને મોટા છે. દેરાસર તીર્થભૂમિ જેવું રમણીય છે. તેમજ વચ્ચે સુપાર્શ્વનાથજીનું મંદિર પણ સુંદર છે ભાયખાલાનું મોતીશા ટ્રસ્ટનું જૈન દેરાસર ભવ્ય તથા આલિશાન છે. મૂલનાયક શ્રી આદીશ્વરજી ભગવાન બિરાજમાન છે. સ્હામે શ્રી અજિતનાથ ભ૦ બિરાજમાન છે. દેરાસરની બ્હાર વિશાલ મંડપ છે. જેમાં હજારો માણસો બેસી શકે છે. આટઆટલા લાંબા પહોળા મંડપને વચ્ચે કોઇ સ્થાને થાંભલાઓ નથી. કાર્તિકી પૂર્ણિમાએ તથા ચૈત્રી પૂર્ણિમાના દિવસે શ્રી સિદ્ધાચલજીનો પટ અહિં બંધાય છે. મુંબઇમાં વસતા હજારો જૈનો આ પ્રસંગે અહિં મેળાની જેમ ભેગા થાય છે. આમેય અઠવાડિયામાં સોમવારના તથા પૂર્ણિમાના દિવસે પણ ભાયખાલામાં દર્શન-પૂજન કરવા ઘણા લોકો આવે છે. દીક્ષા આદિના પ્રસંગો, જાહેર વ્યાખ્યાન આદિ તેમજ ધાર્મિક સમારંભો આ ભવ્ય મંડપમાં ઉજવાય છે.

કોટ ખાતે બોરાબજારમાં શ્રી શાંતિનાથજીનું દેરાસર ત્રણ મજલાનું છે. બીજે મજલે અને ત્રીજે મજલે પ્રભુજી બિરાજમાન છે. ત્યાંથી આગળ કોલાબામાં પણ શ્રી શાંતિનાથજીનું ન્હાનું દેરાસર છે. મુંબઇની ઉત્તરે લાલવાડી પરેલમાં સુવિધિનાથનું શિખરબંધી દેરાસર છે. આમ મુંબઇમાં જ્યાં જ્યાં જૈનોની વસ્તી જથ્થાબંધ છે. ત્યાં સામુદાયિક પ્રભુભક્તિ, દર્શન, પૂજન આદિ માટે સંખ્યાબંધ મંદિરો વિવિધ સ્થળોએ છે.

છેલ્લા ૨૦ વર્ષના ગાળામાં અનેક સ્થાનોયે પણ દેરાસરો થઈ ગયાં છે.

## મુંબઇનાં પરાંઓ :

'દિન–પ્રતિદિન મુંબઇનો વિસ્તાર. ક્ષેત્રફળ તથા વસતિ વધતી જાય છે. આજે ઉત્તરમાં મુંબઇ છેક બોરીવલ્લી સુધી ગણાય છે. પૂર્વમાં છેક થાણા સુધી મુંબઈની હદ આજે લંબાઇ છે. સંખ્યાબંધ મીલો, કારખાનાઓ ઔદ્યોગિક વ્યવસાયો, ૭–૭ માળના સંખ્યાબંધ મકાનો, રેલ્વે કારખાનાઓ, રેલ્વે વ્યવહાર આદિથી મુંબઇ ભરચક ભરાઇ ગયું છે. જેથી મુંબઇનો વિસ્તાર ઘણો વધી ગયો છે. અને અહીં પહોંચવા માટે ઇલેકટ્રીક રેલ્વે ટ્રેનો ૧૦–૧૦ મિનિટે દોડતી હોય છે. આ બધા પરાઓમાં જૈનોની વસતિ, દેરાસરો, ઉપાશ્રય આદિ બધુએ છે. જે યાત્રા કરવા માટે તથા દર્શન–પૂજનના લાભ લેવા માટે આલંબનરૂપ છે. બોરીવલ્લીમાં બે, અને તથા કાંદીવલીમાં એક દેરાસરો છે. મલાડમાં શેઠ દેવકરણ મુલજીની સેનેટેરીયમમાં સુંદર શિખરબંધી દેરાસર છે, જેનું કામકાજ બહુ જ મનોહર છે. બીજાં બે દેરાસરો મલાડમાં છે. ગોરેગાંવમાં બે દેરાસરો છે. એક અંધેરી ગામમાં શ્રીસંઘનું દેરાસર છે, તેમજ બંગલાઓમાં ટેકરી પર તથા મર્જબાન રોડ પર શેઠ નગીનદાસ કરમચંદ સંઘવીનું સુંદર ઘર દેરાસર, તેમજ ઈર્લાપુલ પર શેઠ અમૃતલાલ દોશીના બંગલામાં ઘર દેરાસર આવેલું છે. વીલેપાર્લામાં પૂર્વ તથા પશ્ચિમમાં એક–એક દેરાસર છે. પશ્ચિમમાં સેનેટરીયમમાં અને પૂર્વમાં વિશાલ ચોકમાં ભવ્ય શિખરબંધી દેરાસર શેઠ હીરાલાલ બકોરદાસનું બંધાવેલું છે. શાંતાક્રુઝ, માહિમ, વાંદરામાં

પણ સુંદર દેરાસર છે. વેસ્ટર્ન રેલ્વેના દાદરમાં સ્ટેશનથી ઉતરી બે મિનિટના રસ્તામાં જ સ્હામે ભવ્ય દેરાસર છે. તથા ચર્ચ-સ્ટ્રીટમાં શ્રી આત્મકમલ-લબ્ધિસૂરિ 'જૈન જ્ઞાનમંદિર'માં ઘર દેરાસર છે. સેન્ટ્રલ રેલ્વેના માટુંગામાં શેઠ રવજી સોજપાલનું ભવ્ય દેરાસર છે. તેમજ તપગચ્છ શ્રી સંઘનું ભવ્ય દેરાસર છે. કુર્લામાં ચુનાભઠ્ઠી આગળ એક દેરાસર તથા કુર્લા–આગ્રારોડ પર એક ઘર દેરાસર છે. ઘાટકોપરમાં ભવ્ય તથા રમણીય શ્રી જીરાવળાપાર્શ્વનાથનું દેરાસર છે. ભાંડૂપમાં પણ શિખરબંધી દેરાસર છે. મુલુંડમાં પણ ભવ્ય દેરાસર છે. આ બધાયે સ્થળોમાં ઉપાશ્રયો તથા કચ્છી, ગુજરાતી, મારવાડી અને સૌરાષ્ટ્રવાસી જૈન ભાઇઓની વસતિ સારા પ્રમાણમાં છે.

## ૪૭: થાણા :

મુંબઇથી આગ્રારોડ તથા પુના–મદ્રાસરોડના કેન્દ્ર પર હાલનું થાણા વસેલું છે. મુંબઇથી ૨૨ માઇલ પર થાણા ગણાય છે. આ થાણા ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનકાલ દરમ્યાન કોંકણ દેશની મુખ્ય રાજધાનીનું શહેર ગણતું હતું. શ્રીપાલ મહારાજાનું મોસાળ અહિં હતું. અહિંના વસુપાલ રાજાની મદનમંજરી નામની પુત્રી સાથે તેઓએ પાણિગ્રહણ કર્યું હતું. ધવલ શેઠ અહિં જ મૃત્યુ પામ્યા હતા. આ શહેરમાં મારવાડી તથા કચ્છી આદિ ભાઇઓની વસતિ છે. બજારમાં માલ પર શ્રી આદીશ્વર ભગવાનનું સુંદર મંદિર છે. ત્રીજે મજલે પણ પ્રભુજી બિરાજમાન છે. પાછળ ધર્મશાળા છે. આ સ્થાન પર શ્રી સિદ્ધચક્રજીનું સુંદર મંદિર લાખોના ખર્ચે તૈયાર થયું છે. ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામીનાં ભવ્ય પ્રતિમાજીની પ્રતિષ્ઠા થઇ છે. મંદિરમાં

શ્રીપાલ રાજા, તથા મદનાસુંદરીની પણ ઉભી પ્રતિમાજી અત્રે મૂકવામાં આવી છે. રંગમંડપની બ્હારના મંડપમાં જૈન ઇતિહાસના ભવ્ય પ્રસંગો અહિં રજૂ કરવામાં આવ્યા છે. મંદિર વિશાલ તેમજ મનોહર બન્યું છે. યાત્રા સ્થળ તરીકે આ સ્થાનનું મહત્ત્વ આથી ઓર વધી ગયું છે. મુંબઈની યાત્રાએ આવનારે આ બધા પરાઓનાં જૈન મંદિરોની સ્પર્શના અવશ્ય કરવા જેવી છે.

# ૪ : મારવાડનાં જૈનતીર્થો :

## ૧ આબુ–દેલવાડા :

વેસ્ટર્ન રેલ્વેની અમદાવાદ–દીલ્હી લાઇનમાં પાલણપુરથી આગળ જતાં આબુરોડ સ્ટેશન આવે છે. સ્ટેશન પર ખરેડી શહેર છે. શહેરમાં શ્વે૦ .જિનમંદિર છે. જૈન ધર્મશાળા છે. અહિંથી આબુ પર્વત પર જવાની મોટર વગેરેની વ્યવસ્થા છે. આબુ ગિરિરાજનો પર્વત આજે હિંદ તથા પરદેશમાં પ્રસિદ્ધ છે. આ પહાડ ૧૨ માઈલ લાંબો અને ચાર માઈલ પહોળો છે. જમીનની સપાટીથી આબુ પર્વતની ઉંચાઈ ૫૬૫૦ ફીટની ગણાય છે. આ પહાડ પર ગામોના ગામ વસેલાં છે. આજે આબુ પર જે સડક જાય છે તેનો ચઢાવ અઢાર માઇલનો છે. ચોમેર પહાડી તથા ઝાડી અને પાણીનાં ઝરણાંઓ ખળ–ખળ વહ્યાં કરતાં નજરે ચઢે છે. સડક પર ૪ માઈલે ધર્મશાળા છે. ત્યાંથી પાંચ માઇલે પોલીસચોકી આવે છે. ત્યારબાદ ધર્મશાળા છે, જે ઓરીયા ધર્મશાળા કહેવાય છે. બાદ આબુ કેમ્પમાં જવાનો રસ્તો આવે છે. અહિંથી દેલવાડાનાં મંદિરો બે માઇલ દૂર છે.

## દેલવાડાનાં ભવ્ય જિનાલયો :

ચોમેર પહાડની વચ્ચે ખૂલ્લા ભાગમાં આપણાં જૈન મંદિરો આવેલાં છે. અહિં અમદાવાદના શેઠ હઠીભાઈની તથા શેઠ હેમાભાઈની આમ બે ધર્મશાળાઓ છે. જૈનમંદિરમાં પહેલું વિમળશાનું આરસનું મંદિર આવે છે. ગૂજરાતના રાજા ભીમદેવના મંત્રીશ્વર તથા સેનાધિપતિ વિમળશાહે આ મંદિર બંધાવવામાં કરોડોની સંપત્તિનો ઉદારદિલે સદ્વ્યય કર્યો છે.

દરરોજ ૧૫૦૦ કારીગરો અને ૨૦૦૦ મજુરો દ્વારા બે વર્ષ સતત કામ કરાવવાના પરિણામે આ મંદિર તૈયાર થયું છે. મંદિરની લંબાઈ ૧૪૦ ફીટ અને પહોળાઈ ૯૦ ફુટ છે. રંગમંડપમાં અને સ્થંભોમાં સુંદર વેલબુટ્ટા, હાથી, ઘોડા, પુતળીઓનું શિલ્પકામ અહિં નજરે ચઢે છે. મંદિરની પ્રદક્ષિણામાં બાવન જિનાલય દેવકુલિકાઓ છે. મંદિરના મધ્યગુંબજમાં અદ્ભુત કારીગરી આલેખાયેલી છે. તીર્થંકરદેવનાં સમવસરણ, ભરતબાહુબલીનાં યુદ્ધ, દીક્ષામહોત્સવો આદિ પ્રસંગો સુંદર રીતે શિલ્પકામમાં રજુ થયેલાં અહિં જોઈ શકાય છે. આ મંદિરમાં મૂલનાયક શ્રી ઋષભદેવ ભગવાન બિરાજમાન છે. આ દેરાસરની પ્રતિષ્ઠા વિ૰ સં. ૧૦૮૮ માં વિમલમંત્રીએ કરાવેલી હતી. ત્યારબાદ અલ્લાઉદ્દીન ખૂનીનાં હાથે આ મંદિરનો ભંગ થયો અને વિ. સં. ૧૩૭૮ માં મંડોરનિવાસી ગોસલના પુત્રના પુત્રોએ અહિં જીર્ણોધ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરાવેલી છે. મંદિરની સામે વિમળશામંત્રીની મૂર્તિ છે. જે વિમલમંત્રીના ભાઈના વંશજ પૃથ્વીપાલે વિ૰ સં૰ ૧૨૦૪ માં જ્યારે મૂલમંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો, ત્યારે અહિં સ્થાપિત કરેલી છે.

વિમલશાનાં મંદિરની પાસે જ ગૂજરાતના મંત્રીશ્વર વસ્તુપાલ તથા સેનાપતિ તેજપાલનું બંધાવેલું મંદિર છે. આ મંદિરનું શિલ્પ, કોરણી તથા અદ્દભુત કલાકામ, હિંદભરમાં બેનમૂન તથા મનોમુગ્ધકર છે. મૂલનાયક શ્રી નેમિનાથ ભગવાન બિરાજમાન છે. આની પ્રતિષ્ઠા કરનાર નાગેંદ્રગચ્છના આ૦ મ૦ શ્રી વિજયસેનસૂરિજી મહારાજ છે. વસ્તુપાલના સ્વર્ગીય મોટાભાઇ લૂણીગના નામથી આ મંદિર લૂણીગવસહિ કહેવાય છે. વિ૦ સં૦ ૧૨૮૭ ના ચૈત્ર વદિ ૭ ના આ મંદિરમાં પ્રતિષ્ઠા થયેલી છે. મંદિરના રંગમંડપમાં આરસના સુંદર કલાકૃતિવાળા બે ગોખલાઓ છે. જે દેરાણી–જેઠાણીના ગોખલાના નામે ઓળખાય છે. મંદિરની પ્રદક્ષિણામાં જમણી તરફ દિવાલના પત્થર પર શકુનિકાવિહારનું દશ્ય છે. જે વિ૦ સં૦ ૧૩૮૮ માં આરાસણના આસપાલ શ્રાવકે કરાવેલ છે. લૂણિગવસહિમાં અપૂર્વ કારીગરાનો ભંડાર ભરેલો છે. અનેક પ્રકારના વિવિધ ભાવો આમાં આલેખાયેલા છે, કૃષ્ણજન્મ, નેમિનાથજીની જાન, તીર્થંકર દેવોનાં કલ્યાણકો આદિ અનેક દશ્યો અહિં કોરણીમાં કોતરેલાં છે. લૂણિગવસહિમાં કુલ ૪૮ દેરીઓ છે. ૧૪૬ ગુંબજ છે. તેમાં ૯૩ નકશીવાળા અને ૫૩ સાદા છે. મંદિરમાં ૧૩૦ સ્થંભ છે. જેમાં ૩૮ નકસીવાળા અને ૯૨ સામાન્ય છે. આ દેરાસરને બંધાવવામાં લગભગ ૧ ક્રોડ ને ૮૦ લાખનું ખર્ચ થયેલું છે. મંદિરની સ્હામે હસ્તિશાળામાં વસ્તુપાલ–તેજપાલના કુટુંબીઓની તથા પ્રતિષ્ઠા કરાવનારા પૂ. પાદ આચાર્ય મ૦ શ્રીના મૂર્તિઓ છે.

આ બે મંદિરોની પાસે ભીમાશાહનું મંદિર છે. મંદિરમાં પીત્તલના ૧૦૮ મણ ધાતુના શ્રી આદીશ્વરજી ભ૦ મૂલનાયક

છે. ભીમાશાહે જે ભગવાનને પ્રતિષ્ઠિત કરાવેલા તે મેવાડના કુંભલમેરમાં ચૌમુખજીનાં મંદિરમાં બિરાજમાન કરવામાં આવ્યા. એટલે વિ૦ સં૦ ૧૫૨૫ માં ગૂજરાતના સુલતાન મહમદ બેગડાના મંત્રીએ પાછલથી આ મંદિરમાં પ્રતિષ્ઠા કરાવી છે. આ દેરાસરની બાજુમાં યાત્રિકોને ન્હાવાની ઓરડીઓ છે. જમણી બાજૂમાં શ્રી માણિભદ્રજીની મૂર્તિ છે. ચોથું મંદિર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું છે. આ મંદિરમાં ચોમુખજી હોવાથી આ દેરાસર ચોમુખજીનું દેરાસર કહેવાય છે. ત્રણે માલ પર ચૌમુખજી છે. મંદિર વિશાલ છે. વિ. સં. ૧૫૧૫ લગભગમાં આ મંદિરમાં પ્રતિષ્ઠા થઇ હોય એમ જણાય છે. એટલે મંદિર તે અરસાનું છે. વિમલવસહીની બહાર શ્રી મહાવીરસ્વામીનું ન્હાનું મંદિર છે, આમ આબુ–દેલવાડામાં પાંચ જિનમંદિરો છે, જે વિ૦ ૧૧ મા સૈકાથી ૧૬ મા સૈકાસુધીના છે. આબુના જૈન મંદિરોની કોરણી, દુનિયાના દરેક દેશોમાં સુવિખ્યાત છે. ગૂજરાતના જૈન મંત્રીશ્વરો વિમલશા તથા વસ્તુપાલ–તેજપાલ બંધુયુગલે જે રીતે પ્રભુભક્તિ તથા કલાની ખાતર ક્રોડો ખર્ચીને સંપત્તિનો સદ્વ્યય કર્યો છે, તે ખરેખર ચિરસ્મરણીય રહેશે. અહિં શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા જીર્ણોધ્ધાર થઇ રહેલ છે. દેરાસરોનો વહિવટ શ્રી કલ્યાણજી પરમાનંદની પેઢીના નામથી શિરોહીનો શ્રી જૈન સંઘ કરે છે.

## આબુની આસપાસ :

આબુ–દેલવાડાથી ઇશાનખૂણામાં ૩ા માઇલ પર ઓરીયા ગામ આવે છે. વચ્ચે સડકપર પાકું ધર્મશાળાનું મકાન છે. સડકથી ૩ ફર્લાંગ દૂર ગામ છે. ગામમાં દેરાસરજી છે. મૂલનાયક શ્રી

આદીશ્વર ભગવાન છે. અહિંથી અચલગઢ જવાય છે. અચલગઢ દેલવાડાથી સડક રસ્તે પાંચ માઈલ થાય છે. ઉપર પહાડપર જવા માટે પાકાં પગથીયાં છે. અચલગઢ ગામમાં હાલ વસતિ ઓછી છે. તલાટી પર શ્રી શાંતિનાથ ભગવાનનું દેરાસર છે. મૂલ આ દેરાસર મહારાજા કુમારપાલના સમયનું છે. પૂર્વે ભ૦ શ્રી મહાવીર સ્વામી મૂલનાયક હોવા જોઇએ અથવા મહારાજા કુમારપાલના સમયમાં શ્રી નેમિનાથ ભ૦ હોવા જોઇએ. બાદ આ પરિવર્તન થયું હોવાનો સંભવ છે. શાંતિનાથ ભ૦ ના પ્રતિમાજી સુંદર પરિકરવાળા તથા ભવ્ય છે. રંગમંડપ પણ સુંદર છે. આ દેરાસરની સામે અચલેશ્વર મહાદેવનું મંદિર છે. તેના દરવાજા પર અરિહંત દેવની મૂર્તિ મંગલમૂર્તિ તરીકે છે. મહાદેવના મંદિર પાસે મંદાકિની કુંડ છે. ત્રણ પાડા વગેરે છે.

## ૨: અચલગઢ :

અહિંથી અચલગઢ બાજુ જવાના પગથીયાં છે. ત્યાં કપૂરસાગર તલાવ છે. થોડે દૂર ધર્મશાળા છે. અને શ્રી કુંથુનાથ ભ૦ નું મંદિર છે. આ મંદિરમાં વિ૦ ના ૧૬ મા સૈકામાં પ્રતિષ્ઠા થયેલી છે. આ અચલગઢ મેવાડના મહારાણા કુંભાએ વિ. સં. ૧૫૦૯ માં બંધાવેલ છે. અહિં આપણા દેરાસરો તથા ધર્મશાળા છે. યાત્રિકો માટે ભોજનશાળા છે. આ અચલગઢ તીર્થનો વહિવટ શાહ અચલશી અમરશીના નામથી રોહિડા સંઘ કરે છે. પેઢીનાં કારખાનાથી ઉપર જતાં શ્રી આદીશ્વર ભ૦ નું ન્હાનું મંદિર આવે છે. આ મંદિરમાં મૂલનાયક શ્રી આદીશ્વર ભગવાનનાં બિંબને અમદાવાદના શ્રીમાલીજ્ઞાતીય શેઠ શાંતિદાસે વિ૦ સં૦ ૧૭૨૧ માં ભરાવ્યા છે, આગળ અચલ-

ગઢનાં ઉંચા શિખર પર શ્રી આદીશ્વર ભ૦ નું બે માળનું ગગનચુંબી ચતુર્મુખ મંદિર છે. આ મંદિર, રાણકપુરના મંદિરને બંધાવનાર ધરણાશાહ પોરવાડના મોટાભાઇ સંઘવી રત્નશાના પૌત્ર સાહુશાએ બંધાવીને વિ૦ સં૦ ૧૫૬૬ માં પ્રતિષ્ઠા કરાવી છે. આમાં મૂલનાયક શ્રી આદીશ્વરજી ભ૦ ઉત્તરદિશા બાજુ છે. ચારે દિશામાં ધાતુના ચૌમુખજી છે. દક્ષિણમાં શ્રી શાંતિનાથ ભ૦ છે. પશ્ચિમમાં શ્રી આદીશ્વર ભ૦ છે. તથા પૂર્વમાં પણ આદીશ્વરજી ભ૦ છે. ઉપરના માળપર પણ ચૌમુખજી છે. આ મંદિરમાં ગુરૂમંદિર છે. શ્રી જંબૂસ્વામીજી, વિજયદેવસૂરિજી, આદિથી ઠેઠ પં. પદ્મવિજયજીગણિ સુધીની પરંપરાના પગલાઓ છે. આની પ્રતિષ્ઠા પં. રૂપવિજયજીએ વિ૦ સં૦ ૧૮૮૮ માં કરાવી છે.

## ૩ : કુંભારીયાજી :

ખરેડીથી દક્ષિણ બાજૂ અંબાજી તરફ જતી સડકેથી, અંબાજી થઇ કુંભારીયાજી જવાય છે. કુંભારીયાજીની બાજુમાં આરાસણ ગામ છે, જે પ્રાચીન છે. અહિં સેંકડો જૈનોના ઘરો હતા. આરસની ખાણો અહિં હતી. અહિં કુંભારીયાજીમાં બિમલશા મંત્રીએ બંધાવેલા પાંચ દેરાસરો છે. પૂર્વકાળમાં આ મંદિરો બહુ જ ભવ્ય, મનોહર અને અલૌકિક હોવા જોઇએ એમ અનુમાન થાય છે. આજે પણ મંદિરોની કોરણી, શિલ્પ તથા સ્થાપત્ય અનુપમ છે. પાંચ મંદિરોમાં મ્હોટું મંદિર શ્રી નેમિનાથ ભ૦ નું છે. ત્રણ માળનું વિશાલ મંદિર છે. શિખર તારંગાજીના ઘાટનું છે. મંદિરના થાંભલાઓમાં, છત તથા ગુંબજોમાં સુંદર કોરણી છે, જે આબુ–દેલવાડાનાં દેરાસરને મલતી

આવે છે. આ મંદિરથી પૂર્વમાં શ્રી મહાવીરસ્વામીનું મંદિર છે. મંદિર મજબૂત અને આરસથી રળીયામણું છે. રંગમંડપની છતમાં બહુ જ સુંદર સૂક્ષ્મ કોરણી કરેલી છે. આમાં તીર્થંકરદેવનાં સમવસરણના દેખાવો, ભ૦ શ્રી નેમિનાથજીની જાનનું દશ્ય, સાધુઓની દેશના, ભરત ચક્રવર્તી અને બાહુબલીનું યુદ્ધ, વગેરે હૃદયંગમ મનોહર ચિત્રો શિલ્પકામથી રળીયામણાં બન્યાં છે, મંદિરોને ફરતી ૨૪ દેરીઓ છે. મૂલનાયકની બેઠક પર જે લેખ છે, તે પરથી વિ૦ સં૦ ૧૧૧૮ માં આ મંદિર હતું એ હકીકત સ્પષ્ટ થાય છે. ત્રીજું દેરાસર શ્રી શાંતિનાથ ભ૦ નું છે. આ મંદિરમાં છત પર મનોરમ કારીગરી ભરેલી છે. ચોથું મંદિર શ્રી પાર્શ્વનાથ ભ૦ નું છે. આ મંદિર મોટા મંદિરના જેવું વિશાલ તથા રમણીય છે. છતમાં અદ્ભુત કોતરણી, વિવિધ આકૃતિઓ, કમાનો, તોરણો, ઘુંમટના આકારો ખૂબ જ દર્શનીય છે. દેવકુલિકાઓ સુંદર કોતરકામ વાલી છે. પાંચમું દેરાસર જે શ્રી નેમિનાથજીના દેરાસરની પશ્ચિમ બાજુએ આવેલું છે, શ્રી સંભવનાથ ભ૦ અહિં મૂલનાયક છે. અહિં શેઠ આ૦ ક૦ ની પેઢી તરફથી જીર્ણોદ્ધારનું કાર્ય ચાલે છે. કુંભારીયાજી તીર્થમાં ધર્મશાળા છે. બાજુમાં અંબાજીનું ગુજરાત-સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ હિંદુઓનું યાત્રાધામ છે. ચોમેર સંખ્યાબંધ ધર્મશાળાઓ છે. અંબાજીનાં મંદિરને બારીકાઇથી જોતાં તે પ્રાચીન જૈન મંદિર હોવાનો સંભવ લાગે છે.

આબુ–દેલવાડા તથા કુંભારીયાજીનાં જૈન મંદિરોમાં, તેને ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરતાં એક વસ્તુ ખાસ ધ્યાન ખેંચે છે કે,

આ મંદિરોના ગભારાઓ તથા મૂળનાયકના પ્રતિમાજી, મંદિરો બંધાવતી વખતે મંદિરોના બંધાવનારાઓએ જે સ્થિતિમાં રાખેલ તે આજે નથી રહ્યાં. કારણ કે આવું શિલ્પકામ જે મંદિરોમાં હોય તેનાં ગર્ભગૃહો કેવાં રમણીય બેનમૂન કલાકૃતિ-ઓથી કંડારેલા હોય, પણ આજે એ નથી દેખાતું; એનું કારણ વચલા કાળમાં મુસ્લીમ રાજ્ય સત્તાઓએ ધર્માંધ બની અહિં ભાંગફોડ કરતાં આ બધું નાશ થવા પામ્યું હોય, અને પાછળથી ગભારામાં ફેરફાર કર્યો હોય, તેમ જ નવાં પ્રતિમાજી અહિં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હોય, એ હકીકત સંભવિત છે.

## ૪ : રાણકપુરજી :

મારવાડનો પ્રદેશ એટલે ભૂતકાલીન જાહોજલાલિ, ગૌરવ તથા તેજસ્વિતાના પ્રતીકરૂપ પ્રદેશ. ક્ષત્રિયોની તથા વૈશ્યોની પ્રાચીનભૂમિ વલ્લભીવંશનું પતન થતાં હજારો જૈનો, વૈશ્યો મારવાડમાં જઇને વસેલા એમ ઇતિહાસની તવારીખો બોલે છે. આ મારવાડ ભૂમિમાં હજારો જૈન મંદિરો રળીઆમણાં, ભવ્ય, તથા હિંદભરમાં અજોડ હોય તેવાં આજે વિદ્યમાન છે. કાળબળે વસતિ, વ્યાપાર કે સમૃદ્ધિમાં ઓટ આવતાં રૂડી ને રળીઆ-મણી એ ભૂમિ આજે પાછળ પડી ગઇ. આજનાં સાધનો, સંશોધનો ત્યાં ન પહોંચી શકયાં. એટલે એની સંપત્તિ બીજે ખેંચાઇ ગઇ. આ મારવાડમાં રાણકપુર તીર્થ, ખરેખર અદ્વિતીય તીર્થ છે. વિ૦ ના ૧૩–૧૪–૧૫ તથા ૧૬ મા સૈકામાં આનો વૈભવ અપાર હતો. રાણકપુર તે વેળા મોટું શહેર હતું. મેવાડ રાજ્યનું વ્યાપાર–ઉદ્યોગવાળું આ માતબર નગર હતું. નાંદીયા ગામના રહેવાશી શેઠ ધરણ શાહ તથા રત્નાશાહ વ્યાપાર માટે

અહિં આવીને વસેલા. પુણ્યોદયે ધનવાન બન્યા. એક રાત્રે ધનાશા શેઠને નલિનીગુલ્મ વિમાનનું સ્વપ્ન આવ્યું. બીજે દિવસે એવા આકારનું જિનમંદિર બંધાવવાનો તેમણે સંકલ્પ કર્યો. દેપાક નામના કારીગરને વાત કરી, અને વિ૦ સં૦ ૧૪૩૪ ની સાલમાં મંદિરનો પાયો નાંખ્યો. પાયામાં કેશર, કસ્તુરી, સોનું, હીરા આદિ કિંમતી વસ્તુઓ નાંખી. બાસઠ-બાસઠ વર્ષના સતત પ્રયત્નના પરિણામે મંદિર તૈયાર થયું. સાત માળનું મંદિર બંધાવવાની શેઠની ઇચ્છા છતાં સમય ન રહ્યો, એટલે વિ૦ સં૦ ૧૪૯૬ માં તપાગચ્છીય પૂ૦ આ૦ મ૦ શ્રી સોમસુંદરસૂરિજી મ૦ નાં શુભહસ્તે મંદિરમાં પ્રભુજીની પ્રતિષ્ઠા થઇ. મંદિર બંધાવવામાં લગભગ ૧૫ ક્રોડ રૂ. નો ખર્ચ થયો છે. દેરાસરજીના બાંધકામમાં સેવાડી તથા સોનાણાના આરસોનો ઉપયોગ થયો છે. મંદિરનું નામ 'ત્રૈલોક્યદીપક પ્રાસાદ' છે.

૨૫-૩૦ પગથીઆ ચડયા બાદ દેરાસરની પહેલી સપાટી આવે છે. સપાટી ઉપર આવતાં જ મુખ્ય દ્વારમાં પ્રવેશ થાય છે. મંદિરમાં પ્રવેશ કરવાનો મુખ્ય દરવાજો ભવ્ય છે. દેરાસરમાં ૧૪૪૪ થાંભલાઓ છે. કેટલાક થાંભલાની ઉંચાઇ ૪૦ થી ૪૫ ફીટ લગભગ છે. થાંભલાઓ ઉપર સુંદર કોરણી છે. આજે આવો એક-એક થાંભલો ૧૦-૧૫ હજારની કિંમતે થવો મુશ્કેલ છે. તેની ઉપર આરસના સુંદર મજબુત પાટડા છે. દેરાસરમાં ચારે ખૂણે બબ્બે દેરાસરો છે. આ બધા દેરાસરોને રંગમંડપ તથા મુખ્ય મુખ્ય મંડપો પણ અલગ-અલગ છે. કુલ મળીને ૮૪ શિખરબંધી દેરીઓ છે. મંદિરમાં મૂલનાયક ચોમુખજી છે. એ સિવાયના

ત્રણ પ્રતિમાજી પ્રાચીન છે. મૂલનાયકજીના દ્વાર આગળ ધરણશાહના સમયનો ઐતિહાસિક લેખ છે. મંદિરના ઉપરના માળ પર ચૌમુખજી છે. પણ માળ બહુ જ અદ્ભુત છે. જોનારને સાક્ષાત્ દેવવિમાનનું સ્મરણ ખડું કરાવે તેવો ભવ્ય છે. ત્રીજા માળ પર પણ ચૌમુખજી છે. અહિંથી સમગ્ર મંદિરની ભવ્યતાનાં દર્શન થાય છે. સમસ્ત હિંદમાં આવાં સ્થાપત્યવાળો પ્રાસાદ અન્ય કોઇ સ્થાને નથી. આ મંદિરને જોતાં-જોતાં અહિંથી ખસવાનું મન થતું નથી.

પ્રદક્ષિણામાં ૮૪ જિનાલયો, આ સિવાય શ્રી સમ્મેતશિખર, શ્રી મેરૂપર્વત અષ્ટાપદજી, શ્રી નંદીશ્વરદ્વીપ આદિતીર્થોની સુંદર રચનાઓ છે. મૂલનાયકની જમણી બાજુ રાયણવૃક્ષ નીચે આદીશ્વર ભ૦ નાં પગલાં છે. સહસ્ત્રકૂટ તથા સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુનાં ચિત્રો સુંદર છે. મૂલમંદિરમાં પ્રભુજીની સામેના થાંભલા પર શેઠ ધરણશાહ તથા શિલ્પી દેપાકની ઉભી મૂર્તિઓ છે. મંદિર બંધાવનાર ધરણશાહના નાના ભાઈ રત્નાશાહે પણ આ મંદિર માટે ખૂબ જ પરિશ્રમ લીધો હતો, મુસ્લીમ શાસકોના અત્યાચારોના કારણે રાણકપુરના મંદિરોને પણ ઘણું સહેવું પડયું છે. હાલ અહિં આ મંદિર સિવાય બીજા બે મંદિરો છે. આ આ દેરાસરનો જીર્ણોદ્ધાર શેઠ. આ૦ ક૦ દ્વારા શેઠ કસ્તુરભાઇ લાલભાઇ હસ્તક લાખોના ખર્ચે થયેલ. ને તેની પુનઃ પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ વિ૦ સં૦ ૨૦૦૯ ની સાલમાં ફાગણ વદિ ૪ ના ઉજવાયો હતો. લગભગ ૭૦ હજાર માણસો આ મહોત્સવ પર આવેલ. પુનઃ પ્રતિષ્ઠા વખતે ધજાદંડ શેઠ શ્રી ધરણશાહના વંશજનાં શુભહસ્તે ચઢાવેલ. અત્યારે આ મંદિરમાં

સાત ભોંયરાઓ છે. વિશાળ ધર્મશાળા તથા ચોક છે. ધર્મશાળાની સામે શ્રી પાર્શ્વનાથજીનું સુંદર મંદિર છે. પ્રતિમાજી ભવ્ય છે. અહિં ભોંયરૂં છે. તેમાં પ્રાચીન પ્રતિમાઓ છે. અહિંના મંદિરનું શિલ્પ, પુતળીઓની ગોઠવણી, અંગમરોડ ઇત્યાદિ નૃત્યકલાને સજીવ કરતાં લાગે છે. શ્રી નેમનાથ ભ૦ નું મંદિર પણ સુંદર છે. રાણકપુરમાં પૂર્વકાળમાં ૩ હજાર શ્રાવકોનાં ઘર હતાં. આજે તો આ સ્થળ જંગલ વચ્ચે આવેલું છે. અહિંનો વહિવટ અમદાવાદની શેઠ આ૦ ક૦ ની પેઢી કરે છે. સાદડીમાં એની શાખા છે.

## ૫ : મારવાડની મોટી પંચતીર્થી :

મારવાડમાં અનેક તીર્થો આવેલાં છે. રાણકપુરજીની આજુ–બાજુ તેની પંચતીર્થી આવેલી છે. જે મોટી પંચતીર્થી તરીકે ઓળખાય છે. રાણકપુર આવવા વેસ્ટર્ન રેલ્વેના રાણી સ્ટેશને કે ફાલના સ્ટેશને ઉતરાય છે, ફાલનાથી પાંચ ગાઉ સાદડી છે. સાદડીમાં ચાર દેરાસરો છે. શ્રાવકોની વસતિ ૧૦૦૦ ઘરની છે. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીનું ચોવીશ જિનાલયનું મુખ્ય મંદિર છે. પ્રતિમાજી પ્રાચીન સમયના છે. અહિંથી રાણકપુરજી ૩ા ગાઉ થાય, રસ્તો જંગલનો તથા પહાડી છે.

**વરકાણા :–** રાણી સ્ટેશનથી વરકાણા ૩ માઈલ દૂર છે. અહિં વકરાણા પાર્શ્વનાથજીનું પ્રાચીન બાવન જિનાલયનું ભવ્ય મંદિર છે, 'સકલતીર્થમાં' 'અંતરિક વરકાણો પાસ' જે આપણે બોલીએ છીએ તે આ પ્રતિમાજી પ્રાચીન તથા સંપ્રતિ મહારાજના સમયનાં છે. પરિકર પીત્તળનું પાછળથી થયેલું છે. ગામ ન્હાનું છે.

**નાડોલ** :– વરકાણાથી ૩ ગાઉ દૂર નાડોલ તીર્થ આવેલું છે. અહિં પ્રાચીન ચાર સુંદર મંદિરો છે. તેમાં પદ્મપ્રભસ્વામીનું મંદિર અતિ પ્રાચીન છે, પ્રતિમાજી સંપ્રતિ મહારાજાના સમયનાં છે, મ્હોટા દેરાસરજીની પ્રદક્ષિણામાં ચોતરા પર કસોટીના પત્થરમાંથી બનાવેલું ચોમુખજીનું અખંડ દેરાસર છે. તેમાં કોતરકામ સરસ છે. મહાપ્રભાવક આચાર્ય મ૦ શ્રી માનદેવસૂરિજીએ લઘુશાંતિસ્તવનની રચના અહિં કરી હતી. ગામમાં ૨૫૦ જૈનોનાં ઘરો છે. ત્રણ ઉપાશ્રયો ધર્મશાલા ઇત્યાદિ છે.

**નાડુલાઈ**:– નાડોલથી આ તીર્થ ત્રણ ગાઉ દૂર છે. અહિં નાના–મોટા મળી કુલ ૧૧ દેરાસરો છે. આ ગામ બહુ જ પ્રાચીન છે, તેનું પુરાણું નામ નારદપુરી છે. ગામ બ્હાર ટેકરીઓ પર બે મંદિરો છે. આ ટેકરીઓ શ્રી શત્રુંજય તથા શ્રી ગિરનારના નામથી ઓળખાય છે. ગામના દરવાજાની બહાર નજીકમાં શ્રી આદિનાથ ભ૦ નું પ્રાચીન જિનાલય છે. આની પાછળ બ્રાહ્મણોનું મંદિર છે, આ બન્ને મંદિરો માટે અનેક દંતકથાઓ અહિં પ્રચલિત છે. જૈન યતિ તથા શૈવ ગોંસાઇ બન્ને વચ્ચે વાદ થયો અને દક્ષિણ મારવાડના મલ્લાણીના ખેડમાંથી બન્ને મંદિરો જૈન યતિ તથા શિવપંથના ગોસાઇજી લાવેલ એમ કહેવાય છે.

**મૂછાળા મહાવીર** :– ઘાણેરાવથી ૩ ગાઉ દૂર આ તીર્થ આવેલું છે. જંગલમાં વિશાલબાગમાં શ્રી મહાવીર ભ૦ નું સુંદર ૨૪ જિનાલયનું ભવ્ય દેરાસર છે, બે હજાર વર્ષ પહેલાનું આ પવિત્ર તીર્થસ્થાન છે. મૂલનાયક શ્રી મહાવીર ભ૦ ની મૂર્તિ ૨॥ હાથ ઉંચી સફેદ પાષાણની છે. પરિકર સુંદર છે,

પ્રભુના અધિષ્ઠાયક ચમત્કારી છે. પૂર્વકાળમાં મેવાડના મહારાણા અહિં આવેલા એમને પૂજા માટે પૂજારીએ કેસર આપ્યું. વાટકીમાં મૂછનો વાળ નીકળ્યો. કોઇએ મશ્કરી કરી, 'તમારા ભગવાનને શું દાઢી-મૂછ છે?' જવાબમાં પૂજારીએ કહ્યું; 'અમારા ભગવાનની શક્તિ અપાર છે. એ તો બધા રૂપ કરે છે.' બાદ અધિષ્ઠાયક દેવના પ્રભાવથી પ્રભુજીને દાઢીમૂછ સૌએ જોયા. કોઈએ વાળ ખીંચ્યો. પ્રભુજીના અંગમાંથી દૂધની ધારા છૂટી. પ્રભુના ભક્ત પૂજારીથી આ સહન ન થયું. તેણે શ્રાપ આપ્યો, 'તારા કુલમાં કોઇને દાઢી-મૂછ નહિં ઉગે' આજે પેલા માણસના વારસોમાં આ શ્રાપ સાચો પડયો છે. અહિં પહેલા ઘણી વસ્તી હતી. આજુ-બાજુ જૂનાં મંદિરોનાં ખંડેયરો છે.

**ઘાણેરાવ** :- નાડલાઇથી ૩ ગાઉ દૂર ઘાણેરાવ ગામ છે, અહિં આદીશ્વર ભ૦ નું સુંદર દેરાસર છે. આ સિવાય અન્ય નવ મંદિરો છે. સ્થાન દર્શનીય છે. શ્રાવકોની વસતિ સારી છે. મંદિરો બધા રમણીય છે. આ રીતે ઉપરોક્ત પાંચ સ્થલો મોટી પંચતીર્થી તરીકે વર્તમાનમાં સુપ્રસિદ્ધ છે. યાત્રા કરવા જેવાં સ્થલો છે. જિનાલયો તથા પ્રભુ પ્રતિમાજી ભવ્ય તથા પ્રાચીન છે.

૬ : **જીરાવલાજી** આબુરોડ સ્ટેશનેથી અણાદરા થઈ જીરાવલા જવાય છે, અણાદરાથી જીરાવલા ૮-૯ ગાઉ થાય છે. ગામ બહાર સુંદર બાવન જિનાલયનું મંદિર છે, ધર્મશાળા છે. હમણાં જ જીર્ણોધ્ધાર થયો છે. આ ગામની ચોમેર પહાડી છે, મંદિરમાં મૂલનાયકજી હાલ શ્રી નેમિનાથજી ભ૦ છે, મૂલનાયકની બન્ને બાજુએ સહસ્રફણા પાર્શ્વનાથજી છે અને જીરાવલા પાર્શ્વનાથજી મૂલમંદિરના બહારના ભાગની દીવાલની નાની

દેરીમાં બિરાજમાન છે. આ મૂર્તિને સુંદર લેપ કરેલો છે. આ પ્રતિમાજી પ્રાચીન, ભવ્ય તથા ચમત્કારિક છે. પૂર્વકાળમાં બ્રાહ્મણપુરમાં ધાંધલ શેઠની ગાયને સેહીલી નદી આગળ ગુફામાં હમેશાં દૂધ ઝરતું 'જ્યાં ગાયને દૂધ ઝરે છે, ત્યાં જમીનમાં પ્રતિમાજી છે, એવી રાત્રે શેઠને સ્વપ્નામાં જાણ થઈ, ગુફામાંથી પ્રતિમાજી લઇ આવવા શેઠ તૈયાર થયા; પણ ગાડુ જીરાપલ્લીમાં આવી અટકયું. ત્યાર બાદ સુંદર દેરાસર શ્રી સંઘે તૈયાર કરાવી શ્રી અજિતદેવસૂરિજીના શુભ હસ્તે વિ૦ સં૦ ૧૧૯૧ માં અહિં પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવી. બાદ કેટલાયે વર્ષો બાદ મુસલમાન સૈન્યોએ અહિં ઉપદ્રવ કર્યો, પ્રતિમાજીને ખંડિત કર્યા બાદ તીર્થનાં માહાત્મ્યથી આકર્ષાઈ અધિષ્ઠાયક દેવે પ્રતિમાજી ફેરવવાની વાત કહી અને ત્યારબાદ શ્રી સંઘે મૂલનાયક તરીકે અન્ય પ્રભુજીને અહિં પ્રતિષ્ઠિત કર્યા.

આ પ્રતિમાજી જીરાવલા પાર્શ્વનાથનો પ્રભાવ એટલો બધો છે કે, આજે પણ નવા દેરાસરોમાં પ્રતિષ્ઠા વખતે ગાદી પર 'શ્રી જીરાઉલા પાર્શ્વનાથાય નમઃ' લખાય છે.

જીરાવલાજીમાં દર વર્ષે પોષ દશમીનો મેળો ભરાય છે, આ તીર્થની યાત્રાઓ પૂર્વકાળમાં ઘણા ઐતિહાસિક પુરૂષોએ કરી છે. મહામંત્રી પેથડકુમાર તથા તેમના પુત્ર ઝાંઝણકુમાર અહિં યાત્રા કરવા આવેલા તેવા ઉલ્લેખો મલે છે. આજે અહિં વિશાલ ધર્મશાળાઓ, બગીચો તથા ભોજનશાળા છે, આબુરોડથી આવવા માટે પેઢીની ખાસ મોટર બસની સગવડ છે.

૭ : **પીંડવાડા :** સજ્જનરોડ સ્ટેશનથી એક માઇલપર

પીંડવાડા છે, બાવન જિનાલયનું પ્રાચીન મંદિર છે. વિ૦ ના ૧૨ મા સૈકામાં ભરાવેલી ધાતુની પ્રાચીન મૂર્તિઓ અહિં દેરાસરમાં છે, ધાતુના બે કાઉસ્સગીયા બહુ જ સુંદર તથા અદ્દભુત છે. તેમાં વસ્ત્રની રચના તો અનુપમ છે, આ પ્રતિમાજી પર વિ. સં. ૭૪૪ ની સાલનો લેખ છે. શ્રાવકોના ૨૦૦ ઘરો છે. બે ધર્મશાળાઓ છે. બાજુમાં ઝારોલી ગામમાં સુંદર દેરાસર છે. પીંડવાડાથી ૩ માઇલ દૂર અજારી ગામ છે, અહિં ગામ બહાર બાવન જિનાલયનું ભવ્ય દેરાસર છે, મૂલનાયક શ્રી મહાવીર દેવના પ્રતિમાજી છે, પ્રદક્ષિણામાં શ્રી સરસ્વતી દેવીની પ્રાચીન મૂર્તિ છે, એક પ્રઘોષ મુજબ કલિકાલ સર્વજ્ઞ આ૦ મ૦ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે અહિં સાધના કરી હતી.

૮ : **બામણવાડા** : પીંડવાડાથી ૪।। માઇલ દૂર બામણવાડા તીર્થ છે. અહિં બાવન જિનાલયનું સુંદર મંદિર છે, વીરપ્રભુના પ્રાચીન તથા વેલુકાના બનાવેલ પ્રતિમાજી મૂલનાયક છે. ધર્મશાળાઓ છે. મહાવીર પ્રભુને કાનમાં જે વાંસની સળીઓ રૂપ ખીલા ઠોકાયા હતા તેનું પ્રતીક દૃશ્ય અહિં રચેલું છે. વહિવટ કરનારી પેઢીનું કારખાનું છે. અહિંથી ૧ માઇલ પર વીરવાડા છે, ત્યાં બે દેરાસરો છે તેમાં એક બાવન જિનાલયનું દેરાસર છે.

૯ : **મીરપુર** : શિરોહીથી અણાદરા જતાં મીરપુર આવે છે, અહિં અત્યારે પહાડની નીચે ચાર સુંદર મંદિરો છે. આબુની કોરણીનું આબેહૂબ અનુકરણ આ મંદિરમાં કરેલું છે. વિશાલ ધર્મશાળા છે, યાત્રા કરવા જેવું તીર્થ છે. વસતિ નથી.

૧૦ : **નાંદીયા** : 'નાણા દીયાણા ને નાંદીયા, જીવિતસ્વામીને વાંદીયા' આ પ્રઘોષ જે નાંદીઆ માટે ચાલે છે, તે નાંદીયા

બામણવાડાથી ૪ માઇલ દૂર છે. નાંદીયા ગામ પહાડની વચ્ચે વસ્યું છે, નાંદીયાથી ૧ માઇલ નદી કિનારે એક સુંદર મંદિર છે, નાંદીયામાં બે દેરાસર છે. બાવનજિનાલયનું ભવ્ય દેરાસર છે, મૂલનાયક શ્રી મહાવીર ભ૦ ના પ્રતિમાજી નંદિવર્ધન રાજાએ ભરાવેલા છે. તેમ પ્રઘોષ છે. પ્રભુજીની મૂર્તિ અદ્દ્ભુત કલામય છે, દેરાસરનો જીર્ણોદ્ધાર હમણાં થયેલ છે. પ્રભુજીનું પરિકર તથા સિંહાસન કોઈ અપૂર્વ તથા બેનમૂન છે.

**૧૧ : દીયાણાજી**: અહિંથી પહાડના રસ્તે ચાર માઇલ દૂર દીયાણાજી છે, અહિં જીવિતસ્વામીની મૂર્તિ છે. ચોમેર પહાડોની વચ્ચે જંગલમાં મંગલરૂપ આ સ્થાન છે. કિલ્લાની અંદર સુંદર મંદિર છે. મંદિરમાં ૨॥ થી ૩ હાથના વિશાલ પરિકરવાળા શ્રી મહાવીર ભગવંતના પ્રતિમાજી છે. ધર્મશાળા છે. મૂર્તિ સુંદર, અલૌકિક તેજઃપૂંજને વેરતી હોય તેવી છે. પરિકર પણ સુંદર છે.

**૧૨ : નાણા** : પીંડવાડાથી છ ગાઉ દૂર નાણા છે, નાણા સ્ટેશનથી નાણા એક માઈલ દૂર છે, શ્રાવકોનાં ઘરો છે, ઉપાશ્રય તથા ધર્મશાલા છે. સુપ્રસિધ્ધ નાણકીય ગચ્છની ઉત્પત્તિ અહિં થયેલી. નાણા એક વખતનું સમૃધ્ધિશાલી તથા પ્રસિદ્ધ શહેર હતું. આજે એક પ્રાચીન મંદિર છે. મંદિરમાં મૂલનાયક શ્રી મહાવીર ભગવંતનાં બદામી રંગના ૨॥ હાથ ઊંચા સુંદર પ્રતિમાજી છે. અહિંથી ૩ ગાઉ દૂર બેડા ગામ છે. બેડા ગામમાં સુંદર બાવન જિનાલયનું મંદિર છે.

**૧૩ : શિરોહી** : બામણવાડાથી દશ માઇલ પર શિરોહી

શહેર છે. પૂર્વે શિરોહી સ્ટેટની રાજધાનીનું મુખ્ય શહેર ગણાતું હતું. શહેરમાં ૧૬ જિનમંદિરો છે, એક જ લાઇનમાં ૧૪ ભવ્ય જિનાલયો છે, શ્રાવકોનાં ઘરો સેંકડો છે. ઉપાશ્રયો, ધર્મશાળા આદિ છે. જગદ્ગુરૂ આ૦ મ૦ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મ૦ ને સૂરિપદ અહિં અપાયેલ હતું અને અહિંના શ્રાવકોએ મહોત્સવો કર્યા હતા.

**૧૪ : રાતા મહાવીર :** વેસ્ટર્ન રેલ્વેના એરનપુરા સ્ટેશનેથી પૂર્વદિશામાં ૧૪ માઇલ પર રાતા મહાવીરનું તીર્થ આવેલું છે. જોડે વિજાપુર ગામ છે. ગામમાં દેરાસર, ઉપાશ્રય આદિ છે. વિજાપુરથી જંગલમાં ૨॥ માઇલ દૂર રાતા મહાવીરનું ભવ્ય જિનમંદિર છે આ દેરાસર ૨૪ દેરીઓવાળું છે. ભગવાન શ્રી મહાવીરદેવની સુંદર લાલરંગની ૨॥ હાથ લગભગ ઊંચી ભવ્યમૂર્તિ છે, હજાર વર્ષ પહેલાનું આ યાત્રાધામ છે.

આ સિવાય નાની પંચતીર્થીમાં સ્વરૂપગંજ, નીતોડો રોહિડા, આદિ ગામોનાં મંદિરો બાજુમાં રહી જાય છે. આ બધા ગામોમાં મંદિરો, ઉપાશ્રયો, ધર્મશાળા ઇત્યાદિ છે, યાત્રા કરવા જેવાં સ્થળો છે. પીંડવાડાથી આ બધે જવાય છે.

**૧૫ : સુવર્ણગિરિ :** મારવાડમાં જોધપુર મ્હોટું શહેર છે. જોધપુર સ્ટેટની રાજધાનીનું આ શહેર અદ્યતન સાધન-સામગ્રીયુક્ત છે. દશ સુંદર જિનમંદિરો, ઉપાશ્રયો, તથા શ્રાવકોના ૨૦૦૦ ઘરો અહિં આવેલાં છે. જોધપુરથી ૭૦ માઈલ પર તેમજ એરણપુરા સ્ટેશનથી પશ્ચિમમાં ૩૮ માઇલે જાલોર

ગામ છે, જાલોરમાં ૧૧ ભવ્ય જિનમંદિરો છે. વિક્રમના નવમા સૈકામાં આ શહેર ખૂબ સમૃધ્ધ હતું. આ ગામની નજીકમાં સુવર્ણગિરિ તીર્થ આવેલું છે, આ તીર્થ ન્હાના પહાડપર છે, વિક્રમાદિત્ય રાજાની ચોથી પેઢીયે થયેલા નાહડ રાજાએ અહિં શ્રી મહાવીરસ્વામીનું સુંદર મંદિર બંધાવ્યું હતું. આ ગઢપર પહેલાં અનેક કોટયાધિપતિ શ્રીમંતો વસતા હતા. નાહડ રાજા વિ૦ ના બીજા શતકમાં થયેલ છે. વિ૦ સં૦ ૧૨૨૧ માં શ્રી કુમારપાલ મહારાજાએ અહિં મંદિર બંધાવ્યું હતું, અત્યારે અહિં સુંદર ત્રણ જિનમંદિરો છે, આ ગઢપર ચઢવા માટે માઈલ જેટલો રસ્તો છે, ચાર દરવાજા છે, ગઢમાં જૈન મંદિરો ઉપરાંત રાજમહેલો. સરકારી મકાનો, શિવમંદિરો, ધર્મશાળા આદિ છે, ચઢતાં-ઉતરતાં બે કલાકનો સમય લાગે છે, આ સ્થાન યાત્રા કરવા યોગ્ય છે.

**૧૬ : કોરટાજી :** મારવાડમાં શિવગંજ શહેરથી ત્રણ ગાઉ ઉપર કોરટાજી તીર્થ છે, જે પૂર્વકાળમાં કોરંટક નગર કહેવાતું હતું. શ્રી રત્નપ્રભસૂરિજીએ વિ૦ સં૦ ૭૦ માં ઓશીયા તથા કોરંટકમાં એક સાથે પ્રતિષ્ઠા કરાવી હતી, તે આ કોરટાજી અત્યારે નાનું ગામડું છે. ૬૦-૬૫ શ્રાવકોનાં ઘરો છે. દેરાસરો ૪ સુંદર છે, ધર્મશાલા છે, આ મંદિરોમાં શ્રી મહાવીર ભ૦ નું મંદિર પ્રાચીન છે. જે ગામથી ાા ગાઉ દૂર છે. બાજુમાં રહેલું શિવગંજ મ્હોટું શહેર છે, સાત સુંદર દેરાસરો છે. ૪ ધર્મશાળા, બે ઉપાશ્રયો, તેમજ ૬૦૦ શ્રાવકોનાં ઘરો છે.

**૧૭ : નાકોડાજી :** મારવાડમાં બાલોતરા સ્ટેશનથી ૩ ગાઉ ઉપર નાકોડાજી તીર્થ આવ્યું છે. વિ૦ ના ૧૦ મા સૈકામાં આ

સ્થાનની જાહોજલાલી ઘણી હતી. તે વખતે ૨૭૦૦ જૈનોનાં ઘરો હતાં. આજે તો સામાન્ય ગામડું છે. જંગલમાં મંગલરૂપે ત્રણ જિનમંદિરો અહિં છે, આ બધાં મંદિરો સુંદર કારીગીરિવાળા વિશાલ તથા ભવ્ય છે, આમાં મુખ્ય મંદિર શ્રી નાકોડા પાર્શ્વનાથજીનું છે જે મ્હોટું અને ઉન્નત છે. મૂલનાયક તથા તેમની આજુ–બાજુનાં બે પ્રતિમાજી એમ આ ત્રણેય પ્રતિમાજી પ્રાચીન તથા ભવ્ય છે. સંપ્રતિ મહારાજના સમયનાં છે. અહિં એકાંત છે, ધર્મશાળા સુંદર છે.

**૧૮ : કાપરડાજી :** જોધપુર બીકાનેર રેલ્વે લાઇનમાં પીપાડરોડ જંકશનથી બીલાડા જતી રેલ્વે લાઇનમાં શલારી સ્ટેશનથી ચાર માઈલ પર અથવા પીપાડસીટીથી ૯ માઇલ પર કાપરડાજી તીર્થ આવેલું છે. આ સ્થાન એક વેળા ખૂબ ઉન્નતિના શિખર પર હતું. અહિં સ્વયંભૂ પાર્શ્વનાથ ભ૦ નું ચાર માળનું ગગનચુંબી ભવ્ય જિનમંદિર છે. આ જિનાલય હિંદભરમાં ઊંચાઈમાં ચઢી જાય છે. આ મંદિર વિ૦ સં૦.૧૬૭૫ માં બંધાયું હોવાના ઉલ્લેખો મળે છે, ૩૫ વર્ષ ઉપર પૂ. પાદ આ૦ મ૦ શ્રી વિજયનેમિસૂરિજી મ૦ ના સદુપદેશથી આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો છે. મહા સુદિ પાંચમના અહિં મેળો ભરાય છે, અહિં શેઠ માણેકલાલ મનસુખભાઈની બંધાવેલી મોટી ધર્મશાળા છે. મંદિરમાં મૂલનાયક શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથજી ઉત્તર સન્મુખ છે. ચારેય માળપર ચૌમુખજી છે.

**૧૯ : ફ્લોધી :** મારવાડની ભૂમિ વીરભૂમિ ગણાય છે. પ્રાચીન ઇતિહાસ પ્રસિધ્ધ આ ભૂમિપર અનેક દાનવીર ધર્માત્માઓ થઇ ગયા છે, આ ભૂમિમાં જૈનધર્મની એક વેળા ભવ્ય યશઃપતાકા

ફરકતી હતી. આ પ્રદેશમાં જોધપુર, બિકાનેર, જેસલમેર, નાગોર, સીરોહી ફલોધી, શિવગંજ, પાલી, વાલી, સાદડી, બ્યાવર, અજમેર. જયપુર આદિ મોટાં શહેરો છે. જેમાં જૈનોની વિશાળ વસતિ દેરાસરો, ઉપાશ્રયો આવેલાં છે. તેમ જ આ બધા શહેરોની આસપાસ જૈન તીર્થભૂમિઓ આવેલ છે. આમાં ફલોધી પણ પ્રાચીન તીર્થ ગણાય છે.

મારવાડ જંકશનથી જોધપુર જતી રેલ્વેમાં, જોધપુરથી મેડતારોડ જંકશન આવે છે. ત્યાંથી બે ફર્લાંગ પર ફલોધી તીર્થ આવેલું છે. અહિં બે મંદિર છે. ધર્મશાળા, દાદાવાડી છે. જેમાં ફલોધી પાર્શ્વનાથજીનું મંદિર પ્રાચીન છે. મૂલનાયકજી શ્યામવર્ણા સુંદર છે. આ મંદિર મોટું છે. મંદિરમાં મીનાકારી કામ દર્શનીય છે. રંગમંડપમાં ત્રણ ભવ્ય પ્રતિમાજી છે. જેની પ્રતિષ્ઠા ૧૬૫૩ માં શ્રી હીરસૂરિજી મહારાજના પ્રશિષ્યે કરાવ્યાનો ઉલ્લેખ છે. આ તીર્થ વાદિ દેવસૂરિજી મ૦ ના સમયનું મહાપ્રભાવિક તીર્થ છે. અહિંથી મેડતા સીટી જવાય છે. ત્યાં ૧૪ જિનમંદિરો છે. પ્રાચીન જ્ઞાનભંડાર છે. શ્રી આનંદઘનજી મહારાજનો સ્વર્ગવાસ આ મેડતામાં થયેલો છે. શ્રાવકોનાં ઘરો થોડાં છે.

૨૦ : **ઓશીયાજી** : જોધપુર રેલ્વેના ઓશીયા સ્ટેશનથી એક માઇલ પર ઓશીયાજી આવેલું છે. ઓશવાળ વંશની ઉત્પત્તિનું આ મૂલ સ્થાન છે. પૂ૦ આ૦ મ૦ શ્રી રત્નપ્રભસૂરિજીનાં શુભ હસ્તે અહિં હજારો ક્ષત્રિયોએ જૈનધર્મ સ્વીકાર્યો હતો. તેઓશ્રીનાં શુભહસ્તે અહિંના શ્રી મહાવીર ભગવાનના મંદિરમાં પ્રતિષ્ઠા થઇ છે. આ મંદિર આ રીતે ૨૪૦૦ વર્ષ

પહેલાનું છે. મહાવીરદેવના નિર્વાણબાદ ૭૦ મા વર્ષે અહિં પ્રતિષ્ઠા થઈ છે. અત્યારે તો જૈનોનાં ઘર બે-ત્રણ છે. પૂર્વે હજારો જૈનો અહિં હતા. હાલ બ્રાહ્મણોનાં ઘરો છે. મોટી ધર્મશાળા છે. 'શ્રી વર્ધમાન જૈન વિદ્યાલય' બોર્ડીંગ છે, લાયબ્રેરી છે. સ્થાન સુંદર છે.

**૨૧ : જેસલમેર** : વેસ્ટર્ન રેલ્વેના લૂણી જંકશનેથી સિંધ-હૈદ્રાબાદ જતી લાઇનમાં હિંદનું છેલ્લું નાકુ ગણાતું બાડમેર સ્ટેશન આવે છે. આ બાડમેરથી કાચી સડક જેવા મોટર રસ્તે જેસલમેર જવાય છે. જેસલમેર ૧૧૦ માઇલ છે. તેમજ જોધપુરથી પોકરણ સ્ટેશન આવે છે. અહિં શિખરબંધી ૩ દેરાસરો છે. અહિંથી જેસલમેરની મોટર જાય છે પોકરણથી જેસલમેર મોટર રસ્તે ૭૦ માઇલ થાય થાય છે. રાજપુતાનાના અનેક પ્રાચીન ઐતિહાસિક શહેરોમાં જેસલમેરનો નંબર આગળ પડતો છે. વિ૦ સં૦૧૨૧૨ માં આ શહેર વસ્યું છે. હાલ અહિં ૧૫૦ લગભગ જૈનોનાં ઘરો છે. પહેલાં ઘણાં હતાં. વ્યાપાર-વ્યવસાય ઓછા થતાં, તેમજ સાધન-સગવડો ઘટતાં આ શહેર પાછળ પડી ગયું છે. અહિં ૧૮ ઉપાશ્રયો છે. સાત મોટા જ્ઞાનભંડારો ખાસ દર્શનીય છે. શહેરની મધ્યમાં પટવાઓની કલાપૂર્ણ હવેલીઓ છે. નજીકમાં નવી ધર્મશાળા છે. જેસલમેરનો કિલ્લો બહુ મજબૂત છે. તેમાં ચાર પોળો છે.

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર, શ્રી સંભવનાથનું, શ્રી અષ્ટાપદનું, શ્રી ચંદ્રપ્રભસ્વામીનું, શ્રી શીતલનાથનું, શ્રી ઋષભદેવસ્વામીનું તથા મહાવીરસ્વામીનું એમ આઠ મંદિરો મોટાં છે. આ બધાં મંદિરો કિલ્લામાં છે. તેમજ ગામમાં ઘર મંદિરો છે.

અહિંનાં જ્ઞાનભંડારો વિશાલ તથા પ્રાચીન છે.

આ જ્ઞાનભંડારોમાં જે હસ્તલિખિત તાડપત્રી પ્રતો તથા પ્રાચીન સાહિત્ય આજે વિદ્યમાન છે, તેમાંનું કેટલુંક વિ૦ ના ૧૫ મા સૈકાની શરૂઆતમાં ગૂજરાતના પાટણ શહેરમાંથી, મુસલમાન સત્તાઓના હુમલાથી શ્રુતજ્ઞાનને રક્ષણ આપવા, આ બાજુ મોકલાવાયેલું, પણ ત્યારબાદ અહિંથી છેલ્લા બસો વર્ષના ગાળામાં ઘણું ઉપડી ગયું હોવું જોઇએ એમ મનાય છે. જેસલમેરથી અમરસાગર એક કોશ ઉપર છે, ત્યાં બાગ-બગીચા છે. ધર્મશાળાઓ છે. અને ત્રણ સુંદર મંદિરો છે. અહિં પીળા પત્થરની ખાણો છે.

**૨૨ : લોદ્રવા :** જેસલમેરથી પાંચ ગાઉ ઉપર લોદ્રવા તીર્થ આવેલું છે. આ સ્થાન પ્રાચીન છે. લોદ્રવા જેસલમેરની પ્રાચીન રાજધાનીનું શહેર હતું. વિ૦ સં૦ ૧૦૮૨ માં લોદ્ર સરદારોને હરાવી દેવરાજ ભાટીએ અહિં પોતાની રાજધાની સ્થાપી હતી. ત્યારબાદ મહમદઘોરીના સમયમાં ભાઈ-ભાઇ વચ્ચેના ઝઘડામાં આ શહેરનો ભંગ થતાં આ શહેરની આબાદી ઘસાઇ ગઇ. હાલ અન્ય વસતિ ખાસ નથી. ત્રણ ઉપાશ્રયો છે. ધર્મશાળા છે. તેમજ પાંચ અનુત્તર વિમાનના આકારના સુંદર પાંચ મંદિરો છે. વચમાં શ્રી પાર્શ્વનાથજીનું સુંદર જિનમંદિર છે, અને ચાર મંદિરો ચારે બાજુ છે. મૂલનાયક શ્રી પાર્શ્વનાથજીની મૂર્તિ એક હજાર ફણાવાળા છે, અહિંથી થીરૂશેઠે શ્રી સિદ્ધાચલજીનો સંઘ વિ૦ સં૦ ૧૬૯૩ માં કાઢેલો, ત્યારે પાટણ ગૂજરાતથી સંઘવી આ પ્રભુજીને અહિં લાવ્યા હતા. આ મંદિર થીરૂ શેઠે જૂના મંદિરોનો જીર્ણોધ્ધાર કરીને અહિં બંધાવ્યું છે.

હાલ થીરૂશાના વખતનો સંઘમાં લઇ ગયા હતા તે રથ અહિં છે. આ બાજુ દેવીકોટ, બ્રહ્મસર વગેરેમાં દેરાસરો તથા ઉપાશ્રયો છે. બાડમેરમાં ૭૦૦ શ્રાવકોનાં ઘરો છે. સાત જિનમંદિરો છે. પોકરણ–ફલોધી–જે રજપુતાનાનું મોટું શહેર ગણાય છે. અહિં પાંચસો શ્રાવકોનાં ઘરો છે. સાત દેરાસરો છે. પાંચ ઉપાશ્રયો છે, ચાર દાદાવાડીઓ છે.

૨૩ : બિકાનેર : મારવાડના થલી પ્રદેશના નાકા પર આ બિકાનેર શહેર આવેલું છે. વિ૦ ના ૧૫ મા સૈકામાં રાવ વિકાજીએ આ શહેર વસાવેલું છે. એક હજાર શ્વે૦ મૂ૦ પૂ૦ જૈનોના અહિં ઘરો છે, ૩૦ જિનમંદિરો છે. ૪–૫ જ્ઞાનભંડારો છે. સ્ટેટ લાઈબ્રેરી પણ વ્યવસ્થિત છે. આ બધો પ્રદેશ રેતાળ છે. પાણીની અછત રહે છે, ગરમી ઘણી પડે છે. દેરાસરો તથા જ્ઞાનભંડારો દર્શનીય છે. અહિંના શ્રીમંતો કલકત્તા આદિ બાજુ વ્યાપાર માટે વસેલા છે. ભક્તિભાવના સારી છે. આ બધા પ્રદેશોમાં ખેતી માટે ઊંટનો ઉપયોગ થાય છે.

# ૫ : મેવાડનાં જૈનતીર્થો :

૧ : ઉદેપુરઃ–મેવાડ એટલે શૂરા ક્ષત્રિયોની તથા વીરત્વભર્યાં કાર્યો કરનાર પૂર્વકાલીન નામાંકિત નરોની જન્મભૂમિ છે. મહારાણા પ્રતાપ, વીર ભામાશા, દયાલશા, આ બધા નરરત્નો અહિં જન્મી, જીવી, જગતમાં નામના મૂકી ગયા છે. મેવાડનું મુખ્ય શહેર ઉદયપુર ગણાય છે. મહારાણા ઉદયસિંહે વિક્રમના ૧૭ મા સૈકાના પ્રારંભમાં આ શહેર વસાવ્યું છે. આ અગાઉ મેવાડના

મહારાણાઓની રાજધાનીનું શહેર આઘાટપુર હતું.

આઘાટપુર નગરમાં આચાર્યદેવ શ્રી જગચ્ચચંદ્રસૂરિજીને વિ૦ સં૦ ૧૨૮૫માં મેવાડના મહારાણા જૈત્રસિંહે 'મહાતપા' નું બિરૂદ બહુમાનભેર આપેલું, આજે પણ આઘાટપુરમાં ૪ જિન-મંદિરો છે, તેમાં બાવન જિનાલયનું પણ સુંદર મંદિર પણ છે. બાદ ઉદેપુરની જાહોજલાલી વધતી ચાલી. હાલ ઉદેપુરમાં લગભગ ૩૬ જિનમંદિરો છે; તેમાં શ્રી શીતલનાથ ભગવાનનું મંદિર સૌથી પ્રાચીન છે. ઉદયપુર વસ્યા પછી આ મંદિર તરત જ બનેલું છે. આ મંદિરનું મીનાકારી કામ દર્શનીય છે. શ્રી વાસુપૂજ્યસ્વામીનું દેરાસર પણ સુંદર છે. ત્યાં કાચનું કામ ભવ્ય છે. આ સિવાય ચોગાનનું મંદિર, શ્રી કેસરીયાનાથજીનું મંદિર વગેરે મંદિરો છે. ચોગાનનાં મંદિરમાં ભાવી ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મ-નાભ તીર્થંકરના ૪ાા થી ૫ ફુટના પ્રતિમાજી છે. ઉદેપુરમાં ૪–૫ ધર્મશાળાઓ છે. અહિંથી કેસરીયાજી ૪૦ માઈલ છે. મોટરો જાય છે. ઉદેપુરમાં રાજમહેલ, બાગ, હાથીખાનું તથા વિશાળ તલાવ અને મધ્યમાં રહેલો રાજમહેલ આ બધાં જાહેર સ્થાનો છે. અહિંથી ૨ માઈલ દૂર **સમીનાખેડા** છે. અહિં શ્રી પાર્શ્વનાથ ભ૦ નું સુંદર મંદિર છે. પોષ દશમીનો મોટો મેળો ભરાય છે.

૨ : **શ્રી કેસરીયાજી** : શ્રી કેસરીયાજી તીર્થ હિંદભરમાં સુપ્રસિદ્ધ છે. છેલ્લા ૪૦ વર્ષથી દિગંબરો તથા શ્વેતાંબરો વચ્ચે આ તીર્થને અંગે અનેક વિક્ષેપો ઉભા થયા કરે છે. મૂળથી આ તીર્થ શ્વેતાંબર સંપ્રદાયનું છે; પણ અન્ય સ્થાનોમાં બનતું આવ્યું છે તેમ, શ્વેતાંબરોની ભલમનસાઈનો ગેરલાભ અહિં

લેવાયો છે. ઉદેપુરથી અહિં આવવા માટે ૪૦ માઇલનો સડકનો રસ્તો છે. વચ્ચે ભીલ લોકોની ચોકીઓ આવે છે. કેસરીયાજી તીર્થ જે સ્થાને છે એ ગામનું નામ ધૂલેવા છે. અહિં શ્વેતાંબર સમાજની ચાર વિશાળ ધર્મશાળાઓ છે. અહિં શ્રી કેસરીયાનાથ ઋષભદેવ ભગવાનનું સુંદર મંદિર છે. પ્રભુજી પર કેસર વધુ ચઢતું હોવાથી કેસરીયાજી તરીકે આ ભગવાન પ્રસિદ્ધ થયા છે. આ પ્રતિમાજી પ્રાચીન છે. આજથી લગભગ એક હજાર વર્ષ પહેલાં ધૂલેવા ગામની બહાર જંગલમાંથી આ પ્રતિમાજી નીકળ્યા હતા. તે વેળા સૂર્યવંશી રાણા મોકલજી આ પ્રદેશ પર સત્તા ભોગવતા હતા. તેમના સમયમાં આ મંદિર બંધાયું હતું. ત્યારબાદ અનેક જીર્ણોધ્ધારો અહિં થયા છે. મેવાડના મહારાણા પ્રતાપના સહાયક ઉદારદિલ ધર્માત્મા શ્રી ભામાશાએ આ મંદિરનો જીર્ણોદ્ધાર વિ૦ સં૦ ૧૬૪૩ માં કરાવ્યો હતો, તેનો શિલાલેખ આજે અહિં વિદ્યમાન છે. મેવાડના શ્વેતાંબર જૈનોનું આ ઐતિહાસિક તીર્થ છે. સ્વ૦ મહારાણા ફત્તેસિંહજીએ સવાલાખ રૂપિયાની આંગી પ્રભુજીને ચઢાવી હતી. પ્રદક્ષિણામાં બધા પ્રતિમાજી શ્વેતાંબરીય છે.

આ તીર્થનો વહિવટ જગદ્‌ગુરૂ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજના સમયમાં અકબર બાદશાહે શ્રી જૈન સંઘને સોંપ્યો હતો. અહિં ફાગણ વદિ ૮ નો મોટો મેળો ભરાય છે. એક પ્રઘોષ મુજબ આ પ્રતિમાજી રાવણના સમયના છે, અને શ્રીપાલ મહારાજા તથા મયણાસુંદરીએ ઉજ્જૈનીમાં શ્રી આદિદેવ ભગવાનના મંદિરમાં નવપદની ઓળી આરાધી હતી. તે આ પ્રભુજી ત્યારબાદ અહિં બિરાજમાન થયા છે. પ્રભુના

પ્રતિમાજી લગભગ ૩ ફુટ ઊંચા છે. આજે તો આ તીર્થમાં જૈનોના બન્ને સંપ્રદાયો વચ્ચેના વૈમનસ્યનો ગેરલાભ લઇ પંડાઓ (વૈષ્ણવો) પણ વિક્ષેપો નાંખવા માંડયા છે. અહિં યાત્રાએ આવનારને ખૂબ વિવેકપૂર્વક રહેવાનું છે. નહિંતર પ્રભુભક્તિના નામે આપણા હાથે તીર્થની આશાતના થવાનો સંભવ છે. કેસરીયાજીથી પાંચ ગાઉ દૂર પહાડ પર એક મંદિર છે. મૂલનાયક શ્રી પાર્શ્વનાથ ભ૦ ના સુંદર શ્યામ પ્રતિમાજી છે. આ સ્થાન **સાંવરાપાર્શ્વનાથ**ના તીર્થ તરીકે પ્રસિધ્ધ છે.

**૩ : કરેડાજી** ; ઉદેપુરથી ચિત્તોડગઢ જતાં કરેડા સ્ટેશનથી ૦ાા માઇલ લગભગ આ કરેડા તીર્થ આવેલું છે. આ મંદિર પ્રાચીન છે. દેરાસરનો જીર્ણોધ્ધાર થયો છે. પૂર્વકાળમાં પેથડશા મંત્રીના પુત્ર ઝાંઝણે અહિં જીર્ણોધ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભ૦ ના સુંદર પ્રતિમાજી છે. બીજું એક મંદિર શાંતિનાથ ભગવાનનું છે. ધર્મશાળા આદિ છે. અહિંથી **એકલિંગજી**, ૩-૪ માઇલ પર દેલવાડા-**દેવકુલપાટણ** છે. જે પૂર્વકાલમાં પ્રાચીન શહેર હતું; વિ૦ ના ૧૫ મા સૈકામાં જૈનોની પૂર્ણ જાહોજલાલિ અહિં હતી. હાલ ત્રણ મંદિરો વિશાળ તથા બાવન જિનાલયનાં છે. ચોથું નાનું મંદિર પણ અહિં છે. શ્રાવકોનાં ઘરો અહિ હાલ ઓછાં છે.

**૪ : દયાલશાહનો કિલ્લો** : વિ૦ ના ૧૮ મા સૈકામાં ઉદેપુરના મહારાણા રાજસિંહના મંત્રી દયાળશાહે કાંકરોલી તથા રાજસાગરની વચ્ચે એક કરોડના ખર્ચે પહાડપર નવ માળનું ગગનચુંબી જિનમંદિર બંધાવ્યું હતું. ઔરંગઝેબ બાદશાહના વખ-

તેમાં કિલ્લા ધારી આ મંદિરને તોડી નાખેલું એટલે હાલ બે માળનું મંદિર છે. રાણારાજસિંહે જ્યારે અહિં રાજસાગર તલાવ બંધાવવા માંડેલું ત્યારે દયાલશાહના પુત્રવધૂના શીલ પ્રભાવે આ તલાવની પાળ ટકી રહેલી એટલે રાણાએ દયાળ-શાહને અહિ મંદિર બંધાવવા સમ્મતિ આપેલી. આ મંદિરની ધજાની છાયા, પૂર્વકાલમાં બાર માઇલ પડતી, પણ પાછલથી મંદિ-રના ૭ માળ તોડી પાડયા એટલે મંદિર ન્હાનું થયું, મંદિરની પાસે નવચોકીમાં સુંદર કોરણી છે. કરેડા સ્ટેશનથો ૨ાા માઇલ પર આ સ્થળ આવેલું છે, તલાટીમાં ધર્મશાળા છે.

**૫ : ચિત્તોડગઢ :** મેવાડની પ્રાચીન રાજધાની ચિત્તોડ શહેર ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. મેવાડના મહારાણાઓની આ જન્મભૂમિ છે, આના ગૌરવને અખંડ રાખવા ઘણાએ વીરોએ પોતાનો ભોગ આપ્યો છે. ચિત્તોડ જંકશન સ્ટેશનથી ગામ બે માઇલ દૂર છે, ગામની તલાટીથી ૫૦૦ ફુટની ઊંચાઇ પર ચિતોડગઢ છે. ગઢપર જતાં સાત દરવાજા વટાવવા પડે છે. ગઢની લંબાઇ સવા ત્રણ માઇલ અને પહોળાઇ અર્ધો માઇલ જેટલી છે, ગઢ ઘણો પ્રાચીન છે. એવો પ્રઘોષ છે કે, પાંડવોના બખતમાં તેમના ભાઇ ભીમે આ કિલ્લો તથા ગઢ બનાવેલા છે. બાદ મૌર્યવંશી ચિત્રાંગદરાજાએ આનો ઉધ્ધાર કરાવેલો તેથી તેનું ચિત્રકૂટ નામ પ્રસિધ્ધ થયું. સકલાર્હતમાં પણ પૂ૦ હેમચં-દ્રસૂરિજી મહારાજે ચિત્રકૂટને પ્રાચીન તીર્થ તરીકે યાદ કરેલું છે. જૈન શાસનના પ્રભાવક, ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા પૂ૦ આ૦ મ૦ શ્રી હરિભદ્રસૂરિજી મ૦ નું આ જન્મસ્થાન છે. અત્યારે અહિં નાના-મોટા અનેક જિનમંદિરો પૂર્વકાલીન જૈનોની કીર્તિગાથાને ઉચ્ચા-

રતાં ઉભાં છે, આ બધાં મંદિરોમાં શૃંગારચૌરી, શતવીશ દેવરી, ગૌમુખીનું જિનમંદિર તથા કીર્તિસ્થંભ મુખ્ય છે, શૃંગારચૌરીના મંદિરમાં ભોંયરૂં વિશાલ છે, આ મંદિરના ભોંયરામાં હજારો જિનમૂર્તિઓ છે, શતવીશ દેવરીના મંદિરમાં તેની કોરણી દર્શનીય છે. સાતમાળનો વિશાલ કીર્તિસ્થંભ નીચેના ઘેરાવામાં ૮૦ ઘનફુટના વિસ્તારમાં છે, આ કીર્તિસ્થંભને જૈન મંત્રીશ્વરે બંધાવેલું છે, માંડવગઢના મંત્રીશ્વર શ્રી પેથડશાએ અહિં મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. અહિં મીરાંબાઇનું મંદિર છે, તેમજ મોકલરાણાનું મંદિર છે, આમાં જૈનોના ઐતિહાસિક અવશેષો મલી રહે છે. ગોમુખકુંડ પર જે જૈનમંદિરને સુકોશલ મુનિની ગુફા કહેવામાં આવે છે, તેમાં શ્રી આદિનાથ ભ૦ મૂર્તિ છે. જમણી બાજુ કીર્તિધર મુનિ અને ડાબી બાજુ સુકોશલ મુનિ ધ્યાનમગ્ન છે. તેમની પાસે તેમની માતા વાઘણ જે ઉપસર્ગ કરે છે, તેની મૂર્તિ છે. શ્રી રામચંદ્રજીના પૂર્વજો, સુકોશલ મુનિ તથા કીર્તિધર રાજર્ષિને અહિં વાઘણનો ઉપસર્ગ થયેલો. ચિતોડગઢ પર આવાં અનેક પ્રાચીન શિલ્પ સ્થાપત્યો ઉપલબ્ધ થાય છે. એજ સૂચવે છે કે, પૂર્વકાળમાં આ બધા મેવાડના પ્રદેશમાં જૈન ધર્મનો પ્રભાવ કેટ–કેટલો ફેલાયેલો હતો !

આજે તો જૈનોની વસતિ દિન–પ્રતિદિન આ પ્રદેશમાં ઘટતી રહી છે. આમાંથી દિનપ્રતિદિન તેરાપંથી, સ્થાનકવાસી બનતા જાય છે. આ સ્થિતિમાં જૂનાં ઐતિહાસિક તીર્થસ્થાનોની વ્યવસ્થા, વહીવટ કે તેના જીર્ણોદ્ધાર માટે સકલસંઘે લક્ષ્ય આપવાનું છે. સત્ય માર્ગથી વિમુખ થતા સમાજને જાગ્રત કરવાની પણ પહેલી જરૂર છે. એક એવો સમય હતો કે, આ મેવાડ-

ભૂમિનાં સ્વાતંત્ર્ય તથા ગૌરવને અખંડ રાખવા ઝઝૂમતા મહારાણા પ્રતાપનું મન જ્યારે ડગ્યું ત્યારે તેમને સહાય કરવા માટે પોતાનો અઢળક ધનભંડાર એમનાં ચરણોમાં સમર્પિત કરનાર વીર ભામાશાહ, આ જ ભૂમિમાં જન્મ્યા હતા. શ્રી કેસરીઆજી તીર્થનો જીર્ણોદ્ધાર પણ એમણે કર્યો છે. પ્રતાપ મહારાણાને ૧૨ વર્ષ સુધી ૨૫ હજાર સૈનિકોને ચાલે એટલું ધન નરશિરોમણિ ભામાશાએ આપ્યું હતું. આવો હતો એક કાલે આ ભૂમિનો વૈભવ, સ્વાર્થત્યાગ તથા અદ્‌ભુત આત્મસમર્પણનો ગુણ. આજે આ પ્રદેશનાં તીર્થોના જીર્ણોધ્ધાર માટે ગૂજરાત–સૌરાષ્ટ્ર મુંબઈ, મદ્રાસ, કલકત્તા આદિના સંઘોએ લક્ષ્ય આપવાનું છે.

# ૬ : માલવદેશનાં જૈનતીર્થો :

**૧ : ઉજ્જૈન :** માલવ દેશ પૂર્વકાળના ઇતિહાસમાં ખૂબ પ્રસિધ્ધ છે. દેશની રાજધાની તે વખતે ઉજ્જયિની ગણાતી હતી. મહારાજા શ્રીપાલના કાળથી માલવદેશનો વૈભવ આપણે સાંભળીએ છીએ. શ્રી મદનાસુંદરી માલવ દેશનાં હતાં, ભ૦ શ્રી મહાવીરદેવના કાળમાં ચંડપ્રદ્યોત આ દેશનો સ્વામી હતો. મહારાજ વિક્રમાદિત્યે આ ભૂમિ પરથી જ પોતાના પરોપકાર, ધર્મ તથા સદાચરણ અને ઉદારતા દ્વારા કીર્તિ વિસ્તારી હતી. રાજાભોજની સભાના મહાકવિ ધનપાલ તથા જૈનશાસનના જ્યોતિર્ધર શ્રી શોભનમુનિ માલવદેશમાં આ ઉજ્જયિની નગરીના નિવાસી હતા. આ પ્રદેશ અવંતિ દેશમાં ગણાતો હતો. ઉજ્જયિની નગરી આજનું ઉજ્જૈન ક્ષિપ્રા નદીના કાંઠે વસેલ છે. મહારાજા સંપ્રતિએ આ જ નગરમાં રાજ્ય

કર્યું હતું. જૈનધર્મની જાહોજલાલિ તે વેળા અહિં અપાર હતી. પૂ૦ શ્રી આર્યસુહસ્તિજી મ૦ ના સમયમાં અવંતીસુકુમાલે તેમની પાસે દીક્ષા સ્વીકારી હતી. તેઓ ક્ષિપ્રાના કિનારે સ્વર્ગવાસી થયેલા. તેમનાં સ્મરણાર્થે શ્રી અવંતિપાર્શ્વનાથનું રમણીય જિન-મંદિર અહિં તેમના પુત્રે બંધાવ્યું હતું ત્યારબાદ આ મંદિર બ્રાહ્મણોના હાથમાં ગયું. પૂ૦ આ૦ શ્રી સિધ્ધસેનદિવાકરસૂરિએ કલ્યાણમંદિરના સ્તોત્ર દ્વારા પ્રભુજીને પ્રગટ કર્યા. આજે ક્ષિપ્રા-કાંઠાની નજીકમાં અનંતપેઠમાં શ્રી અવંતિપાર્શ્વનાથનું મંદિર છે. પાસે જૈન ધર્મશાળા છે. શહેરમાં શરાફામાં શ્રી શાંતિનાથજીનું, મંડીમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું, ખારાકુવામાં શ્રી ચિંતામણિ પાર્શ્વ-નાથનું તેમ જ દેરાખડકીમાં, નયાપુરીમાં ઇત્યાદિ સ્થલોયે જિનમંદિરો આવેલાં છે. કુલ ૧૭ દેરાસરો અહિં છે. શહેરથી ૪ માઈલ દૂર ભૈરોગઢમાં પાર્શ્વનાથજી ભ૦ નું દેરાસર છે. તેમજ જયસિંહપરામાં તથા આઠ માઇલ દુર હસામપરામાં પણ દેરાસર છે. માધવનગર જે નવું વસેલું છે, ત્યાં પણ દેરા-સર છે. શ્રાવકોની વસતિ શહેરમાં સારી છે. વિ૦ ના તેરમા સૈકામાં આ શહેર મુસલમાનોની સત્તામાં હતું. બાદ સીંધીયા સરકારના હાથમાં આવ્યું. હાલ તો મધ્ય પ્રદેશમાં આનો સમા-વેશ થતાં હિંદી સરકારના કબ્જામાં છે. અહિં ભર્તૃહરીની ગુફા, સિદ્ધવડ તથા વેધશાળા તેમજ નદીની મધ્યમાં રહેલો મહેલ આ બધાં પ્રસિધ્ધ સ્થળો છે. હિંદનું ગ્રીનીચ આ શહેર ગણાય છે. જ્યોતિષ શાસ્ત્રની દષ્ટિયે લગ્ન કુંડલીનો ટાઈમ ઉજ્જૈનને મધ્યમાં રાખીને ગણાય છે.

**૨ : મક્ષીજી :** ઉજ્જૈનથી ૨૪ માઈલ દૂર સેન્ટ્રલ રેલ્વેનું

સ્ટેશન મક્ષીજી છે. સ્ટેશનથી ગામ ૦॥ માઇલ દૂર છે. અહિં મક્ષીજી પાર્શ્વનાથનું વિશાલ ગગનચુંબી મંદિર છે, મૂલનાયક પ્રભુના પ્રતિમાજી, શ્યામ રંગના સવા બે હાથનાં છે. મંદિરની નીચેના ભોંયરામાંથી આ પ્રતિમાજી નીકળ્યા હતાં. મંદિરની ચોમેર દેરીઓ છે. વર્ષો અગાઉ દિગંબરોએ અહિં પણ વિક્ષેપ કર્યો હતો, પણ પ્રીવીલ કાઉન્સીલ–લંડનના ચુકાદાથી આજે કબ્જો શ્વે૦ સંઘ હસ્તક છે. મંદિર શ્વે૦ જૈનસંઘે લાખોના ખર્ચે બંધાવેલું છે. આ તીર્થનો વહીવટ શેઠ આ૦ ક૦ પેઢી કરે છે. વિશાળ ધર્મશાળા અહિં છે.

**૩ : રતલામ :** માલવાદેશનું મોટું શહેર રતલામ ગણાય છે. અહિ સુંદર દસ મંદિરો છે. જેમાં શ્રી શાંતિનાથજીનું તપાગચ્છનું મંદિર ભવ્ય તથા પ્રાચીન છે. પ્રતિમાજી સંપ્રતિ મહારાજાના સમયનાં છે. અજન હિંદુઓએ અનેક મુશ્કેલીઓ નાંખીને આ મંદિરની પૂજા–ભક્તિ માટે જૈન સમાજને વિક્ષેપ ઉભો કર્યો છે. જેને આજે ચાર વર્ષ વ્યતતીત થયેલ છે. અન્ય મંદિરો તીર્થ જેવાં છે. જૈનોની વસતિ સારી છે. જૈન ધર્મશાળાઓ છે.

**૪ : સૈબાલીયા :** રતલામથી ૬ કોશ પર અને નીમલી સ્ટેશનથી નજીકમાં સૈબાલીયા આવેલું છે. અહિં શાંતિનાથજીનું પ્રાચીન મંદિર છે. પ્રતિમાજી ભવ્ય તથા ચમત્કારિક છે.

**૫ : સાવલીજી :** રતલામથી આગળ જતાં નીમલી સ્ટેશનથી ૪ માઈલ પર સાવલીજીમાં પાર્શ્વનાથ ભ૦ નું સુંદર મંદિર આવેલું છે. પ્રતિમાજી મનોહર છે.

**૬ : માંડવગઢ :** ભારતની પ્રાચીન વૈભવશાલી નગરીઓમાં

માંડવગઢનું નામ ગણાય છે. અહિં પહેલાં મંડુ ગામ હતું. બાદ મંડ નામના લુહારે પારસમણિના સાનિધ્યથી અહિં કિલ્લો બનાવ્યો હતો. આ કિલ્લો ૨૪ માઇલના ઘેરાવામાં હતો. પેથડશા અહિંના મંત્રી હતા. વિ૦ ની સોલમી સદી સુધીનો અહિંનો ભવ્ય ઇતિહાસ મલી રહે છે. ત્રણસો જિનમંદિરો તે સમયે અહિં હતાં. શ્રી સુપાર્શ્વનાથ ભ૦ નું મંદિર અહિં તીર્થરૂપ મનાતું હતું. પેથડશાએ ૧૮ લાખ રૂા. ખર્ચી ૭૨ દેવકુલિકાઓવાળું જિનમંદિર અહિં બંધાવ્યું હતું. ૧૬ મા સૈકા બાદ મુસ્લીમ સત્તાઓના આક્રમણથી આ તીર્થભૂમિનો પ્રભાવ તથા વૈભવ ઘટતા ગયા. તે વેળા ૩ લાખ જૈનોની અહિં વસતિ હતી. અત્યારે શ્રી શાંતિનાથ ભ૦ નું મંદિર છે. અહિં ઐતિહાસિક અવશેષો પુષ્કળ પ્રમાણમાં મળી રહે છે. યાત્રા કરવાં જેવું સ્થળ છે.

૭: **માલવાનાં અન્યાન્ય તીર્થોધાર :** માં સુંદર દેરાસર તથા ધર્મશાળા છે, શ્રાવકોનાં ઘરો છે. અહિંથી **ઇંદોર** ૪૦ ગાઉ છે. **મંદસોરમાં** સુંદર દશ મંદિરો છે. ઉદાયીરાજાએ ચંડપ્રદ્યોતને ક્ષમા આપી હતી તે આ સ્થાન. પૂર્વે જેનું નામ દશપુર હતું. જે પૂ૦ આર્યરક્ષિતસૂરિજીની જન્મભૂમિ ગણાય છે. તે મંદસોરના નામથી આજે પ્રસિધ્ધ છે. શ્રાવકોનાં ઘરો ઘણાં છે **ભોપાવર :** રાજગઢથી પાંચ માઇલ દૂર ભોપાવર તીર્થ છે. મહીનદી અહિં નજીકમાં છે. પૂર્વકાલમાં આ પ્રદેશ ભોજકૂટ નગર તરીકે પ્રસિદ્ધ હતો. શ્રી શાંતિનાથ ભ૦ ના ઉભા કાયોત્સર્ગ ધ્યાનમાં રહેલા સુંદર પ્રતિમાજી જિનમંદિરમાં છે. હમણાં જીર્ણોધ્ધાર થયો છે. મંદિરમાં પંચતીર્થીના રંગીન પટો

દર્શનીય છે. બે શ્વેતાંબર ધર્મશાળાઓ છે. બાગ તથા જલકુંડ છે. આ તીર્થનો વહિવટ મુંબઇની ગોડીજીની પેઢી હસ્તક છે. **અમીઝરા :** ગ્વાલીયર સ્ટેટના એક જીલ્લાનું નામ આ અમીઝરા પાર્શ્વનાથનાં યાત્રાધામ પરથી અમીઝરા પડયું છે, અહિં જિનમંદિરમાં શ્રી અમીઝરા પાર્શ્વનાથના સુંદર પ્રતિમાજી બિરાજમાન છે,. આ પ્રતિમાજી પ્રાચીન તથા પ્રભાવક છે.

## ૭: મધ્ય પ્રાંત તથા મહારાષ્ટ્રના જૈનતીર્થો

**૧: કુલ્પાકજી :** મધ્યપ્રાંત વરાડ પ્રદેશમાં આ તીર્થ આવેલું છે, આજે હૈદ્રાબાદ રાજ્યમાં આ પ્રદેશ ગણાય છે. હૈદ્રાબાદથી ઇશાન ખૂણામાં ૪૭ માઇલ દૂર કુલ્પાકજી છે. અહિં સુંદર મંદિર છે, મંદિરમાં ભ૦ શ્રી ઋષભદેવ સ્વામીના માણેકરત્નના ભવ્ય પ્રતિમાજી છે, બાજુમાં પીરોજી રંગના ભ૦ શ્રી મહાવીર દેવની ભવ્ય મૂર્તિ છે, કળા તથા શિલ્પની દૃષ્ટિએ આ પ્રતિમાજી અપૂર્વ છે. આ સ્થાન ઇતિહાસ પ્રસિદ્ધ છે. વિ૦ સં૦ ૬૮૦ ની સાલમાં અહિં મંદિર બંધાવ્યું હોવાનો ઇતિહાસ મળે છે. અહિંના પ્રભુજીને લોકો ખૂબ જ ભાવપૂર્વક માને છે, વિ સં૦ ૧૯૬૫ ની સાલમાં દેરાસરનો જીર્ણોધ્ધાર થયો છે, દેરાસરની સ્હામે શિવાલય છે. જે પહેલાં જૈનમંદિર હતું વિશાલ કિલ્લામાં મંદિર તથા ધર્મશાળા છે.

**૨ : અંતરીક્ષજી :** પૂર્વે વરાડ પ્રાંતનઃ હાલ મુંબઇ આકોલા શહેરથી ૪૫ માઇલ દૂર સીરપુર ગામમાં અંતરીક્ષજી પાર્શ્વનાથનું તીર્થ આવેલું છે, આ તીર્થ પ્રાચીન છે. પ્રતિમાજી રામચંદ્રજીના

કાલમાં પ્રતિવાસુદેવ રાવણ થઇ ગયા, તેઓના સમયનાં છે. એલચી-પુરના રાજા શ્રીપાલનો રોગ આ પ્રભુના સ્નાત્રજલથી ગયો હતો. આ પ્રભુજી પહેલાં અદ્ધર રહેતા હતા. પૂ૦ આ૦ મ૦શ્રી હીરસૂરિજી મ૦ના પ્રશિષ્ય તથા ઉત્તરાધ્યયન સૂત્ર પરની પ્રસિદ્ધ સુખબોધિકા ટીકાકાર ઉ૦ ભાવવિજયજી ગણિવરનો આંખનો રોગ આ પ્રભુના પ્રભાવથી ટલ્યો હતો. તીર્થનો વહિવટ બાલાપુરનો સંઘ કરે છે. મંદિરમાં મૂલનાયકજી શ્યામ પાષાણનાં છે. મંદિરમાં ન્હાનુ ભોંયરૂ છે, તેમાં મૂલનાયકજી બિરાજમાન છે, ૩ થી ૪ ધર્મ-શાળાઓ છે. આકોલાથી પાકી સડક સીરપુર સુધીની છે.

૩ : **ભાંડકજી** : વરાડ પ્રદેશમાં ભાંડકજી તીર્થ આવેલું છે. અહિં પૂર્વકાલે પ્રાચીન ભદ્રાવતી નગરી હતી.. આજે તો અહિં જંગલ છે, આ તીર્થની સ્થાપના વિ૦ સં૦ ૧૯૬૬ માં થઇ છે, અંતરીક્ષજીની પેઢીના મુનિમને સ્વપ્ન આવેલું, બાદ અહિંથી પ્રતિ-માજી પ્રગટ થયેલા. ૨૩૦૦ વર્ષ પહેલાના આ પ્રતિમાજી અહિંથી મળી આવ્યા છે, હાલ સુંદર તથા વિશાલ બાગ અને ધર્મશાળા છે. મૂલનાયક શ્રી પાર્શ્વનાથજી કેસરીયા પાર્શ્વનાથજીના નામથી ઓળખાય છે, શ્યામ ફણાધારી પ્રતિમાજી ભવ્ય તથા આકર્ષક છે, બીજુ નાનું મંદિર પણ નાગપુરવાળાનું બાજુમાં છે. ફા, સુદિ ત્રીજનો મેળો અહિં ભરાય છે, આ બાજુ અમરાવતી નાગપુર, જબલપુર, ચાંદા, હિંગનઘાટ, વર્ધા વગેરે શહેરોમાં સુંદર જિનમદિરો, ધર્મશાળા, ઉપાશ્રય ઇત્યાદિ છે, તે રીતે અંત-રીક્ષજીની બાજુમાં આકોલા, બાલાપુર, જલગામ, અમલનેર ધુલીઆ, નંદરબાર, સીરપુર વગેરે શહેરોમાં દેરાસર, ઉપાશ્રય આદિ છે, દર્શન કરવા યોગ્ય શહેરો છે, આ બધો પ્રદેશ હાલ

મુંબઈ પ્રાંત તથા મધ્યપ્રાંતમાં ગણાય છે.

૪ : **કુંભોજ ગિરિ** : મહારાષ્ટ્ર તરીકે ઓળખાતા દેશના મુખ્ય બે વિભાગો દક્ષિણ મહારાષ્ટ્ર તથા ઉત્તર મહારાષ્ટ્ર છે. ઉત્તર મહારાષ્ટ્રમાં પૂર્વ-પશ્ચિમ ખાનદેશ જિલ્લો, નાસિક તથા અહમદનગર જિલ્લો જેમાં **નાસિક** પ્રાચીન શહેર છે. ત્રણ દેરાસરો છે. શ્રી ચંદ્રપ્રભસ્વામીનું દેરાસર મોટું છે. ગોદાવરીના કાંઠે આ શહેર આવેલું છે. વૈષ્ણવોનું મોટું યાત્રા ધામ છે. અહમદનગર, ચેવલા, સંગમનેર આદિ શહેરોમાં દેરાસરો છે, પુના જિલ્લો સતારા બેલગામ, તથા વિજાપુર જિલ્લો દક્ષિણ મહારાષ્ટ્રમાં આવ્યા છે. આ બાજુ પુના, સાંગલી કોલ્હાપુર, નિપાણી કરાડ આદિ શહેરોમાં સુંદર જિનમંદિરો છે. આ પ્રદેશમાં કુંભોજ તીર્થ આવેલું છે, પુનાથી મીરજ થઇ મદ્રાસ જતી રેલ્વે લાઇનમાં મીરજથી કોલ્હાપુરનો ફાંટો નીકલે છે, તેમાં હાથકલંગડા સ્ટેશનથી કુંભોજ જવાય છે. ન્હાના પહાડપર શ્રી જગવલ્લભ પાર્શ્વનાથજીનું ત્રણ માળનું ભવ્ય જિનમંદિર છે દેરાસર સુંદર છે. ધર્મશાળા ઉપર છે, નીચે પણ હજારોના ખર્ચે નવી ધર્મશાળા તૈયાર થઇ રહી છે. આ તીર્થનો વહિવટ કોલ્હાપુરની શ્રી આત્માનંદ જૈન સેવાસમિતિ હસ્તક છે. છેલ્લે વિ૦ સં૦ ૧૯૯૪ માં કુંભોજ તીર્થનો પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ૦ શ્રીની નિશ્રામાં સંઘ નીકળ્યા પછી આ તીર્થ વિશેષ પ્રસિદ્ધિમાં આવ્યું છે, બિજાપુરમાં વિ૦ ના ૧૩માં સૈકાનું શ્રી પાર્શ્વનાથપ્રભુજીનું મંદિર દર્શનીય છે. આ શહેર પ્રાચીન છે. આ બાજુ નિપાણી, ગદગ, હુબલી, બેંગલોર, મદ્રાસ. આદિ દક્ષિણના પ્રદેશમાં ઠેઠ

દરિયા કિનારા સુધીના શહેરોમાં જિનમંદિરો, ઉપાશ્રયો તથા શ્રાવકોની વસતિ છે.

## ૮ : પૂર્વદેશનાં જૈનતીર્થો :

હિંદના ભૂતકાલીન ઈતિહાસમાં પૂર્વ દેશનો હિસ્સો મહત્ત્વનો ગણાયો છે. આજે બિહાર, બંગાલ. તથા યૂ પી. પ્રાંતોમાં જે જે પ્રદેશો આવેલા છે. તેમજ પંજાબમાં જે જે પ્રદેશ છે. ત્યાં પૂર્વકાલમાં જૈનોનાં ઐતિહાસિક મહાતીર્થો આવેલાં છે. આ બધાયનો ટુંકમાં પરિચય અહિં રજૂ થાય છે,

**૧ : બનારસ :** સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથજી તથા શ્રી પાર્શ્વનાથજીનાં ચાર કલ્યાણકો બનારસમાં થયેલાં છે. આપણા દશ દેરાસરો અહિં છે. રામઘાટનું દેરાસર મુખ્ય છે. ગંગાના ઘાટપર આવેલું હોવાથી આ દેરાસર સુંદર લાગે છે. **ભેલુપુર** કાશીનું આ પરૂં છે. શ્રી પાર્શ્વનાથ ભ૦ ના ચાર કલ્યાણકો અહિં થયેલાં છે, એક દેરાસર છે, ધર્મશાળા છે. **ભદૈની** પણ પરૂ છે, બનારસ શહેર હિંદુઓનું તીર્થધામ છે. શ્રાવકોની વસતિ અહિં ઠીક છે, ગંગા નદીને કારણે આ સ્થલ હિંદુ સમાજમાં પવિત્ર મનાય છે. તેઓનાં મંદિરો ઠેર-ઠેર જણાય છે.

**૨ : સિંહપુર :** બનારસથી ૪ માઈલ દૂર છે, શ્રી શ્રેયાંસનાથભ૦ નાં ચાર કલ્યાણકો અહિં થયેલાં છે. આ સ્થાન હાલ હીરાપુરના નામે પ્રસિધ્ધ છે. અહિં શ્રેયાંસનાથ ભ૦ નું મંદિર છે. ધર્મશાળા છે.

**૩ : ચંદ્રપુરી :** સિંહપુરથી ચાર ગાઉ દૂર ગંગાકિનારે ચંદ્રપુરી છે. શ્રી ચંદ્રપ્રભસ્વામીનાં ચાર કલ્યાણકો અહિં થયેલાં છે. ગામમાં મ્હોટી ધર્મશાળા છે. સુંદર મંદિર છે.

**૪ : ભદ્દીલપુર :** બનારસથી ગયા થઇ ભદ્દિલપુર જવાય છે. અહિં શીતલનાથ ભ૦ નાં ચાર કલ્યાણકો થયેલાં છે. આજે આ સ્થાનને લોકો હટવરીયા ગામ કહે છે, અહિં તીર્થની સ્પર્શના ફક્ત કરવાની રહે છે, ગયાથી નવાદા સ્ટેશને જવાય છે.

**૫ : પટણા :** બનારસથી બખત્યાપુરની મેઇન લાઇનમાં પટણા આવે છે, પૂર્વકાલમાં મગધના મુખ્ય શહેર પાટલીપુત્ર તરીકે આ સ્થાન પ્રસિધ્ધ હતું. શ્રેણિકના પુત્ર કોણિકના પુત્ર ઉદાયી રાજાએ આ શહેર વસાવેલું છે. નવ નંદોની રાજ્યધાની અહિં હતી, શ્રી સ્થૂલભદ્રજી તથા કોશા અહિં થયેલા. શ્રી ભદ્રબાહુસ્વામી આદિ મહાપુરુષોની વિહાર ભૂમિ આ હતી. પૂર્વકાળમાં પટણાનો વિસ્તાર ઘણો હતો .સોનભદ્રા નદીના તોફાનથી આજે આ પટણાનો પ્રદેશ ન્હાનો થયો છે આજે બે દેરાસરો છે. ધર્મશાળા છે, સ્થૂલભદ્રજીની પાદુકા છે. શહેર પાઘડીપને માઈલો સુધી વિસ્તરેલું છે.

**૬ : મિથિલા :** પટણા–બખત્યારપુર લાઇનમાં મુકામા જંકશનેથી સીતામઢી થઇને મિથિલા જવાય છે, મિથિલા જનકરાજાની રાજધાની હતી. શ્રી મલ્લિનાથ ભ૦ નાં અહિં ચાર કલ્યાણકો થયેલાં છે, તીર્થની સ્પર્શના અહિં થાય છે.

**૭ : પાવાપુરીજી :** બખત્યારપુરથી બિહાર લુપલાઇનમાં બિહાર શરીફ સ્ટેશનથી ૬ માઇલ દૂર પાવાપુરીજી છે. ભ૦ શ્રી

મહાવીરદેવના વર્તમાન તીર્થની સ્થાપનાનું આ સ્થાન છે. તેમજ તે દેવાધિદેવના નિર્વાણનું પણ આ સ્થાન છે. હસ્તિપાલ રાજાની લેખક સભામાં ભગવાનં અહિં નિર્વાણ પામ્યા હતા. નિર્વાણ સ્થાને શ્વે૦ મંદિર છે, વિશાળ ધર્મશાળા છે. પાવા અને પુરી બન્ને ગામો માઇલ–માઇલના આંતરે છે, મંદિર આદિ પુરીમાં છે. દેરાસરથી પૂર્વ દિશામાં પોણા માઈલના અંતરે ખેતરમાં સ્તૂપ છે. ત્યાં પ્રભુએ ૧૬ પ્રહરની દેશના દીધેલી તે સ્થલે પૂ૦ પાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ શ્રીના સદુપદેશથી દેવાધિદેવ ભ૦ શ્રી મહાવીર દેવનું રમણીય ભવ્ય સમવસરણ મંદિર ૩ લાખના ખર્ચે થયું છે. ચારે બાજુ ભ૦ શ્રી મહાવીર દેવના પ્રશાંત મુદ્રાવાળા પ્રભાવક પ્રતિમાજીની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૨૦૧૩ ના માહ મહિનામાં ભવ્ય મહોત્સવ-પૂર્વક તેઓશ્રીનાં વરદ હસ્તે થઇ છે, ત્યાં ન્હાની ધર્મશાળા છે. અગ્નિસંસ્કારનાં સ્થાને જલમંદિર છે. ચોમેર તલાવની વચ્ચે સુંદર મંદિર છે, આ મંદિર ભ૦ ના મ્હોટા ભાઇ નંદીવર્ધને બંધાવેલું છે.

**૮ : ગુણીયાજી :** નવાદા સ્ટેશનેથી બે માઇલ દુર ગુણીયાજી છે, જે ગુણશીલવન; રાજગૃહીનું ઉદ્યાન ગણાતું હતું. અહિં ભ૦ મહાવીરદેવ તથા ગૌતમસ્વામી અનેક વાર પધાર્યા હતા. આજે અહિં એક તલાવની અંદર સુંદર જિનમંદિર છે, મંદિરમાં મૂલનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાન છે, બાજુમાં ગૌતમ ગણધરનાં પગલાં છે, ૨૦ તીર્થંકરોની પાદુકા છે.

**૯ : રાજગૃહી :** પાવાપુરીજીથી નજીકના રસ્તે ૧૨ માઇલ દૂર રાજગૃહી નગરી આવેલી છે. ભ૦ શ્રી મુનિસુવ્રતસ્વામીનાં

ચારે કલ્યાણકો અહિં થયેલાં છે. ત્યારબાદ જરાસંધના કાળમાં આ નગરી મગધનું મુખ્ય શહેર હતું. શ્રેણિક રાજાના સમયમાં આ નગરીએ, ઇતિહાસના પાનાઓ પર મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. શ્રી જંબૂસ્વામીજી, ધન્નાજી, શાલિભદ્ર, મેઘકુમાર, સુલસા આદિ આ જ નગરીમાં જન્મ પામેલ. બી. બી. લાઇટ રેલ્વેમાં રાજગિરિ છેલ્લું સ્ટેશન છે. સ્ટેશનેથી થોડે દૂર શ્વે૦ ધર્મશાળા છે. કિલ્લામાં બે જિનમંદિરો છે. મૂલનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી તથા પાર્શ્વનાથ ભગવાન છે. એક નવું જિનાલય તૈયાર થઇ રહ્યું છે. વિપુલગિરિ પર્વત અહિંથી નજીક છે. પૂર્વસમયની ન્હાની-ન્હાની દેરીઓ અહિં છે. રત્નગિરિ બાજુમાં છે, શ્રી શાંતિનાથ ભ૦ નું મંદિર છે. તેમજ વચમાં સ્તૂપમાં પગલાંઓ છે. રાજગૃહીની ત્રીજી ટેકરી ઉદયગિરિ છે, અહિં શ્રી પાર્શ્વનાથ ભ૦ નું સુંદર મંદિર છે, અહિંથી નીચે ઉતરવાનું છે, રાજગૃહીની પાંચમી ટુંક વૈભારગિરિ છે. પહાડનો ચઢાવ સારો છે, અહિં દેરાસર છે, આ સ્થાન પર અનેક મહાત્માઓએ અનશન કરી આત્મકલ્યાણ સાધ્યું છે.

**૧૦ : ક્ષત્રિયકુંડ :** રાજગૃહીથી લખીસરાઇ જંકશન જવાય છે. આ સ્થાન પ્રભુ મહાવીરદેવનું જન્મસ્થાન છે. લછવાડ ગામની બાજુ પહાડની પાછલી ગાળીમાં આ સ્થાન આવેલું છે. લખીસરાઇથી ૧૮ માઇલ આ લછવાડ ગામ છે, લછવાડ ધર્મશાલામાં શ્રી મહાવીર ભગવાનનું દેરાસર છે, લછવાડથી પહાડ તરફ જવાનું છે. તળેટી ત્રણ માઈલ દૂર છે, અહિં ભ૦ મહાવીરદેવનાં ત્રણ કલ્યાણકો થયેલાં છે, પહાડની નીચે જ્ઞાતવન ખંડ આવેલ છે.

**૧૧ : કાકંદી :** લછવાડથી ૧૦ માઈલ પર કાકંદી છે.

સુવિધિનાથ ભ૦ નાં ચાર કલ્યાણકો અહિં થયેલાં છે, કાકંદીના ધન્ના અણગારની જે તપશ્ચર્યાનું વર્ણન આવે છે, તે ધન્ના આ નગરીના હતા. અહિં મંદિર તથા ન્હાની ધર્મશાળા છે.

**૧૨ : ચંપાપુરી :** શ્રી વાસુપુજ્ય સ્વામીના પાંચ કલ્યાણકો આ ચંપાનગરીમાં થયેલાં છે, લખીસરાઇથી મેઈન લાઇનમાં ભાગલપુર સ્ટેશને ઉતરીને ચંપાનગરી જવાય છે, શ્રીપાલરાજાની જન્મભૂમિ પણ આજ નગરી છે. સતી સુભદ્રાએ શીલના પ્રભાવે આ નગરીનાં દ્વારો ઉઘાડયાં હતાં. મહાસતી ચંદનબાલા, કામદેવ શ્રાવક આ નગરીના હતા. અહિં બે દેરાસરો છે, તથા ત્રણ ધર્મશાળા છે, બન્નેમાં મૂલનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીજી છે.

**૧૩ : અજીમગંજ :** ચંપાપુરીથી નાથનગર, ભાગલપુર થઈ અજીમગંજ જવાય છે, બંગાળ-બિહારનો બાદશાહી વૈભવ જે મુર્શિદાબાદ વગેરે શાહીનગરોમાં હતો તે હવે ભૂતકાલની ઘટના બની છે, છતાં પૂર્વકાલના જમીનદાર બાબુ લોકોની વિશાલ હવેલીઓ નજરે પડે છે. અહિં સુંદર જિનમંદિરો છે.

**૧૪ : મુર્શીદાબાદ :** બંગાળની એક વખતની ઐતિહાસિક રાજધાનીનું મુખ્ય શહેર મુર્શીદાબાદ હતું. બંગાળના સુબા મુર્શીદકુલીખાંએ આ શહેર વસાવ્યું હતું. જગતશેઠનો એને સહયોગ સારો હતો. એક અવસરે અહિં કોટિધ્વજ શ્રેષ્ઠિઓ વસતા હતા. આજે હજારબારી વાળો પુરાણો રાજમહેલ અહિં જોવા મલે છે. મુર્શીદાબાદથી **માહિમપુર** દોઢ માઈલ છે. આ સ્થલે જગતશેઠનું કસોટીનું દેરાસર છે. મંદિર ખંડિતાવસ્થામાં છે. અહિં

હીરા–પન્ના તથા નીલમની પ્રતિમાઓ હતી.

**૧૫ : કટગોલા :** માહિમપુરથી ૦।। માઈલ પર કટગોલા છે. અહિં વિશાળ બાગમાં લક્ષ્મીપતિસિંહજીનું ભવ્ય જિનમંદિર છે.

**૧૬ : બાલુચર :** કટગોલાથી ૪ ગાઉ પર બાલુચર છે. અહિં શ્રાવકોના ૫૦ ઘર છે, ચાર સુંદર મંદિરો છે. થોડે દૂર કીર્તિબાગમાં પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાં કસોટીના પ્રતિમાજી છે. બાલુચરના સામાકાંઠે **અજીમગંજ** આવેલું છે.

**૧૭ : કલકત્તા:** હિંદના વૈભવશાલી મુખ્ય શહેરોમાં કલકત્તા અગ્રસ્થાને છે. અંગ્રેજી સત્તાના આદિકાલથી કલકત્તાએ ઇતિહાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. ઈસ્ટ ઈંડિયા કંપનીનો મુખ્ય પાયો કલકત્તામાં નંખાયેલો. અહિં ધર્મશાળાઓમાં પુલચંદ મુકીબ જૈન ધર્મશાળા, કેનીંગસ્ટ્રીટ ગુજરાતી ધર્મશાળા, ધનસુખદાસ ધર્મશાળા વગેરે સ્થાનોએ ધર્મશાળા આદિ છે, તુલાપટ્ટીમાં ભવ્ય દેરાસર છે. ધર્મતલ્લા નં. ૯૫ માં મંદિર છે. તેમજ કેનીંગસ્ટ્રીટમાં શિખરબંધી દેરાસર છે. અપરસર્ક્યુલરરોડ ઉપર મુકિમજૈનબાગમાં સુંદર ત્રણ દેરાસરો છે. ત્રણ મંદિરોમાં એકમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. બીજામાં પગલાં, ત્રીજામાં શ્રી મહાવીરસ્વામી છે. કાર્તિક પૂર્ણિમાનો કલકત્તાનો વરઘોડો જે હિંદભરમાં પ્રસિધ્ધ છે, તે અહિં ઉતરે છે. આ સ્થાને બે દિવસ વરઘોડો રોકાય છે, આ વરઘોડો એટલો ભવ્ય હોય છે, કે એનું વર્ણન શક્તિ બહાર છે. આ દેરાસરની સ્હામે રાયબદ્રિદાસનું પ્રસિદ્ધ મંદિર છે. શ્રી શીતલનાથ ભ૦ નું આ મંદિર અનુપમ છે. બાબુ બદ્રિદાસજીએ આ દેરાસર તૈયાર કરવામાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરેલું છે. આ દેરાસરને

જોનાર ઘડિક તો છક થઇ જાય છે, મંદિરના ચોકમાં અદ્‌ભુત શિલ્પકળાનો ચાતુર્યભર્યો આવિષ્કાર છે.' આ મંદિર એ ખરેખર બંગાળનું સૌંદર્ય કહી શકાય. બાગ અને હોજ વગેરેથી આ મંદિરની શોભા અદ્વિતીય બની છે. મંદિરની પાસે ચંદ્રપ્રભસ્વામીનું સુંદર દેરાસર છે, આ સિવાય અનેક ઘરદેરાસરો કલકત્તા શહેરમાં આવેલાં છે. જાહેર સ્થલોમાં વિકટોરીયા મેમોરીયલ, મ્યુઝીયમ, માર્કેટ, જગદીશચંદ્ર બોઝની લેબોરેટરી, ચીડીયાખાનું વગેરે ગણાય છે.

**૧૮ : સમેતશિખરજી તીર્થ :** કલકત્તાથી ગીરડી જવાય છે, ગીરડી એક નાનું સ્ટેશન છે. સ્ટેશન સામે બાબુની ધર્મશાળા છે, અહિંથી મધુવન ૧૮ માઇલ છે. અહિંથી સમેતશિખરજી જતા વચ્ચે ઋજુવાલિકા નદી આવે છે, જેને અહિનાં લોકો બ્રૉકર નદી કહે છે. અહિં ભ૦ મહાવીરદેવને કેવલજ્ઞાન થયેલું. કેવો પવિત્ર રમણીય આ પ્રદેશ. તે કાલના લોકો ખરેખર ધન્ય કે જેઓએ આ બધાં પવિત્ર કલ્યાણકો નજરે નિહાળી જાતને કૃતકૃત્ય કરી. અહિંથી મધુવન જતાં ચોતરફ જંગલ આવે છે. મધુવનમાં શ્વેતાંબર સંઘની વિશાળ ધર્મશાળા છે. ધર્મશાળામાં પ્રવેશ કરતા કિલ્લાના દ્વારમાં ભોમીયાજીની મૂર્તિ છે. શ્વે૦ સમાજના અહિં બાર દેરાસરો છે. જેમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ તેમજ અન્યાન્ય તીર્થંકર દેવો અને પાદુકા આદિ બિરાજમાન છે.

આપણે જેને સમેતશિખરજી તીર્થ કહીએ છીએ, તેને આ પ્રદેશમાં પારસનાથ હીલ કહેવાય છે. દરિયાઇ સપાટીથી ૪૪૮૮ ફુટની ઉંચાઇએ આ તીર્થ આવેલું છે. ૨૦ તીર્થંકરદેવો આ

ભૂમિ પર નિર્વાણ પામ્યા છે. સમગ્ર પર્વત વનરાજીથી છવાયેલો છે, આંખને મનોરમ લાગે તેવું આ સ્થાનનું રમણીય દૃશ્ય છે. હરડે આદિ વિવિધ ઔષધિઓ અહિં ઢગલાબંધ નીપજે છે. પહાડ પર છ માઇલ લગભગ ચઢવાનું છે. વચ્ચે સીતાનાળુ આવે .છે અહિં ધર્મશાળા છે. બાદ શ્રી ગણધર ભગવંતોની દેરીઓ આવે છે. અહિંથી શ્રી ચંદ્રપ્રભસ્વામી, પાર્શ્વનાથ ભગવાન તથા જળમંદિરની ટુંક આદિ બાજુ જવાનો રસ્તો આવે છે. પહાડ પર કુલ ૩૧ મંદિર છે. તેમાં ૨૦ તીર્થંકરદેવોની દેરીઓ, ગૌતમ ગણધરાદિની દેરી. શુભ ગણધરની દેરીને વચ્ચે ચોકમાં જળમંદિર છે, જળમંદિર પાસે શ્વે૦ જૈન ધર્મશાળા પણ છે, મીઠા પાણીના ઝરા તથા કુંડ છે. જળમંદિરમાં મૂલનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રતિમાજી સુંદર છે, મંદિર ફરતો ગઢ છે. ભ૦ શ્રી આદિનાથ પ્રભુ, શ્રી વાસુપૂજ્યસ્વામી, શ્રી નેમિનાથ ભ૦ તથા શ્રી મહાવીરસ્વામી સિવાય ૨૦ તીર્થંકરોની નિર્વાણ-ભૂમિ અહિં છે. જળમંદિરથી ૧॥ માઇલ દૂર ઊંચી ટેકરી પર શ્રી પાર્શ્વનાથ પ્રભુની દેરી છે. આ ટેકરી સહુથી ઊંચી છે. પાર્શ્વનાથપ્રભુની ટેકરી સામે શ્રી ચંદ્રપ્રભસ્વામીની ટેકરી છે. પાર્શ્વનાથ પ્રભુની ટેકરીથી નીચે ઉતરતા સરકારી બંગલો આવે છે. અહિંથી નીમીયા ઘાટનો રસ્તો છે, અને એક રસ્તો મધુ-વનમાં જાય છે. મધુવનથી ૬ માઇલનો ચઢાવ, બાદ બધેય દર્શન કરતાં ૬ માઇલ થાય, અને પાછા નીચે ઉતરતાં ૬ માઇલ એ રીતે યાત્રાળુને મધુવનથી નીકળીને પાછા આવતાં ૧૮ માઇલ થાય સમેતશિખરજીનો વહિવટ સંભાળનાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઈસરીમાં છે. આ શિખરજીનો પહાડ, અક-

બર બાદશાહે પૂ. આ૦ મ૦ શ્રી હીરસૂરીશ્વરજી મ૦ ના સદ્‌ઉપદેશથી જૈન સંઘને સોંપ્યો હતો. શિખરજી પરની દેરીઓ તથા દેરાસરોના જીર્ણોદ્ધારની આવશ્યકતા છે, ને તે લક્ષ્યમાં લઈ હાલ તેના જીર્ણોધ્ધારનું કાર્ય તીર્થભક્તિથી પ્રેરાઈને શ્રી સંઘે ઉપાડ્યું છે. આ પહાડમાં અનેક સુંદર ગુફાઓ છે. ખરેખર સમેતશિખરજીનો પહાડ નંદનવન હોય એમ લાગે છે, વનસ્પતિ તથા ઔષધિઓનો ભંડાર છે. એની શાંતિ, એકાંત તથા રમણીયતા કોઈ અદ્‌ભુત છે, જીવનમાં એકવાર આ પવિત્રતમ તીર્થભૂમિની યાત્રા-સ્પર્શના ખરેખર કરવા જેવી છે.

**૧૯ : હસ્તિનાપુર :** દીલ્હીથી મેરઠ થઈ હસ્તિનાપુર જવાય છે, શ્રી બાહુબલિના પુત્ર સોમયશાના પુત્ર શ્રેયાંસકુમારે ભ૦ શ્રી ઋષભદેવસ્વામીને ૧૩ મહિનાનાં ઉપવાસોનું પારણું શેરડીરસથી અહિં કરાવેલું. ભ૦ શ્રી શાંતિનાથ સ્વામી, ભ૦ શ્રી કુંથુનાથ સ્વામી, તથા ભ૦ શ્રી અરનાથ સ્વામી કે જેઓ ચક્રવર્તી અને તીર્થંકર દેવ હતા. તેમના ચાર ચાર એટલે બધાયના થઈને ૧૨ કલ્યાણકો અહીં થયેલાં [ નિર્વાણ કલ્યાણક સિવાયનાં ચાર કલ્યાણકો ] છે. પાંડવોના સમયમાં પણ આ નગરી પ્રસિધ્ધ હતી. અત્યારે અહિં એક શ્વે૦ મંદિર તથા પાદુકાઓની દેરી છે, વિશાલ ધર્મશાળા છે. અહિંથી પંજાબની હદ શરૂ થાય છે. આજુ બાજુ પંચતીર્થી છે.

**૨૦ : આગ્રા :** દીલ્હીથી પૂર્વમાં જતાં આગ્રા આવે છે. યમુના નદીના કિનારે આ શહેર વસેલું છે. આ આગ્રામાં જ ચંપાબાઈની છ મહિનાની તપશ્ચર્યા સાંભળી અકબર બાદશાહને પૂ. શ્રી હીરસૂરિજી મ૦ શ્રીને મલવાનું મન થયું હતું. આગ્રામાં

રોશનમહોલ્લામાં શ્રી ચિંતામણિપાર્શ્વનાથનું દેરાસર છે. તેની પ્રતિષ્ઠા શ્રી વિજયહીરસૂરિ મ૦ ના વરદહસ્તે વિ૦ સં૦ ૧૬૩૯ માં થયેલી છે. આ સિવાય શ્રી સીમંધરસ્વામીનું, શાંતિનાથજીનું આદિ દશ દેરાસરો છે. શહેરથી પાંચ માઇલ દૂર દાદાના બગીચામાં જૈન મંદિર છે. જૈનોની વસતિ ઓછી છે. શાહજહાંની બેગમ મુમતાજની કબર રૂપ તેના સ્મરણાર્થે ઉભો કરવામાં આવેલો તાજમહેલ અહિં યમુના કિનારે છે.

**૨૧ : સૌરીપુરી** : આગ્રાથી ૪૬ માઇલપર જંગલમાં સૌરીપુરી તીર્થ આવેલું છે. શ્રી નેમિનાથ ભ૦ નું ચ્યવન તથા જન્મકલ્યાણક અહિં થયેલ છે. ફત્તેપુર સિક્રીથી ૧૪ માઇલ પર આ તીર્થ આવેલું છે. આજેછે ચોમેર જંગલ છે. અહિં નવીન જિનમંદિરમાં શ્રી નેમિનાથ ભ૦ ના સુંદર પ્રતિમાજી બિરાજમાન છે. ધર્મશાલા અહિં છે.

**૨૨ : રત્નપુરી** : અયોધ્યાથી ૧૪ માઇલ દૂર રત્નપુરી તીર્થ આવેલું છે. શ્રી ધર્મનાથ ભ૦ નાં ચાર કલ્યાણકોની ભૂમિ છે. દેરાસર તથા ધર્મશાળા છે. મંદિરમાં શ્રી પાર્શ્વનાથ ભ૦ તથા શ્રી અનંતનાથ ભ૦ ની મૂર્તિઓ છે. આજુબાજુ પાદુકાઓ છે. બીજું શ્રી ઋષભદેવ ભ૦ નું મંદિર છે. જેનો જીર્ણોધ્ધાર થયો છે, તેમાં બધા મલી આઠ પ્રતિમાજી છે. પ્રતિમાજી બધા ભવ્ય તથા સંપ્રતિમહારાજના સમયના છે.

**૨૩ : અયોધ્યાજી** : સમગ્ર ભરતક્ષેત્રની પ્રાચીન રાજધાની અયોધ્યા છે. આ અવસર્પિણીમાં ભ૦ શ્રી ઋષભદેવસ્વામીના રાજ્ય માટે શક્ર ઇંદ્રે આ વિનીતા નગરીની સ્થાપના કરેલી હતી. ભ૦ શ્રી ઋષભદેવસ્વામીનાં ત્રણ કલ્યાણકો તેમજ શ્રી અજિ-

તનાથ ભ૦, શ્રી અભિનંદન સ્વામી તથા શ્રી સુમતિનાથ ભ૦ અને શ્રી અનંતનાથ ભ૦ નાં ચાર કલ્યાણકો બધાં મળી કુલ ૧૯ કલ્યાણકોની આ તીર્થભૂમિ છે. અયોધ્યા નગરીમાં ઈક્ષ્વાકુવંશના અનેકાનેક રાજાઓ થઇ ગયા છે, રામચંદ્રજીના પૂર્વજો અને શ્રી રામચંદ્રજી પણ આ નગરીના નિવાસી હતા.

અહિં કટરા મહોલ્લામાં એક દેરાસર તથા ધર્મશાળા છે. દેરાસરજીનો જીર્ણોધ્ધાર થયો છે, અહિં જૈનનું એકપણ ઘર નથી. હિંદુઓનું પ્રસિધ્ધ યાત્રાધામ આ સ્થલ હોવાથી તેઓનાં મંદિરો ઘણા છે. અયોધ્યાથી સાવત્થી તીર્થ નજીકમાં છે, આજે આ સ્થાન ઉજજડ છે. ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથ ભ૦ નાં ચાર કલ્યાણકો આ પવિત્ર ભૂમિમાં થયેલાં છે, સાવત્થિનું તિંદુક વન ઉદ્યાન અહિં હતું, જ્યાં પૂ૦ શ્રી કેશીમહારાજાએ શ્રી ગૌતમ-સ્વામીજીને પોતાના સંશયો પૂછી સમાધાન મેળવ્યું હતું, ક્ષેત્ર અતિ રમણીય છે.

પૂર્વ દેશનો આ બધો પવિત્રતમ નિસર્ગ રમણીય પ્રદેશ કે જે જૈન ઈતિહાસમાં ગૌરવપૂર્વક આલેખાયેલો છે, તે આજે કાળની ગતિનો ભોગ બની ભૂતકાળનું ગૌરવ જાળવી રહ્યો છે. જિનાલયો કે પ્રભુ પ્રતિમાજી આદિનાં વંદન-દર્શન તેમજ આ પવિત્ર ક્ષેત્રોની સ્પર્શના જ મહત્ત્વની તેમ જ ભ૦ શ્રી તીર્થંકર દેવોના કલ્યાણકોની ભૂમિ હોવાથી વંદનીય છે. આ પ્રદેશની સ્પર્શના આપણા ભક્તિ ભાવનાના તેમજ નિર્મળ પરિ-ણામના નિમિત્તરૂપ હોવાથી અવશ્યમેવ જીવનમાં આત્મશ્રેયના અભિલાષીઓએ આ બધાં મહા કલ્યાણકારી તીર્થસ્થાનોની યાત્રા કરવા માટે ઉદ્યમવાન રહેવું જોઇએ.

SHRI BAHADURSINHJI PRINTING PRESS
BPP
PALITANA
(SAURASHTRA)

જેકેટ ને ટાઈટલ–મુદ્રક : શ્રી બહાદુરસિંહજી પ્રીં. પ્રેસ—પાલીતાણા.